Half Girlfriend (Gujarati) (Gujarati Edition)

Bhagat, Chetan


ચેતન ભગત
હાફ
ગર્લફ્રેન્ડ

હાફ ગર્લફ્રેન્ડ

ચેતન ભગત છ બ્લોકબસ્ટર નોવેલના લેખક છે. એમાં ૫ નવલકથાઓ – ફાઈવ પોઈન્ટ સમવન *(૨૦૦૪)*, વન નાઈટ એટ કોલ સેન્ટર *(૨૦૦૫)*, ધ થ્રી મિસ્ટેક્સ ઑફ માય લાઈફ *(૨૦૦૮)*, ટૂ સ્ટેટસ *(૨૦૦૯)*, રેવોલ્યુશન ૨૦૨૦ *(૨૦૧૧)* – અને એ સિવાય વોટ યંગ ઇન્ડિયા વોન્ટસ *(૨૦૧૨)*નો સમાવેશ થાય છે.

ચેતનની નવલકથાઓ પ્રકાશિત થવાની શરૂ થઇ ત્યારથી ધૂમ વેચાઈ છે. કેટલીક નવલકથાઓ સફળતાપૂર્વક બોલિવૂડ ફિલ્મ્સમાં પણ રૂપાંતર પામી ચૂકી છે.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સ ચેતનને 'ભારતના ઈતિહાસમાં સૌથી વધુ વેચતા ભારતના ઇંગ્લિશ ભાષાના લેખક' ગણાવે છે. ટાઇમ મૅગેઝિને ચેતનને 'વિશ્વની ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓ'માંની એક ગણાવી છે. ફાસ્ટ કમ્પની યુ.એસ.એ., ચેતનને '૧૦૦ સર્જનશીલ વ્યવસાયિક વ્યક્તિઓ'માંની એક કહે છે.

ચેતન અગ્રગણ્ય અંગ્રેજી અને હિન્દી અખબારપત્રોમાં મુખ્યત્વે યુવાનો અને દેશના વિકાસને લગતા મુદ્દાઓ પર લખે છે. ચેતન પ્રેરણાદાયી વક્તવ્યો આપે છે અને સ્ક્રીનપ્લે રાઈટર પણ છે.

ચેતને ઇન્ટરનેશનલ ઇન્વેસ્ટમેન્ટ બૅંકરની કારકિર્દી ૨૦૦૯માં એટલા માટે છોડી જેથી તેઓ પોતાની બાકીની જિંદગી લેખન અને દેશમાં બદલાવ માટે સમર્પિત કરી શકે. તેઓ મુંબઈમાં પોતાની પત્ની અનુષા-આઈ.આઈ.એમ – એની સહવિદ્યાર્થીની – અને જોડિયા બાળકો શ્યામ અને ઇશાન સાથે રહે છે.

લેખક માટે પ્રશંસાના બે શબ્દો

ઘણા લેખકો એટલા માટે સફળ થાય છે. કે તેઓ પોતાના દિલની વાત કહી શકે છે. અથવા પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરી શકે છે. ચેતન ભગતનાં પુસ્તકો આ બંને વાત અને એ સિવાય પણ ઘણું બધું કહે છે

– એ.આર.રહેમાન
ટાઇમ મૅગેઝિન

(ચેતનની 'વિશ્વના ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓ'માં ગણતરી થઈ એ અંગે.)

ઇન્ડિયાના ઊભરતા વ્યવસાયી વર્ગનો અવાજ.

– ફાસ્ટ કમ્પની મૅગેઝિન

(ચેતનની '૧૦૦ સર્જનશીલ વ્યવસાયિક વ્યક્તિઓ'માં ગણતરી થઈ એ અંગે.)

ઇન્ડિયાનો પેપરબેક શહેનશાહ.

– ધ ગાર્ડિયન

ભારતના ઇતિહાસમાં સૌથી વધુ વેચાતા ભારતના ઇંગ્લિશ ભાષાના લેખક.

– ધ ન્યૂયોર્ક ટાઈમ્સ

ભારતીય પ્રકાશનનો રોકસ્ટાર.

– ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

ભગતે યુવાન વાચકોની નસ પકડી છે અને લગભગ એક નવો પંથ ઊભો કર્યો છે.

– ઇન્ટરનેશનલ હેરાલ્ડ ટ્રીબ્યુન

Published by Amazon Publishing, Seattle
www.apub.com

eISBN: 9781503945890

મારી મા માટે
ગ્રામ્ય ભારત માટે
ઇંગ્લિશ ન આવડનારાઓ માટે

અનુવાદક તરફથી

હવે તો સાલ્લું ટેવ જ પડી ગઈ છે. બેસ્ટ સેલર નોવેલનો જ અનુવાદ કરવાનો—

પણ જોક્સ અપાર્ટ, મજા આવી, આજકાલની જનરેશનને ધ્યાનમાં રાખીને આ નોવેલ લખાઈ છે ને મેં અનુવાદ કરતી વખતે પણ એ જ ધ્યાન રાખ્યું છે, બને એટલી બોલચાલની ભાષા વાપરી છે ને ક્યાંક ક્યાંક સ્લેન્ગ પણ ખરી. હાસ્તો, આજકાલના જુવાનિયાઓ એવું જ બોલતા હોય છે ને !

દિલ્હી-બિહાર અને ન્યૂયોર્ક – ત્રણ ખંડમાં વહેંચાયેલી છે આ નવલકથા ને મૂળ તો ઇંગ્લિશ વિષે જ છે, એટલે મૂળ નવલકથામાં વાંચતાવેંત તમને સાચા અને ખોટા ઈંગ્લિશની ખબર પડી જાય, પણ અનુવાદમાં ન પણ પડે. એટલે ક્યાંક ક્યાંક જરૂરી શબ્દો ઉમેરવા પડ્યા છે, પણ મૂળ વાત તો માધવ અને રિયાની છે ને આ પ્રેમકથામાં મૂળ મહત્ત્વનો તો પ્રેમ જ છે.

મને વારંવાર આવી મજાની, પ્રસિદ્ધ અને બેસ્ટ સેલર નોવેલનો અનુવાદ કરવા આપનાર રોનક, તારો આભાર નહીં માનું.

– આરતી પટેલ
aartivyaspatel@gmail.com

ઋણ-સ્વીકાર અને કેટલાક વિચારો

આભાર પ્રિય વાચક અને દોસ્ત, હાફ ગર્લફ્રેન્ડ ખરીદવા માટે – આજે મેં જીવનમાં જે કંઈ પણ મેળવ્યું છે એના માટે તમારો આભારી છું. આ પુસ્તક તમારા સુધી પહોંચ્યું છે એ માટે અહીં હું આભાર માનવાની તક ઝડપી લઉં છું.

શાઈની એન્ટોની - મારી એડિટર અને પ્રથમ વાચક ફાઇવ પોઇન્ટ સમવનના સમયથી રહી છે. એના પ્રતિભાવો મારા માટે અમૂલ્ય છે.

આ પુસ્તકના વિચારથી લઈને સંશોધન અને એડિટિંગ સુધીના વિવિધ તબક્કે જેમણે મને મદદ કરી છે એ છે – અનુભા બંગ, અભિષેક કપુર, અનુષા ભગત, મસાબા ગુપ્તા, આયેશા રાવલ, આભા બક્યા અને અનુષા વેંક્ટચલમ.

મારી ટીમ – ભક્તિ, મિશેલ, તાન્યા અને વિરાલી.

મારો પરિવાર – અનુષા, શ્યામ, ઈશાન, મારી મા રેખા, ભાઈ કેતન અને તેની પત્ની પ્રિયા, મારા શ્વસુર પક્ષના સભ્યો સુરી, કલ્પના, આનંદ અને પૂનમ.

મિત્રો જેમણે જીવનને અર્થ આપ્યો છે. ફેસબુક અને ટ્વિટર પરનો મારો બહોળો પરિવાર.

રૂપા પબ્લિકેશન, ઇન્ડિયાની આખીય ટીમ.

આ પુસ્તક લખવા બિહારમાં જેને જેને હું મળ્યો તે બધા ય –

અને અંતે, બિલ ગેટ્સ – અને આ વખતે માત્ર માઇક્રોસોફ્ટ વર્ડ માટે નહીં.

હું તમારી સાથે એક વાત વહેંચવા માંગું છું, આ પુસ્તક સાથે લેખક તરીકે મારાં દસ વર્ષ પૂરાં થશે. જ્યારે મેં લખવાનું શરૂ કર્યું ત્યારે મારા ઉદ્દેશો જુદા હતા. મારે સાબિત થવું હતું, હું મારી વાતને સાચી ઠેરવવા માગતો હતો. આજે, હું જુદાં કારણોસર લખું છું. હું બદલાવ માટે લખું છું. ભારતીય સમાજની માનસિક્તામાં બદલાવ. આ એક ઉમદા ઉદ્દેશ છે અને એ હું કરી શકીશ એમ માનવા જેટલો હું મૂરખ નથી. છતાં જીવનમાં હકારાત્મક ઇરાદાઓ અને દિશા મેળવવા માટે ય આવા ઉદ્દેશ હોવા જરૂરી છે. હું ભાગ્યશાળી છું કે હું મારા જીવનમાં એ

મેળવી શક્યો છું.

હું શક્ય એટલા વધુ માણસો સુધી પહોંચવા માગું છું – પછી ભલે તે પુસ્તકો દ્વારા હોય કે પછી ફિલ્મ હોય કે મનોરંજનનું અન્ય કોઈ માધ્યમ હોય. હું માણસ છું, ક્યાંક ડગમગી જઉં, ઉતાર-ચડાવ આવે તો પણ શક્ય હોય તો તમારો સહારો આપતા રહેજો, એના કારણે આ પ્રક્રિયામાં હું ટકી જઈશ એવો મને વિશ્વાસ છે.

વધુ એક વાત : મને તમારી પ્રશંસા નહીં, પ્રેમ આપજો. પ્રશંસા પસાર થઈ જાય છે. પ્રેમ સહી લે છે. પ્રશંસા સાથે અપેક્ષા જોડાયેલી રહે છે ને પ્રેમ નાની મોટી ઊણપો ચલાવી લે છે.

હકીક્તે ઘણા લોકો મને પૂછતા રહે છે કે તમે કઈ રીતે યાદ રહેવા માગો છો ? હું ફક્ત એટલું જ કહું છું, ‘મને લોકો ફક્ત યાદ કરે એવું હું નથી ઈચ્છતો, મારો અભાવ સાલે એમ પણ ઈચ્છું છું.’

હાફ ગર્લફ્રેન્ડ તમારું સ્વાગત કરે છે.

– ચેતન ભગત

પ્રસ્તાવના

'આ તારી ડાયરી છે, તું વાંચ' મેં એને કહ્યું. એણે માથું ધુણાવ્યું.

'જો, મારી પાસે એટલી ધીરજ પણ નથી અને સમય પણ નથી.' ચિડાઈ જતાં મેં કહ્યું. એક લેખક તરીકે જ્યારે તમે તમારા પુસ્તકને લઈને વિવિધ જગ્યાઓએ પ્રવાસ કરતા હો ત્યારે સારી નીંદર મળવી અશક્ય હોય છે. – છેલ્લા અઠવાડિયાથી દરરોજ રાત્રે ચાર કલાકથી વધુ હું સૂઈ શક્યો નહોતો. મેં મારી ઘડિયાળ જોઈ. 'જો, મધરાત થઈ છે. મેં તને મારો અભિપ્રાય આપ્યો. હવે મારા સૂવાનો સમય થઈ ગયો છે.'

'હું ઈચ્છું છું કે તમે વાંચો' એણે 'તમે' પર ભાર મૂક્તાં કહ્યું.

અમે ચાણક્ય હોટલ, પટના ખાતે મારા કમરામાં બેઠા હતા. એ દિવસે સવારે હું બહાર જતો હતો ત્યારે એણે મને રોક્યો હતો. પછી ત્યાં જ બેસીને એણે મારી રાહ જોઈ હતી અને જ્યારે મોડી રાત્રે હું પાછો ફર્યો ત્યારે મેં એને હોટલ લૉબીમાં બેઠેલો જોયો હતો.

'મને ફક્ત પાંચ મિનિટનો સમય આપો.' એણે કહ્યું હતું. એ મારી પાછળ પાછળ લિફ્ટ સુધી આવ્યો હતો, અને હવે અમે મારી હોટલ રૂમમાં હતા, એણે પોતાના થેલામાંથી ત્રણ થોડી ઘણી ફાટી ગયેલી નોટબુક કાઢી હતી.

ટેબલ પર નોટબુક રાખતાંની સાથે જ એનાં પૂંઠા નીકળી ગયાં અને પીળા પડેલાં પાનાંઓ અમારી વચ્ચે વિખરાઈ ગયાં. હાથે લખેલાં પાનાંઓનું લખાણ શાહી ફેલાઈ જવાને કારણે વંચાય એવું નહોતું રહ્યું. ઘણાં પાનાંઓનો ઉંદરોએ મજાથી નાસ્તો કર્યો હશે એવું એમાં પડેલાં કાણાંઓથી સાફ દેખાતું હતું.

આહ, ઊભરતો નવોદિત લેખક – મેં વિચાર્યું.

'જો આ હસ્તપ્રત હોય, તો તારે કોઈ પ્રકાશકને આપવી જોઈએ, જો કે આ સ્થિતિમાં નહીં હં.' મેં કહ્યું.

'હું લેખક નથી ને આ પુસ્તક પણ નથી.'

'નથી ?' મેં ફાટેલાં તૂટેલાં પાનાંઓને હળવેથી સ્પર્શ કરતાં કહ્યું. મેં એની સામે જોયું. એ બેઠો હતો છતાં ઊંચો લાગતો હતો.એની ઊંચાઈ લગભગ છ ફૂટ જેટલી હશે. એનો વર્ણ સૂર્યપ્રકાશમાં તપીને તાંબાવરણો બની ગયો હતો. એના દેખાવમાં એક પ્રકારની દેખીતી અસભ્યતા જણાતી હતી. કાળા વાળ, કાળી આંખો અને આંખોમાં વિશિષ્ટ પ્રકારની તીવ્રતા હતી. એના દૂબળા શરીર પર એણે પહેરેલું બે સાઇઝ મોટું શર્ટ ખુલ્લું પડી રહ્યું હતું. એના હાથ મોટા હતા. એણે નોટબુકનાં વિખરાયેલાં પાનાંઓને કોમળતાથી અને કાળજીથી એકઠાં કર્યા.

'આ શું છે ?' મેં પૂછ્યું.

'મારી એક દોસ્ત હતી. આ એની ડાયરી છે.'

'અ હં... ગર્લફ્રેન્ડ ?'

'હાફ ગર્લફ્રેન્ડ.'

'શું ?'

એણે ખભા ઉછાળ્યા.

'સાંભળ, તેં આખા દિવસમાં કંઈ ખાધું છે ખરું ?' મેં પૂછ્યું.

એણે ડોકું ધુણાવ્યું. મેં આસપાસ નજર ફેરવી. એક ફળની ટોકરી અને મારા પલંગ પાસે થોડી ચોકલેટ્સ હતી. એણે એક ડાર્ક ચોકલેટ પસંદ કરી.

'તું મારી પાસેથી શું ઇચ્છે છે ?' મેં પૂછ્યું.

'હું ઈચ્છું છું કે તમે આ વાંચો, જેટલું પણ વાંચી શકાય એટલું રહ્યું છે એ, કારણ કે હું નથી વાંચી શકતો.'

મેં આશ્ચર્યથી એની સામે જોયું.

'તું વાંચી નથી શકતો ? એટલે તને વાંચતાં આવડતું નથી કે તું આ નથી વાંચી શકતો ?'

'આ...'

'કેમ ?' મેં મારા માટે ચોકલેટ લેવા હાથ લંબાવ્યો.

'કારણ કે રિયા મૃત્યુ પામી છે.'

મારો હાથ હવામાં જ અધ્ધર રહી ગયો. જ્યારે કોઈએ મૃત્યુ વિષે વાત કરી હોય ત્યારે તમે ચોકલેટ ન જ લઈ શકો.

'તું એમ કહેવા માગે છે કે આ ડાયરી જેણે લખી છે એ છોકરી મૃત્યુ પામી છે ?'

એણે હકારમાં ડોકું હલાવ્યું. મેં ઊંડા શ્વાસ લીધા અને વિચારતો રહ્યો કે હવે શું બોલવું ?

'આની હાલત આટલી ખરાબ કેમ છે ?' મેં થોડી ક્ષણોના વિરામ પછી ડાયરી સામે જોતાં પૂછ્યું.

'બહુ જૂની છે. એના જૂના મકાનમાલિકને વર્ષો પછી મળી આવી.'

'અં... સૉરી હં, મેં તારું નામ પૂછ્યું નહીં, હું પહેલાં કંઈક ખાવા માટે ઑર્ડર કરી દઉં ? મેં મધરાતે મળતા મર્યાદિત નાસ્તાઓમાંથી બે ક્લબ સેન્ડવિચનો ઑર્ડર આપ્યો.

'હું માધવ છું, માધવ જહા. હું ડુમરાઉમાં રહું છું, અહીંથી એંશી કિલોમીટર દૂર.'

'તું શું કરે છે ?'

'હું સ્કૂલ ચલાવું છું.'

'ઓહ, એ તો...' યોગ્ય શબ્દ ન મળતાં હું અટક્યો.

'... ઉમદા છે, એમ ? ખરેખર નહીં. સ્કૂલ મારી મમ્મીની છે.'

'હું કહેવા જતો હતો અસ્વાભાવિક છે. તું ઇંગ્લિશ બોલે છે. સામાન્ય રીતે આવી છેવાડાઓની જગ્યા પર સ્કૂલ ચલાવનારાઓનું ઇંગ્લિશ આવું નથી હોતું.'

'મારું ઇંગ્લિશ હજુ ખરાબ છે. બોલતી વખતે બિહારી છાંટ આવી જાય છે.' સહેજ પણ સભાનતા વગર એણે કહ્યું.

'એમ તો ફ્રેંચ લોકો ફ્રેંચ છાંટવાળું ઇંગ્લિશ બોલે છે.'

'મારું ઇંગ્લિશ તો ઇંગ્લિશ પણ નહોતું જ્યાં સુધી...' એ બોલતો બંધ થઈ ગયો અને શાંત થઈ ગયો. મેં જોયું તો એ સ્વસ્થ થવાની કોશિશ કરી રહ્યો હતો.

'જ્યાં સુધી...?'

બેધ્યાનપણે એણે ટેબલ પર પડેલી નોટબુકને થપથપાવી.

'કંઈ નહીં, હકીકતે હું સેન્ટ. સ્ટીફનમાં ભાણ્યો છું.'

'દિલ્હીમાં ?'

'હં... ઇંગ્લિશ પ્રકારના લોકો એને 'સ્ટીવન્સ' કહે છે.'

હું હસ્યો, 'અને તું ઇંગ્લિશ પ્રકારનો નથી ?'

'જરાય નહીં.'

ડોરબેલ જોરથી વાગી. ક્લબ સેન્ડવિચ મૂકવા માટે વૅઇટરે ડાયરીને ખસેડી. થોડાં પાનાં જમીન પર પડી ગયાં.

'ધ્યાનથી.' માધવે એ રીતે બૂમ પાડી કે જાણે વેઇટરે અમૂલ્ય ક્રિસ્ટલની કોઈ વસ્તુ તોડી નાખી હોય.

વેઇટરે માફી માગી અને રૂમની બહાર ચાલ્યો ગયો.

મેં માધવને ક્લબ સેન્ડવિચ ઑફર કરી. ટમેટું, ચીઝ અને લેટ્યુસવાળી ક્લબ સેન્ડવિચ. માધવ મારી સામે પણ જોયા વગર ડાયરીનાં છૂટાં પડી ગયેલાં પાનાંઓ ગોઠવતો રહ્યો.

'તું ઠીક તો છે ને ? ક્લબ સેન્ડવિચ લે.'

એણે ડોકું ધુણાવ્યું પણ એની નજર હજુ ડાયરી પર જ ખોડાયેલી હતી. હું ખાવા લાગ્યો ને મારા બની બેઠેલા મહેમાનને મારા આતિથ્યસત્કારની જરાય પરવા નહોતી.

'મને લાગે છે કે આ ડાયરી તારા માટે કંઈક ખાસ છે પણ તું એને અહીં શું કામ લાવ્યો છે ?'

'તમારે વાંચવા માટે, કદાચ તમને ઉપયોગી થશે.'

'મને કઈ રીતે ઉપયોગી થશે ?' મેં પેટમાં પડેલા નાસ્તાને કારણે જરા મક્કમ અવાજે પૂછ્યું. મારો આત્મા ઈચ્છતો હતો કે એ બને એટલી જલદી આ રૂમની બહાર જાય.

'એને તમારાં પુસ્તકો બહુ ગમતાં હતાં. અમે સાથે મળીને તમારાં પુસ્તકો વાંચતાં.' એણે કોમળ અવાજે કહ્યું અને પછી ઉમેર્યું, 'મારે ઇંગ્લિશ શીખવા માટે.'

'માધવ' મેં બને એટલી શાંતિથી કહ્યું, 'આ એક સંવેદનશીલ વાત છે, હું આમાં સામેલ થવા નથી માંગતો, બરાબર ?'

એની નજર નીચે જમીન તરફ ખોડાયેલી હતી. 'મારે પણ આ ડાયરી નથી જોઈતી' થોડી પછી એણે કહ્યું.

'એ તારે નક્કી કરવાનું છે.'

'મારા માટે બહુ પીડાદાયક છે', એ બોલ્યો.

'હું સમજી શકું છું.'

એ ઊભો થયો, કદાચ જવા માટે એની સેન્ડવિચને એણે હાથ પણ નહોતો લગાવ્યો. પણ એ ઠીક હતું. એના ગયા બાદ હું એ ખાઈ શકું એમ હતો.

'તમારા સમય માટે આભાર. મેં તમને ડિસ્ટર્બ કર્યા હોય તો માફ કરશો.'

'ઇટ્સ ઓકે', મેં કહ્યું.

એણે એક ચબરખી પર એનો ફોન નંબર લખ્યો અને ટેબલ પર મૂકી. 'તમે કદાચ ક્યારેક ડુમરાઉં આવો અને કોઈ પણ ચીજની જરૂરત હોય તો મને કહેજો. આમ તો તમે આવો એવી શક્યતા ઓછી છે, છતાંય....' અચાનક હું જાણે વેંતિયો બની ગયો એની ઊંચાઈને કારણે. એ દરવાજા તરફ ચાલવા લાગ્યો.

'માધવ', મેં પાછળથી બૂમ પાડી, 'તું ડાયરી ભૂલી ગયો. મહેરબાની કરીને તારી સાથે લઈ જા.'

'મેં તમને કહ્યું મારે જરૂર નથી.'

'પણ તો પછી અહીં શું કામ મૂકી જાય છે ?'

'કારણ કે હું એ ડાયરીઓને ફેંકી પણ નહીં શકું. તમે એ કરી શકશો.'

હું કંઈ જવાબ આપી શકું એ પહેલાં એ રૂમની બહાર ચાલ્યો ગયો અને દરવાજો બંધ થઈ ગયો. શું થઈ ગયું એ સમજતાં મને થોડી ક્ષણો લાગી.

મેં હાથમાં ડાયરીઓ લીધી ને કમરાની બહાર દોડ્યો પણ કામ કરતી એકમાત્ર લિફ્ટ નીચેની તરફ ગઈ હતી. હું પગથિયાં ઊતરીને એને પકડી શક્યો હોત પણ થકાવનારા આખા દિવસ પછી મારામાં એ તાકાત જ નહોતી રહી.

હું મારા કમરામાં પાછો આવ્યો. માધવની ધૃષ્ટતાથી હું ખાસ્સો અકળાઈ ગયો હતો. ડાયરી અને ચબરખી લખેલો ફોન નંબર બધું ય મેં કચરાપેટીમાં નાખી દીધું. હું પલંગ પર બેઠો, અસ્વસ્થ હતો હું.

હમણાં હમણાં જ જે મને મળ્યો હોય એ મારું કુતૂહલ આટલું વધારી દે જરા વધુ પડતું હતું, મેં વિચાર્યું. મેં લાઇટ્સ બંધ કરી અને પલંગ પર લંબાવ્યું. મુંબઈ જતી વહેલી સવારની ફ્લાઇટ મારે પકડવાની હતી અને હું ફક્ત ચાર કલાક ઊંઘી શક્યો હતો. ઘેર પહોંચવા સુધીની રાહ જોઈ શકું એમ હતો નહીં.

છતાં રહસ્યમય માધવની મુલાકાત મારા મનમાંથી ખસતી નહોતી. આ માણસ કોણ

હતો ? ડુમરાઉં, સ્ટીફન્સ અને દિલ્હી શબ્દો મારા મનમા ઘૂમતા રહ્યા. મને પ્રશ્નો થયા. સાલ્લું, હાફ ગર્લફ્રેન્ડ એટલે શું ? અને મારા રૂમમાં કોઈ મૃત્યુ પામેલી છોકરીની ડાયરી છે શું કામ ?

ખુલ્લી આંખે હું પથારીમાં ચત્તોપાટ પડ્યો રહીને છત પરના લાલ ઝબકતા સ્મોક ડિટેક્ટરને તાકી રહ્યો હતો.

ડાયરીએ મારા મન પર કબજો જમાવી દીધો હતો. ભલે એ ડસ્ટબીનમાં હતી છતાં કંઈક હતું – ફાટેલાં પાનાં, મૃત્યુ પામેલી વ્યક્તિ અને એનો હાફ બોયફ્રેન્ડ કે જે હોય તે – કંઈક હતું જેનું મને કુતૂહલ થતું હતું. ત્યાં ન જઈશ, એવો વિચાર આવતો હતો છતાં મારું મન જાણે ચીસો પાડીને કહેતું હતું ફક્ત એક પાનું વાંચી લે.

'એવો વિચાર પણ ન કરીશ', હું મોટેથી બોલ્યો. પરંતુ ત્રીસ મિનિટ પછી મેં મારા રૂમની લાઇટ્સ ચાલુ કરી, ડસ્ટબીનમાંથી ત્રણ ડાયરી બહાર કાઢી અને પહેલી ડાયરી ખોલી. મોટા ભાગનાં પાના વાંચી ન શકાય એ હદે નુકસાન પામ્યાં હતાં. જે વંચાતું હતું એમાંથી અર્થ કાઢવાનો હું પ્રયત્ન કરતો હતો.

પહેલા પાના પર ૯ વર્ષ પહેલાંની તારીખ હતી. ૧ નવેમ્બર ૨૦૦૨. રિયાએ પોતાની પંદરમી વર્ષગાંઠ વિષે લખ્યું હતું. વધુ એક પાનું હું વિચારતો હતો. બીજું વાંચી શક્યા એવું પાનું શોધવા મેં પાનાં ઉથલાવ્યાં. એક વાંચી શકાય એવો ફકરો આવ્યો, અને પછી બીજો. ત્રણ કલાક પછી ત્રણેય ડાયરીમાંથી જેટલું વાંચી શકાય તેટલું મેં વાંચી લીધું હતું.

કમરાની શાંતિનો ભંગ કરતી ટેલિફોનની રિંગ સવારે ૫ વાગે વાગી.

'સર, પાંચ વાગી ગયા છે', હોટલ ઑપરેટરે કહ્યું.

'હું જાગુ જ છું, થૅંક્યુ.' મેં કહ્યું કારણ કે હું સૂતો જ નહોતો. મેં જેટ એરવેઝની ઑફિસમાં ફોન જોડ્યો.

'હું મારી આજ સવારની પટના-મુંબઈની ફ્લાઇટની ટિકિટ કેન્સલ કરાવવા ઇચ્છું છું.'

મેં ડસ્ટબીનમાંથી માધવે લખેલી ચબરખી કાઢી અને એણે આપેલા ફોન નંબર પર મેં મેસેજ કર્યો, 'અગત્યની વાત કરવી છે.'

સવારે ૬:૩૦ ફરી એ ઊંચો, દૂબળો માણસ મારા રૂમમાં હતો.

'આપણા બંને માટે ચા બનાવ. જો ત્યાં મીનીબાર છે ને, ત્યાં કીટલી છે.'

એણે મારી સૂચનાને અનુસરી. વહેલી સવારનાં કુમળાં સૂર્યકિરણો એના ચહેરાના નાકનકશા પર પડતાં હતાં. એણે મને ચાનો કપ આપ્યો અને મારી સામે પલંગ પર ત્રાંસો બેઠો.

'હું પહેલાં બોલું કે તું બોલીશ ?' મેં પૂછ્યું.

'શેના વિષે ?'

'રિયા વિષે.'

એણે નિશ્વાસ નાખ્યો.

'તને એવું લાગે છે તું એને બરાબર રીતે ઓળખતો હતો ?'

'હા' એણે કહ્યું.

'એના વિષે મારી સાથે વાત કરવામાં તને કંઈ વાંધો તો નથી ને ?'

એણે થોડી ક્ષણો વિચાર કર્યો ને પછી ડોકું ધુણાવ્યું.

‘હવે મને બધું જ કહે. મને માધવ અને રિયાની આખી વાર્તા કહે.’
‘એવી વાર્તા જેને નિયતિએ અધૂરી રાખી’, એણે કહ્યું.
‘નિયતિ ઘણી વાર બહુ વિચિત્ર રીતે વર્તે છે.’
‘હું ક્યાંથી શરૂ કરું ? અમે પહેલીવાર મળ્યાં ત્યારથી ?’
‘વાત શરૂ કરવા માટે હંમેશા યોગ્ય જગ્યા છે એ’, મેં કહ્યું.

•

અંક પહેલો
દિલ્હી

૧

'ક્યાં ?' મેં મારો શ્વાસ રોકતાં પૂછ્યું.

ઇન્ટરવ્યૂ શરૂ થવાને માત્ર બે મિનિટની વાર હતી અને હું એ રૂમ શોધી નહોતો શક્યો. સેન્ટ સ્ટીફન કૉલેજની ભૂલી પડી જવાય એવી કોરિડોરમાં જે મળે એને હું પૂછતો હતો.

મોટાભાગના વિદ્યાર્થીઓએ મારી તરફ ધ્યાન ન આપ્યું, કેટલાક ઉપહાસભર્યું હસ્યા, ખબર નહીં કેમ ?

આજે સમજાય છે મારી ભાષા. ૨૦૦૪માં હું બિહારી અંગ્રેજી બોલતો હતો. અત્યારે હું એ રીતે બોલવા નથી માગતો જે રીતે એ વખતે બોલતો હતો. બહુ શરમ આવે એવું હતું. એ ભાષા અંગ્રેજી નહોતી. એ ૯૦ % બિહારી હિન્દી ભાષા હતી જે ૧૦ % ખરાબ અંગ્રેજી શબ્દો સાથે હું બોલતો હતો. જેમ કે એ વખતે મેં પૂછેલું, 'કમિટી રૂમ... બતાયેંગે ઝરા ? હમારા ઇન્ટરવ્યૂ હૈ ના વહાં. મેરા ખેલ કા કોટા હૈ. કિસ તરફ હૈ ?'

એ વખતે હું જે રીતે બોલતો હતો એ રીતે અત્યારે બોલું તો તમને માથું ચડી જાય, એટલે અત્યારે તો હું ઇંગ્લિશમાં જ કહીશ. વિચારો તો ભોજપુરી મિશ્રણવાળી હિન્દી ભાષામાં હું ઇંગ્લિશના શબ્દપ્રયોગો શક્ય એટલી ખરાબ રીતે કરતો હતો.

'તું ક્યાંનો છે ?' છોકરીઓને હોય એથી ય વધુ લાંબા વાળવાળા એક છોકરાએ પૂછ્યું.

ભાંગીતૂટી ઇંગ્લિશમાં મેં કહ્યું, 'મી માધવ જહા ફ્રોમ ડુમરાઉં, બિહાર.'

એના મિત્રો હસવા લાગ્યા. સમય જતાં, હું એટલું શીખ્યો છું કે કેટલાક પ્રશ્નો જે શબ્દાંડબરપૂર્ણ હોય છે. એ તમને માત્ર પૂછવા ખાતર જ પૂછવામાં આવે છે, એના જવાબની અપેક્ષા રાખ્યા વગર. અહીં આ પ્રશ્ન પૂછવાનો મતલબ માત્ર એ દર્શાવવાનો હતો કે હું એમની વચ્ચે પરગ્રહવાસી જેવો લાગતો હતો.

'શેનો ઇન્ટરવ્યૂ આપવાનો છે ? પટાવાળાનો ?' લાંબા વાળવાળા છોકરાએ પૂછ્યું અને પછી જોરજોરથી હસ્યો.

ખરાબ લાગે એટલુંય ઇંગ્લિશ મને એ વખતે નહોતું આવડતું. ઉપરાંત, હું ઉતાવળમાં હતો. 'તમને ખબર છે ક્યાં છે ?' મેં પૂછ્યું અને છોકરાના દોસ્તો તરફ નજર ફેરવી. એ બધા શ્રીમંત અને ઇંગ્લિશ ટાઇપના છોકરાઓ હતા. એમાંના એક નીચા અને જાડા છોકરાએ મારી પર દયા ખાઈને કહ્યું, 'મુખ્ય લાલ રંગનું જે બિલ્ડિંગ છે ત્યાંથી ડાબી બાજુ વળી જા. ત્યાં કમિટી રૂમ તરફ જવાની નિશાની લગાવેલી છે.'

'થૅંક્યુ', મેં કહ્યું. બસ, આ ઇંગ્લિશમાં કઈ રીતે કહેવાય એ મને આવડતું હતું.

લાંબા વાળવાળા છોકરાએ પૂછ્યું 'અંગ્રેજીમાં લખ્યું હશે એ તને વાંચતાં આવડશે ?'

એના દોસ્તોએ મને મારા હાલ પર છોડી દેવા એને સમજાવ્યો. પેલા જાડા છોકરાની

સૂચના પ્રમાણે લાલ મકાન તરફ મેં દોટ મૂકી.

*

મારા જીવનનો મેં પ્રથમ ઇન્ટરવ્યૂ આપ્યો. મારી સામે ત્રણ વૃદ્ધ માણસો બેઠા હતા. એમના ચહેરા જોઈને એવું લાગતું હતું કે જ્યારથી એમના વાળ ધોળા થવાના શરૂ થયા હશે ત્યારથી તેઓ હસ્યા જ નહીં હોય.

ઇન્ટરવ્યૂ પહેલાં અભિવાદન કરવું જોઈએ એ હું શીખ્યો હતો, મેં ઘરે પ્રેક્ટિસ પણ કરી હતી. 'ગુડ મોર્નિંગ, સર' મેં કહ્યું.

'અમે અહીં ત્રણ જણ છીએ', વચ્ચેના માણસે કહ્યું. એમની ઉંમર લગભગ ૫૫ વર્ષની હતી, તેમણે કાળી ચોરસ ફ્રેમનાં ચશ્મા અને આડી ઊભી પટ્ટીઓવાળું જૅકેટ પહેર્યું હતું.

'ગુડ મોર્નિંગ સર, સર અને સર', હું બોલ્યો.

એ લોકોના ચહેરા પર હાસ્ય છવાયું. મને જો કે એ સ્મિત બરાબર ન લાગ્યું. ઉચ્ચ વર્ગના લોકો ઊતરતા વર્ગના લોકો સામે હસે એવું એ સ્મિત હતું. શ્રેષ્ઠતા દર્શાવતું સ્મિત, એ લોકો ઇંગ્લિશ જાણે છે અને હું નથી જાણતો એ દર્શાવતું સ્મિત.

સામે હસ્યા સિવાય મારો છૂટકો નહોતો.

વચ્ચે બેઠેલી વ્યક્તિ પ્રોફેસર પેરિરિયા હતા, સાયકોલોજી વિભાગના વડા. મેં એ જ વિષય માટે અરજી કરી હતી. ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર ફર્નાન્ડિઝ અને ઇંગ્લિશના પ્રોફેસર ગુપ્તા ડાબી અને જમણી બાજુએ બેઠા હતા.

'સ્પોર્ટ્સ ક્વોટા, એમ ?' પ્રોફેસર પેરિરિયા બોલ્યા, 'યાદવ કેમ નથી અહીં ?

'હું અહીં જ છું સર', મારી પાછળથી અવાજ આવ્યો. મેં ડોકું ફેરવ્યું ને ટ્રેક્સૂટ પહેરેલી એક વ્યક્તિ બારણમાં ઊભી રહેલી દેખાઈ. વિદ્યાર્થી હોવા માટે એ વ્યક્તિ ઘણી મોટી ઉંમરની હતી અને પ્રોફેસર હોવા માટે ઘણી નાની ઉંમરની.

'આમાં તો ૮૫ % તમારો નિર્ણય ગણાશે' પ્રોફેસર પેરિરિયા બોલ્યા.

'જરાય નહીં સર, આખરી નિર્ણય લેવાની સત્તા તમારી પાસે છે.' એ વ્યક્તિ પ્રોફેસર્સની બાજુમાં બેઠી. પીયૂષ યાદવ હતા એ, કૉલેજના સ્પોર્ટ્સ કોચ. સ્પોર્ટ્સ ક્વોટાના તમામ ઇન્ટરવ્યૂમાં એ બેસતા. બીજા પ્રોફેસર્સ કરતાં એ થોડા સરળ અને મિત્રતાપૂર્ણ હતા. એમની ભાષામાં પણ એવી કંઈ વિચિત્ર છાંટ નહોતી.

'બાસ્કેટબૉલ ?' મારી ફાઇલમાં નજર ફેરવતાં પ્રો. ફર્નાન્ડિઝે પૂછ્યું.

'જી સર', મેં ક્હ્યું.

'કઈ કક્ષાએ ?'

'રાજ્યકક્ષાએ.'

'તું આખું વાક્ય બોલી શકે છે ?' દૃઢ અવાજે પ્રો. ગુપ્તાએ પૂછ્યું.

મને એમનો સવાલ સમજાયો જ નહીં. હું ચૂપ રહ્યો.

'બોલે છે ?' એમણે ફરી પૂછ્યું.

'હા, હા' મેં ગુનેગાર હોઉં એ રીતે જવાબ આપ્યો.

'તારે સેન્ટ સ્ટીફન્સમાં શું કામ ભણવું છે ?'

થોડી ક્ષણો શાંતિ છવાઈ ગઈ. રૂમમાં બેઠેલી ચારેય વ્યક્તિ મારી સામે જોઈ રહી હતી. પ્રોફેસરે મને જેવો પૂછવો જોઈએ એવો જ સવાલ પૂછ્યો હતો.

'મારે સારી કૉલેજ જોઈએ છે.' આખુંય વાક્ય ભાંગલાતૂટલા ઇંગ્લિશમાં કહેતાં પહેલાંય મને મનમાં ગોઠવતાં વાર થઈ હતી.

પ્રોફેસર ગુપ્તાના ચહેરા પર બનાવટી સ્મિત આવ્યું. એમણે કહ્યું, 'એ બરાબર પણ સેન્ટ સ્ટીફન્સ સારી કૉલેજ કેમ છે ?'

હવે મેં હિન્દીમાં બોલવાનું નક્કી કરી લીધું કેમ કે ઇંગ્લિશમાં જવાબ આપવા માટે વચ્ચે બહુ વાર અટક્વું પડત અને હું મૂર્ખ લાગત.

કદાચ હું મૂર્ખ હોઈશ પણ મારે એમને એ જણાવા નહોતું દેવું.

'તમારી કૉલેજનું નામ બહુ મોટું છે. આ કૉલેજ બિહારમાં પણ પ્રખ્યાત છે.'

'તું ઇંગ્લિશમાં જવાબ આપીશ ?' પ્રોફેસર ગુપ્તા બોલ્યા.

'કેમ, તમને હિન્દી નથી આવડતું ?' હું બોલ્યો, મારાથી બોલાઈ ગયું.

એમના ચહેરા પરનો આઘાત જોઈ તરત મને મેં કરેલા છબરડાનું જ્ઞાન થયું. જો કે મેં મારા બચાવમાં નહોતું કહ્યું, મારે ખરેખર એ જાણવું હતું કે એ લોકોને મારો ઇન્ટરવ્યૂ ઇંગ્લિશમાં શું કામ લેવો હતો જ્યારે હું હિન્દી ભાષામાં વધારે આરામથી વાતો કરી શકતો હતો. એ વખતે મને જરાય ખબર નહોતી કે સ્ટીફન્સના પ્રોફસર્સને કોઈ એમને હિન્દીમાં બોલવાનું કહે એ જરાય પસંદ નહોતું.

'પ્રોફેસર પેરિરિયા, આ ઇન્ટરવ્યૂમાં આવ્યા કઈ રીતે ?' પ્રોફેસર ગુપ્તાએ પૂછ્યું.

આ બધા પ્રોફેસર્સમાં પ્રોફસર પેરિરિયા ભલા જણાતા હતા. 'અમે આ કૉલેજમાં ઇંગ્લિશમાં વ્યવહાર થાય એવો આગ્રહ રાખીએ છીએ, બસ એટલું જ.'

ઇંગ્લિશ ન આવડવાને કારણે મને જાણે મારાં કપડાં કોઈએ ઉતારી લીધાં હોય એવી લાગણી થઈ આવી. હું બિહાર પાછા કઈ રીતે જવું એનો વિચાર કરવા લાગ્યો. હું અહીં માટે સર્જાયો જ નહોતો. ઇંગ્લિશ બોલતા રાક્ષસો મને ખાઈ જશે એવી લાગણી મને થઈ આવી. અહીંથી રજા કઈ રીતે લેવી એવું હું વિચારતો હતો ત્યાં જ પીયૂષ યાદવે મારા વિચારોમાં ખલેલ પાડી.

'બિહાર સે હો ? તું બિહારથી આવે છે ?' એણે પૂછ્યું.

હિન્દીમાં પુછાયેલા એ બે ત્રણ શબ્દોએ ધગધગતા તાપમાં શરીર પર પડતા વરસાદના છાંટા જેવી શીતળતા આપી. એ જ ક્ષણે પીયૂષ યાદવ મને ગમી ગયો.

'હા સર, ડુમરાઉં.'

'મને ખબર છે. પટનાથી આશરે ત્રણ કલાકનો રસ્તો છે, બરાબર ને ?'

'તમને ખબર છે ડુમરાઉં ?' મેં પૂછ્યું, મને એના ચરણ ચૂમી લેવાનું મન થઈ આવ્યું. ઇંગ્લિશ બોલતા ત્રણેય રાક્ષસો હજુ મને તાકી રહ્યા હતા.

'હું પટનાનો છું. આ લોકોને બાસ્કેટબૉલની તારી સિદ્ધિઓ વિશે કંઈક કહે.' પીયૂષે કહ્યું.

મેં ડોકું ધુણાવ્યું. મારી વ્યગ્રતાનો એને ખ્યાલ આવી ગયો હતો, એ ફરી બોલ્યો, 'આરામથી જોઈએ એટલો સમય લે. હું પણ હિન્દી માધ્યમમાં ભણ્યો છું. મને ખ્યાલ આવે છે

તને કેવી લાગણી થતી હશે.'

ત્રણેય પ્રોફેસર્સ પીયૂષને આ કૉલેજમાં કઈ રીતે નોકરી મળી હશે એવું કદાચ મનમાં વિચારતા હતા.

મેં મારી જાતને સંભાળી અને પ્રેક્ટિસ કરી રાખેલાં વાક્યો. ઇંગ્લિશમાં બોલવા માંડ્યાં.

'સર, હું રાજ્યકક્ષાએ છ વર્ષ સુધી બાસ્કેટબૉલ રમ્યો છું. ગયે વર્ષે બી.એફ.આઈ. નેશનલ ટીમ માટે મારું નામ વૅઇટિંગ લિસ્ટમાં હતું.'

'બી.એફ.આઈ ?' પ્રોફેસર ગુપ્તાએ પૂછ્યું.

'બાસ્કેટબૉલ ફેડરેશન ઑફ ઇન્ડિયા' પીયૂષે મારા વતી જવાબ આપ્યો, મને જો કે જવાબ ખબર હતો.

'અને તારે સોશિયોલોજી ભણવું છે, શું કામ ?' પ્રોફેસર ફર્નાન્ડિઝે પૂછ્યું.

'સહેલો વિષય છે, ભણવાની કંઈ બહુ જરૂર નથી એટલે, હેં ને ?' પ્રોફેસર ગુપ્તાએ ટીકા કરી.

મને ખબર નહોતી પડતી કે પ્રોફેસર ગુપ્તાને મારી સામે વિરોધ હતો કે પછી સ્વભાવ જ ગુસ્સાવાળો હતો કે પછી એ કબજિયાતથી પીડાતા હતા ?

'હું ગામડામાંથી આવું છું.'

ઇંગ્લિશમાં બોલાયેલા એ વાક્યમાંથી પ્રોફેસર ગુપ્તાએ એ રીતે ભૂલ શોધી જાણે મેં કોઈ ખૂન જેવો ભયંકર ગુનો કર્યો હોય.

'હિન્દી સર ? હું હિન્દીમાં જવાબ આપું ?'

કોઈએ જવાબ ન આપ્યો. મારી પાસે આછીપાતળી તક હતી અને એનો લાભ લઈને હું મારી ભાષામાં કહેવા માંડ્યો, 'મારી મા ત્યાં શાળા ચલાવે છે અને ગામવાળાઓ સાથે કામ કરે છે. આપણા સમાજ વિશે હું વધુ જાણવા ને શીખવા માગું છું. આપણા ગ્રામવાસીઓ આટલા પછાત કેમ છે ? ધર્મ અને નાતજાતના આટલા વાડા કેમ છે ? મને લાગ્યું મારા સવાલોના જવાબ મને સોશિયોલોજીના ભણતરમાંથી મળશે.'

પ્રોફેસર ગુપ્તા મને સંપૂર્ણ સમજી ગયા હતા છતાં ઇંગ્લિશ બોલતા લોકોની જેમ ઈમાનદારી દાખવીને એમણે પીયૂષને મેં જે કહ્યું હતું તેનું ભાષાંતર કરવા કહ્યું.

'સારું કારણ છે આ', પીયૂષને સાંભળ્યા પછી પ્રો. પેરિરિયા બોલ્યા, 'પણ અત્યારે તું દિલ્હીમાં છે. સ્ટીફન્સમાંથી બહાર નીકળ્યા પછી તને મોટી કંપનીઓમાં નોકરી મળશે, ત્યારે તું તારા વતન પાછો જઈશ ?' એમના સવાલમાં ખરેખર ચિંતા જણાતી હતી.

એમનો સવાલ સમજતાં જ મને થોડીવાર લાગી. પીયૂષે ભાષાંતર કરવા માટે મદદ કરવાનો પ્રયત્ન કર્યો પણ મેં હાથ હલાવીને એને ના પાડી.

'હું પાછો જઈશ સર' આખરે હું બોલ્યો.

મેં કારણ ન આપ્યું, મને કારણ આપવાની જરૂર પણ ન લાગી કે મારી મા ત્યાં એકલી રહે છે. મેં એમ પણ ન કહ્યું કે હું ડુમરાઉંના રાજવી પરિવારમાંથી આવું છું. જો કે હવે બાબતે કશું રહ્યું નહોતું છતાં અમારો પરિવાર રાજવી હતો એ સત્ય હતું. મેં એમ પણ ન કહ્યું કે આ શહેરમાં જેટલા લોકોને મળ્યો એમાંના એકેયને હું સામે ઊભાય રાખું એવી હેસિયત નહોતી કોઈની.

'અમે તને બિહાર વિશે પૂછીએ કંઈ ?' પ્રોફેસર ફર્નાન્ડિઝે પૂછ્યું.

'ચોક્કસ.'

'બિહારની વસ્તી કેટલી છે ?'

'દસ કરોડ.'

'બિહારમાં કઈ પાર્ટી સત્તા પર છે ?'

'અત્યારે લાલુ પ્રસાદ યાદવની પાર્ટી છે.'

'પાર્ટીનું નામ શું છે ?'

'આર.જે.ડી. રાષ્ટ્રીય જનતા દળ.'

પ્રશ્નો આવતા રહ્યા ને થોડા સમય પછી તો હું એ પણ ભૂલી ગયો કે કોણ ક્યા પ્રશ્નો પૂછતું હતું. એમનું ઇંગ્લિશ હું સમજી તો શકતો હતો પણ પૂરા વાક્યમાં જવાબ નહોતો આપી શકતો. હું ટૂંકામાં ટૂંકો જવાબ આપતો હતો. પણ એક પ્રશ્નમાં હું ખરેખર મૂંઝાઈ ગયો.

'બિહાર આટલું પછાત કેમ છે ?' પ્રોફેસર ગુપ્તાએ પૂછ્યું.

મને જવાબ ખરેખર ખબર નહોતી તો પછી ઇંગ્લિશમાં જવાબ આપવાનો તો સવાલ જ નહોતો. પીયૂષે મારા વતી જવાબ આપવાની કોશિશ કરી, 'સર, આ પ્રશ્નો જવાબ કોઈપણ આપી શકે એમ નથી.'

પ્રોફેસર ગુપ્તાએ હાથ ઊંચો કરીને પીયૂષને બોલતાં રોકી લીધો, 'તેં કહ્યું કે તારી મા બિહારમાં શાળા ચલાવે છે. તને બિહાર વિષે ખબર હોવી જોઈએ.'

હું શાંત રહ્યો.

'તું તારે હિન્દીમાં જવાબ આપ.' પ્રો. પેરિરિયા બોલ્યા.

'પછાત કઈ દૃષ્ટિએ સર ?' પ્રોફેસર ગુપ્તા તરફ જોતાં હું બોલ્યો.

'બીજાં બધાં રાજ્યોની સરખામણીમાં.'

'ભારત પોતે જ પછાત દેશ છે,' હું બોલ્યો.

'વિશ્વના પછાત દેશોમાંનો એક દેશ છે ભારત.'

'બરાબર, પણ બિહાર ગરીબોમાં ય ગરીબ કેમ છે ?'

'ખરાબ સરકાર', સ્વાભાવિક પણે જ પીયૂષ બોલી ઊઠ્યો. પ્રોફેસર ગુપ્તાની નજર મારી પર ખોડાયેલી હતી.

'મોટા ભાગનો ગ્રામ્ય વિસ્તાર છે, સર,' મેં કહ્યું, 'લોકોને આધુનિકીકરણનો ખ્યાલ જ નથી અને તેઓ પોતાનાં પછાત મૂલ્યોને જ પકડીને ચાલે છે. ભણતર નબળું છે. મારા રાજયમાં કોઈ મૂડીરોકાણ નથી થતું. સરકાર અને ગુનેગારો સાથે મળીને રાજ્યનું અને એના લોકોનું શોષણ કરે છે.'

પ્રોફેસર પેરિરિયાએ મારા જવાબનું ભાષાંતર પ્રોફેસર ગુપ્તાને સંભળાવ્યું. એમણે ડોકું ધુણાવ્યું અને કહ્યું, 'તારા જવાબો સમજણભર્યા છે પણ તારું ઇંગ્લિશ ભયંકર છે.'

'તમે સમજદાર વિદ્યાર્થીઓને ભણાવવાનું પસંદ કરશો કે વિદેશી ભાષા બોલતા વિદ્યાર્થીને ?'

મારો બચાવ એમને ચકરાવામાં નાખવા માટે પૂરતો હતો. પ્રોફેસર ફર્નાન્ડિઝે પોતાના ચશ્મા લૂછતાં લૂછતાં મારી સામે જોઈને કહ્યું, 'હવે ઇંગ્લિશ વિદેશી ભાષા નથી મિ. જહા. એ વૈશ્વિક ભાષા છે. હું તો સૂચવીશ કે તમે ઇંગ્લિશ શીખી લો.'

'એટલા માટે તો હું અહીં છું, સર.' મેં કહ્યું.

મેં ખરેખર દિલથી જવાબ આપ્યો હતો, પરંતુ હું એ જાણતો નહોતો કે મારા જવાબની એમની પર અસર થશે કે નહીં. ઇન્ટરવ્યૂ પૂરો થઈ ગયો હતો. એમણે મને રૂમની બહાર જવા કહ્યું.

*

હું પરસાળમાં ઊભો હતો અને હવે ક્યાં જવું તેનો વિચાર કરતો હતો. એવામાં જ પીયૂષ કમિટી રૂમમાંથી બહાર આવ્યો. એનું દૂબળું અને કસાયેલું શરીર વધુ ઉંમર હોવા છતાં એ જાણે વિદ્યાર્થી હોય એવી છાપ પાડતું હતું. એણે મારી સાથે હિન્દીમાં વાત કરી.

'તારી સ્પોર્ટસ ટ્રાયલ એક કલાકમાં શરૂ થશે. મને બાસ્કેટબૉલ કોર્ટ પર મળ.'

'આનો કોઈ અર્થ છે ખરો ? મારો ઇન્ટરવ્યૂ તો સખત ખરાબ ગયો.'

'બાસ્કેટબૉલ સાથે તું થોડું ઘણું ઇંગ્લિશ કેમ ન શીખ્યો ?'

'અમારે ત્યાં કોઈ બૉલતું નથી' હું અટક્યો ને ઉમેર્યું, 'સર.'

એણે મારી પીઠ થપથપાવી. 'બિહારમાંથી બહાર આવી જા. હવે સાંભળ, સ્પોર્ટ્સ ટ્રાયલનું મહત્ત્વ ૮૫ % જેટલું હોય છે. સારું રમજે.'

'હું શ્રેષ્ઠ રમવાનો પ્રયત્ન કરીશ, સર.'



૨

જો એ ઊંચી ન હોત તો મારું ધ્યાન એની ઉપર પડ્યું જ ન હોત. એ રમૂજી લાગે છે કે કઈ રીતે એની ઊંચાઈએ મારા જીવનનો આકાર જ બદલી નાખ્યો.

જો એ ફક્ત ચાર આંગળ નીચી હોત તો એની પર મારી નજર ક્યારેય ન પડી હોત અને બધું જ જુદું હોત. જો હું કંટાળ્યો ન હોત ને બાસ્કેટબૉલ કોર્ટમાં કલાક વહેલો ન પહોંચ્યો હોત તો બધું જ અલગ હોત. જો કોઈ બૉલને રોકી શક્યું હોત અને બૉલ કોર્ટની બહાર આવીને મારે માથે ન અથડાયો હોત તો વાત જુદી હોત. નાની નાની ક્ષણો જ જીવન બદલી નાખતી હોય છે અને આપણે લાંબા ગાળાની યોજના કરતા રહીએ છીએ. બાસ્કેટબૉલ કોર્ટ પર મારા જીવનના પ્રેમને મળવાની મારી કોઈ યોજના નહોતી. ફક્ત સમય પસાર કરવા હું ત્યાં ગયેલો કારણ કે જવા માટે મારી પાસે કોઈ જગ્યા નહોતી.

સ્ટીફન્સની બાસ્કેટબૉલ કોર્ટની આસપાસ વિદ્યાર્થીઓનું ટોળું જામ્યું હતું જેમાંના મોટાભાગના છોકરાઓ હતા. છોકરીઓને પ્રેક્ટિસ કરતી જોવા માટે હંમેશા ઓડિયન્સ હોય જ. છોકરીઓને જોવાનું આનાથી ઉત્તમ બહાનું કોઈ હોઈ જ ન શકે. દરેક જણ ઇંગ્લિશમાં વાત કરતું હતું. હું જરા પણ બોલતો નહોતો. હું ટટ્ટાર થયો અને કોર્ટ તરફ એ રીતે જોઈ રહ્યો જાણે હું એ લોકોમાંનો જ એક હોઉં. દસ છોકરીઓ મેદાનમાં આવી, ટોળાએ ચિચિયારી કરી. એમાંની પાંચ છોકરીઓ કૉલેજની ટીમની હતી ને બાકીની પાંચ છોકરીઓએ સ્પોર્ટ્સ ક્વોટામાં એડ્મિશન લેવા માટે અરજી કરેલી.

હાથમાં બૉલ અને મોંમાં વ્હીસલ સાથે પીયૂષ બરાબર વચ્ચે આવ્યો. સિટી વાગતાં જ છોકરીઓ ગતિમાં આવી ગઈ.

૫ ફુટ ૯ ઇંચ કોઈ પણ ભારતીય છોકરી માટે વધુ જ ગણાય. અરે, બાસ્કેટબૉલની ટીમ માટે પણ એ ઊંચી હતી. એની લાંબી ગરદન, લાંબા હાથ અને લાંબા પગ કોઈ પણ છોકરાનું ધ્યાન આકર્ષે તેવા હતા. સ્પોર્ટ્સ ક્વોટામાં અરજી કરેલી છોકરીઓમાં એનો સમાવેશ થતો હતો. કાળા રંગની ચુસ્ત શોર્ટ્સ અને ઉપર સ્લીવલેસ સ્પોર્ટ્સ ટી-શર્ટ ટી-શર્ટના પાછલા ભાગે પીળા રંગથી અંગ્રેજી અક્ષર આર છપાયેલો હતો. ઘડીભરમાં એણે બૉલ લઈ લીધો. એના શૂઝ મોંઘા એવા નાઇકીના હતા, એવા કે જે એનબીએના ખેલાડીઓને ટી.વી. પર પહેરેલા જોયા હોય. એના કાનની હીરાની બુટ્ટીઓ સૂર્યપ્રકાશમાં ચમકતી હતી. એ જમણા હાથથી બે-ત્રણ વાર બૉલને ઉછાળીને આગળ તરફ લઈ ગઈ. મેં જોયું કે એની આંગળીઓ લાંબી ને સુંદર હતી.

આર બૉલને આગળ તરફ ધકેલતી હતી કે એક સિનિયરે બૂમ પાડી, 'કોચ, દેખાવના ૧૦ માર્ક્સ' ટોળું હસી પડ્યું, એટલે કે છોકરાઓ. મોટા અવાજે થયેલી કોમેન્ટથી આર એક ક્ષણ માટે વિચલિત થઈ પણ તરત જ એણે રમતમાં પોતાનું ધ્યાન આપ્યું, જાણે આ પ્રકારની

કમેન્ટ્સથી એ ટેવાયેલી હોય.

સ્પોર્ટ્સ ક્વોટાની છોકરીઓ વ્યક્તિગત રીતે સારું રમતી હતી પણ ટીમની રીતે નહીં.

બૉલને ઉછાળતી અને ધકેલતી આર સામેવાળી ટીમની બાસ્કેટ સુધી પહોંચી. સામેની ટીમની ત્રણ છોકરીઓએ એને આંતરી. આરે પોતાની ટીમની છોકરીને બૉલ આપ્યો પણ એ છોકરી ચૂકી ગઈ.

'શું કરે છે...' આરે બૂમ પાડી પણ મોડું થઈ ચૂક્યું હતું. વિરોધી ટીમ બૉલ ઝુંટવીને બાસ્કેટ સુધી લઈ ગયેલી અને બૉલને બાસ્કેટમાં નાખી પણ દીધેલો.

આરે બીજા કોઈને ન સંભળાય એ રીતે પોતાની જાતને ગાળ આપી, પછી એણે પોતાની ટીમની ત્રણ છોકરીઓને હરીફ ટીમને ઘેરી લેવા ઇશારો કર્યો. આટલું કર્યા પછી એ મેદાન પર સામેની તરફ દોડી. જ્યારે એ મારી બાજુમાંથી પસાર થઈ મેં એનો પરસેવાથી રેબઝેબ ચહેરો નજીકથી જોયો. મારી અને એની આંખો ક્ષણના સોમા ભાગ જેટલી મળી, કદાચ એ મારી કલ્પના પણ હોય. પણ એ ક્ષણના સોમા ભાગમાં જ મારા દિલમાં કંઈક થયું.

ના, હું એમ નહીં કહું કે એ સમયે જ હું પ્રેમમાં પડ્યો. એમ પણ નહીં કહું કે એ સમયે હું એની તરફ આકર્ષાયો. પણ મારા દિલમાં ઊંડે ઊંડે એવું ચોક્કસ થયું કે તારે આ છોકરી સાથે જીવનમાં એક વાર તો એક વાર, વાત કરવી જ જાઈએ.

'છોકરીઓ, એમને રોકી લો; આરે બૂમ પાડી. એના મનની સ્થિતિ મારાથી સાવ જ વિપરીત હતી. એણે પોતાની ટીમની છોકરીઓ તરફ બૉલ પસાર કર્યો અને કમનસીબે ફરી બાસ્કેટમાં બૉલ નાખી ન શકાયો.

'તમે બધાં શું કરો છો ?' એણે પરફેક્ટ ઇંગ્લિશમાં બૂમ પાડી. હું નર્વસ થઈ ગયો, હું એની સાથે કઈ રીતે વાત કરી શકીશ ? એનો ચહેરો ગંદો હતો. એના ડાબા ગાલ અને કપાળ પર ધૂળ ચોંટેલી હતી. છતાં, મારા અત્યાર સુધીના જીવનમાં જોયેલા ચહેરાઓમાંથી એ સૌથી સુંદર હતો. ક્યારેક એ સમજાવવું મુશ્કેલ થઈ જાય છે કે તમને કોઈ વ્યક્તિ કેમ સુંદર લાગે છે ? એ શું હતું ? એના પાતળા શરીર સાથે મેળ ખાય એવો એનો લાંબો ચહેરો ? એની ચોખ્ખી ચમકતી ત્વચા જે ગૌર વર્ણથી અત્યારે ગુલાબી અને ગુલાબીમાંથી લાલ થઈ ગઈ હતી ? કે પછી દેખાવ જરાય મહત્ત્વનો નહોતો. અને રમતમાં સંપૂર્ણ ઓતપ્રોત થઈ જવાનું એનું ઝનૂન ? હું જાણતો નહોતો.

જોકે, હકીકતમાં હું એવું વિચારતો જ નહોતો કે આ વાત આગળ વધી શકશે. એ અતિ ઉચ્ચ વર્ગીય છોકરી હતી, કદાચ બીજી વાર મારી સામું પણ નહીં જુએ.

વિધાતાની પોતાની કંઈક ચાલ ચોક્કસ હતી. નહીં તો ફર્સ્ટ હાફની સાતમી મિનિટે કૉલેજ ટીમની કોટન બૉલને મેદાનની બહાર તરફ શું કામ ફેંકે, એ બૉલ મારા જ માથામાં શું કામ વાગે, ત્વરિત પ્રતિક્રિયા રૂપે હું એ બૉલને હાથમાં શું કામ પકડું ને એ બૉલ લેવા આર જ શું કામ આવે ?

હાંફતો હાંફતા એણે કહ્યું, 'બૉલ, પ્લીઝ' હું જકડાઈ ગયો હોઉં એમ ત્યાં જ ઊભો રહ્યો.

'મેં કહ્યું બૉલ, પ્લીઝ' એ બોલી...

*

અડધી ક્ષણ વધારે મેં બૉલ પકડી રાખ્યો. મારે એની સામે થોડી વધારે વાર માટે જોઈ રહેવું હતું. એના પરસેવાવાળા ચહેરાનો ફોટો લઈને જાણે મારે મારા મનના કૅમેરામાં જીવનભર

માટે સંઘરી રાખવો હતો.

મેં એની તરફ બૉલ ફેંક્યો. એણે આસાનીથી ઝીલી લીધો અને મારી તરફ જોયું. જે રીતે મેં બૉલ ફેંક્યો એ રીતે એ જાણી ગઈ હશે કે મને આ રમતનું જ્ઞાન છે.

'તમારો પોઇન્ટ શૂટર બદલી નાખો', મેં કહ્યું. ખબર નહીં કેમ આ વાક્ય હું ઇંગ્લિશમાં એકદમ બરાબર બોલી શકેલો.

'શું ?' એણે પૂછ્યું. એણે મને ઉપરથી નીચે સુધી જોયો. હવે મને એમ થાય છે કે મેં સારાં કપડાં પહેર્યાં હોત તો ઠીક થાત. દરજીએ મને ઢીલાં પડે એવાં સીવેલાં પેન્ટ શર્ટ જ મેં પહેર્યાં હતાં અને એ જ પહેરીને મેં ઇન્ટરવ્યૂ પણ આપેલો. બાસ્કેટબૉલ કોર્ટમાં હું એકદમ જુદો તરી આવતો હતો. મારા હાથમાં સર્ટિફિકેટ્સનું ફોલ્ડર હતું. ૭૦ના દાયકાની હિન્દી ફિલ્મસના હીરો જેવો હું લાગતો હતો જેને નોકરી ન મળતી હોય. મારી પાસે બિહાર રાજ્યનું ટીમ ટી-શર્ટ છે, મારે એને કહેવું હતું. જોકે, રમતની વચ્ચોવચ્ચ અને પહેલો જ સંવાદ આવો કરવો એ એક ભયંકર વિચાર હતો.

'તમારો શૂટર ભંગાર છે,' મેં કહ્યું.

રેફરીએ રમત આગળ વધારવા વ્હિસલ વગાડી. એ ઊંધી ફરી અને બૉલ ટીમની બીજી છોકરીઓ તરફ ફેંકતાવેંત મારા વિશે ભૂલી ગઈ. હરીફ ટીમની બાસ્કેટ સુધી પહોંચતાવેત એણે બૂમ પાડી, 'અહીં મારી તરફ...'

પેલી છોકરી (પોઇન્ટ શૂટર) હાથમાં બૉલ પકડીને આજુબાજુ જોતી ગૂંચવાતી ઊભી રહી.

'મેં કહ્યું અહીંયાં...' આરે એટલી જોરથી બૂમ પાડી કે મેદાનના ઝાડ પર શાંતિથી બેઠેલાં કબૂતરો ઊડ્યાં. પોઇન્ટ શૂટર છોકરીએ આર તરફ બૉલ ફેંક્યો, આરે પકડી લીધો અને બરાબર નિશાન લઈને ફેંક્યો.

શાબાશ ! બોલ સીધો બાસ્કેટમાં જઈને પડ્યો. ટોળું ચિચિયારી કરવા માંડ્યું. આમે ય આર માટે બધાને લાગણી થઈ ગઈ હતી.

રેફરીએ ૧૦ મિનિટનો બ્રેક આપ્યો. કૉલેજ ટીમ ૧૨-પથી આગળ હતી. આર. ટીમની બીજી છોકરીઓ સાથે હવેની નીતિ નક્કી કરી રહી હતી. એ લોકોની મંત્રણા પૂરી થયા પછી એણે ટોવેલ લઈને પોતાનો ચહેરો અને ગરદન લૂછી લીધાં.

હું એની ઉપરથી મારી નજર હટાવી શકતો નહોતો. હું એ પણ ભૂલી ગયેલો કે હવે થોડા સમયમાં જ મારી પણ ટ્રાયલ મૅચ છે. હું ફક્ત એની સાથે વાત કરવાનું બહાનું શોધવામાં રોકાયેલો હતો. હું એને એમ કહું કે એ સરસ રમે છે ? મારે એને કહેવું હતું કે હું પણ સ્ટેટ લેવલ પર રમું છું, ને એ પણ દેખાડો કર્યા વગર. સૌથી મોટો પ્રશ્ન એ હતો કે પાંચ શબ્દોથી વધારે હું ઇંગ્લિશ બોલી કઈ રીતે શકીશ ?

હું એની તરફ તાકતો હતો એ એણે પકડી પાડ્યું. મને મારી જાતને મારી નાખવાની ઇચ્છા થઈ આવી. એ મારી તરફ સીધું જોતી હતી. એનો ટોવેલ એની ગરદન આસપાસ વિંટળાયેલો હતો પછી એ ચાલીને સીધી મારી તરફ આવી. મારી કરોડરજ્જુમાં એક લખલખું પસાર થઈ ગયું.

આમ તાકી રહેવાનો મારો ઈરાદો નહોતો, મારે એને કહેવું હતું. મને ડર લાગ્યો કે જેમ રમત વખતે એણે બૂમ પાડી હતી એમ મારી સામે બૂમ ન પાડે.

'થૅંક્સ', આર બોલી.

એ આમ અહીં મને થૅંક્સ કહેવા આવી ?

એના શ્વાસ તેજ ચાલતા હતા. મારી આંખો એના ચહેરા પરથી ખસતી નહોતી.

બીજી તરફ જો, માધવ. હું મારી જાતને જ ખિજાયો અને ફરી ગયો.

'એ સરસ સૂચન હતું', એણે મારા ચહેરાના ડાબા ભાગને કહ્યું.

'વેલકમ, તમે... સારા... છો', મેં ભાંગ્યાતૂટ્યા ઇંગ્લિશમાં કહ્યું. એક એક શબ્દ ઉચ્ચારતી વખતે મને જાણે ઇંટઉપાડી રહ્યો હોઉં એટલો ભાર લાગતો હતો.

'સેકન્ડ હાફ માટે કોઈ સૂચન ? અત્યારે તો એવું લાગે છે કે અમે હારી જઈશું.'

'હા', મેં એની તરફ જોતાં કહ્યું. મારે એને ઘણાં સૂચનો કરવાં હતાં પરંતુ ઇંગ્લિશમાં એ શક્ય જ નહોતું. 'તમે હિન્દી બોલો છો ?' મેં પૂછ્યું.

એ થોડી ગૂંચવાઈ હોય એમ લાગ્યું. સેન્ટ સ્ટીફન્સમાં કોઈએ કોઈને આવો પ્રશ્ન નહીં પૂછ્યો હોય.

'હા, હા, ચોક્કસ', એ બોલી.

'ઓકે', મેં કહ્યું અને પછી મારી ભાષામાં સમજાવ્યું, 'સામેની ટીમમાં બે મજબૂત ખેલાડી છે, એમને કવર કરો. તમારા ખેલાડીઓ માટે ચોક્કસ જગ્યા નક્કી નહીં કરતાં. તમારામાંથી બે જણા એ લોકોની સાથે આગળ વધે. તમે શૂટર (ગૉલ કરનાર) બનજો. બાકીના બેમાંથી એક તમને બચાવશે અને બીજી તમને મદદ કરશે.'

ફરી સીટી વાગી.

'મારે જવું પડશે', એ બોલી, 'કૅચ યુ લેટર.'

હું સમજ્યો નહીં કે 'કૅચ યુ'નો અર્થ શું થાય ? જે મેં એને કહ્યું એ બધું એ પાછળથી કૅચ કરશે એમ ? એનો અર્થ એવો કે અત્યારે એ કંઈ ન સમજી ? કે એનો અર્થ એ કે એ ખરેખર મારો કૅચ કરવા માગતી હતી ? એટલે કે, હું એને એટલો ગમી ગયો કે એને મારો કૅચ કરવો હતો ? જોકે, આ જરા વધારે પડતું હતું. પણ મેં એને કેટલાંક ઉત્તમ સૂચનો કર્યાં હતાં અને આ આજકાલની મૉડર્ન જનરેશનનું કંઈ કહેવાય નહીં. મારા મનમાં એક પછી એક વિચારો આવતા હતા. આવું ઘણીવાર થતું, ખાસ કરીને મારું મન ઉત્તેજિત હોય ત્યારે.

હોય નહીં એવા વિચારો કરવા માંડેલો હું, નક્કામા પણ. એને બદલે હું કંઈક નક્કર કરી શકયો હોત, જેમ કે રમત જોવી કે પછી એ છોકરીનું નામ શોધી કાઢવું.

રમત ફરી શરૂ થઈ. રેફરીની વ્હીસલ, મેદાન પર દોડતા ખેલાડીઓના શૂઝના અવાજો, ચીસો, બૂમો, હાર અને જીતની ચિચિયારીઓ અને રુદન-રમતના મેદાન પર જે ઉત્તેજના જોવા મળે છે તેવી જીવનમાં બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. આ દેશમાં હજુ જેને ઓછી મહત્ત્વની ગણવામાં આવે છે એવી બાસ્કેટબૉલની રમત પણ માત્ર અડધો કલાકમાં પૂરી થઈ જાય છે. મને એ સમજાતું નથી કે ભારતીયો શા માટે આ રમત વધુ નથી રમતા. એને માટે વધુ જગ્યાની જરૂર નથી, ખાસ કંઈ સાધનોની જરૂર નથી. અને ઘણા બધા લોકો એકસાથે રમી શકે છે.

'યસ !' બાસ્કેટમાં બૉલ નાખવાની સાથે જ એણે ચીસ પાડી. ફરતી ગોળ રિંગને અડ્યા વિના બૉલ બાસ્કેટમાં જઈ પડ્યો. 'છક્ક' હળવો અને સૌથી ખૂબસૂરત અવાજ આવ્યો, એ

અવાજ જ્યારે બોલને નેટનો સ્પર્શ થાય છે. એ પાછી પોતાની જગ્યા તરફ દોડતી હતી ત્યારે એના ચહેરા પર પરસેવાનાં ટીપાં હતાં.

૨૧-૧૫ મૅચ પૂરી થઈ. નવી ટીમ હારી હતી છતાં ય કૉલેજ ટીમ સામે સંતોષજનક દેખાવ કરી શકી હતી. જોકે આર નિરાશ જણાતી હતી. એણે ટોવેલથી પોતાનો ચહેરો લૂછ્યો અને બ્લ્યુ રંગની નાઇકીની કીટ બૅગ ઊંચકી. કેટલાક છોકરાઓએ એની સાથે નજર મેળવવાનો પ્રયત્ન કર્યો પણ એણે ધ્યાન જ ન આપ્યું. મારે એની સાથે વાત કરવી હતી. જોકે ડુમરાઉંનો કોઈ પણ છોકરો આવી ઉચ્ચવર્ગીય દિલ્હીની છોકરી સાથે વાત ન કરી શકે. હું ઇચ્છતો હતો કે એ મારી રમત જુએ. એવું બીજું કંઈ નહોતું જેના વડે હું એને પ્રભાવિત કરી શકું. કોચ પીયૂષ એની પાસે ગયો. એ બંને વાતોમાં ગૂંથાઈ ગયાં. આ જ તક હતી. આમે ય જેનો આત્મવિશ્વાસ ઓછો હોય એ કોઈની વાતમાં વચ્ચે પડીને જ છોકરી સાથે વાત કરી શકે. હું પીયૂષ તરફ દોડી ગયો.

'હવે મારી ટ્રાયલ છે. હું કપડાં બદલું, સર ?' ભયંકર ખરાબ ઇંગ્લિશમાં મેં પૂછ્યું.

પીયૂષ આશ્ચર્યથી મારા તરફ ફર્યો. મારા ઇંગ્લિશને કારણે કે પછી મારા મૂરખ જેવા પ્રશ્ને કારણે કે પછી ખરાબ ઇંગ્લિશમાં પુછાયેલા મૂરખ જેવા પ્રશ્ને કારણે ?

'આવી રીતે રમીશ ? ટ્રાયલ છે કે મજાક ?' એણે ભોજપુરીમાં પૂછ્યું, હિન્દીમાં નહીં...

મને તરત જ મારી ભૂલનું ભાન થયું.

'હું...હું...'

આર વચ્ચે બોલી, 'ઓહ, તમે પણ સ્પોર્ટ્સ ક્વોટાના છો ?'

આ સમાનતાથી નવાઈ પામેલા પીયૂષે અમારા બંને તરફ વારાફરતી જોયું.

'યસ' આટલું ઇંગ્લિશ આવડવાના વિશ્વાસ સાથે મેં જવાબ આપ્યો.

'સ્ટેટ લેવલનો ખેલાડી છે. આ બિહારીની રમત જોઈને જા.' પીયૂષ જોરથી હસતાં બોલ્યો અને ચાલ્યો ગયો.

મને ખરાબ લાગવું જોઈતું હતું. બિહારી શબ્દ એ એ રીતે બોલ્યો હતો જાણે કહેતો ન હોય, 'જો, આ બિચારો ગરીબ બિહારી પણ રમી શકે છે', પોતે બિહારી હોવા છતાં એ આવું બોલ્યો હતો. જોકે એણે મને મદદ પણ કરી હતી, અજાણતાં જ. હું એનો આભારી હતો. એ મારી સામે જોઈને હસી.

'મને હવે નવાઈ નથી લાગતી તમે આપેલાં સૂચનો માટે', એ બોલી, 'સ્ટેટ લેવલ, ઓહ માય ગૉડ.'

'વોટ ઇઝ યોર ગુડ નેઇમ ? સંદર્ભ વિના કે સમયના ભાન વિના મેં પૂછી નાખ્યું. એ ય વિચાર્યું નહીં કે આજકાલ 'ગુડ નેઇમ' એવું કોણ પૂછે છે ? બસ, હિન્દીમાં શુભ નામ પુછાય છે એનો અનુવાદ કરીને મેં પૂછી નાખ્યું.

'સારું કે ખરાબ, એક જ નામ છે. રિયા' એણે કહ્યું ને હસી.

રિયા. એનું ટૂંક ને ટચ નામ મને ગમી ગયું, અથવા તો કદાચ એમ હશે, જ્યારે તમને કોઈ વ્યક્તિ ગમવા માંડે ત્યારે તમને એની તમામ વાત ગમવા માંડે. પરસેવાવાળી આઇબ્રોથી માંડીને ટૂંકું નામ - બધું જ...

'તમારું નામ ?', એણે પૂછ્યું. મારી જિંદગીમાં પહેલીવાર કોઈ છોકરીએ મારું નામ

પૂછ્યું હતું.

'માય સેલ્ફ માધવ જહા.'

મેં તરત જવાબ આપ્યો. પછી મને ખબર પડી કે આ રીતના વાક્યમાં જવાબ આપવો એ જરા નિમ્ન સ્તરનું ગણાય. એમાં એવું છે કે અમે પહેલાં હિન્દીમાં વિચારીએ અને પછી શબ્દશ: એનું અંગ્રેજીમાં ભાષાંતર કરીએ.

'બિહાર' એણે કહ્યું અને પછી હસી. 'બરાબર ને ?'

એ એટલા માટે નહોતી હસી કે હું બિહારી હતો. એ એટલા માટે હસી હતી કે પીયૂષે મારી હકીકત જણાવી દીધી હતી. એના અવાજમાં કંઈ જ નિર્ણયાત્મક નહોતું. દરેક ક્ષણે એ મને વધુ ને વધુ ગમતી જતી હતી.

'હા, તમે ?'

'દિલ્હીની જ છું.'

મારે એની સાથે વાતો ચાલુ રાખવી હતી. મારે એનું પૂરું નામ અને વતન જાણવું હતું. ડુમરાઉંમાં અમે એ જ રીતે પરિચય કેળવતા હોઈએ છીએ. જો કે આ વાત ઇંગ્લિશમાં કઈ રીતે પૂછવી એની મને ખબર નહોતી ને એ ભાષામાં પૂછીએ તો જ છોકરીઓ ઇમ્પ્રેસ થાય. વધુમાં થોડી જ વારમાં મારી સિલેક્શન ટ્રાયલ શરૂ થવાની હતી.

કોચે વ્હીસલ વગાડી.

'હવે મારે રમવાનું છે, તમે જોશો ?' મેં પૂછ્યું.

'ઓ કે', એ બોલી.

હું દોડ્યો, આમ તો કૂધો ને કપડાં બદલવા દોડ્યો. જલદી જ હું મેદાન પર પાછો આવ્યો ને પીયૂષે રમત શરૂ કરી.

હું સારું રમ્યો. હું બણગાં નથી ફૂંકતો પણ મેદાન પરના કોઈ પણ ખેલાડી કરતાં હું સારું રમ્યો.

'બાસ્કેટ' પાંચમો શોટ મારતાં મેં બૂમ પાડી. ટોળું તાળીઓ પાડી રહ્યું હતું, મેં આસપાસ નજર ફેરવી. બેંચ પર બેઠી બેઠી એ બોટલમાંથી પાણી પી રહી હતી. એણે પણ તાળીઓ પાડી.

હું સારું રમતો હતો, પણ એની હાજરીને કારણે હું વધુ સારું રમ્યો.

સ્કોર થોડો આગળ વધ્યો. મેં મહેનત કરીને થોડી વધુ વાર બૉલને બાસ્કેટમાં નાખ્યો. કેટલીક વાર તો મુશ્કેલ શોટ રમ્યો હું ને ત્યારે મારા સિનિયર્સે પીઠ થપથપાવીને મને શાબાશી આપી. પીયૂષે છેલ્લી વ્હીસલ વગાડી. ફાઇનલ સ્કોર હતો. ૨૫-૨૮. અમે જીતી ગયા હતા. નવા આવેલાઓ સેન્ટ સ્ટીફન્સની ટીમને હરાવવામાં સફળ થયા હતા.

હું પરસેવાથી નહાઈ રહ્યો હતો. વળી હું નંખાઈ ગયેલો અને થાકેલો હતો. હું હાંફી રહ્યો હતો અને બધા મને શાબાશી આપી રહ્યા હતા. પીયૂષ દોડતો મારી પાસે આવ્યો.

'૨૮માંથી ૧૭ બાસ્કેટ તો તેં જ કરી, વેલડન, બિહારી' એણે કહ્યું. મારા પરસેવાવાળા વાળમાં એણે હાથ ફેરવ્યો. હું મેદાનમાંથી બહારની તરફ જાણી જોઈને રિયા તરફ ચાલવા લાગ્યો.

'અરે વાહ, તમે તો બહુ જ સરસ રમો છો', રિયા બોલી.

'થૅંક્સ', હું હજુ પણ હાંફી રહ્યો હતો.

'મારે જવું પડશે', એ બોલી અને પોતાનો હાથ લાંબો કર્યો. 'તમને મળતાં ખરેખર સારુ લાગ્યું. બાય.'

'બાય', મેં કહ્યું. મારું હૃદય બેસી જતું હતું. મારું દિમાગ જાણતું હતું કે આ વાતનો અંત આમ જ આવશે. મારું દિલ આ વાતનો અંત આવે એમ ઇચ્છતું નહોતું.

'જો આપણે બંને નસીબદાર હોઈએ', એણે ઉમેર્યું અને હસી, 'અને કૉલેજવાળા આપણને બંનેને એડ્મિશન આપે તો આપણે મળી શકીએ.'

'કોને ખબર', હું બોલ્યો.

'હં, પણ જો એમ થયું તો આપણે મળીશું, નહીં તો બાય.'

એ ચાલી ગઈ. મને એ વખતે ખ્યાલ આવ્યો કે મને એનું આખું નામ પણ ખબર નહોતી. દરેક ડગ સાથે એ વધુ ને વધુ દૂર થતી જતી હતી. અત્યારે આ ક્ષણે મને સેન્ટ સ્ટીફન્સમાં એડ્મિશનથી વધુ કંઈ જ જોઈતું નહોતું.

હું પીયૂષ પાસે ગયો.

'તેં કરી બતાડ્યું, મેદાન પર તો જાણે આગ લગાડી દીધી, કેમ ?' પીયૂષે પૂછ્યું.

'સર, પણ ઇન્ટરવ્યું... મારું ઇંગ્લિશ...'

'છોડ.'

હું નિરાશ થઈ ગયો. એણે ઇંગ્લિશમાં કહ્યું હતું અને એના હાવભાવ પરથી એને અર્થ સારો તો નહીં જ થતો હોય એવું મને લાગ્યું.

'જોકે તું બાસ્કેટબૉલ સારું રમે છે.' પીયૂષે મારો ખભો થપથપાવ્યો અને ચાલ્યો ગયો.

બાસ્કેટબૉલ કોર્ટની વચ્ચોવચ હું એકલો ઊભો હતો. બાકી બધા જઈ ચૂક્યા હતા. હું મારી આસપાસના ઈંટવાળા મકાનને અને એની આજુબાજુ પથરાયેલ હરિયાળી જોતો રહ્યો.

શું આ જગ્યા મારી નિયતિ છે ? હું આશ્ચર્યથી વિચારતો હતો. ખેર, એ મારી નિયતિ નહોતી, આમારી નિયતિ હતી.

કદાચ એટલે જ એક મહિના પછી, ટપાલી ડુમરાઉં ખાતે મારા ઘેર સેન્ટ સ્ટીફન કૉલેજનો પત્ર લઈને આવ્યો. એને બક્ષિસની આશા પણ હતી.





'હે ય' એનો અવાજ અવાયો. એ ઉત્સાહિત અવાજે હું થોડો ચોંકી ગયો. હું કૉલેજ નોટિસબોર્ડ ધ્યાનથી જોઈ રહ્યો હતો.

હું પાછળ ફર્યો. આવું બને એ માટે મેં કેટલીય પ્રાર્થના કરી હતી. અમને બંનેને એડ્મિશન મળી ગયું હતું.

એણે બ્લૅક, સ્કીનટાઇટ જીન્સ અને વ્હાઇટ-બ્લૅક પટ્ટાવાળું ટીશર્ટ પહેર્યું હતું. મેદાન પર ધૂળ અને પરસેવાવાળો ચહેરો અત્યારે સાફ અને ચમકતો હતો. એના હોઠ પર ગુલાબી ઝાંયવાળું લિપગ્લોસ લગાડેલું હતું. એના વાંકડિયા વાળ કમર સુધી પહોંચતા હતા. એની લાંબી આંગળીઓ, જે મેદાન પર જાદુ કરી શકતી હતી, અત્યારે કોમળ લાગતી હતી. મારું દિલ જોરથી ધડકી રહ્યું હતું. હું કશું બોલી શકવાની સ્થિતિમાં જ નહોતો. જે દિવસથી મને એડ્મિશન લેટર મળ્યો હતો એ દિવસથી કૉલેજ શરૂ થવા પહેલાંનો મહિનો કઈ રીતે ઝડપથી પૂરો થાય એવું વિચાર્યા કરતો હતો. મને રિયાને એડ્મિશન મળ્યું હશે કે કેમ એની ઉત્યુકતા હતી...

'રિયા', એણે કહ્યું.' તમને યાદ તો છે ને ?'

મને યાદ છે ? મારે એને કહેવું હતું કે દિલ્હી છોડ્યા પછીની એક ક્ષણ પણ હું એને નથી ભૂલ્યો. મારે એને કહેવું હતું કે એના જેટલી ખૂબસૂરત છોકરી મેં જિંદગીમાં જોઈ નથી. મારે એને કહેવું હતું કે મારાં ફેફસાં સુધી પહોંચતો પ્રાણવાયુ અટકી ગયો છે.

'અરે, હાસ્તો,' મેં કહ્યું, 'સારું થયું તમે જોડાયાં.'

'જોકે મને ખરેખર વિશ્વાસ નહોતો', એણે કહ્યું અને નોટિસબોર્ડ તરફ નિર્દેશ કર્યો, 'આ ફર્સ્ટ યરનું ટાઇમ ટેબલ છે ?'

મેં ડોકું ધુણાવ્યું, એ ફરી મારી સામે હસી.

'તમારો ક્યો વિષય છે ?' નોટિસ બોર્ડ જોતાં જોતાં એણે મને પૂછ્યું.

'સોશિયોલોજી', મેં કહ્યું.

'હં... બુદ્ધિશાળી', એ બોલી.

મને એ જે બોલી એ ન સમજાયું. જોકે પછી એ હસી પડી અને મને લાગ્યું કે કંઈક ગમ્મતની વાત જ હોવી જોઈએ એટલે હું પણ હસવામાં જોડાયો. નોટિસબોર્ડ પર ઘણા બધા કાગળ લાગેલા હતા જેમાં ફર્સ્ટ યર સ્ટુડન્ટ્સનાં નામ અને રોલ નંબર લખેલાં હતાં. 'અને તમારો ?' મેં પૂછ્યું. એ નોટિસબોર્ડ તરફ જોઈ રહી હતી એ દરમિયાન મેં મારું યલો ટી-શર્ટ અને બ્લ્યુ જીન્સ ઠીક કર્યાં. સેન્ટ સ્ટીફન કૉલેજ આવતાં પહેલાં મેં પટનાથી નવાં કપડાં ખરીધા હતાં. હવે હું ગવર્નમેન્ટ ઑફિસના કલાર્ક જેવો નહોતો લાગતો. હું પણ ઇચ્છતો હતો કે હું આ

કૉલેજનો હોઉં એવો લાગું.

'ઇંગ્લિશ', એણે કહ્યું, 'અહીં, જુઓ મારું નામ છે.' રિયા સોમાણી, ઇંગ્લિશ (ઓનર્સ). મારું હૃદય બેસી ગયું. ઇંગ્લિશ વિષય લઈને ભણનારી છોકરી મારા જેવા ગામડાના ઢંગધડા વગરના છોકરા સાથે કદી મિત્રતા નહીં કરે.

એનો ફોન રણક્યો. નોકિયાનો ચમકતો મોબાઈલ એણે જીન્સના ખિસ્સામાંથી બહાર કાઢ્યો.

'હાય, મોમ', એણે હિન્દીમાં કહ્યું, 'હા, હું પહોંચી ગઈ. હા, બધું બરાબર છે, બસ મારો ક્લાસરૂમ શોધું છું.'

એનું હિન્દી મારા કાનને મધુર લાગતું હતું. એનો અર્થ એ કે હું એની સાથે વાત કરી શકીશ. એણે વધુ એક મિનિટ વાત કરી ફોન બંધ કર્યો અને મને એની સામે જોઈ રહેતો જોયો.

'તમે જાણો છો ને મમ્મીઓ કેવી હોય ?' એ બોલી.

'હા, તમે હિન્દી બોલી શકો છો ?'

એ હસી પડી. 'તમે હંમેશા મને આ પૂછો છો. હાસ્તો, હું બોલી શકું છું કેમ ?'

'કેમ કે મારું ઇંગ્લિશ એટલું સારું નથી.'

મેં ઇંગ્લિશમાં કહ્યું અને પછી તરત જ મેં ભાષા બદલીને હિન્દીમાં વાત કરવાની શરૂઆત કરી, 'હું તમારી સાથે હિન્દીમાં વાત કરું ?'

'તમે જે વાત કરો છો એ અગત્યનું છે, ભાષા નહીં', એ બોલી અને હસી.

લોકો કહે છે કે પ્રેમમાં પડવાની કોઈ એક ચોક્કસ ક્ષણ હોય છે. આ પહેલાં આ વાત કેટલી સત્ય છે એ હું નહોતો જાણતો, પણ હવે જાણી ચૂક્યો હતો. આ એ ક્ષણ હતી. રિયા સોમાની જે સમયે આ વાક્ય બોલી, વિશ્વ જાણે થંભી ગયું. ને સ્લો મોશનમાં ગતિ કરવા માંડ્યું. મેં એની નાજુક ભ્રમર જોઈ. એ જ્યારે જ્યારે બોલતી હતી, એની ભ્રમરો ગતિબદ્ધ રીતે હલતી હતી. લંબાઈ, પહોળાઈ અને જાડાઈની રીતે સંપૂર્ણ હતી એ. 'બેસ્ટ આઇબ્રોસ'નો ઍવૉર્ડ એ નિર્વિવાદપણે જીતી જાય એવી હતી અથવા તો અમે બાસ્કેટબૉલમાં જેમ કહીએ છીએ એમ 'સ્લેમ ડન્ક'.

જોકે એના પ્રેમમાં પડવા માટે મારે રાહ જોવી જોઈતી હતી. એ વાત જુદી છે કે એવું શક્ય નહોતું. મારી લાગણીઓ પર મારો કાબૂ રહ્યો જ નહોતો. એટલે એમ કે કૉલેજના પહેલા દિવસથી જ હું પ્રેમમાં હતો. રિયા સોમાની, ઉત્તમ બાસ્કેટ બૉલ ખેલાડી, ઇંગ્લિશ લિટરેચરની વિદ્યાર્થિની, જગતની સૌથી ખૂબસૂરત સ્ત્રી, અદ્ભુત ભ્રમરની માલિક અને સુંદર વાક્યો બોલનાર-એણે મારું દિલ ચોરી લીધું હતું.

જોકે, હું એ દર્શાવી શકું એમ નહોતો. મારામાં હિંમત પણ નહોતી ને મારી પાસે એવો બુદ્ધિશાળી વિચાર પણ નહોતો.

કોરિડોરમાં સાથે ચાલતાં ચાલતાં અમે અમારા ક્લાસરૂમ તરફ જઈ રહ્યાં હતાં. મારી પાસે એની સાથે પસાર કરવા હજુ બે મિનિટ હતી.

'તમે અહીં કોઈ મિત્રો બનાવ્યા ?' એણે પૂછ્યું.

'ના રે', મેં કહ્યું, 'તમે ?'

'મારી સ્કૂલના કેટલાક મિત્રો અહીં સ્ટીફનમાં છે. વળી હું તો દિલ્હીની જ છું. બહાર પણ ઘણા મિત્રો છે મારે...'

'હું ઇચ્છું છું કે હું અહીં ગોઠવાઈ શકું.' મેં કહ્યું, 'મને એવું લાગ્યા કરે છે કે જાણે હું બહારની વ્યક્તિ છું અહીંયાં.'

'વિશ્વાસ રાખો, દરેકને અહીં એવું જ લાગે છે', એણે કહ્યું, 'તમારી રહેવાની વ્યવસ્થા એ લોકોએ ક્યાં કરી છે ?'

'રુદ્ર', મેં કહ્યું. 'અને તમારી ?'

'દિલ્હીમાં રહેતા વિદ્યાર્થીઓને આ લોકો રહેવાની સગવડ નથી આપતા. કમનસીબે હું ડે-સ્કી છું' એણે ડે-સ્કોલર માટે વપરાતો ટૂંકો શબ્દ વાપરતાં કહ્યું.

અમે ક્લાસરૂમ સુધી પહોંચી ગયાં. મેં એનો ક્લાસરૂમ ન જોયો હોય એવો દેખાવ કર્યો અને ચાલતાં રહ્યાં.

'ઓહ, મારો ક્લાસ આવી ગયો', એણે કહ્યું. 'તમારો ક્લાસરૂમ ક્યાં છે ?'

'હું શોધી લઈશ. તમે જાઓ.' મેં કહ્યું.

એણે હસીને આવજો કહ્યું. મારે એને કૉફી પીવા માટે પૂછવું હતું પણ પૂછી ન શક્યો. હું મેદાનની વચ્ચેથી ત્રણ હાર દૂર રહેલા બૉલને બાસ્કેટમાં નાખી શકું પણ કોલેજ કાફેટેરિયામાં છોકરીને કૉફી પીવા માટે નહીં.

'બાસ્કેટબૉલ', હું મોટેથી બોલી ઊઠયો.

'શું ?'

'રમવું છે કોઈ વાર ?' મેં ઝડપથી વાત સંભાળવાનો પ્રયત્ન કર્યો.

'તમારી સાથે ? તમે મને ખરેખર પાછળ લાત મારી દેશો.' એણે કહ્યું અને જોરથી હસી પડી. મને સમજાયું નહીં કે એને એવું શા માટે લાગ્યું હશે કે હું એના પાછળના ભાગે લાત મારીશ અથવા તો એ શબ્દપ્રયોગમાં એને આટલું હસવા જેવું શું લાગ્યું હશે ? ગમે તેમ, હું એના હાસ્યમાં જોડાઈ ગયો.

'તમે સારું રમો છો', એના ક્લાસરૂમના બારણા પાસે ઊભા રહીને મેં કહ્યું.

'ઓકે, એક વાર આપણે કૉલેજમાં બરાબર ગોઠવાઈ જઈએ પછી રમીશું.' એણે કહ્યું. એ એના ક્લાસરૂમમાં પહેલા ઇંગ્લિશ લેક્ચર માટે ગઈ. એને ફરી મળવાની શક્યતાના કારણે હું એટલો તો ઉત્સાહમાં આવી ગયો કે હું મારે ક્લાસમાં જવાનું છે એ પણ ભૂલી ગયો. બહાર ગાર્ડનમાં જઈને નૃત્ય કરવાની મને અદમ્ય ઇચ્છા થઈ આવી.

પહેલા લેક્ચર માટેનો બેલ વાગ્યો. 'આ સોશ્યોલોજીનો ક્લાસ નથી, હેં ને ? પોતાના ઇંગ્લિશ ક્લાસ માટે મોડા પડેલા એક વિદ્યાર્થીને મેં પૂછી નાખ્યું.

*

'તમે સારું રમો છો, ખરેખર સારું' ટોવેલથી પોતાનું મોં લૂછતાં લૂછતાં એ બોલી.

અમે અડધી રમત રમી ચૂક્યાં હતાં. મેં એને ૨૦-૯થી હરાવી હતી.

'હું તો ભંગાર રમું છું.' એ બોલી. એણે એની બોટલમાંથી પાણી પીધું. એણે સ્વીવલેસ વ્હાઇટ ટોપ અને પર્પલ શૉર્ટસ પહેર્યાં હતાં.

'તમે પણ સરસ રમો છો, બસ થોડી પ્રેક્ટિસનો અભાવ છે.'

એણે પાણી પૂરું કર્યું અને ખાલી બોટલ હલાવી, 'મને હજુ તરસ લાગી છે', એ બોલી.

'કાફે ?' મેં પૂછ્યું.

એણે મારી સામે જોયું, કંઈક આશ્ચર્યથી. મેં મારો ચહેરો ભાવરહિત જ રાખ્યો.

'ત્યાં ફ્રૂટજ્યૂસ મળશે', મેં નિર્દોષતાથી કહ્યું.

*

કાફેટેરિયામાં વિદ્યાર્થીઓનું ઝુંડ મધમાખીઓની જામ્યું હતું. રિસેસ હતી ને અમને ટેબલ મળતાં પાંચ મિનિટ લાગી. એ લોકો પાસે ફ્રેશજ્યૂસ નહોતો એટલે રિયાએ લેમોનેડ મંગાવ્યું. મેં કોલ્ડ કૉફી અને સમોસાં મંગાવ્યાં. મને ખ્યાલ આવ્યો કે વાત શરૂ કરવામાં અમને બંનેને તકલીફ થઈ રહી હતી. હું એટલા માટે વાત નહોતો કરતો કે મને આત્મવિશ્વાસ નહોતો. એ પોતાની ઇચ્છાથી કદાચ શાંત નહોતી. શાંત રિયા, મારે એને કહેવું હતું. વાત આગળ વધારવી હોય તો આ શાંતિ તોડવી જરૂરી હતી. વેઇટર અમારો નાસ્તો મૂકી ગયો.

'અમારા બિહારમાં પણ આવાં બટેટાનાં સમોસાં હોય જેમાં કોઈ વાર અમે ખીમો ભરતા હોઈએ છીએ. આ સમોસાં એવાં જ છે.' મેં કહ્યું.

'બિહાર કેવું છે ? હું કોઈ દિવસ ત્યાં ગઈ નથી', એ બોલી અને લેમોનેડ પીવા માટે સ્ટ્રોની આસપાસ એણે હોઠ ભીડ્યા.

'દિલ્હી જેવું નથી. ઘણાં બધાં ડાંગરનાં ખેતરો જોવા મળે. પટના શહેરને બાદ કરતાં એકદમ શાંત.'

'મને શાંત જગ્યાઓ બહુ ગમે', એણે કહ્યું.

'જોકે ત્યાં પ્રશ્નોય ઘણા છે. લોકો બહુ ભણેલા નથી, હિંસા ઘણી થાય છે. મને ખાતરી છે તમે સાંભળ્યું જ હશે. ગરીબ અને પછાત રાજ્ય, જેમ લોકો કહે છે.'

'એમ તો તમે શ્રીમંત હો તો પણ પછાત હોઈ શકો.'

એક વિચિત્ર શાંતિ બેએક મિનિટ માટે અમારી વચ્ચે છવાઈ રહી. શાંત રિયા અને ડરેલો માધવ.

આ અવરોધને દૂર કર. મેં મારી જાતને કહ્યું.

'તમે તમારા કુટુંબ સાથે જ દિલ્હીમાં રહો છો ?

'હું, મોટું કુટુંબ છે અમારું. મમ્મી-પપ્પા, કાકાઓ, કઝિન્સ અને ભાઈ.'

'તમારા પપ્પા શું કરે છે ?' મેં પૂછ્યું.

એક છોકરાએ આમ તો એક છોકરી સાથે વધુ રસપ્રદ વાતો કરવી જોઈએ, પણ મારા જેવા નિષ્ફળ છોકરા પાસે ન તો એવો કોઈ અનુભવ હતો કે નહોતી એવી સજજતા.

'ફેમિલી બિઝનેસ. રિયલ એસ્ટેટ.'

'તમે શ્રીમંત છો, ખરું ને ?' મેં પૂછી નાખ્યું. મૂરખ માધવ, આનાથી આગળ કંઈ વિચારી જ ન શક્યો.

મારા સીધા પ્રશ્નથી એ હસી પડી. 'દોલતથી દૃષ્ટિએ શ્રીમંત કે દિલથી શ્રીમંત ? બે બહુ જુદી બાબત છે હં.'

'શ્રીમંત એટલે પૈસાની દૃષ્ટિએ.'

'કમનસીબે, હા.'

'એમાં કમનસીબ શું છે ? દરેક જણ શ્રીમંત થવા ઇચ્છે છે.'

'હું, હું માનું છું પણ મને એનાથી ક્ષોભ થાય છે. વળી, ફક્ત પૈસાનું આટલું વળગણ હોય અને એના થકી જ બધું નક્કી થતું હોય એ વાત મને સમજાતી નથી.'

મને એ ક્ષણે ભાન થયું કે રિયા અને હું બંને તદ્દન જુદા વિશ્વનાં છીએ. વાત આગળ વધારવાનો નિષ્ફળ પ્રયત્ન કરવા જેવો નહોતો. તાર્કિક અને વાસ્તવિક દૃષ્ટિએ કોઈ અર્થ નહોતો.

'હું તમારાં સમોસાં ચાખી શકું ?' એણે પૂછ્યું, 'મને બહુ ભૂખ લાગી છે.'

મેં માથું ધુણાવ્યું અને વેઇટરને બીજા છરી કાંટા લાવવા કહ્યું. જોકે વૅઈટર આવે એ પહેલાં એણે મારા છરી કાંટો લઈ લીધાં અને બટકું ભર્યું.

એણે મારા છરી કાંટો લીધાં, એનો શું અર્થ ?

'તમારું ઘર ક્યાં છે ?' એણે પૂછ્યું.

'ડુમરાઉં, નાનકડું શહેર છે, પટનાથી ત્રણ કલાકનો રસ્તો છે.'

'સરસ', એ બોલી.

'તમને કદાચ એ જગ્યા કંટાળાજનક લાગે.'

'અરે નહીં, નહીં, મને કહો. તમે જોઈ શક્યા હશો કે હું બહુ વાતોડિયણ નથી, મને વાતો સાંભળવી બહુ ગમે છે', એણે કહ્યું. એને ખરેખર રસ પડ્યો હોય એમ લાગતું હતું. મેં એને મારા ઘર વિષે, મારી મા વિષે, એની સ્કૂલ વિષે ને બાસ્કેટબૉલ વિષે કહ્યું. વધુ કંઈ હતું નહીં. મારા પિતા દસ વર્ષ પહેલાં અવસાન પામ્યા હતા. એ એમની પાછળ વિશાળ, જર્જરિત હવેલી, કેટલાંક ખેતરો અને મિલકતને લગતા ઘણા કાયદાકીય કેસ મૂકતા ગયા હતા. કેટલાક નોકરો રહ્યા હતા જે એમને માટે બનાવેલા ક્વાર્ટર્સમાં રહેતા હતા. વફાદારી ખાતર, તુચ્છ પગાર ખાતર નહીં.

મારા પૂર્વજો જમીનદાર હતા અને ડુમરાઉના રાજવી પરિવારના હતા. ડુમરાઉ બ્રિટિશ રાજ સમયનું જૂનામાં જૂનું રજવાડું હતું. ભારત જયારે સ્વતંત્ર થયું ત્યારે સરકારે અમારી કૌટુંબિક મિલકતો લઈ લીધેલી અને વાર્ષિક સાલિયાણું બાંધી આપેલું જે પેઢી દર પેઢી ઘટતું રહેલું. મારા દાદાના ભાઈઓએ જુગારમાં પૈસા ગુમાવી દીધેલા, ખાસ કરીને એમને એવું લાગવા માંડેલું કે તેમનાથી વધુ સારી રીતે કોઈ જુગાર નથી રમી શકતું ત્યારે. ઘણા બધા લગભગ નાદાર થઈ ચૂકેલા, ઘરની સ્ત્રીઓએ ઘરનો વહીવટ સંભાળી લીધેલો, પુરુષો મોટા ભાગના દારૂડિયા બની ગયેલા. ગમે તેમ કરીને ઘરની સ્ત્રીઓએ આબરૂ અને હવેલી બચાવી લીધેલાં. મારા બધા જ પિતરાઈઓ પરદેશમાં સ્થાયી થઈ ચૂકેલા અને પાછા ન ફરવાનો એમણે નિર્ણય લઈ લીધેલો. ફક્ત મારાં માતા-પિતા બિહારમાં રહી ગયેલાં અને એ જ ડુમરાઉંના છેલ્લા રાજા સાહેબ હતા. દસ વર્ષ પહેલાં, હૃદયરોગના હુમલામાં એમણે પ્રાણ ખોયેલા. હવે ફક્ત મારી મા-રાણીસાહેબા દુર્ગા જહા-મક્કમ મનોબળવાળી સ્ત્રી બચી હતી. એણે મને ઉછેર્યો હતો ને સાથેસાથે બચી ગયેલાં કેટલાંક ખેતરોને પણ જાળવી રાખ્યાં હતાં. ઉપરાંત મારી મા ડુમરાઉં રોયલ સ્કૂલ ચલાવતી હતી. નજીકનાં ગામડાંઓનાં લગભગ ૭૦૦ બાળકો એમાં ભણતાં હતાં.

લેમોનેડનો છેલ્લો ઘૂંટ પૂરો થઈ ગયા પછી પણ સ્ટ્રો સૂસાવાને કારણે આવતા હવાના પરપોટાના અવાજે મને ભાન કરાવ્યું કે હું સતત દસ મિનિટ સુધી બોલ્યો હતો.

‘હું તમને કંટાળો આપી રહ્યો છું’, હું બોલ્યો. થોડી ક્ષણો માટે શાંત રહેવાની મેં મનોમન કસમ ખાધી. હવે શાંત રિયાનો વારો હોવો જોઈએ.

‘ના રે, જરાય નહીં.’

હું હસ્યો, ‘હવે તમે બોલો. જો હું જ બોલ્યા કરીશ તો હું તો અટકીશ જ નહીં.’

‘ઓ કે, પણ ઊભા રહો. આમ જોવા જાઓ તો તમે કુંવર કહેવાઓ, હેં ને ? કે પછી રાજા સાહેબ ?’

હું હસી પડ્યો, ‘હવે કોઈ રાજાય નથી ને રાજકુમારે ય નથી. ફક્ત અભણ ગામલોકો જ આવું કહે છે.’

‘પણ એ લોકો કહે છે, બરાબર ? સાચે હું એક રાજકુમાર સાથે વાત કરી રહી છું ? એ લોકો હકીકતમાં તમને રાજકુમાર કહીને બોલાવે છે ?’ એની આંખો પહોળી થઈ ગઈ. એની ઑવૉર્ડની હકદાર એવી ભ્રમર ઉપરનીચે થતી હતી.

‘હા, કોઈ વાર એવું કહે છે પણ એટલું અગત્યનું નથી. અમે હવે એટલા શ્રીમંત પણ નથી.’

‘તમે રાજમહેલમાં રહો છો ?’

‘હવેલી, અં... તમે એને મહેલ કહી શકો. ગમે તેમ, પણ હું રાજકુમાર નથી. હું એક બિહારી છોકરો છું જે ગ્રેજ્યુઅટ થવા પ્રયત્ન કરી રહ્યો છું. કોઈપણ દૃષ્ટિએ હું રાજકુમાર જેવો લાગું છું ?’

‘કમ ઓન, તમે ઊંચા છો, હેન્ડસમ છો, તમે રાજકુમાર લાગી જ શકો જો એવા અલંકાર પહેરો તો, ‘એ બોલી. એણે કદાચ મજાકમાં કહ્યું હશે પણ તોય એણે મારી જે પ્રશંસા કરી એ જ મારા માટે ઘણું હતું. મારા મનમાં આનંદના ઉછાળા આવી રહ્યા હતા.

‘શું ખરેખર હું, એક સામાન્ય વ્યક્તિ, ડુમરાઉંના રાજાસાહેબ સાથે બાસ્કેટબૉલ રમી ?’ એણે પૂછ્યું ને હસી પડી.

‘મારે તમને કહેવા જેવું નહોતું.’ મેં માથું ધુણાવ્યું.

‘કમ ઓન’, એ બોલી અને મારું કાંડું થપથપાવ્યું. મારા હાથમાં અચાનક જ ગરમાવો આવી ગયો.

‘અને તમારું શું ? કઈ ૧૮ વર્ષની છોકરી બીએમડબલ્યુમાં કૉલેજ આવે ને પોતાની જાતને સામાન્ય વ્યક્તિ કહે ?’

‘ઓહ, તમારું ધ્યાન ગયું એ તરફ ? એ મારા ડેડની કાર છે.’

‘તમે ઘણા પૈસાદાર હશો.’

‘મારું કુટુંબ છે, હું નહીં.’

એ વાત કરતી હતી એ જ વખતે ત્રણ છોકરીઓ અમારા ટેબલ પાસે આવી. ‘અમે તને બધે શોધી વળ્યાં’, એમાંની એકે કહ્યું.

‘હે ગર્લ્સ’, રિયા બોલી, ‘અહીં બેસોને. માધવ, આમને મળો. આ છે ગરિમા, આયેશા

અને રચિતા. મારી ક્લાસ ફ્રેન્ડ્સ, છે, અને આ છે માધવ, મારો બાસ્કેટબૉલ ફ્રેન્ડ.'

એના જીવનમાં મારું સ્થાન હું જાણી શક્યો. બાસ્કેટબૉલ ફ્રેન્ડ, કદાચ જુદાં જુદાં કારણો માટે એના જુદા જુદા મિત્રો હશે.

રિયાની બહેનપણીઓએ મને ઉપરથી નીચે ને નીચેથી ઉપર સુધી જોયો, જાણે મને તપાસતી હોય. 'ખરાબ નથી, રિયા', ગરિમાએ રિયા સામે આંખ મીંચકારતાં કહ્યું. છોકરીઓ જોરથી હસી પડી અને અમારી સાથે બેઠી.

'તમે કૉલેજ ટીમમાં છો ?' રચિતાએ મને પૂછ્યું. એણે એના માથા પર લાલ અને કાળા તંગના સ્કાર્ફ જેવું પહેર્યું હતું.

મેં માત્ર માથું ધુણાવ્યું. એમની ઓળખાણથી હું જરા નવર્સ થઈ ગયો હતો.

'માધવ સ્ટેટ લેવલનો ખેલાડી છે', રિયાએ કહ્યું અને ગૌરવથી મારી સામે જોયું.

'વાઉ', ત્રણેય છોકરીઓ સાથે બોલી ઊઠી.

'તમે કંઈ લેશો ?' મેં વિવેક કર્યો.

ત્રણેય છોકરીઓ સ્તબ્ધ થઈને મારી સામે જોઈ રહી ને પછી ખડખડાટ હસી પડી. મારું ભયંકર ઇંગ્લિશ આ હાસ્યની પાછળનું કારણ હતું. મને ખ્યાલ ન હતો કે આ એક ભયંકર ગુનો હશે.

'શું થયું ?' મેં પૂછ્યું.

'કંઈ નહીં', ગરિમા બોલી અને ઊભી થઈ. 'માધવ, અમે હમણાં જ જમ્યાં છીએ. રિયા, આપણે પછી મળીએ, બરાબર ?'

ત્રણેય છોકરીઓ ચાલી ગઈ. અમે આવજો કહ્યું.

'શું થયું રિયા ?' મેં પૂછ્યું.

'એ લોકો ચક્રમ છે. જવા દે.'

'ચક્રમ ?'

'એટલે મૂરખ છે. ચાલો, હું પણ જઉં. મારો ડ્રાઇવર આવી ગયો હશે.'

કાફેટેરિયાથી અમે મુખ્ય દરવાજા તરફ ચાલવા લાગ્યાં. એની ઘેરા ભૂરા રંગની બીએમડબલ્યુ બહાર રાહ જોઈ રહી હતી.

'એટલે હું તારો બાસ્કેટબૉલ ફ્રેન્ડ છું, બરાબર ને ?' કાર પાસે પહોંચતાં જ મેં પૂછ્યું.

'હા, અને મારો લેમોનેડ-સમોસા ફ્રેન્ડ પણ ખરો.'

'ચા ફ્રેન્ડ બનીએ તો કેવું ?'

'ચોક્કસ', એ કારમાં પ્રવેશી અને બેઠી. બાય કહેવા માટે એણે કારની બારીનો કાચ ખોલ્યો.

'અથવા તો મૂવી ફ્રેન્ડ ?'

'હમ્મ...'

'શું ?'

'વિચારવું પડશે.'

‘શેના માટે વિચારવું પડશે ?’


‘એ જ કે જો હું ના પાડીશ તો રાજાસાહેબ ફાંસીની સજા તો નહીં ફરમાવે ને ?’

હું હસી પડ્યો, ‘ફરમાવું પણ ખરો.’

‘પછી મળીએ, કુંવરસાહેબ’, એણે કહ્યું ને કાર ઊપડી.

મને ખબર નહોતી કે હું રાજકુમાર હતો કે નહીં પણ મને મારી રાજકુમારી મળી ગઈ હતી.





ત્રણ મહિના પછી.

'તેં હમણાં તારો હાથ મારા હાથ પર મૂક્યો ?' એણે ધીરેથી કહ્યું, પણ તોય થિયેટરમાં બેઠેલા આજુબાજુના કેટલાક લોકોએ અમારી તરફ જોયું.

'ભૂલથી' હું બોલ્યો.

'હં... ઘણું બધું શીખી રહ્યો છે તું, હેં ને?'

'હું પ્રયત્ન કરી રહ્યો છું.'

'મિસ્ટર માધવ જહા, આપણે મૂવી જોવા આવ્યાં છીએ, એની પર ધ્યાન આપો.'

'હું પ્રયત્ન કરી જ રહ્યો છું', મેં ફરી કહ્યું અને મારું ધ્યાન શાહરૂખખાનમાં પરોવવાનો પ્રયત્ન કર્યો. એ કૉલેજમાં જોડાયો હતો અને બધાને સધિયારો આપતાં 'મૈં હું ના' ગાઈ રહ્યો હતો.

કનોટ પ્લેસમાં આવેલા ઓડિયન સિનેમામાં અમે આવેલાં. આખરે રિયાએ મારી સાથે ફિલ્મ જોવા આવવાનું સ્વીકારેલું. બાસ્કેટબૉલમાં એ શરત હારી ગઈ હતી. એણે મને ચેલેન્જ આપી હતી. મેદાન પર અડધે ઊભા રહીને બૉલને એક જ પ્રયત્ને બાસ્કેટમાં નાખી દેવો.

'આ સુપર શોટ હશે.' એણે કહ્યું હતું.

'મને શું મળશે ? મૂવી ટ્રીટ ?'

'તું એવું ન કરી શકે.'

પહેલા અઠવાડિયે તો હું નિષ્ફળ જ રહ્યો હતો. કોર્ટમાં વચ્ચોવચ્ચ ઊભા રહીને બાસ્કેટમાં બૉલ નાખવો એ ખરેખર અઘરું કામ છે. પછીનાં બે અઠવાડિયાં પણ હું એ નહોતો કરી શક્યો.

'જોયું, ખુદ કુદરત પણ ઇચ્છતી નથી કે આપણે બહાર જઈએ', એ બોલી હતી.

આખરે ચોથા અઠવાડિયે મેં મારું બધું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને સફળ રહ્યો હતો. બૉલ રિંગને અથડાયો હતો, બે વાર ગોળ ફર્યો હતો અને પછી બાસ્કેટમાં પડ્યો હતો.

'યસ', મેં બૂમ પાડી હતી.

એ શરત હારી ગઈ હતી છતાં એણે ખુશ થઈને તાળીઓ પાડી હતી.

'તો, હવે આપણું બહાર જવાનું પાકું ને ?' મેં પૂછ્યું, 'ડેટ પર ?'

'એ કંઈ ડેટ નથી હં, આપણે ફિલ્મ જોવા જઈશું, દોસ્તોની જેમ.'

'એને જ બધા ઉચ્ચવર્ગના લોકો ડેટ નથી કહેતા ?'

'ના. '

'તો પછી ડેટ એટલે શું ?'

'તારે મારી સાથે ફિલ્મ જોવી છે કે નહીં ?' પોતાની કેડ પર હાથ રાખીને ઊભાં ઊભાં એણે પૂછ્યું હતું.

આવી રીતે ઊભા રહેવાનો અર્થ એ થતો હતો કે હવે આગળ કોઈ દલીલ નહીં. આ ત્રણ મહિનામાં હું એને ઘણું ઓળખી ગયો હતો. મને ખબર પડી ગઈ હતી કે કોઈ પણ વાતમાં વધારે આગ્રહ કે જબરજસ્તીને એ ધિક્કારતી હતી. મેં વિચાર્યું હતું કે કદાચ પૈસાદાર લોકો આવા જ હશે. કંઈક અંશે અંતરંગ. અમારા ગામમાં તો બધું જ બધાને સુપરિચિત હોય, મેળજોળ પણ વધારે હોય.

શાહરૂખખાન પોતાનું ગીત ગાઈ રહ્યો હતો અને હું વિચારી રહ્યો હતો કે હું એના માટે ખરેખર શું છું ? અમે કૉલેજમાં રોજ મળતાં હતાં અને અઠવાડિયામાં ઓછામાં ઓછું ત્રણવાર સાથે ચા પીને છૂટાં પડતાં હતાં. મોટા ભાગે હું જ વાતો કરતો હતો. હું જ્યાં રહેતો હતો એ જગ્યાની વાત કહેતો હતો. વિદ્યાર્થીઓ ફેશનમાં રેસિડન્સને રેઝ કહેતા – સ્ટીફન્સમાં હોસ્ટેલ માટે વપરાતો આ ફેન્સી શબ્દ હતો. હું નોર્થ રુદ્રમાં હતો અને એને વેરવિખેર હોસ્ટેલ રૂમની, મોડી રાત્રે રમાતી કૅરમ-મેચની અને સિનિયર્સને આપવા પડતા માનની વાતો કહેતો. એ ધ્યાનથી સાંભળતી. ક્યારેક હસતી પણ ખરી. હું જ્યારે એના ઘર વિષે પૂછતો, એ કંઈ ખાસ કહેતી નહીં. ડુમરાઉંમાં તો દોસ્તો એકબીજાની નાનામાં નાની વાત જાણતા હોય. ઉચ્ચવર્ગના લોકોનો આ પોતાનો વિચાર હતો – જેને એ લોકો સ્પેસ આપવી કહેતા હશે - આનો અર્થ તો એટલો જ થતો હતો કે એમના જીવનનાં કેટલાંક પાસાંઓ વિષે તમે પ્રશ્ન ન પૂછી શકો કે અભિપ્રાય ન આપી શકો.

શું હું એના માટે ખાસ છું ? હું મારી જાતને પૂછતો રહ્યો. કેટલીક વાર હું એને બીજા છોકરાઓ સાથે વાત કરતાં જોતો અને મને ભયંકર ઈર્ષા થઈ આવતી. ફિલ્મ જોવા માટે આગ્રહ કરવાનું એક માત્ર કારણ એ હતું કે રિયા સોમાણી માધવ જહા વિષે શું વિચારે છે એ શોધી શકાય. મારું સ્થાન શું છે એ જાણવા જ મેં એનો હાથ પકડ્યો હતો. એની પ્રતિક્રિયા પરથી એવું લાગ્યું હતું – કોઈ સ્થાન નથી.

હકીકતે તો, એણે એનો હાથ સીટના હાથ રાખવાના ટેકા પરથીય લઈ લીધો ને આખી ય ફિલ્મ દરમિયાન એમ જ રાખ્યો. એ અપસેટ જણાતી હતી, એ એક શબ્દ પણ બોલી નહીં, બસ ફિલ્મ જોતી રહી.

*

'બધું બરાબર તો છે ને ?' એ શાંતિથી પોતાનું પીણું પીતી હતી. અમે ચાલતાં ચાલતાં ઓડિયનથી કેવેન્ટર્સ આવી ગયાં હતાં. અહીં બોટલ્સમાં વેચાતા મિલ્કશેક્સ બહુ વખણાતાં.

'હં' એણે હા પાડતાં કહ્યું. મને એની આવી પ્રતિક્રિયા તરફ સખત નફરત હતી.

પોણાભાગનો અમારો મિલ્કશેક અમે એકબીજા સાથે વાતો કર્યા વગર પૂરો કરી નાખ્યો હતો. એ ક્યાંક દૂર જઈ રહી હતી, કદાચ વિચારોમાં ખોવાયેલી હતી. મને ડર લાગ્યો કે કદાચ કંઈક વધુ પૂછીશ તો એ રડી પડશે.

'આઇ એમ સૉરી.'

'શું ?' એણે આશ્ચર્યથી પૂછ્યું.

'મેં તારા હાથ પર મારો હાથ મૂક્યો એટલે,' મેં કહ્યું. હું મારી મૂરખ જેવી વર્તણૂકને કારણે જવાબી હુમલો થાય એવું નહોતો ઇચ્છતો.

'ક્યારે ?'

'ફિલ્મ જોતી વખતે. હું...'

'મને તો યાદ પણ નથી', વચ્ચે જ બોલતાં એણે કહ્યું.

'ઓહ', મેં કહ્યું. અચાનક જ હું હળવો થઈ ગયો જાણે, 'તો પછી તું આટલી અપસેટ કેમ છે ?'

'કંઈ નહીં' શાંત રિયા દરેક વખતે આપે એવો સામાન્ય જવાબ. એણે ચહેરા પર આવતી વાળની લટ ખસેડી.

'તું ક્યારેય મને કંઈ કહેતી કેમ નથી ?'

મારા અવાજમાં વિનંતી અને વિરોધ બંને હતાં.

એણે મિલ્કશેક પૂરો કર્યો અને ખાલી બોટલ ટેબલ પર મૂકી અને પછી પૂછ્યું, 'જઇશું ?'

'રિયા, આપણે ક્યારેય તારા વિષે વાત નથી કરી. હું ફક્ત બાસ્કેટબૉલ રમવા જેટલો જ સારો છું ?'

'શું ?'

'આપણે મળીએ છીએ, રમીએ છીએ, સાથે ખાઈએ છીએ અને વાતો કરીએ છીએ, પણ તું ક્યારેય તારી કોઈ પણ મહત્ત્વની વાતો મને કહેતી નથી."

'હું મારા જીવનની કોઈ વાત કોઈ સાથે શેર નથી કરતી, માધવ.'

'હું કોઈ છું ?'

ખાલી બોટલ લેવા વેઇટર આવ્યો. એ ગયો પછી રિયા બોલી, 'તું દોસ્ત છે.'

'તો ?'

'તો શું ? મારે ઘણા દોસ્ત છે. હું એ લોકોને પણ મારી બધી વાતો નથી કહેતી.'

'હું બીજા દોસ્તો જેવો જ છું ? મારામાં કંઈ ખાસ નથી ?'

એ હસી, 'અં... તું બધા કરતાં બાસ્કેટબૉલ સારું રમે છે.'

હું ઊભો થઈ ગયો. મને એની આ વાત જરાય રમૂજી નહોતી લાગી.

'એય, ઊભો રહે', રિયાએ ખેંચીને મને બેસાડી દીધો.

હું ચહેરા પર કઠોર ભાવ સાથે બેસી ગયો.

'તારે મારી જિંદગી વિષે શું કામ જાણવું છે ?' એણે પૂછ્યું.

'મારા માટે એ જાણવું અગત્યનું છે. તારા બીજા દોસ્તોને કદાચ ખ્યાલ નહીં આવતો હોય, પણ મને ખ્યાલ આવે છે કે તને કંઈક પરેશાની છે, ને જો તું કોઈક વાતે પરેશાન હોય, એ વાત મને પરેશાન કરી મૂકે છે. મારે તારા વિષે જાણવું છે. પણ તને વાત કરતી કરવી એ દાંતના ડૉક્ટર માટે દાંત ખેંચવા જેવું કામ છે.'

એ હસી પડી અને મારી વાતને વચ્ચે જ રોકી લીધી.

'મારું કુટુંબ સાવ નક્કામું છે. તારે શું જાણવું છે ?' નાનકડી ગાળ સાથે એ બોલી.

મેં એની સામે જોયું, એના શબ્દોની પસંદગીથી હું મૂંઝાઈ ગયો હતો અને કંઈક અંશે આઘાત પણ પામ્યો હતો. એથી ય વધારે મને મૂંઝવનારી વાત એ હતી કે બીએમડબલ્યુ ધરાવતું કુટુંબ નક્કામું કઈ રીતે હોઈ શકે ?

એની નજર મારી નજર સાથે મળી, કદાચ મારા પર વિશ્વાસ મૂકવો કે નહીં એવું એ ચકાસી રહી હતી. 'આપણે ચાલવા જઈએ', એ બોલી.

*

એની મોંઘી મોટી કાર અમને ઇન્ડિયા ગેટ ઉતારી ગઈ. ડૂબતા સૂર્યનાં સોનેરી કિરણોને કારણે લાલ પગથી પર અમારા અને ઇન્ડિયા ગેટના લાંબા પડછાયા પડતા હતા. અમે માઈલ જેટલું દૂર આવેલા રાષ્ટ્રપતિ ભવન તરફ ચાલતાં હતાં. અહીં, બિહારથી દૂર, આ જગ્યાએ ભારત ગરીબ દેશ છે એવું લાગતું નહોતું. આકાશમાં કબૂતરો અને રસ્તા પર સરકારી નોકરીથી છૂટેલા બાબુઓ – તમામને અંધારું થતાં પહેલાં ઘેર પહોંચવાની ઉતાવળ હતી.

અમે સાથેસાથે ચાલી રહ્યાં હતાં. કમ સે કમ અમારા પડછાયા તો હાથ પકડીને ચાલતા હોય એમ લાગતું હતું.

'હું લોકો સાથે બહુ ખૂલીને વાત નથી કરી શકતી. હું ડાયરી લખું છું અને એ પણ ક્યારેક જ. તું જાણે છે હું શાંત વ્યક્તિ છું.' રિયાએ કહ્યું.

'હું સમજું છું.'

'થૅંક્સ. પ્રશ્ન મારા પરિવારનો છે. એમને પૈસાનું વળગણ છે. મને નથી.'

'એ તો સારી વાત છે ને ?'

'હું નથી જાણતી. વળી, ઘરમાં મારું એટલું મહત્ત્વ ય નથી. મારા ભાઈઓનું છે કેમ કે ભવિષ્યમાં એ લોકો વ્યવસાય સંભાળશે. મારે ચૂપ રહેવાનું, પરણી જવાનું ને ઘર છોડી દેવાનું. મારા જીવનની અગત્યની ઘટનાઓમાં બાળકો પેદા કરવાં અને ખરીદી કરવી એ જ હશે.'

'અને તારે એ કરવું નથી, બરાબર ?'

'ના', એણે લગભગ બૂમ પાડી, 'તું તો મને વધુ સારી રીતે જાણે છે, નથી જાણતો ?'

'સૉરી.'

'આ દેશમાં છોકરી થવું એ પાપ છે, સાચું કહું છું.'

'તું અપસેટ લાગે છે. આજે કંઈ થયું હતું ?'

'મેં એ લોકોને એમ કહ્યું કે મારે કૉલેજ પૂરી થયા પછી સંગીત શીખવું છે. એ લોકો ઇચ્છે છે કે હું કોઈ શ્રીમંત મારવાડી કુટુંબમાં પરણી જઉં અને રાણીની જેમ રહું. મારે રાણીની જેમ નથી જીવવું. એવા જીવનનું મારું સપનું નથી.'

'મારી વાત માન, રાજા અને રાણીઓને કારણ વગરનું વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે.' મેં કહ્યું.

એ શાંત રહી.

'તારે શું જોઈએ છે, રિયા ? તારું કોઈ સપનું છે ?'

'સાચું કહું તો મને હવે સપનાંથી પણ નફરત થાય છે. તમે તમારાં સપનાંઓ તરફ

આકર્ષાઈ જાઓ છો અને પછી એ જૂઠાં થઈ જાય છે. તમારાં સપનાં સાચાં પડતાં નથી.'

'કોઈક વાર પડે છે.'

'મારા માટે તો નહીં જ.'

'તારું શું સપનું છે ?' મેં ફરી પૂછ્યું.

એણે મારી સામે જોયું, 'તું હસીશ.'

'પ્રયત્ન તો કર.'

એણે સ્મિત કર્યું, 'ઓ કે. મારું સપનું છે કે હું સંગીત શીખું, ગાઉં અને એ પણ ન્યૂયોર્કના બારમાં.'

'વાઉ.'

'શું થયું? તને મૂરખ વાત લાગી ને ?'

'ના ના, બહુ જ વિશિષ્ટ લાગી. ન્યૂયોર્કના બારમાં ગાવું, એમ?'

'હં, એ જ છે. મારે બહુ જાણીતી ગાયિકા કે રોકસ્ટાર નથી બનવું. મારે અબજોપતિને નથી પરણવું. મારે એવી જગ્યાએ, શાંત વાતાવરણમાં ગાવું છે જ્યાં આજુબાજુ સંગીતને તીવ્રપણે ચાહનારા લોકો હોય. મારે મેનહટ્ટનમાં ઘર વસાવવું છે. મારું ઘર જ્યાં ફક્ત પુસ્તકો અને મ્યુઝિક સીડી હોય. શનિ-રવિમાં મારે બાસ્કેટબૉલ રમવું છે. સગાઈમાં પહેરવાના ડઝનબંધ લહેંગાઓમાંથી પસંદગી મારે નથી કરવી.'

'એવું લાગે છે કે તેં બધું નક્કી કરીને રાખ્યું છે.'

'ના એમ નહીં. કદાચ આ અહીંથી ભાગી છૂટવાની કલપ્રા છે. પણ હું બાર વર્ષની હતી ત્યારથી આમ વિચારું છું. અમે ન્યૂયોર્ક ગયાં હતાં. એ શહેરે મારા દિલોદિમાગ પર કંઈક જુદી જ અસર કરી. ત્યાં દરેક લોકોને પોતાને ગમતું કામ કરતાં મેં જોયા. એ લોકો શ્રીમંત નહોતા, પણ ખુશ હતા, અને ત્યાં બારમાં મેં એક સ્ત્રીને ગાતી સાંભળી. એ દિલથી ગાતી હતી, આજુબાજુ શું થઈ રહ્યું છે એનાથી સાવ અજાણ.'

સૂર્ય ઢળી રહ્યો હતો. આકાશ હવે કેસરીથી ભૂખરા રંગનું થઈ રહ્યું હતું. અમે ચાલતાં ચાલતાં રાષ્ટ્રપતિ ભવન પહોંચી ગયાં હતાં જ્યાં સિક્યોરિટી ગાર્ડ તમને રોકે અને પાછા ફરવાનું કહે. એ મને એની ન્યૂયોર્ક ટ્રીપ વિષે કહેતી રહી.

'હકીકતે તો બાસ્કેટબૉલની રમત પણ એટલા માટે જ પસંદ કરી હતી. મેં ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં એનબીએની રમત લાઇવ જોઈ હતી.'

'તેં એનબીએ રમત લાઇવ જોઈ છે ?' મેં પૂછ્યું. 'નેશનલ બાસ્કેટબૉલ ઍસોસિયેશન?'

'હા, એ વાતાવરણ... સખત ચુંબકીય, આકર્ષી લે,ખેંચી લે એવું વાતાવરણ... તારે ક્યારેક જોવું જોઈએ માધવ.'

મેં ખભા ઉછાળ્યા, 'પણ ગમે તે હોય, તારું સપનું મને ગમ્યું રિયા.' મેં કહ્યું. 'તારું સપનું સાકાર થઈ શકે એમ છે, અવાસ્તવિક નથી.'

'અવાસ્તવિક એટલે શું ?' એણે પૂછ્યું.

'એટલે પ્રાઇમ મિનિસ્ટર બનવું કે પ્રખ્યાત હીરોઈન બનવું. તું કંઈક સરળ પામવા ઇચ્છે છે.'

એ હસી, ‘મારા જેવા કુટુંબમાં રહેતી છોકરી માટે કશું જ સરળ નથી હોતું’, એ બોલી.

અમે શાંતિથી થોડા વખત માટે ચાલ્યા કર્યું.

‘મને સારું લાગ્યું’, થોડીવાર રહીને એ બોલી.

‘શું ?’

એણે મારી સામે જોયું. સૂર્યનાં છેલ્લાં કિરણો એના ચહેરા પર નારંગી રંગ પાથરી રહ્યાં હતાં. રિયા અત્યારે આ વિશ્વની ન હોય એવી લાગતી હતી. મને એને આલિંગવાનું મન થયું.

‘તારી સાથે વાત કરીને મને સારું લાગ્યું. થૅંક્સ’, એ બોલી.

સૂર્ય અદૃશ્ય થઈ ગયો અને રસ્તો હવે અંધારો દેખાવા લાગ્યો. રાજપથની અંબર લાઇટ્સમાં એની ત્વચા ચમકતી હતી. મેં આ તકનો લાભ લઈને એનો હાથ પકડી લીધો.

‘ફરીવાર ભૂલથી?’ એણે પૂછ્યું પણ આ વખતે એણે પોતાનો હાથ લઈ ન લીધો.

અમે બંને હસી પડ્યાં. એ ફરી બોલી, ‘મારા કાકાઓ પણ એવા જ છે, દરેક જણ મારા માબાપના પક્ષમાં જ છે.’

એ વાતો કરતી રહીને હું સાંભળતો રહ્યો, જો કે મારું સંપૂર્ણ ધ્યાન મારા હાથમાં રહેલા એના હાથના સ્પર્શની અનુભૂતિમાં જ રોકાયેલું હતું.





મૂવી જોઈ આવ્યા પછી અમે વધારે ને વધારે સમય સાથે પસાર કરતાં હતાં. લંચબ્રેક વખતે અમે કૉલેજના ગાર્ડનમાં બેસીને એના ઘેરથી આવેલું જમવાનું જમતાં. એ ત્રણ ખાનાના ટિફિનમાં પારંપરિક મારવાડી જમવાનું લઈ આવી હતી.

'હોસ્ટેલમાં કેવું જમવાનું મળે છે ?' એણે પૂછ્યું.

'સોમાણી કાફે જેટલું સારું નહીં,' મેં જવાબ આપ્યો.

લાલ ઈંટોના બનેલા કૉલેજ બિલ્ડિંગ તરફ ચહેરો રહે એ રીતે અમે બેઠાં હતાં. શિયાળાનો સૂરજ અમને અને ઠંડા થઈ ગયેલા ટિફિન બોક્સને ગરમી આપતો હતો. એની ચાર રોટલીમાંથી ત્રણ રોટલી તો હું જ પાલકદળના શાક સાથે ખાઈ ગયો. એ ક્યારેય ચૂરમું ખાતી નહીં. પ્લાસ્ટિક ચમચી વડે હું એ ખાતો હતો.

'તારો રૂમ કેવોછે ?' એણે પૂછ્યું.

'હોસ્ટેલના કોઈપણ રૂમ જેવો. પ્રાથમિક વસ્તુઓ, હોવી જોઈએ એવી વસ્તુઓ છે ત્યાં. ચોપડીઓ, બાસ્કેટબૉલ અને પલંગ પર પાથરવાની ચાદર.'

'તું સાફ રાખે છે એને ?'

મેં માથું ધુણાવ્યું.

'શું ? તું તારી રૂમ રોજ સાફ નથી કરતો ?'

'અઠવાડિયે એક વાર.'

'બહુ ખરાબ.'

'મારી પાસે તમારી જેમ છ–છ નોકરો નથી, મિસ રિયા.'

'મારે તારો રૂમ જોવો છે.'

'ના હં', મેં કહ્યું 'છોકરીઓને અમારે ત્યાં પ્રવેશ નથી.'

'મને ખબર છે, હું મજાક કરતી હતી.' એ હસી પડી.

'તારા ઘરે બધાં કેમ છે ?' મેં પૂછ્યું.

'એવા ને એવા જ. મારા ભાઈઓ, કાકાના દીકરાઓ અને કાકાઓ પૈસા કેમ વધારવા એમાં વ્યસ્ત છે. ઘરની સ્ત્રીઓ ભાવુક થઈને એમની છેલ્લી શોપિંગ ટ્રીપની વાતો કરી રહી છે અને હવે ક્યા લગ્નમાં જવાનું થશે એનાં અનુમાનો કરી રહી છે.'

'સરસ, એનો અર્થ બધું નૉર્મલ છે', મેં કહ્યું.

'મેં ગિટાર ખરીદી', એ બોલી.

‘સારું કર્યું.’

‘હં, હું ઘરમાં ભાગ્યે જ કોઈની સાથે વાતો કરું છું. હું ને મારી ગિટાર, અમે બંને ખુશ રહીએ છીએ.’

‘તું મારી સાથે વાત કરે છે.’

‘હા, તું મારું બધું ખાવાનું ખાઈ જાય છે તો પણ.’ એ બોલી અને મારા માથા પર હળવેથી માર્યું.

‘હું તને ગમું છું ?’ મેં પૂછ્યું. એ આ પહેલાં આ વાક્ય ઘણીવાર સાંભળી ચૂકી હતી.

‘ફરી શરૂ નહીં કરતો માધવ, પ્લીઝ.’

એ ઘાસ પર આડી પડી રહી. એણે વ્હાઇટ અને મરૂન રંગના સલાવર કમિઝ પહેર્યાં હતાં. સાથે કાળા રંગનું કાશ્મીરી કાર્ડિગન પહેર્યું હતું, જેને અત્યારે કાઢીને એણે ઘાસ પર પોતાની બાજુમાં મૂક્યું હતું.

સૂરજનાં કિરણોથી બચવા એણે પોતાની આંખો ઝીણી કરી. હું ખસ્યો અને એની બરાબર એની સામે જઈને બેઠો જેથી મારો પડછાયો એના ચહેરા પર પડતાં સૂર્યનાં કિરણો રોકી શકે.

‘હં, આ સારું, ઊંચું છાંયાવાળું ઝાડ. થૅક્યુ.’

‘કૉલેજમાં બધા આપણા વિશે વાતો કરે છે, આપણે હંમેશા સાથે જ કેમ હોઈએ છીએ ?’ મેં પૂછ્યું.

‘તો શું, કરવા દે વાતો. આપણને ખબર છે કે આપણી વચ્ચે કંઈ નથી.’

વિરોધ દર્શાવવા મેં મારી જાતને બીજી તરફ નમાવી દીધી. સૂરજનો તડકો ફરી એના ચહેરા પર આવી ગયો.

‘શું થયું ?’ એણે ચહેરાની આડે હાથ રાખીને પૂછ્યું, ‘મારું ઝાડ ક્યાં જતું રહ્યું ?’

‘ઝાડને અત્યારે બધું ઠીક નથી લાગતું.’

‘એનો શું મતલબ?’

‘ઝાડને અત્યારે ખરાબ લાગ્યું છે.’

‘એનો અર્થ શું ?’

‘આપણી વચ્ચે કંઈ પણ કેમ નથી?’ મેં પૂછ્યું, હું હજુ પણ એક તરફ ઝૂકીને જ બેઠો હતો.

‘હોવું જોઈએ? પહેલાં તો, તું જે રીતે બેઠો હતો એ રીતે બેસ, જેથી લોકોને વિચિત્ર ન લાગે ને મારી કોમળ ત્વચાને સૂર્યકિરણથી રક્ષણ મળે.’

હું ફરી સીધો બેસી ગયો.

‘બરાબર’, એ બોલી, ‘હવે મને ઓશીકાની જરૂર છે. આગળ આવ.’

એણે એનું માથું મારા ખોળામાં મૂકી દીધું.

‘સરસ, હવે બૉલ, મારા ઓશીકા-ઝાડને શું જોઈએ છે ?’

મારે છેલ્લા મહિનામાં એની સાથે ઘણીવાર દલીલો થઈ ચૂકી હતી. કોઈ મુદ્દાને

બનાવવામાં એ કુશળ હતી, દર વખતે કંઈક મૂર્ખ જેવું વર્તતી હતી. અત્યારે પણ એ એવું જ કરી રહી હતી.

'તારું કાર્ડિગન આપ', મેં કહ્યું.

'કેમ ? તને ઠંડી લાગે છે ? એ છોકરીઓ માટેનું સ્વેટર છે, મારા ઝાડ-ઓશીકા.' એણે કહ્યું અને હસી પડી.

મેં એનું સ્વેટર મારા માથા પર મૂકી દીધું અને ચહેરો ઢાંકી દીધો.

'આ શું ?' એણે પૂછ્યું.

મેં કંઈ જવાબ ન આપ્યો.

'નારાજ છે મારું ઊંચું ઝાડ?' એણે પૂછ્યું.

હું કંઈ જ બોલ્યો નહીં. એણે સ્વેટર પોતાની તરફ ખેંચ્યું અને અમારા બંનેના ચહેરા સ્વેટરની અંદર આવી ગયા.

'હં, રિસાયેલા છોકરા, શું વાત છે, કહે તો ?' એ બોલી. એનો ચહેરો ઊંધો અને મોટો દેખાય એટલો પાસે હતો.

મેં કોઈ જ વાત ઉચ્ચારી નહીં. એણે મારા ચહેરા પર ફૂંક મારી પણ મેં કોઈ જ પ્રતિક્રિયા ન આપી.

'અહીં હાજર રહેલા તમામને આ બહુ જ ભયંકર લાગતું હશે', એ બોલી, 'સ્વેટરની અંદર આપણા બેના ચહેરા.'

'કોઈને કંઈ પડી નથી.'

'મને યાદ છે ત્યાં સુધી તું એમ કહેતો હતો કે બધા આપણા વિશે વાતો કરે છે.'

મેં વિરોધ પ્રદર્શિત કરવા ઊંહકાર કર્યો. એ હસી પડી. મેં નિર્ણય લીધો ને નીચે ઝૂક્યો. એક જ ક્ષણની અંદર હું મારા હોઠ એના હોઠ પર મૂકવામાં સફળ થયો, એનો ચહેરો ઊંધો હતો તો પણ. સ્પાઇડર મેન પણ આ જ રીતે ચુંબન કરે છે ને ! જો કે એ સહેલું નથી. હું તો કોઈ પ્રથમ વાર ચુંબન કરતા હોય તેને આવી સલાહ ન જ આપું.

એ ઊછળીને બેઠી થઈ ગઈ. એ જેવી ઊભી થઈ, એનું કપાળ મારી દાઢીને અથડાયું. મારી જીભ કચરાઈ ગઈ.

'હેય', એ બોલી, 'આ બરાબર નથી.'

મેં દર્દથી મારો ચહેરો પકડી રાખ્યો. એના કપાળને કારણે મને ખાસ દુઃખતું હતું. એમ છતાં ય હું એને પહેલી વાર ચૂમી શક્યો એ આનંદમાં દુઃખ નગણ્ય લાગતું હતું.

'તને વાગ્યું ?' એણે પૂછ્યું.

મેં જાણી કરીને મોં પર દુઃખના ભાવ આવવા દીધા.

'આઇ એમ સૉરી, પણ એ શું હતું ?'

'ચુંબન... કિસ...'

'મને ખબર છે, પણ કેમ ?'

'મને ઇચ્છા થઈ આવી.'

એ ઊભી થઈ, ટિફિન હાથમાં લીધું ને ચાલી ગઈ. હું એની પાછળ દોડ્યો. એણે મારી તરફ ધ્યાન ન આપ્યું ને ઝડપથી ચાલવા લાગી.

મેં એનો હાથ પકડી લીધો. એ ઊભી રહી અને મારી સામે ધારદાર નજરે ત્યાં સુધી જોઈ રહી જ્યાં સુધી મેં એનો હાથ છોડી ન દીધો. એ ફરી વાર ચાલવા લાગી.

'આઇ એમ સૉરી, ઓ.કે ?' મેં કહ્યું અને એનો રસ્તો રોક્યો. 'મને એમ કે તું મને પસંદ કરે છે.'

'માધવ, સમજવાનો પ્રયત્ન કર. હું આ બધા સાથે કમ્ફર્ટેબલ નથી.'

'મને તું ગમે છે રિયા, ખરેખર. મારા દિલમાં તારું ખાસ સ્થાન છે. મારા અહીં રહેવાનું અને ટકવાનું કારણ પણ તું જ છે.'

'તો જે મળ્યું છે એને એમ જ રહેવા દે, એને બગાડી ન મૂક.'

'શું મળ્યું છે ? તારા માટે હું શું સ્થાન ધરાવુંછું ?'

'જો આપણે ચુંબન કરીએ, તો આપણી વચ્ચે કંઈક છે. જો ન કરીએ તો કંઈ નહીં ?' એણે પૂછ્યું.

હું શાંત રહ્યો.

થોડી ક્ષણો માટે એ મારી સામે જોઈ રહી. એણે નિરાશાથી પોતાનું માથું ધુણાવ્યું, ઊંધી ફરી અને ચાલવા લાગી. કૉલેજના મેઈન ગેટ સુધી પહોંચીને એની બ્લ્યુ કારમાં બેસતાં હું જોઈ રહ્યો.

ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે એનું સ્વેટર મારા હાથમાં જ રહી ગયું હતું.

*

સ્વેટરવાળા બનાવ પછી મને ખાતરી નહોતી કે એ મારી સાથે બાસ્કેટબૉલ રમવા આવશે કે નહીં ? પણ મારા આશ્ચર્ય વચ્ચે એ નવા નાઇકી ટીશર્ટ અને વ્હાઇટ શોર્ટ્સમાં સજ્જ થઈને રમવા આવી ગઈ. ઝાઝા સંવાદ વિના અમે લોકો રમ્યાં. સામાન્ય રીતે બાસ્કેટબૉલની રમત વચ્ચે દર થોડી મિનિટે અમે વાતો પણ કરતાં પણ આજે એનું ધ્યાન એણે ફક્ત રમત પર જ આપ્યું, જે રીતે કોઈ સૈનિક દુશ્મનને પકડવામાં આપતો હોય.

'આઇ એમ સૉરી, ઓકે ?' મેં કહ્યું. કોને ખબર આ રીતે રમવામાં પહેલાં જેવી મજા નહોતી આવતી.

'કંઈ વાંધો નહીં,' એ બોલી. 'આપણે આ વિશે હવે વાત નહીં કરીએ.'

મેં મારા ચહેરા પર માફી માગવાના ભાવ પછીની વીસ મિનિટ સુધી રાખ્યા. આખરે હું બંને કાન પકડીને કોર્ટની વચ્ચોવચ્ચ ઊભો રહી ગયો.

આ યુક્તિ કામ લાગી. એ હસી પડી.

'સૉરી, મેં પણ જરા વધારે પડતી પ્રતિક્રિયા આપી', એ બોલી.

'ફ્રેન્ડ્ઝ?' એણે પૂછ્યું.

'હું તમને કહું, આ શબ્દ પર તો પ્રતિબંધ જ લગાવી દેવો જોઈએ. 'હા, ફ્રેન્ડ્ઝ મેં કહ્યું.

એ આગળ આવી, એણે મને હળવું આલિંગન આપ્યું. મેં ધીરેથી એને દૂર ખસેડી.

'શું કરે છે ?' એણે પૂછ્યું.

'હું આ બધા સાથે કમ્ફર્ટેબલ નથી. પ્લીઝ, જે મળ્યું છે એને બગાડી ન મૂક.' હું જરા તીણા અવાજે એના ચાળા પાડતાં બોલ્યો. મેં પગ પછાડ્યો અને ચાલવા લાગ્યો. એ મારી પાછળ પાછળ આવી.

એક વાત તો છે, છોકરીઓ તરફ ધ્યાન ન આપો તો એ તરત તમારી પાસે આવે. વિચિત્ર કહેવાય. મેં એની તરફ જોયું સુધ્ધાં નહીં.

એ પાછળથી બોલી :

'ઓ કે, ચલ મને સમજાયું. પણ હું છોકરી છું. ક્યારેક ક્યારેક થોડાં નખરાં કરવાનો મને હક્ક છે.'

'સાચે?'

'મેં કહ્યું તો ખરું સૉરી.'

'ચાલશે. બાય ધ વે, તારું સ્વેટર મારી પાસે છે. હોસ્ટેલમાં પડ્યું છે.'

'ઓહ, કાલે કૉલેજ આવે ત્યારે લેતો આવજે ને. મારું ફેવરિટ છે.'

'તારે લેવા આવવું છે ? તારે મારો રૂમ જોવો હતો, હેં ને?' મેં પૂછ્યું.

એણે એની ભ્રમર ઊંચી કરી.

'ખરેખર? પણ કઈ રીતે?'

'એક રીત છે. જો કે એમાં મારે સિક્યોરિટી ગાર્ડને ખુશ કરવો પડે ત્યારે તું અંદર આવી શકે.'

'તું મને હોસ્ટેલોમાં ઘૂસણપટ્ટી કરાવીશ ?' એણે પૂછ્યું.

'તું એકલી છોકરી નથી જે હોસ્ટેલમાં આવી હોય.'

ઈંટોની બંધાયેલી પગથી પર ચાલતાં અમે રુદ્રનોર્થ — મારી હોસ્ટેલ સુધી પહોંચી ગયાં. થોડાં ડગલાં બાકી હતાં ને એ ઊભી રહી ગઈ.

'અને આપણે પકડાઈ ગયાં તો ?' એણે પૂછ્યું.

'એ લોકો મને કાઢી મૂકશે પણ તને કંઈ નહીં કરે. તું છોકરી છે અને તારા પપ્પાને બહુ મોટી ઓળખાણો પણ છે.'

'તો ?'

'તો ચલ અંદર' મેં કહ્યું.

હું ચોકીદાર પાસે ગયો. મેં એ જ રીત વાપરી જે સામાન્ય રીતે બધા વાપરતા હતા. બાથરૂમમાં કંઈક પ્રોબ્લેમ છે એવું એને કહેવાનું ને હાથમાં ૫૦ રૂપિયાની નોટ આપી દેવાની. આવું એ પહેલાંય કરી ચૂક્યો હશે એટલે એ સમજી ગયો. એણે રિયાને દૂર ઊભેલી જોઈ.

'આ બહારની છોકરી છે કે કૉલેજની છે ?' એણે પૂછ્યું.

'એની સાથે તારે શું લેવા-દેવો ?' મેં પૂછ્યું.


'આ તો પાછળથી કંઈ પ્રશ્નો થાય તો–'

'પ્રશ્નો થશે ?'

'આમ તો નહીં, એટલું ધ્યાન રાખજે કે અડધો કલાકમાં એ અહીંથી નીકળી જાય. નવા

ચોકીદારની કંઈ ખાતરી નહીં.





એ મારા રૂમમાં દાખલ થઈ. મેં ધડામ દઈને રૂમનો દરવાજો બંધ કર્યો. મારો રૂમ પ્રાથમિક જરૂરિયાતોથી સજ્જ હતો. પલંગ, ટેબલ, ખુરશી અને આરામ ખુરશી. દીવાલ પર સર્ટિફિકેટ્સ અને ફોટોગ્રાફ્સ હતા.

'બહુ બધાં સર્ટિફિકેટ્સ છે,' જોતાં જોતાં એ બોલી. આઠમા ધોરણની ઇન્ટર સ્કૂલ ટુર્નામેન્ટથી માંડીને નેશનલ ગૅમમાં હું રમ્યો ત્યાં સુધીનાં હારબંધ સર્ટિફિકેટ હતાં. (મારી બિહારની ટીમે આઠમો નંબર મેળવ્યો હતો.)

'અને આ તારા મિત્રોના ફોટોગ્રાફ્સછે ?'

'મારી જૂની બાસ્કેટબૉલ ટીમના મિત્રો છે,' એની પાછળ ઊભા રહીને મેં કહ્યું. હું એની એટલો નજીક હતો કે એના વાળ મને અડતા હતા. આ પહેલાં અમે ક્યારેય એકલાં નહોતાં પડ્યાં.

'તારા પરિવારના કોઈ ફોટોગ્રાફ્સ નથી?'

મેં મારા સ્ટડીટેબલનું ડ્રોઅર ખોલ્યું. ડુમરાઉં રોયલ સ્કૂલના એન્યુઅલ ફંકશનનો ફોટોગ્રાફ મેં કાઢ્યો. લાલ સ્વેટર પહેરેલા છોકરાઓ સાથે સ્ટેજ પર મારી મા ઊભી હતી.

'તારી મોમ છે ?' ફોટોગ્રાફ હાથમાં લેતાં તેણે પૂછ્યું.

'એ પ્રિન્સિપાલ છે.'

'તારી પાસે વધારે ફોટોગ્રાફ્સછે ?'

'ના, ખાસ નહીં,' મેં ડ્રોઅરની વસ્તુઓને ઉપર-નીચે કરતાં કહ્યું. બીજો એક બ્લેક એન્ડ વ્હાઇટ ફોટોગ્રાફ મારા હાથમાં આવ્યો, પણ મેં એ સંતાડી દીધો.

'એ શું છે ?'

'કંઈ નહી.'

'બતાવ ને.'

'એ નાનપણનો ફોટોગ્રાફ છે.'

'ઓહ, તો તો મારે જોવો જ છે.'

'એ મારી તરફ આવી.

'ના', મેં વિરોધ કર્યો ને ડ્રોઅર બંધ કરવાનો પ્રયત્ન કર્યો. એ હસી પડી અને બાસ્કેટબૉલ મેદાન પર મને ઘેરતી હોય એવી કોશિશ કરી.

કોર્ટ પર અમારો આકસ્મિક સ્પર્શ બહુ સાહજિક રહેતો. અહીં આ રૂમમાં એના સ્પર્શથી

મારામાં જાણે વીજપ્રવાહ વહેવા લાગ્યો. મારે એને પકડીને નજીક ખેંચવી હતી, પણ મેં એવું કર્યું નહીં. ગયા વખતે જેવું થયું હતું એવું કંઈ પણ થાય એવું હું ઇચ્છતો નહોતો.

મેં એને ફોટોગ્રાફ લઈ લેવા દીધો અને હું બાજુ પર ખસી ગયો. એણે ફોટોગ્રાફ જોયો અને પછી હસી પડી.

'આમાં તું કેટલા વર્ષનોછે ?'

'ચાર.'

હું અને મારાં મા-બાપ હવેલીની બહાર ઊભાં હોઈએ એવો ફોટોગ્રાફ હતો. મારી માએ સાડીનો ઘૂંઘટ ચહેરો અડધો ઢંકાયેલો રહે એ રીતે રાખ્યો હતો. મેં ફક્ત ચડ્ડી પહેરી હતી. એણે કોઈ ડિટેક્ટિવ તપાસ કરતો હોય એ રીતે ધ્યાનથી ફોટોગ્રાફ જોયો. એ પલંગ પર બેઠી, હું એની બાજુમાં બેઠો.

'આ તમારી હવેલી છે ?' એણે પૂછ્યું.

મેં ડોકું ધુણાવ્યું.

'અદ્ભુત છે.'

'આ પંદર વર્ષ પહેલાંનો ફોટોગ્રાફ છે. હવે તો એ જર્જરિત થઈ ગઈ છે.'

એણે ધ્યાનથી જોયું. પાછળ એક ગાય દેખાતી હતી. ઝાડ નીચે એક ઘરડો માણસ બે બાળકો સાથે બેઠેલો જણાતો હતો.

'આ લોકો કોણ છે ?'

'અજાણ્યા લોકો, કદાચ મુલાકાતીઓ પણ હોય. મેં કહ્યું ને લોકો એમના પ્રશ્નો લઈને અમારી પાસે આવે છે. એ લોકો માટે તો હજુ પણ અમે રાજા છીએ.'

'મારે જોવું છે આ બધું.'

હું જોરથી હસી પડ્યો.

'શું થયું ?' મૂંઝાઈને એ બોલી.

'તું ? બિહારમાં ?'

'કેમ ? એમાં શું વળી ?'

મેં માથું ધુણાવ્યું ને ફરી હસી પડ્યો.

'એમાં આટલું હસવા જેવું શું છે, રાજકુમાર ?' એ બોલી અને મને ગલીપચી કરી.
'રહેવા દે, મને ગલીપચી થાય છે.' હું બોલ્યો, મારું હસવાનું રોકાતું નહોતું.

'તને એમ છે કે હું મારા સુરક્ષિત જીવનને છોડીને ન આવી શકું, હે ? મારા પેટ પર એની આંગળીઓ મારતાં એ બોલી. મેં એને પકડી લીધી. થોડી ક્ષણો પછી એને આ વાતનો ખ્યાલ આવ્યો.

'હે ય', એ બોલી.

'શું ?'

'તેં મને પકડી છે.'

'હં હં... સારું નિરીક્ષણ.'

મેં એની આંખોમાં સીધું જોયું. એ પણ મારી આંખોમાં જોઈ રહી. સ્ત્રીઓ સાથેનો મારો અનુભવ શૂન્ય હોવા છતાં હું એટલું તો સમજી શક્યો કે આ નિશાની સારી હતી.

'શું ?' એણે પૂછ્યું.

હું એને ચુંબન કરવા આગળ નમ્યો. છેલ્લી ક્ષણે એણે મોં ફેરવી લીધું ને એના ગાલ પર મેં ચુંબન કર્યું.

'માધવ જહા,' એ બોલી, 'જરા ધ્યાન રાખીને વર્તો.'

એણે મક્કમતાથી કહ્યું. જોકે એના અવાજમાં તે દિવસે કૉલેજ-ગાર્ડનમાં હતો એવો ગુસ્સો નહોતો.

'હું ધ્યાનથી જ વર્તું છું. હું એ જ કરી રહ્યો છું જે મારે કરવું છે.'

'બધા પુરુષો સરખા જ હોય છે,' એ બોલી અને મારા કાંડા પર ટપલી મારી.

'તને બધા પુરુષોની કઈ રીતે ખબર?' મેં મારી ભ્રમર ઊંચી કરતાં પૂછ્યું.

'શટ અપ. હવે સાંભળ, ભૂલી જઉં એ પહેલાં કહી દઉં, મારે તને પાર્ટીનું આમંત્રણ આપવાનું છે.'

'વાત ના બદલ.'

'તું પણ એક વાતને પકડીને ન બેસ.' એ બોલી અને મારી પકડમાંથી છટકી ગઈ. ઊભી થઈને એ આરામખુરશીમાં બેઠી.

'અહીં આવ, મારી પાસે,' મેં કહ્યું.

'ના જી, મને આપની ઉપર વિશ્વાસ નથી, સાહેબ.'

'ખરેખર નથી ? તારા શ્રેષ્ઠ મિત્ર ઉપર ?'

'એ અત્યારે મિત્ર જેમ વર્તતો નથી.' એણે મિત્ર શબ્દ પર ભાર મૂકતાં કહ્યું.

હું નારાજ થઈ પગ હલાવતો પલંગમાં પડ્યો રહ્યો. મેં એક બાસ્કેટબૉલ લીધો અને છેલ્લી આંગળી પર એને ઘુમાવતો રહ્યો.

'મેં કહ્યું હું તને પાર્ટીનું નિમંત્રણ આપવા માંગું છું. તારું ધ્યાન છે હું કહું છું એની પર?' એણે પૂછ્યું.

'જ્યારે તને મારી પર વિશ્વાસ જ નથી ત્યારે એ ધ્યાન આપે કે ન આપે તને શું ફેર પડેછે ?'

'આવતા શનિવારે, મારા ઘરે. ૧૦૦, ઔરંગઝેબ રોડ.' એણે પોતાના હાથ ખોળામાં મૂકતાં કહ્યું.

હું પલંગમાં બેઠો થઈ ગયો.

'તારા ઘેર ?' મેં પૂછ્યું.

'હા, પાર્ટી મારા ઘેર છે.'

'તું તારા મમ્મી-પપ્પા સાથે મારી મુલાકાત કરાવીશ?'

'હા, કેમ ? ત્યાં ઘણા માણસો હશે. પાર્ટી છે.'

'ઓહ, અને પ્રસંગ શું છે ?' બૉલ ફરી મારી આંગળી પર ફેરવતાં મેં પૂછ્યું.

'મારી બર્થ ડે પાર્ટી છે.'

'તારી બર્થ ડે આવતા મહિને છે. ૧ નવેમ્બર. જોયું, મને યાદ છે.'

'ડેડની ઇચ્છા છે કે આવતા અઠવાડિયે ઊજવવો. અમારા કુટુંબના કેટલાક મિત્રો એ વખતે અહીં છે.'

મેં ડોકું હલાવ્યું ને બૉલ તરફ જોવાનું ચાલુ રાખ્યું. એણે મારા હાથમાંથી બૉલ ઝુંટવી લીધો.

'એ ય', મેં વિરોધ કર્યો.

'હા પાડે છે ને?'

'મારી પાસે બીજો કોઈ રસ્તોછે ?'

એણે મારી તરફ બૉલ ફેંક્યો. એ નિશાન ચૂકીને બૉલ મારા ચહેરા પર નહીં પણ ગરદન પર વાગ્યો.

'તું તો એવી રીતે બોલે છે જાણે સજા થઈ હોય. આ પાર્ટીનું નિમંત્રણ છે.' એ બોલી.

'હું એક શરતે ત્યાં આવું.'

'કઈ ?'

'આવી ને મારી બાજુ માં બેસ.'

મેં પલંગ પરની જગ્યા થપથપાવી. એણે એની આંખો ફેરવી, ઊભી થઈ ને મારી બાજુમાં આવીને બેઠી.

'તું મને તને પકડવા કેમ નથી દેતી ?' મેં કહ્યું અને એનો હાથ મારા હાથમાં લીધો.

'હં, પાછી એ વાત ?'

'તને નથી ગમતી?'

'માધવ...' પાછો એનો પોલીસ જેવો અવાજ આવ્યો.

'એમાં ખોટું શું છે ?'

'મને તકલીફ થાય છે.'

'તકલીફ ? તું જાણે પણ છે ? જવા દે.'

'જોયું, હવે તારે સાંભળાવું નથી. જવા દે, હું તૈયાર નથી.'

'તૈયાર શેના માટે નથી ?'

એણે એનું માથું ધુણાવ્યું. મેં એનો ચહેરો મારા ચહેરાની નજીક લીધો. એ મારી સામું જોઈ રહી.'

'જોયું, ફરી એ વાત. આ શું છે ? અનિવાર્ય છે ?', એણે પૂછ્યું. હું શાંત રહ્યો. એની ઘેરી કથ્થાઈ આંખો મને તાકતી રહી.

'મારા માટે જીવનમાં તારાથી વધુ અગત્યની કોઈ સ્ત્રી નથી આવી.'

એ હસી.

'શું ?'

'એના બે અર્થ થાય છે. હું કંઈક ખાસ છું અથવા તારી પાસે પસંદગીની તક નથી.'

હું જવાબ ન આપી શકયો. હું આગળ નમ્યો. મેં એના હોઠ પર હળવું ચુંબન કરી લીધું.

એણે વિરોધ ન કર્યો પણ ચુંબન કરવામાં એ જોડાઈ પણ નહીં. એના હોઠ નરમ અને ઉષ્માભર્યા હતા. મેં ફરી એના હોઠ હળવેથી ચૂમ્યા.

એણે એના હાથ મારી છાતી પર મૂક્યા અને મને ધક્કો માર્યો.

'શું થયું ?' મેં પૂછ્યું.

'હવે મારે જવું જોઈએ.' એ બોલી અને ઊભી થઈ ગઈ.

'રિયા, આપણે ચુંબન કર્યું,' ઉત્સાહથી ઊછળતાં મેં કહ્યું.

'તું ખરેખર સ્ત્રીઓને સમજતો નથી, નહીં ?'

'શું ?'

'જાહેરાત, જાણે કે નાના બાળકને ચોકલેટનો ડબ્બો મળી ગયો હોય એમ.'

'એવું જ કંઈક. એનાથીય વધારે.'

'ચાલો, એ જાણીને આનંદ થયો કે હું લોલીપોપથી વધારે સારી છું.'

હું હસી પડ્યો.

'આપણે પ્રેમમાં છીએ ?' મેં પૂછ્યું.

એણે મને કોલરથી પકડ્યો.

'માધવ જહા, કાં તો સ્ત્રીઓને વિષે જાણો અથવા તો જાતે શીખી લો, પણ વાતને બરબાદ ન કરો, સમજ્યા ?' એણે કહ્યું.

હું જરાય સમજ્યો નહોતો.

'હા, સમજ્યો,' મેં કહ્યું.

'બાય, હવે ચલ બહાર.'

અમે રૂમની બહાર નીકળ્યાં અને રુદ્રના દરવાજા પાસે પહોંચ્યાં, ચોકીદારને થેંક્યુ કહ્યું અને નીકળ્યાં.

બિહારની સ્ટેટ ટીમમાં હું પસંદગી પામ્યો હતો એ મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ હતો. રિયાને ચુંબન કર્યા પછી એ દિવસ મારા માટે જીવનનો બીજો શ્રેષ્ઠ દિવસ બની ગયો.





'છોકરી હોસ્ટેલમાં ?' આશુએ મારી પીઠ પર ધબ્બો માર્યો. 'સાલા, તું તો મરદ નીકળ્યો.'

હોસ્ટેલના મિત્રો મારી રૂમમાં આવેલા. જાડિયો આશુ મારા પલંગમાં બેઠેલો, એનો કિચૂડાટ થતો હતો. એણે મારેલો ધબ્બો હજુ દુ:ખતો હતો.

રુદ્રમાં આશુ, રમણ અને શૈલેષ મારા ખાસ દોસ્તો બની ગયેલા. રિયા તો દર વખતે મારી સાથે હોય નહીં, જ્યારે રિયા ન હોય ત્યારે હું આ લોકો સાથે રહેતો હતો.

'તમને કઈ રીતે ખબર પડી ?' મેં પૂછ્યું.

'મને રૂમમાં પરફ્યુમની સુગંધ આવે છે,' રમણે કહ્યું અને કાર્ટુનમાં આવતા કોઈ પાત્રની જેમ ચારેબાજુ સુંઘવાનો દેખાવ કર્યો. બધા હસી પડ્યા.

અમે ચારેય બિહાર અથવા ઝારખંડથી આવતા હતા અને સ્ટિફન્સમાં જોવા મળે એવા ઉચ્ચ દરજ્જાના અમે નહોતા. દાખલા તરીકે સ્ટીફન્સનો કોઈ વિદ્યાર્થી એમ નહીં કહે કે અમે ભોજપુરી ફિલ્મ જોઈએ છીએ. અમે ભોજપુરી ફિલ્મો પાછળ ગાંડા હતા, અમને હિંદી ફિલ્મી સંગીત ગમતું હતું. ૧૯૬૦ના રફીનાં ગીતોથી માંડીને અત્યારના પ્રીતમ સુધીના. માઈકલ જેક્શનના એક ગીત 'બીટ ઈટ'થી વધારે અમને ઇંગ્લિશ ગીતોમાં કંઈ ખબર નહોતી પડતી. જોકે આ બધી વાત અમે અમારા સહાધ્યાયીઓને નહોતા કરતા. જ્યારે જ્યારે કોઈ મહાન ઇંગ્લિશ મૂવીની વાત કરે કે રોક સીડી લઈ આવે ત્યારે અમે ડોકું હલાવતાં અને 'યા, કૂલ' એમ કહેતા.

'વાહિયાત વાત છે. રિયા અને હું સીધા બાસ્કેટબૉલ કોર્ટથી અહીં આવ્યાં હતાં. પરફ્યુમ હતું જ નહીં, મેં કહ્યું.

'અરે છોકરીઓનો પરસેવો પણ પરફ્યુમ જેવો જ લાગે,' શૈલેષ બોલ્યો. મેં એના તરફ બાસ્કેટબૉલ ફેંક્યો. એનાં ચોરસ ચશ્મા જમીન પર પડ્યાં. એણે ચીસ પાડી અને દુ:ખના માર્યા માથું પકડી લીધું.

'તારે મને મારી નાખવો છે કે શું ?' એણે પૂછ્યું. મેં ઉપાડીને ચશ્મા શૈલેષના નાક પર ગોઠવ્યા.

'રિયા વિષે આવી બધી વાતો કરવાનું બંધ કર,' મેં કહ્યું.

'ઓ હો, બહુ બચાવે છે ને કંઈ ?' એ બોલ્યો.

અમારા ચારેયમાં શૈલેષનું ઇંગ્લિશ સૌથી સારું હતું. જોકે એ પણ અમારી જેમ હિંદીમાં જ બોલવાનું પસંદ કરતો હતો પણ જ્યારે ઇંગ્લિશમાં બોલવાનું થાય ત્યારે એ ભલભલા સ્ટીફેનિયનને પાછળ રાખી શકતો હતો.

‘એટલે તમે પ્રેમમાં છો ? વાત આગળ વધતી જાય છે હં,’ શૈલેષ બોલ્યો.

‘શું ?’

આશું જોરથી બોલ્યો.

‘એ તને....... બનાવે છે,’ રમણ બોલ્યો. એ હમણાં હમણાં જ ગાળો બોલતાં શીખ્યો હતો અને એ બોલવામાં એને ખાસ્સી એવી મજા પણ આવતી હતી.

‘કંઈ થયું ?’ આશુએ પૂછ્યું.

મેં ખભા ઉછાળ્યા.

‘શું ?’ આશુ બોલી ઊઠ્યો, ‘સાલા, બીએમ ડબલ્યુ-૫ સીરીઝવાળી રિયા સોમાણી સાથે તેં કંઈ ન કર્યું?’

‘કશું થયું નથી,’ હું બોલ્યો, ‘અને તમે બધા હવે બંધ કરો હં આ વાત.’

‘એ તારી ગર્લફ્રેન્ડછે ?’ શૈલેષે પૂછ્યું.

‘અડધીઅડધ કૉલેજ તમારા વિષે વાતો કરે છે.’

‘મને ખબર નથી.’ હું બોલ્યો.

‘તને નથી ખબર ?’ આશુ બોલ્યો.

‘એ હજી નક્કી નથી કરતી.’

‘અને તું ?’

હું શાંત રહ્યો.

‘તું પ્રેમ કરે છે એને ?’ આશુએ પૂછ્યું.

મેં આશુ સામે જોઈ નાનકડું સ્મિત કર્યું. સૌથી મૂર્ખ અને વાહિયાત સવાલ એણે મને પૂછ્યો હતો.

શું હું એને પ્રેમ કરું છું *?* શું પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે *?* શું દિવસ પછી રાત આવે છે *?*

‘ગયો, દોસ્ત તું તો બિલકુલ ગયો. હું તારા ચહેરા પર જોઈ શકું છું,’ આશુ બોલ્યો. એણે પલંગ થપથપાવી બાકીનાને ત્યાં બેસવા આમંત્રણ આપ્યું.

મારો બિચારો સિંગલ પલંગ ત્રણ જણાના ભારથી કષ્ટપૂર્ણ રીતે લદાઈ ગયો હતો. એ લોકો પડ્યા પડ્યા છત તરફ તાકી રહ્યા હતા. સંબંધોના બની બેઠેલા નિષ્ણાત તરીકે એ લોકો મને સલાહ આપવા ઇચ્છતા હતા.

‘આવી છોકરીઓથી સાચવવું’, રમણ બોલ્યો.

‘શું યાર ?’ હું ચિડાઈ ગયો. ‘આવી એટલે કેવી ? ને મહેરબાની કરીને મારા પલંગ પરથી તારાં જૂતાં હટાવ.’

હું સ્ટડી ટેબલ પર બેસી ગયો અને ફરી બાસ્કેટબૉલ મેં ઝૂંટવી લીધો.

‘આવી એટલે પૈસાદાર. એ લોકોને રમવા માટે રમકડું જોઈએ પણ તું રમકડું ન બનીશ.’

‘રમકડું ? હું એનો ખાસ દોસ્ત છું. વળી, એ જુદા પ્રકારની છે. પૈસા પાછળ ભાગે એવી જરાય નથી.’

'તને ખબર છે એના પિતા કોણ છે ?' શૈલેષે ચશ્મા સરખાં કરતાં પૂછ્યું. 'કોઈ બહુ મોટા મારવાડી વેપારી છે ને ?' મેં સામે પૂછ્યું.

'સોમાણી ઇન્ફ્રાસ્ટ્રક્ચર. તારી જે એ દોસ્ત છે ને એના પપ્પા અને એના કાકાઓનો ૫૦૦ કરોડનો બિઝનેસ છે.' શૈલેષે કહ્યું.

આશુ અને રમણના મોંમાંથી હળવી સીટી નીકળી ગઈ.

'૫૦૦ કરોડ ?' રમણ બોલી ઊઠ્યો. 'એ અહીં શું કરે છે ? એને ભણવાનીય શું જરૂર છે ?'

મેં રમણ તરફ ઓશીકું ફેંક્યું.

'દેખાઈ આવે છે કે કેટલો પછાત ઝારખંડી છે તું ? તને જોઈને મારા ગામમાં વસતા લોકો મને યાદ આવી જાય છે. લોકો બીજા કારણ માટે ભણી જ ન શકે એમ તારું માનવું છે ?'

'કયું કારણ ?' આશુએ એની ડોક મારી તરફ ફેરવતાં પૂછ્યું.

'એ પોતાની જાતને જાણવાનો પ્રયત્ન કરી રહી છે. એનાં સપનાંઓ, એની ઝંખનાઓ, એની ઇચ્છાઓ...'

'એને તારી ઇચ્છાની ખબર છે ખરી ? હોસ્ટેલરૂમના અવાજ કરતાં પલંગ પર એના ખાસ દોસ્તને જે કરવાની ઇચ્છા છે તે એ જાણે છે ?'

આશુ પલંગ પર હલીને વધુ ને વધુ કિચૂડાટ કરી રહ્યો હતો.

બધા જોરથી હસી પડ્યા.

'શટ અપ, બાસ્ટર્ડસ.' હું બોલ્યો.

મારા જીવનમાં જો કંઈ પણ થઈ રહ્યું હતું એ માટે મારે સાચી સલાહની ખરેખર જરૂર હતી.

'એણે મને એની બર્થ ડે પાર્ટી માટે ઘેર બોલાવ્યો છે.'

ત્રણેય જણ બેઠા થઈ ગયા.

'અમે સાથે આવી શકીએ ?' આશુએ પૂછ્યું.

'ના.'

'તું નકામો છે.' રમણે કહ્યું.

'પ્રશ્ન એ છે કે મારે જવું જોઈએ ?' મેં પૂછ્યું.

'શું ?' રમણે કહ્યું, 'હાસ્તો, તારે જવું જ જોઈએ. એ ક્યાં કહે છે ?

'ઔરંગઝેબ રોડ. એ ક્યાં આવ્યો ?'

'દિલ્હીના શ્રીમંત વિસ્તારોમાંનો એક છે એ. લ્યુટેનિસ દિલ્હીમાં.'

'જોયું ? એટલે જ હું નક્કી નથી શકતો કે મારે જવું જોઈએ કે નહીં ?'

'કેમ નહીં ?'

'ત્યાં બધા એમના કુટુંબના, પરિવારના લોકો હશે એ બધા મને જોશે.'

'અને તું એનાથી ડરેછે ?' આશુ હસ્યો, 'હું તારી જગ્યાએ હોત તો ચોક્કસ જાત.'

'ચૂપ રહેને જાડિયા,' 'શૈલેષે કહ્યું, 'સાંભળ, તારે જવું જ જોઈએ. જો તારે આ છોકરી સાથે સંબંધ વધારવો હોય તો આમેય એક દિવસ એના ઘરના લોકોને તારે મળવું જ પડશે ને ?'

'એ લોકો મને ચકાસશે, મારા માટે અભિપ્રાય બાંધશે. હું એમની જેમ ન તો વાત કરી શકું કે ન તો એમની જેમ કપડાં પહેરી શકું.'

'શું મૂરખ જેવી વાત કરે છે ? સરસ વ્હાઇટ શર્ટ પહેરી લેવાનું, મારું લઈ જજે.' શૈલેષે કહ્યું.

હું ચૂપ રહ્યો.

'એના કરતાં પૂરું થઈ જવા દે બધું.' થોડીવાર પછી રમણ બોલ્યો.

'તું કહેવા શું માગે છે ?' મેં પૂછ્યું.

'બૉસ, એનું શ્રીમંત અને ઉચ્ચવર્ગનું મારવાડી કુટુંબ ગામડાના છોકરા માટે ક્યારેય તૈયાર નહીં થાય. તું હું ને અહીં બેઠેલા બધા આ વાત જાણે છે.' રમણે કહ્યું.

'છોકરો સ્ટેટ લેવલનો બાસ્કેટબૉલ ખેલાડી છે ને સ્ટીફન્સમાં ભણે છે એ મોટી વાત નથી ?' શૈલેષે પૂછ્યું.

રમણ ખોટું હસ્યો.

'તે છતાંય બિહારી છોકરો જ ને ?' એણે પૂછ્યું.

હું ધ્રુજી ગયો. મોટા બંગલામાં મને આંકતા શ્રીમંત માબાપની છબી મારા મનમાં ઝબકી ગઈ.

'તું એનો આત્મવિશ્વાસ ઘટાડી રહ્યો છે, એ એને પ્રેમ કરે છે.'

'તો ?' રમણે પૂછ્યું.

'એ જ રૂમમાં આવી હતી ને ?' આશુ બોલ્યો, 'માધવ, તું બિહારી છે એ જાણવા છતાંય એ અહીં આવી હતી ને ?'


'એને તો બિહાર પણ જવું છે', મેં કહ્યું.

'હં, હવે વાત બને છે.' આશુ બોલ્યો.

રમણે આંખના ડોળા ફેરવ્યા.

'પાર્ટીમાં જા. કંઈ નહીં તો મફત ખાવાનું તો મળશે.' આશુએ કહ્યું અને ફરી મારી પીઠ થપથપાવી. જાડિયો એટલું જોરથી મારે ને કે દિવસો સુધી દુઃખ્યા કરે.





ઔરંગઝેબ રોડ સુધી પહોંચવામાં મેં બે બસ બદલી. કોઈ સાદાસીધાં ઘર ત્યાં જોવા નહોતા મળતાં, ફક્ત મોટા મોટા મહેલ જેવાં ઘરો જ હતાં. દરેક મકાન એક મોટી સંસ્થા જેવુ લાગતું હતું, ઘર જેવું નહીં.

આરસની કાળી તકતી પર સોનેરી અક્ષરોએ લખાયેલું હતું. ૧૦૦, ઔરંગઝેબ રોડ. તકતીની ઉપર પીળો પ્રકાશ આવે એ રીતે લાઇટ્સની વ્યવસ્થા કરાઈ હતી, જે માત્ર દર્શાવતું હતું- 'સોમાણી'. મેં શૈલેષનાં બ્લેઝર અને શર્ટ ઉધાર લીધાં હતાં. મેં મારાં કપડાં સરખાં કર્યાં.

ઑક્ટોબરની સાંજ ઠંડી થઈ રહી હતી. હું ચોકીદાર પાસે પહોંચ્યો.

'શું નામ છે તમારું ?' ચોકીદારે બિહારી લહેજામાં પૂછ્યું. એના જમણા હાથમાં એણે ઇન્ટરકોમનું રિસિવર પકડ્યું હતું.

'માધવ, માધવ જહા, રિયાનો મિત્ર.'

ચોકીદારે મને ઉપરથી નીચે સુધી જોયો. એણે ઇન્ટરકોમ પર વાત કરી, 'રિયા મેડમના મિત્ર છે. અંદર મોકલું ?'

એ અટક્યો. એણે મારી સામે જોયું.

'શું ?' મેં પૂછ્યું.

'ઊભા રહો, એ લોકો પૂછીને જવાબ આપે છે.'

'પણ અહીં પાર્ટી નથી ?'

'છે, પાછળના ગાર્ડનમાં. નોકર ત્યાં તપાસ કરવા ગયો છે.'

કૉલેજમાં રિયાને મળવા માટે કોઈ સિક્યોરિટી વટાવવી નહોતી પડતી. મને ત્યાં એમ જ ઊભા રહેવાનું ને રાહ જોવાનું અજુગતું લાગ્યું એટલે મેં એની સાથે વાત શરૂ કરી.

'તમે બિહારના છો ?' મેં પૂછ્યું.

'હા, મુંગેરનો. તમે ?'

ડુમરાઉં.'

'અને તમે રિયા મેડમના દોસ્ત છો ?' એણે પૂછ્યું - એના અવાજમાં આવેલી ભદ્રતા હું અનુભવી શક્યો. એક સાધારણ માણસને બીજા સાધારણ માણસનો ખ્યાલ તરત આવી જતો હોય છે.

'અમે એક જ કૉલેજમાં ભણીએ છીએ.' મેં કહ્યું. ચોકીદારના મોં પર સંમતિસૂચક ભાવ દેખાયા. કદાચ હવે એ સમજી શક્યો કે હું રિયાનો દોસ્ત કઈ રીતે હોઈ શકું ?'

ઇન્ટરકોમ વાગ્યો.

'જાઓ,' ગાર્ડે કહ્યું, જાણે એને એર ટ્રાફિક કન્ટ્રોલથી ક્લિયરન્સ મળ્યું હોય.

હું દરવાજાની અંદર થયો. એક નોકરાણીએ મને એની પાછળ જવાનો ઇશારો કર્યો. પાંચ મોંઘીદાટ ગાડીઓ - ઓડી એસયુવી, બે મર્સિડિઝ બેન્ઝ, એક બેન્ટલી અને રિયાની બીએમડબલ્યુ - પાર્કિંગમાં પડી હતી.

હું ઘરમાં પ્રવેશ્યો. આરસની ચળકતી જમીનવાળા મોટા દીવાનખંડમાં હું આવી ચડ્યો. પંદર ફૂટની ઊંચાઈએથી લટક્તાં ઝુમ્મર અજબ પ્રકાશ પાથરી રહ્યાં હતાં. સિલ્કના કાપડવાળા ત્રણ સોફા સેટ યુ આકારમાં ગોઠવાયેલા હતા. ટિકવુડ અને કાચનું કોફીટેબલ રૂમની વચ્ચોવચ્ચ હતું. રજવાડાંઓ પાસે જો પૈસા હોય તો એમના મહેલ ખરેખર આવા જ હોય. મને મારી હવેલીનો વિચાર આવી ગયો. રંગ ઊખડી ગયેલી દીવાલો અને તડ પડેલી જમીન, ઝુમ્મરની વાત તો જવા દો, પાંચ કલાકથી ઓછો પાવરકટ હોય તો ય અમે અમારી જાતને નસીબદાર સમજીએ.

અચાનક જ, આ સુખ-સુવિધાની વચ્ચે મને સખત એકલું લાગવા માંડ્યું. મને ઘર યાદ આવી ગયું, હોસ્ટેલ રૂમ યાદ આવી ગયો અને મા યાદ આવી ગઈ. આ એક રમૂજ પમાડે એવી વાત હતી કે કઈ રીતે વર્ગવ્યવસ્થા તમારા મન પર અસર કરી જાય છે. જે ક્ષણે તમે ઉચ્ચ વર્ગમાં પગ મૂકો છો, એ જ ક્ષણે તમે એકલા અને અસુરક્ષિત મહેસૂસ કરો છો.

'આ તરફ આવો.' મને ત્યાં જ ઊભો રહેલો જોઈને નોકરાણી બોલી.

અમે પાછળના ગાર્ડનમાં પહોંચ્યાં. ઠંડી હવા હતી અને મોટે મોટેથી મ્યુઝિક વાગતું હતું. બાસ્કેટબૉલ કોર્ટ જેટલો ગાર્ડન વ્યવસ્થિત સચવાયેલો અને નાનકડી ઝબૂક્તી રોશનીથી ચમકતો હતો. હાથમાં સફેદ મોજાં પહેરેલા માણસો બાર અને બૂફે કાઉન્ટર પર ઊભા હતા. જમણી બાજુ નાનકડા સ્વિમિંગ પુલનું પાણી ચમકી રહ્યું હતું. મોટાભાગના મહેમાનો સ્વિમિંગ પુલની આસપાસ ભેગા થયા હતા. દરેક જણ જાણે ફેશન શોમાં ભાગ લઈ રહ્યું હોય એ રીતે તૈયાર થયું હતું.

લોકો નાના નાના ગ્રુપમાં વહેંચાઈને વાતો કરી રહ્યાં હતાં. દરેકના ચહેરા પર આનંદ દેખાતો હતો.

જેના આમંત્રણથી હું અહીં આવી પહોંચ્યો હતો એ ઊંચી છોકરીને શોધવા મેં આસપાસ નજર ફેરવી. જોકે અહીં, આ પાર્ટીમાં ઘણી ઊંચી છોકરીઓ હતી, મોટાભાગની એમણે પહેરેલી ત્રણ ઇંચની હિલ્સને કારણે.

'હે ય, માધવ !' મેં એનો અવાજ સાંભળ્યો.

મેં દૂરથી મારા તરફ હાથ હલાવી રહેલી રિયા સામે ઝીણી આંખો જોયું. એ મારી તરફ આવી. એણે લાલ રંગનો ડ્રેસ પહેરેલો જે એના ઘૂંટણથી છ ઇંચ ઉપર જ પૂરો થઈ ગયો હતો. એણે હળવો મેકઅપ કર્યો હતો. રોજ કરતાં ય આજે એ વધુ ખૂબસૂરત લાગતી હતી. એણે ચમકતા – હીરા અને વ્હાઇટ ગોલ્ડના ઈયરિંગસ પહેર્યા હતાં - સાથે એવો જ નેકલેસ અને બ્રેસલેટ પણ ખરા - એના હોઠ પર ઘેરા લાલ રંગની લિપસ્ટિક હતી. એના હોઠ હતા એનાથી ય વધુ ભરાવદાર લાગતા હતા. હું માની જ શકતો નહોતો આ એ જ હોઠ હતા જેને મેં અઠવાડિયા પહેલાં ચૂમી લીધેલા.

દર વખતની જેમ જ એણે મને હળવું આલિંગન આપ્યું. મેં બધા લોકોની સામે આ રીતે

કરવામાં થોડી અસ્વસ્થતા અનુભવી.

'કેમ આટલું મોડું કર્યું ?' એણે પૂછ્યું.

'બસમાં આવતાં જરા વાર લાગી.'

'મેં તને કહ્યું હતું કે હું કાર મોકલું, પણ તું ને તારું સ્વાભિમાન !' એ બોલી, 'કંઈ વાંધો નહીં, ચાલ.'

એણે મારું કાંડું પકડ્યું અને મને ટોળા તરફ લઈ ગઈ. અમે પુલ તરફ ગયાં, ત્યાં એના મિત્રો ઊભા હતા.

'ગરિમા, આયેશા અને રચિતા', તું એમને ઓળખે છે ને ?' રિયાએ પૂછ્યું.

'હા, કાફેમાં મળ્યા હતા ને ?'

'હાસ્તો વળી,' આયેશા બોલી. એણે કપાળ પર ધસી આવતા વાળ હટાવ્યા. ત્રણેય છોકરીઓએ કીમતી કપડાં પહેર્યાં હતાં અને થોડી થોડી વારે કોઈ કારણ વગર મોં દબાવીને ત્રણેય જણી હસતી હતી. રિયાએ બીજી એક છોકરી સાથે મારી ઓળખાણ કરાવી. એણે કાળો ડ્રેસ પહેર્યો હતો.

'આ યામિની છે. મોર્ડન સ્કૂલમાં અમે ખાસ દોસ્ત હતાં.' રિયાએ યામિનીને વળગતાં કહ્યું.

'અમે હતાં. મેં સાંભળ્યું છે કે અત્યારે તમે રિયાના ખાસ દોસ્ત છો, મારા હરીફ' યામિનીએ એની આંખોથી નટખટ ઇશારો કરતાં કહ્યું.

'શ... યામિની,' રિયા બોલી અને મારા તરફ ફરી. 'એ તને ચીડવે છે. તમે બંને મારા ખાસ દોસ્ત છો.'

હું એ શબ્દને ધિક્કારતો હતો, ખાસ દોસ્ત. રૂનાં બનાવેલાં બે રમકડાં બાજુબાજુમાં મૂક્યાં હોય એવી લાગણી આ શબ્દ સાંભળતાં થતી હતી, જેમાં પ્રેમને કોઈ અવકાશ નહોતો. મને હતું કે અમારા પ્રથમ ચુંબન પછી રિયાના વિચારો બદલાયા હશે.

મેં રિયાના હાથમાં ભેટ મૂકી.

'ઓહ થેંક્યુ', એ બોલી, 'પણ મારી બર્થ ડે આવતા મહિને છે.'

મને પૂછ્યા વગર એણે ભેટ ખોલી નાંખી.

'આ શું છે ?' અંદરના કપડાને સ્પર્શીને જાણવાનો પ્રયત્ન કરતાં બોલી.

'શાલ છે,' મેં કહ્યું. મોંઘી ભેટ લેવા મારી પાસે પૈસા નહોતા. શિયાળો આવી રહ્યો હતો અને મને લાગ્યું કે આ ભેટ ઠીક રહેશે. વળી, પાંચસો રૂપિયાના મારા બજેટમાં ય એ ફીટ બેસતી હતી.

'બહુ સરસ, આનાથી મને ગરમાવો મળી રહેશે.' ચહેરા પર મસમોટા સ્મિત સાથે રિયા બોલી.

'મેં સાંભળ્યું છે કે તમે બાસ્કેટબૉલ બહુ સારું રમો છો ? તમે આને હરાવી શકો ?' યામિનીએ પૂછ્યું.

'પ્રયત્ન કરું.' મેં કહ્યું.

'એ નમ્ર થવાનો પ્રયત્ન કરે છે. માધવ સ્ટેટ લેવલ રમી ચૂક્યો છે. થોડા વખતમાં કૉલેજ

કેપ્ટન બની જશે.'

'હેન્ડસમ કૉલેજ કેપ્ટન.' યામિનીએ હસતાં ઉમેર્યું.

વેઇટર નાસ્તાની ટ્રે લઈને અમારી પાસે આવ્યો.

'આ શું છે ?' મેં પૂછ્યું.

'સુશી', વેઇટરે કહ્યું.

આ શબ્દ આ પહેલાં મેં ક્યારેય સાંભળ્યો નહોતો. હું મૂંઝાઈ ગયો.

'આમાં ભાતની ઉપર માછલી હોય,' યામિનીએ કહ્યું.

મેં એક ટુકડો લેવા હાથ લંબાવ્યો.

'રાંધ્યા વિનાની માછલી,' રિયા બોલી.

'શું ?' હું બોલી ઊઠ્યો અને હાથ પાછો ખેંચી લીધો.

બે ય છોકરીઓ જોર જોરથી હસી પડી.

'કંઈ વાંધો નહીં, હું પણ નથી ખાતી. આ જાપાનીઝ વાનગી છે,' રિયાએ કહ્યું.

'તારું કુટુંબ તો શાકાહારી છે, ખરું ને ?' મેં પૂછ્યું.

'હા, પણ અમારા મહેમાનો નથી ને ? આ એ લોકો માટે છે. આવ, બીજા લોકો સાથે તારી ઓળખાણ કરાવું,' રિયાએ મારો હાથ પકડી લીધો.

'હે ય, રિયા, એક મિનિટ,' આયેશાએ પાછળથી બૂમ પાડી.

રિયા પાછી ગઈ. પાંચ છોકરીઓને મેં કૃત્રિમ હાવભાવ સાથે વાત કરતાં જોઈ. એક તબક્કે રિયા સિવાય બધ્ધાં હસ્યાં. કદાચ રિયાને એ જોક હસવા જેવી નહીં લાગી હોય.

'સૉરી,' પાછા આવતાં રિયા બોલી, 'તને મજા આવે છે ને ?'

'તારું ઘર અદ્ભુત છે.', ગાર્ડનના બીજા છેડા તરફ ચાલતાં મેં કહ્યું.

'મારા પપ્પા અને કાકાઓના ઘર વિશે તું કહે છે, હેં ને ?'

'છતાં, સરસ ઘર છે.'

'થેંકસ, તને મજા આવે છે અહીં ?'

'હું તારી સાથે છું, બસ, એ જ મજાની વ્યાખ્યા છે મારી.'

એણે મારી પીઠ પર હળવો ધબ્બો માર્યો ને હસી.

'તો, કોને મળવાનું છે મારે ?' મેં પૂછ્યું.

'ડેડ, મમ્મી અને એમના કેટલાક મિત્રોને.'

'ડેડ અને મમ્મી ?'

દરેક છોકરાને છોકરીનાં માબાપને મળવાની વાતથી ડર લાગે. કદાચ એટલે જ આ ડરને વૈજ્ઞાનિક નામ અપાયું છે – સોસરફોબિયા.

અમે બાર સુધી પહોંચ્યાં. પચાસેકની ઉંમર ધરાવતું જુદું તરી આવતું એક દંપતી મહેમાનો સાથે ઊભું હતું.

રિયાનાં મમ્મી-ડેડ બંનેના હાથમાં શેમ્પેઈનનો ગ્લાસ હતો. ટાઈટન ઘડિયાળની

જાહેરાતમાં આવતા માણસો જેવા તેઓ દેખાતાં હતાં. ગડીબંધ કપડાં અને ચળકતી, ચમકતી વસ્તુઓ. તેમણે ધારણ કરેલું બધું જ ડિઝાઇનર હતું. તેમનું સ્મિત પણ. રિયાના ડેડ કાળા રંગનો બંધ ગળાનો કોટ પહેર્યો હતો અને આંખે સોનેરી ફ્રેમનાં ચશ્માં. મમીએ કાળા રંગની સિલ્ક સાડી પહેરી હતી.

'આ રહી રીયા.' મિ. સોમાણી બોલી ઊઠ્યા. એમણે એમનો હાથ રિયાના ખભા ફરતે વીંટાળ્યો. 'રોહન તારા વિષે જ પૂછતો હતો.'

રિયા ધીરે રહીને પપ્પાથી છૂટી પડીને એક ડગલું બાજુમાં ખસીને ઊભી રહી.

'હાય, રોહન.' એ બોલી. 'તું ક્યારે આવ્યો ?'

પચીસેક વર્ષના રોહને વાળ જેલ લગાડીને ઓળેલા હતા. એણે બ્લેક ફોર્મલ સૂટ પહેર્યો હતો.

'બસ બે મિનિટ પહેલાં, આ પાર્લરવાળાએ ફેશિયલ કરવામાં બહુ સમય લીધો.' બ્રિટિશ છાંટ ધરાવતી ઇંગ્લિશમાં રોહન બોલ્યો.

રોહન ચંડક, લંડનથી ત્રણ દિવસ પહેલાં આવ્યો હતો. આ એક અઠવાડિયાની મુલાકાત દરમ્યાન રોહન અને તેની મમ્મી રિયાના ઘરે રોકાયાં હતાં. ચંડક અને સોમાણી બંને પરિવારો મૂળ જયપુરથી ત્રણ દાયકા જૂની મિત્રતા નિભાવી રહ્યા હતા. ચંડક પરિવારનો લંડનમાં હૉટલ્સનો બિઝનેસ હતો. મેં ધારી લીધું કે સોમાણી કુટુંબની જેમ જ તેઓ પણ અતિ શ્રીમંત હશે.

'કંઈ વાંધો નહીં છોકરા,' રિયાના ડેડે કહ્યું અને રોહનની પીઠ થપથપાવી. 'અમને તારા માટે ગૌરવ છે, બેટા.'

મિસ્ટર સોમાણીએ બે વર્ષ પહેલાં અવસાન પામેલા રોહનના પિતાની વાત કહી. રોહને નાની ઉંમરે જ પિતાનો ધંધો હાથમાં લીધેલો અને બહુ સરસ રીતે સંભાળતો હતો. લાગતું હતું રિયા અને રોહને આ વાત અગાઉ ઘણી વાર સાંભળી હશે અને કદાચ એટલે જ એમના ચહેરા પર ક્ષોભ દેખાતો હતો. મિસ્ટર સોમાણીએ લગભગ ૩ મિનિટ સુધી વાત કર્યા કરી. મેં ઘડિયાળમાં જોયું.

'ઇટ્સ ઓકે અંકલ, ' રોહન બોલ્યો. 'હું ફક્ત મારી મમ્મીને ખુશ કરવાની કોશિશ કરું છું, બીજું કંઈ નહીં.'

રિયાની મમ્મી આ દરમ્યાન સતત બાજુમાં ઊભી રહી હતી. મારી જેમ જ, આખોય વખત એ પણ એકેય શબ્દ બોલ્યાં નહોતાં.

'તો ચોવીસ વર્ષની ઉંમર, લંડનમાં છ હોટલ્સ, ૪૦૦ રૂમ્સ અને સાતમી હોટલની તૈયારી, અમને ગર્વ છે, દીકરો.' મિ. સોમાણીએ ફરી કહ્યું અને અંતે પોતાન અંજલિ પૂરી કરી.

મેં મારા ચહેરા પર અત્યંત અહોભાવ અને પ્રશંસાના ભાવ આવવા દીધા, જેમ અપેક્ષિત હતું.

'જોકે મારી દીકરી રિયા ય કંઈ ઓછી નથી. મારે કહેવું જોઈએ કે... 'મિસ્ટર સોમાણી આગળ બોલવા જતા હતાં કે રિયાએ અધવચ્ચે રોક્યા.

'ડેડ, બસ કરો.' કંઈક ઉદ્ધતાઈથી અને વચ્ચે જ પપ્પાને રોકતાં બોલી. મિ. સોમાણીએ સ્મિત કર્યું અને રિયાને બોલવા દીધી.

'ડેડ, હું તમને માધવને મેળવવા લઈ આવી. માધવ કૉલેજનો બહુ સારો દોસ્ત છે મારો.' રિયા બોલી.

મિ. સોમાણીએ મારી તરફ જોયું. હેલો બોલતા પહેલાં તેઓ એક ક્ષણ માટે અટક્યા. મેં શૈલેષનું ઉત્તમ બ્લેઝર અને શર્ટ પહેર્યા હતાં પણ છતાં બીજા મહેમાનોની સરખામણીમાં મારાં કપડાં સાવ જ જુદાં પડતા હતાં. મિ. સોમાણીએ એમની તીક્ષ્ણ નજરે ડિઝાઇનર ન હોય એવાં કપડાં જોયાં.

'હલ્લો માધવ,' મિ. સોમાણીએ કહ્યું. એમણે મારો હાથ કંઈક વધુ પડતા મિત્રભાવે જ હલાવ્યો, જાણે કે થોડી ક્ષણો પહેલાંની શંકાને ખંખેરી નાખવા માગતા હોય.

'તમને મળીને આનંદ થયો, સર.' મારી અસલામતીએ મને સર બોલવા માટે પ્રેર્યો.

'માધવ કેવા ?' એમણે પૂછ્યું. ભારતીયો હમેશા તમારી અટક જાણવા ઇચ્છે જેથી કરીને તમે કયા વર્ણના છો તે જાણી શકાય.

'માધવ જહા,' હું બોલ્યો.

'જહા એટલે તો...'

'બિહાર. હું બિહારનો છું.', હું બોલ્યો. પાછળ આવતા પ્રશ્નોથી હું સારી રીતે માહિતગાર હતો. મિસ્ટર સોમાણી આગળ કંઈ બોલ્યા નહીં.

અકળાવનારી શાંતિને રિયાએ તોડી.

'અને આ મમ્મી છે.' એ બોલી.

રિયાની મમ્મીએ હસીને હાથ જોડ્યા. મેં પણ વળતું નમસ્તે કર્યું.

પીણાંની ટ્રે લઈને વેઈટર આવ્યો. રોહને બિયર લીધો, રિયાએ વાઇનનો ગ્લાસ ઉઠાવ્યો અને મિસ્ટર સોમાણીએ વ્હિસ્કી. મને શું લેવું એની મૂંઝવણ થઈ એટલે મેં હાથ હલાવીને ના જ પાડી.

'સરસ પાર્ટી છે, સોમાણી અંકલ.' રોહન બોલ્યો.

મિસ્ટર સોમાણીએ ટોસ્ટ આપતા હોય એ રીતે ગ્લાસ ઊંચો કર્યો. મિસિસ સોમાણીએ આંખના ઇશારાથી જણાવ્યું કે કેટલાક મહત્ત્વના મહેમાનો આવી ચૂક્યા છે - કેટલાક અતિશય શ્રીમંત અથવા શક્તિશાળી અથવા બંને. મિસ્ટર અને મિસિસ સોમાણીએ જવાની અનુમતિ માગી અને મહેમાનો તરફ ચાલ્યાં ગયાં.

રિયાએ મારી સામે જોઈને સ્મિત કર્યું અને મેં પણ બની શકે એટલું સારી રીતે વળતું સ્મિત કર્યું.

'તો તમે લોકો કૉલેજમાં સાથે છો, બરાબર ?' રોહને પૂછ્યું. એનું બ્રિટિશ ઇંગ્લિશ સમજવામાં મને થોડી તકલીફ પડતી હતી.

'હા, વિષય જુદા પણ કૉલેજ એક જ,' રિયા બોલી.

રોહન રિયાથી એકાદ ઇંચ નીચો હતો અને મારાથી પાંચેક ઇંચ નીચો. છતાં એની ઉંમર અને આત્મવિશ્વાસને કારણે અમે તો એના સવાલોના જવાબો આપતા નાના છોકરાઓ જેવાં લાગતાં હતાં.

'બાસ્કેટબૉલ, એ જરા ખરાબ છે.' રોહન બોલ્યો.

'ખરાબ? કેમ ખરાબ ?' મેં પૂછ્યું.

એ હસી પડ્યો, જાણે આ વાત ખરાબ રીતે એણે કહી જ નહોતી. અરે રિયા પણ હસી.

'શું ?'

'કંઈ નહીં, એ જરા બ્રિટિશ ઇંગ્લિશની વાત છે.'

મને ન તો બ્રિટિશ ન ઇંગ્લિશમાં ખબર પડી.

'તમને ઇન્ડિયામાં કેવુંક ગમે છે ?' વાત કરવાના પ્રયાસરૂપે મેં પૂછ્યું.

'હું અહીંયાં જ મોટો થયો છું. દસ વર્ષ પહેલાં જ ઇન્ડિયા છોડ્યું' એ બોલ્યો.

મને નવાઈ એ લાગી કે દસ વર્ષમાં માણસની ભાષા આટલી બદલાઈ જાય ?

'સ્ટીફન્સ, હં? શ્રેષ્ઠ કૉલેજ છે. તું તો ખાસ્સો હોશિયાર હોવો જોઈએ !' રોહન બોલ્યો.

'મને સ્પોર્ટ ક્વોટામાં એડ્મિશન મળ્યું છે.'

રિયાની આંખો અમારા બંને તરફ વારાફરતી ફરતી હતી. એક પુરુષની બીજા પુરુષ સાથેની વાતચીતને એ સાંભળી રહી હતી. એ છ વર્ષ મોટો હતો, સખત પૈસાદાર અને ખૂબ નિપુણ હતો. એની પાસે છટાદાર ભાષા હતી, જેલ નાંખીને ઓળેલા વાળ હતા અને લંડનમાં ઘર હતું. એની સરખામણીમાં હું કંઈ જ નહોતો. છતાં રોહન ચંડક વિષે કંઈક મૂર્ખામીભર્યું હતું, કદાચ એ મારી કલ્પના પણ હોય. કંઈ નહીં તો હું એનાથી ઊંચો તો છું, મેં મારી જાતને સારું લગાડવા કહ્યું.

'રિયા, બેબ, તારા ખાલી પુરુષમિત્રો જ છે ? કે તારે કોઈ સુંદર છોકરીઓની મને ઓળખાણ કરાવવાની બાકીછે ?'

'ઘણી છે. પુલ પાસે ચાલ.' રિયા બોલી.

'હં, તું અહીં મને બુઢ્ઢાઓ સાથે ન છોડી દઈશ.'

રિયા અને રોહન પુલ તરફ જવા માટે ફર્યાં.

'હે ય માધવ,' રિયાએ બૂમ પાડી.

'હં ?'

'આમ ખોવાઈ ન જા.'

અમે રિયાની ગેંગમાં ફરી જોડાઇ ગયા.

'ઓહ, તો આ એ જગ્યા છે જ્યાં દિલ્હીની ખૂબસૂરત છોકરીઓ જોવા મળે છે.' રોહન બોલ્યો.

મને સાલું આવું બોલવાનું કેમ ન સૂઝ્યું?

રિયાએ રોહન સાથે બધાની ઓળખાણ કરાવી. રોહને દરેક છોકરીનો હાથ એકાદ ક્ષણ માટે પકડી રાખ્યો અને પછી 'તમને મળીને આનંદ થયો' જેવું કંઈક ઇંગ્લિશમાં બોલ્યો. એ જરા વધારે પડતું હતું પણ ખિખિયાટા કરીને હસતી છોકરીઓને એ પસંદ પડ્યું.

'તો તમે છો લંડનના હોટ-શોટ', યામિની બોલી.

'લંડનનો છું એ વાત ખરી પણ હોટ શોટ નથી એ વાત પણ એટલી જ ખરી છે, મેડમ', રોહન બોલ્યો.

દરેક જણ હસી પડ્યું. મને લાગે છે કે પૈસાદાર છોકરાઓ કંઈ પણ બોલે, છોકરીઓને એ રમૂજી જ લાગે છે.

'એક મિનિટ હં,' રોહને એના ખિસ્સામાંથી ફોન કાઢતાં કહ્યું 'જી મમ્મીજી, બધું બરાબર છે ને ? અહીં ક્યારે આવો છો? બધાં તમારા વિષે પૂછે છે. હા, હા, બહુ મોડું નહીં કરતાં. તમારા વિના પાર્ટી શરૂ નહીં થઈ શકે.'

રોહન ફોન પર વાત કરવા સહેજ બાજુ પર ગયો. મેં એના ચહેરા તરફ ધ્યાનથી જોયું. એનો ચહેરો કદાચ એણે કહ્યું એમ ફેશિયલને કારણે અથવા તો એની મમ્મીનો અવાજ સાંભળવાને કારણે ચમકી રહ્યો હતો.

'અરે ખૂબસૂરત છોકરીઓ, તમને પાર્ટી કરવી ગમે કે? અહીંથી નીકળ્યા પછી જવા માટે કોઈ નાઇટક્લબછે ?' પાછા આવતાં રોહને પૂછ્યું.

'પાર્કમાં અગ્નિ કરીને છે,' આયેશાએ પોતાના વાળ સાથે રમતાં કહ્યું.

મને નવાઈ એ વાતની લાગી કે આટલી સારી, મોંઘી પાર્ટી છોડીને કોઈને બીજે શું કામ જવું હોય ? કદાચ, પૈસાદાર લોકોને જુદી જુદી વસ્તુઓ અને પસંદગીનો અવકાશ મળે તે ગમતું હશે.

'તમે રિયાને લાંબા સમયથી ઓળખો છો ને ?' રચિતાએ રોહનને પૂછ્યું.

'નાનકડી છોકરી હતી ત્યારથી', રોહને કહ્યું. 'હું એને આરામથી ઊંચકી શકતો હતો.'

'હું, હું બે વર્ષની હતી, તું આઠ વર્ષનો, રોહન' રિયા બોલી.

'હા, મને અત્યારે પ્રયત્ન કરવા દે તો.'

રોહને પોતાનો ગ્લાસ નીચે મૂક્યો. એ આગળ નમ્યો અને રિયાની કમર પકડી. રિયા વિરોધ પણ ન કરી શકી. મારા શરીરમાંથી ક્રોધનું લખલખું પસાર થઈ ગયું. સ્વાભાવિક પ્રતિક્રિયા રૂપે જ મારી મુઠ્ઠીઓ વળી ગઈ હતી અને ચહેરો તંગ થઈ ગયો હતો.

એને મૂકી દે, હરામ ખોર, હું મનમાં જ બોલ્યો.

રોહને એને જમીન પરથી ઊંચકી. છોકરીઓ મૂર્ખની જેમ હસતી રહી. એણે રિયાને નીચે મૂકી. આ આખીય ઘટના માત્ર બે સેકંડ માટે ચાલી હશે, પણ મારી અંદર ક્યાંય સુધી બળતરા થતી રહી.

'તું તો બહુ શાંત છે, યાર,' રોહને મને કહ્યું. 'શું વાત છે ? તારે કંઈ પીવું છે ?'

હા, મારે તારું લોહી પીવું છે.

રોહને ડ્રિંક્સ લઈને ફરતા વેઇટરને બોલાવ્યો અને મને પૂછ્યા વગર બિયર પકડાવી દીધો. મારે બિયર નહોતો જોઈતો. મારે તો આ એનઆરઆઈના માથાને જોરથી ફટકો મારવો હતો. મારે રિયા સાથે એકલા જ સમય જોઈતો હતો. મારે જુદી છટાદાર ભાષા જોઈતી હતી.

મેં એક જ ઘૂંટડામાં બિયર પૂરો કર્યો. મેં આ એટલા માટે કર્યું કેમ કે આ ટોળામાં ઊભા રહીને હું મારું ખોવાઈ રહેલું પુરુષાતન પાછું મેળવવા માગતો હતો. દરેક જણ મારી સામે આશ્ચર્યથી જોઈ રહ્યું.

'અરે, આમ નહીં, ધીરે ધીરે પી.' રોહને કહ્યું.

રિયાને ખ્યાલ આવ્યો કે હું અત્યારે કંઈક જુદો છું. એણે મારી તરફ જોયું જાણે પૂછતી

હોય કે શું વાત છે. એની નજર ચુકાવીને હું બીજી તરફ વળી ગયો.

બધી છોકરીઓ રોહનને વીંટળાઈને ઊભી હતી - ભારતના એરપોર્ટ પર પોતે કરેલાં સાહસોની વાતો રોહન છોકરીઓને કહેતો હતો.

'માધવ, હું તારી સાથે એક સેકંડ વાત કરી શકું ?' રિયાએ પૂછ્યું.

અમે ટોળાથી જુદાં પડ્યાં.

*

રિયાના ડ્રોઇંગરૂમમાં આવેલા સફેદ આલિશાન સોફા પર અમે સામસામે બેઠાં. અમારી પાસે બે વેઈટર આવ્યા.

'આપણે ફક્ત...' હું બોલ્યો અને શાંત થઈ ગયો. વેઇટર અમારા માટે સ્પ્રિંગ રોલ લઈ આવ્યો.

'માધવ, અહીં ઘણા બધા મહેમાનો છે, આપણે એકલાં કઈ રીતે પડી શકીએ ?

'હા, બરાબર છે. હું સમજું છું.' મેં કહ્યું અને બે સ્પ્રિંગ રોલ ઉઠાવી લીધા.

'વળી, હું તને કૉલેજમાં સોમવારે તો મળવાની જ છું. બરાબર ને ?' એણે પૂછ્યું.

સ્પ્રિંગ રોલ ખાતાં ખાતાં મેં ડોકું ધુણાવ્યું. મારી હતાશા ભૂખ રૂપે બહાર આવી રહી હતી. નાસ્તો કર્યા બાદ મને સારું લાગતું હતું.

'મને ખ્યાલ આવે છે કે તને કેવું લાગતું હશે, મને પોતાને પણ આવી પાર્ટીઓમાં ક્યારેક અજાણ્યું લાગે છે.' રિયાએ કહ્યું.

'શું ?'

'આ બધું નકલી છે, બધું જ ને હું આ જ જિંદગી જીવતી આવી છું.' એ બોલી.

'અને તારા ડેડ સાથે તું શું કામ તોછડાઈથી વાત કરતી હતી ?'

'એવું કર્યું મેં ? કંઈ વાંધો નહીં, એ ય દંભી છે.'

'કમ ઓન રિયા, આ રીતે વાત નહીં કર.'

'તું અત્યારે અહીં બધાને ધિક્કારે છે, હેં ને ?'

'ના, હું બરાબર છું. તારું ઘર કેટલું આલિશાન છે, હું તો હજુ એ જ વિચારોમાંથી બહાર નથી આવી શકતો.' મેં વાત બદલવાના પ્રયાસરૂપે કહ્યું.

'હું આશા રાખું તેની આપણા પર કોઈ અસર ન થાય. હું એ જ રિયા છું જે ધૂળવાળા મેદાન પર તારી સાથે ફૂટબૉલ રમે છે.' એ હસી પડી.

'આપણા પર એટલે શું રિયા ?'

'આપણે એટલે તું અને હું, આપણી મિત્રતા.'

'રિયા, આપણે મિત્રો કરતાં કંઈક વધારે છીએ.'

'એમ ?' સાચેસાચ ગૂંચવાઈ હોય એમ એ મારી તરફ જોતી રહી.

'મેં આ પહેલા કોઈને ચુંબન નથી કર્યું,' મેં કહ્યું.

'માધવ.'

'શું ?'

'લોકો આપણને સાંભળી શકે છે.'

'કોઈ સાંભળી નહીં શકે.' ગાર્ડનમાં વાગતું લાઉડ મ્યુઝિક કોઈને કંઈ સાંભળવા દે એમ નહોતું.

'આપણે આ વિશે પછી વાત કરીશું.'

'તું ક્યારેય નથી કરતી.' મેં કહ્યું.

'કરીશ. બસ, વચન આપું છું, હવે મૂડમાં આવી જા તો.'

'અને આ મિ. લંડનનું શુંછે ? એ શું કામ તને ઊંચકતો હતો ?'

રિયા હસી પડી. 'ઓહ, રો? રો જૂનો દોસ્ત છે, પાગલ છે સાવ.'

તો રિયા પાસે એના માટે લાડકું નામ પણ હતું ? 'રો' એનો અર્થ રડવું પણ થાય છે ને? મને ઇચ્છા થઈ આવી કે રો રડે.

'તને ઈર્ષા થાયછે ?'

'જરાય નહીં.'

'હા, થાય છે.' 'ચલ જવા દે, આપણે પાર્ટીમાં જઈએ.'

એ ઊભી થઈ. 'તને મારાં મમ્મી-ડેડનો સ્વભાવ પસંદ પડ્યો ?'

મેં ડોકું હલાવી હા પાડી. તમે સ્વભાવ નથી પસંદ પડ્યો એવું કોઈનાં મા-બાપ માટે આમેય કઈ રીતે કહી શકો ?

'સરસ, હવે ચાલ, એ લોકોને બીજા વિચારો આવે એ પહેલાં આપણે ત્યાં પહોંચી જઈએ.' વિચારો ? બીજા વિચારો ? કયા ? મારે એને પૂછવું હતું.

અમે ગાર્ડન તરફ ગયાં. સંગીતે મારા વિચારોને થોડા સમય માટે અટકાવી દીધા. યુવાન છોકરા-છોકરીઓ પુલ પાસે નાચી રહ્યાં હતાં. રિયાના દોસ્તો સાથે રોહન નૃત્ય કરી રહ્યો હતો. એણે અમને એ તરફ બોલાવ્યાં. મને વિચાર તો એવો આવ્યો કે ડાન્સ કરવાનો દેખાવ કરીને હું રો ને સ્વિમિંગ પુલમાં ધક્કો મારી દઉં.

જો કે મેં એવું કર્યું નહીં, મેં નૃત્ય કરવા માટે ના પાડી. આ ટોળાની સામે મારે શરમજનક સ્થિતિમાં નહોતું મુકાવું. ડુમરાઉંમાં તો અમે ગાંડાની જેમ નાચતા હતા. મોટેથી મ્યુઝિક વગાડવાનું ને શરીર ગમે તેમ હલાવવાનું. વળી, ત્યાં તો સ્ત્રી-પુરુષો સાથે પણ ડાન્સ નહોતા કરતાં. અહીં તો રોહન દરેક છોકરી સાથે થોડીવાર માટે ડાન્સ કરતો હતો. કેટલીકવાર એ છોકરીઓના હાથ પકડી રાખતો હતો અને છોકરીઓ ખડખડ હસતી હતી. કોઈ પૈસાદાર છોકરો તમારો હાથ પકડે એમાં છોકરીઓને હસવા જેવું શું લાગતું હશે? એણે એક વાર રિયાનો હાથ પકડ્યો. રિયા એની આસપાસ ગોળ ફરી. મારા શરીરમાં કંઈક જાણે ફરવા લાગ્યું. બાજુ પર જોઈ રહેવા સિવાય મારી પાસે કોઈ રસ્તો નહોતો.

મારી પાસે એક વેઈટર આવ્યો.

'તમે માધવ જહા છો ?' એણે પૂછ્યું.

'હા,' એ મારું નામ જાણતો હતો એ જાણીને મને આશ્ચર્ય થયું.

'હું ડુમરાઉંનો છું, સર.' 'અરે, પણ તમને કઈ રીતે ખબર પડી કે હું ત્યાંનોછું ?'

'બહાર ચોકીદારે કહ્યું. તમને મળીને આનંદ થયો, એવું લાગ્યું જાણે હું ઘરની કોઈ


વ્યક્તિને મળ્યો.'

વેઇટરે મારી સાથે થોડીવાર વાતો કરી, મારી સાથે હાથ મેળવ્યો અને ચાલ્યો ગયો.

ડાન્સફ્લોર પરથી રિયાએ મારી તરફ ભ્રમર ઊંચી કરી, એને નવાઈ લાગતી હતી કે હું વેઇટર સાથે શું વાતો કરતો હોઈશ. મેં ડોકું ધુણાવ્યું અને એની સામે હસ્યો.

કેટલીક વાતો એવી હોય છે જે કોઈ લોકો સમજી જ ન શકે. એમને કહેવાનો કોઈ અર્થ નથી હોતો.





‘સાલું મને પણ ખબર નથી સુશી કઈ બલાનું નામ છે ?’ આશુએ કહ્યું.

‘જાપાનીઝ વાનગી છે, ક્રમબદ્ધ આપણને કઈ રીતે ખબર પડે? એ લોકોને આપણા લિટ્ટી ચોખાની ખબર છે? (બિહારી વાનગી જેમાં બાટી-ભાત અને સાથે કોઈ સ્વાદિષ્ટ શાક હોય) રમણે કહ્યું.

એણે એની ચમચી એની પ્લેટમાં ઢગલો કરાયેલી બિરયાનીમાં ખોસતાં કહ્યું. સન્ડે ડિનર માટે અમે ડાઇનિંગ હોલમાં બેઠા બેઠા રિયાને ત્યાંની પાર્ટીનું પોસ્ટમોર્ટમ કરી રહ્યા હતા.

‘સુશીનો પ્રશ્ન નથી. પ્રશ્ન એ વાતનો છે કે એણે પાર્ટીમાં માધવ કંઈક ખાસ છે એવું કંઈ કર્યું નહીં,’ શૈલેષે કહ્યું.

એણે એના ચશ્મા નાક પર ગોઠવ્યાં અને પાણી પીધું. શૈલેષ હંમેશા સીધી વાત કરતો અને આ વખતે એણે કરેલી વાતથી બધા ચૂપ થઈ ગયા હતા. પ્લેટને અથડાતા છરી કાંટાનો અવાજ આ અકળાવનારી શાંતિમાં આવ્યા કરતો હતો.

‘તકલીફ છે ભાઈ, તકલીફ’, એક મિનિટ પછી શૈલેષ બોલ્યો.

‘પણ રિયાએ માધવને ચુંબન કર્યું,’ આશુ બોલ્યો.

‘રમકડાં, મેં કહ્યું હતું ને આ પૈસાદાર લોકો માટે તમે રમકડાં બની જાઓ છો.’ શૈલેષ બોલ્યો. હું મારું ખાવાનું ખાતો રહ્યો અને મારા ભાઈબંધો પરિસ્થિતિનું વધુ પૃથક્કરણ

કરતા રહ્યા. કોણ જાણે કેમ, મારું દિલ મને કહેતું હતું કે રિયા માટે હું રમકડું નથી. અમારી વચ્ચે કોઈ સંબંધ છે. પણ મારું દિલ વધુ પડતું કલ્પનાશીલ અને મૂરખ પણ હોઈ શકે.

‘હું એની સાથે વાત કરીશ.’ હું બોલ્યો.

‘શું ? બહુ વાતો કરી. હવે કંઈક કરી બતાડ,’ રમણે કહ્યું.

‘કરી બતાડું? શું?' મેં પૂછ્યું.

રમણે ડોકું ધુણાવ્યું. બધા હસ્યા.

‘જો માધવ, સાંભળ, હું તારું દિલ તોડવા નથી માગતો પણ તું પણ જાણે છે કે આ છોકરી તારી પહોંચની બહાર છે.’ રમણે કહ્યું.

‘તું કહેવા શું માંગે છે?’ મેં કાંટો ટેબલ પર મૂકતાં પૂછ્યું.

‘એ લોકો જો અને તું જો. તારી ઔકાત ભૂલી ગયો છે કે શું?’

રમણે સપાટ અને સંયમિત અવાજમાં કહ્યું હોવા છતાં મને કંઈક ખૂંચ્યું. મને જાણે એવી રીતે ખૂંચ્યું કે જમવાના ટેબલ પરથી બુઠ્ઠી છરી લઈને એણે મારી છાતીમાં ભોંકી દીધી. મને

એટલા માટે ખૂંચ્યું કે હું રિયા માટે યોગ્ય છું એવું માનતો નહોતો. મને એટલા માટે ખૂંચ્યું કે એ સાચું બોલ્યો હતો.

'એ મારી સાથે હંમેશા કેમ રહે છે ?' મેં પૂછ્યું. એ શ્રીમંત દોસ્તો સાથે દોસ્તી રાખી શકે છે, અને છે પણ ખરા.'

'તું એના જીવનમાં નવું આવેલું અજીબ પ્રાણી છે. એ બીજા બધાથી કંટાળી ગઈ હશે.' રમણે કહ્યું.

તું હંમેશા આટલો આશાવાદી કેમ રહે છે ?' આશુએ પૂછ્યું. ખાલી આ જાડિયો જ મને સપોર્ટ કરતો હતો. મેં મારી પ્લેટમાંથી એક ગુલાબજાંબુ લઈ એની પ્લેટમાં મૂકી દીધું.

'આંકડાકીય રીતે શક્યતા ઓછી છે.' શૈલેષ જાણે ભણાવતો હોય એવા અવાજમાં કહ્યું. 'જો કે મારા દોસ્ત રમણે એ પણ જાણવું જોઈએ કે બે જુદા જુદા વર્ગની વ્યક્તિઓ વચ્ચે પ્રેમ થઈ શકે છે.'

'જો આ પ્રેમ જ હોય, તો એ છોકરી સંબંધથી દૂર કેમ ભાગે છે ?' રમણે પૂછ્યું. એ જવા માટે ઊભો થયો. એણે જમી લીધું હતું અને જે કહેવાનું હતું એ કહી દીધું હતું.

આશુએ ગુલાબજાંબુ માટે મારો આભાર માન્યો. 'રમણને છોકરીઓનો કોઈ અનુભવ નથી. તું બરાબર કરી રહ્યો છે. ધીરે ધીરે આગળ વધ. બધું ઠીક થઈ જશે.' એણે કહ્યું.

'તું શું માને છે, શૈલેષ ?' મેં પૂછ્યું.

અમારા ચારમાંથી શૈલેષના મૂલ્યાંકન પર હું સૌથી વિશ્વાસ ધરાવતો હતો. એ ક્લાસમાં હંમેશા પહેલો આવતો હતો અને અમારા બધામાંથી એ સૌથી વધુ વાંચતો હતો.

જોકે, અમારા બધાની જેમ જ એનો સ્ત્રીઓ સાથેનો અનુભવ ઓછો હતો. એણે ફરી એક ગ્લાસ પાણી પીધું.

'હં, ઉતાવળ ન કરીશ. જોકે, ટાળીશ પણ નહીં,' શૈલેષે કહ્યું.

'એનો શું અર્થ ? આશુએ મારા વતી પૂછી નાંખ્યું.

'ધીરેથી આગળ વધ, પણ આગળ વધજે. અટકી ન જતો' રમણે કહ્યું.

'આગળ વધું? શેમાં? કઈ રીતે?' મેં પૂછ્યું.

'છોકરીને તું ગમતો હોય એની નિશાની કઈ?' શૈલેષે પૂછ્યું.

'એ તમારી સાથે સમય પસાર કરે એ?' મેં પૂછ્યું.

'ખોટું,' શૈલેષ બોલ્યો અને ઊભો થયો.

'તો પછી ?'

'જવાબ તું જાણે છે. હવે એ કર.' શૈલેષે કહ્યું અને ચાલ્યો ગયો.

*

'તારે શું વાત કરવી છે?' રિયાએ પૂછ્યું.

એણે લીંબુપીળા રંગના લખનવી સલવાર-કમીઝ પહેર્યાં હતાં. બે લેક્ચર વચ્ચેના સમયમાં અમે મોટા પીપળાના ઝાડ નીચે બેઠાં હતાં. બપોરના પવનને કારણે એના વાળ ચારે દિશામાં ઊડતા હતા.

'પાર્ટીમાં બોલાવવા માટે થેંક્સ,' મેં કહ્યું.

'યુ આર વેલકમ. મેં તને કહ્યું હતું ને મને આ બધું પસંદ નથી પણ મમ્મી- ડેડની બહુ ઈચ્છા હતી.'

'રિયા, એ જ તારું વિશ્વ છે. હું એવો છું જે આ બધામાં ક્યાંય બંધબેસતો નથી.'

'હું બંધબેસતી હોઈશ પણ હું મારી જાતને આ બધામાં જોડી શકતી નથી. કૃત્રિમ હાસ્ય સાથે સુશી ખાવી એના કરતાં ચાના પ્યાલા સાથે અર્થપૂર્ણ વાતો કરવી મને વધુ ગમે.'

'રોહન કેમ છે?' સૉરી, રો...' મેં કહ્યું.

'એણે તારી પર ખાસ્સી છાપ છોડી છે. એ એકદમ કુલ છે, હે ને?'

'જોયું? તને પણ એ કુલ લાગે છે ને? આ જ તારું વિશ્વ છે.' મેં કહ્યું.

'એ જરા દેખાડો કરે છે ને પોતાને બધાથી ઉપર સમજે છે, પણ તો ય એની જોડે મજા તો આવે. બાકીના બધા બિઝનેસમેન તો સખત બોરિંગ છે. જે ફક્ત પૈસા અને પ્રોપર્ટીની જ વાત કરે છે.'

'જા તો મજા કર,' મેં કહ્યું અને આડું જોઈ ગયો.

એણે મારો હાથ પકડી લીધો.

'ચાલ હવે પાર્ટીને ભૂલી જા, મારી સામે જો પ્લીઝ.'

બપોરના સૂરજને કારણે આંખો ઝીણી થઈ રહી હતી, એને પોતાના ચહેરાની આસપાસ પીળો દુપટ્ટો વીંટી લીધો. પીળાં ફૂલોના ગુચ્છા જેવી એ લાગતી હતી. મારે મક્કમ થવું જરૂરી હતું. એ કેટલી ક્યુટ લાગતી હતી એવું મેં ન વિચાર્યું, નહીં તો મારો નિર્ણય નબળો પડી જાત.

'તારે શું વાત કરવી હતી ?' એણે ફરી પૂછ્યું.

'કિસ વિષે.'

રિયા હસી પડી, 'હું માની જ નથી શકતી કે હું છોકરી છું અને તું છોકરો છે. છોકરાને આ વિષે વાત કરવી છે.'

'બહુ ગમ્મત લાગે છે નહીં, હવે આપણે વાત કરી શકીએ ?'

'કિસની શું વાત છે ? તેં મને ફરજ પાડી હતી.'

એના જવાબથી હું સ્તબ્ધ થઈ ગયો. શું કહેવું એ મને સૂઝ્યું નહિ.

'મેં...મેં... એટલા માટે કિસ કરેલી કે...' શબ્દ ન મળતાં હું ગૂંચવાયો.

'હં.... બોલ. શું કામ એવું કરેલું, મિસ્ટર જહો ?'

'કારણ કે, હું તને પ્રેમ કરું છું.'

રિયા જોરથી હસી પડી. આ વખતે એનું હાસ્ય મને જરાય ગમ્યું નહીં.

'તું પ્લીઝ... સિરિયસ બન રિયા. તારું આમ સાવ સાહજિક રીતે વર્તવું મને દુઃખ પહોંચાડે છે.'

એ શાંત થઈ અને પગ પર પગ ચડાવીને ઝાડ નીચે બેઠી.

'ઓકે ફાઈન માધવ, હું સિરિયસ છુ બસ. હું એટલા માટે હસી કે મને લાગતું નથી કે તું મારા પ્રેમમાં હોય.'

'અચ્છા ! તને કઈ રીતે ખબર ?'

'તું આ પહેલાં ક્યારેય પ્રેમમાં પડ્યો છે ?'

'ના'

'તો તને કઈ રીતે ખબર આ પ્રેમ છે ?'

એના ગૂંચવી નાખતા સવાલથી મારી જીભ સિવાઈ ગઈ.

'તને કઈ રીતે ખબર કે આ પ્રેમ નથી ?' એકાદ મિનિટ પછી મેં સામું પૂછ્યું.

'મને ખબર છે – નથી. આપણે બંને હજુ ઘણાં નાનાં ને બિનઅનુભવી છીએ છતાં ય ઉત્સુક છીએ. બરાબર, આપણે બંને એકબીજાને પસંદ છીએ. પણ પ્રેમ ? ના.'

'રિયા, તને ખબર જ નથી તું મારા માટે શું છે ? હું તારા માટે કંઈ પણ કરી શકું. કંઈ પણ', મેં કહ્યું.

અમારી આંખો મળી.. થોડી ક્ષણો માટે તો સ્પષ્ટવક્તા મિસ સોમાણી પાસે પણ શબ્દો નહોતા.

'માધવ, તું પણ મારા માટે બહુ અગત્યનું સ્થાન ધરાવે છે. પણ...'

'પણ શું?'

'મને ખબર નથી કે હું કોઈ પણ રિલેશનશીપ માટે અત્યારે તૈયાર છું કે નહીં. કોઈની પણ સાથે.'

આવો જવાબ કઈ રીતે કોઈ આપી શકે ? મને કંઈ જ ખ્યાલ નહોતો.

'તો તો હું તારા માટે એટલો મહત્ત્વનો નથી.' મેં કહ્યું.

'આપણે આખો વખત સાથે ફરીએ છીએ. આપણે એક કપલ જેવાં નથી ?'

'તો પછી આગળ વધવામાં વાંધો શું છે ?'

લેક્ચરનો બેલ વાગ્યો. અમે જવા માટે ઊભાં થયાં.

'આગળ કઈ રીતે વધવાનું, માધવ ?' એણે ક્લાસ તરફ આગળ ચાલતાં પૂછ્યું.

જવાબ શોધવા માટે મેં માથું ખંજવાળ્યું.

'મારી ગર્લફ્રેન્ડ બની જા.'

'ઓ, અને એનો અર્થ શું થાય ? શારીરિક સંબંધ ?'

'કદાચ, એ એનો જ એક ભાગ છે.'

એ હસી ને બધું જ જાણતી હોય એમ ડોકું ધુણાવ્યું.

અમે પોતપોતાના ક્લાસ પાસે પહોંચીને અટક્યાં.

'પ્લીઝ, રિયા', મેં કહ્યું, 'પ્લીઝ, મારી ગર્લફ્રેન્ડ બની જા.'

'શું આ પ્રસ્તાવ છે ?' એણે પૂછ્યું.

'જો તું એને એ રીતે જોવા માગતી હોય તો!'

'હું વિચારી જોઈશ.'

'ક્લાસ પછી મને કહીશ ?'

એણે મને ખભેથી પકડ્યો અને ક્લાસ તરફ લગભગ ધક્કો માર્યો.

*

બીજે દિવસે રિયા કૉલેજ જ ન આવી. મેં મારા દોસ્તો કમ સંબંધ સલાહકારોને ડાઇનિંગ ટેબલ પર લંચ લેતાં લેતાં મારા પ્રપોઝલની વાત કહી દીધી.

શૈલેષને લાગ્યું કે મેં વધુ પડતું દુઃસાહસ કરી નાખ્યું. આશુને લાગ્યું કે મેં આખીય વાતને બરાબર સાંભળી.

'પણ આ બધા પછી એણે પોતાનો નિર્ણય કહ્યો કે નહીં ?' રમણે પૂછ્યું.

'ના, અને આજે એ ગેરહાજર હતી.' મેં કહ્યું.

'જોયું ? દુઃસાહસ, તને ટાળવા માટે એ કૉલેજ ન આવી.'

'મને ટાળવા માટે ?'

શૈલેષે ખભા ઉછાળ્યા.

'સારું થશે. જો તું જવાબ મેળવી લે.' રમણે કહ્યું.

'સારું થશે. જો તું એની સાથે કંઈક કરે.' શૈલેષે કહ્યું. દરેક જણ શાંત થઈ ગયું.

'શું કરું ?' મેં પૂછ્યું. છોકરાઓ જોરથી હસી પડ્યા.

'તમે લોકો માનસિક બીમાર છો.'

'એ તને વાપરી રહી છે. બીજો કોઈ છોકરો મળે ત્યાં સુધી ટાઇમ પાસ કરે છે.' શૈલેષે ટૂથપિક વડે દાંત ખોતરતાં કહ્યું.

'શૈલેષની વાત પર ધ્યાન ન આપીશ. તપાસ કર કે એ કેમ નહોતી આવી ? મેસેજ કર.' આશુએ કહ્યું.

'હું કરું મેસેજ ? એ મને આજે જવાબ આપવાની હતી.' મેં કહ્યું.

આનો જવાબ છોકરાઓએ પણ ન આપ્યો. જમ્યા પછી હું મારી રૂમમાં આવ્યો. હવે મારી પાસે મોબાઈલ હતો. ભલે ખર્ચ થતો હતો, પણ કોઈ કોઈ વાર હું રિયાને ફોન પણ કરતો હતો.

મેં મેસેજ લખ્યો. આજે કૉલેજમાં તું દેખાઇ નહીં. બધું બરાબર તો છે ને ?

મેં મેસેજ ભૂંસી નાખ્યો અને ત્રણવાર ટાઇપ કર્યો. આખરે મેં મેસેજ મોકલ્યો.

જીવનમાં તમારા મેસેજના જવાબની રાહ જોવી એ ખરાબમાં ખરાબ રાહ જોવાનો પ્રકાર છે. લગભગ કલાક સુધી રિયાએ જવાબ ન આપ્યો. મને જાણે અઠવાડિયું થઈ ગયું હોય એમ લાગ્યું. કલાક પછી એનો એ મેસેજ મેં ફરી મોકલ્યો. જો કે એની મારી ઉતાવળ અને નિરાશા કરતાં મેસેજ બે વાર ડિલિવર થાય એમ ગણાઈ જાય એ વધુ સારું હતું. ખરું છે નહીં ? મિત્રતા જ્યારે પ્રેમ તરફ આગળ વધતી હોય ત્યારે દરેક મેસેજમાં ધ્યાન રાખવું જરૂરી હોય છે અને સ્ટ્રેટેજી ઘડવી જરૂરી હોય છે. બીજો મેસેજ પણ એરટેલની બેવકૂફીને કારણે ગયો એમ માની લેવાનું હતું.

બીજા કલાક સુધી રિયાએ જવાબ ન આપ્યો. મને એને ફોન કરવાની ઇચ્છા થઈ આવી. હું જાણે તૂટી ગયો. મેં એને પ્રપોઝ કરેલું. કમ સે કમ એણે મને જવાબ તો આપવો જોઈએ.

મને ડર પણ લાગ્યો. એ ના પાડશે તો શું ? કદાચ એનું મૌન ના સૂચવતું હતું. એ મારી સાથે વાત કરવાનું બંધ કરી દેશે તો શું ? મને ચિંતા થવા લાગી. મને એમ થઈ ગયું કે એને

પ્રપોઝ કરીને મેં મારા જીવનની મોટામાં મોટી ભૂલ કરી નાંખી છે.

મેં એને ફોન કરવાનો નિર્ણય કર્યો. લગભગ છ વાર મેં એનો નંબર ટાઇપ કર્યો પણ મોબાઈલનું કોલ કરવાનું ગ્રીન બટન મેં દબાવ્યું જ નહીં. મારામાં હિંમત જ નહોતી.

મારા ફોનમાં બીપ અવાજ આવ્યો. નવો મેસેજ આવ્યો હતો. ઇનબૉક્સ ખોલતાં ખોલતાં મારું દિલ જોરથી ધડકી રહ્યું હતું.

હું માંદી છું. વાઈરલ ફીવર. ઘરે આરામ કરું છું.

મને હાશ થઈ. એણે નોર્મલ, નુકસાન ન પહોંચે એવો વળતો સંદેશો મોકલ્યો હતો. મારે એને પ્રપોઝલના જવાબ વિષે પૂછવું હતું પણ આ ખરાબ સમય હતો. હું નિર્ણય નહોતો લઈ શકતો ને એમ જ ઊભો રહી ગયો હતો. સાલું છોકરીઓ સાથે કઈ રીતે વાત કરવી એવો વિષય ભણવામાં કેમ નહીં આવતો હોય ?

ગેટ વેલ સૂન, મનમાં ઘણાં બધાં પૃથક્કરણ અને આલોચના પછી મેં એને મેસેજ કર્યો.

થેંક્સ, એણે લખ્યું.

મિસ યુ, મેં ટાઇપ કર્યું ને વધુ કંઇ વિચારું એ પહેલા મેસેજ મોકલી દીધો.

એક મિનિટ માટે એણે જવાબ ન આપ્યો. મને દાયકા જેવો સમય લાગ્યો. આ શું મેં ફરી કોઈ ગડબડ કરી નાખી ? શું આ કહેવા જેવું નહોતું ?

તો પછી અહીં આવ. મને આનંદમાં લાવ.

આ સંદેશાને કારણે મારા ચહેરા પર હજજારો ગુલાબની પાંખડીઓ પડી રહી હોય એમ મને લાગ્યું. મેં મારું ટાઇમટેબલ જોયું. ન ચૂકી શકાય એવા અગત્યનાં ચાર લેક્ચર હતાં. હું જઈ શકું એમ નહોતો.

કલાકમાં મળું છું. મેં લખ્યું. લેક્ચર્સ રાહ જોઈ શકે, પ્રેમ નહીં.



૧૦

મેં રિયાના બેડરૂમનો દરવાજો ખખડાવ્યો. એનો રૂમ ઘરના પહેલા માળ પર હતો.

'અંદર આવ, માધવ', રિયાએ કહ્યું અને નાક લૂછ્યું. 'તારી માંદી મિત્રને મળ.'

પલંગને ટેકે પગ લાંબા કરીને એ બેઠી હતી. પિન્ક કલરના ટપકાંવાળો વ્હાઇટ નાઈટડ્રેસ એણે પહેર્યો હતો. એ માંદી કરતાં કોઈ કેન્ડી જેટલી ક્યુટ લાગતી હતી. વાઇરલ ફિવર જાણે એના માટે યોગ્ય હતો.

'ઊભો રહે, ફરી પાછો આવો. મારે મોઢામાં થર્મોમીટર સાથે બેસવું જોઈએ.' એણે કહ્યું .

હું હસ્યો અને પલંગ નજીક આવેલી ખુરશી પર બેઠો.

'હવે કેમ લાગે છે ?' મેં પૂછ્યું.

એ એક તરફ ઝૂકી અને પલંગ નીચે જોયું. ત્યાંથી એણે ગિટાર કાઢી. એણે એકવાર ગિટારનો સૂર છેડ્યો અને ગાવા લાગી.

ખરાબ લાગે છે, સખત ખરાબ લાગે છે. મને આલિંગનની જરૂર છે.'

મેં એની તરફ આશ્ચર્યથી જોયું.

'કારણ કે મને ખબર છે, આ એક જ દવા છે.'

મારા આશ્ચર્યચકિત ચહેરા સામે જોઈ એણે આંખ મિંચકારી. ભલે એણે ગમત ખાતર ગાયું હોય છતાં મને એનો અવાજ ગમ્યો અને ગીતના ગાંડાઘેલા શબ્દો ગમ્યા.

'હા, હા, મને ખરાબ લાગે છે. હું ગાઉં છું પણ ખરાબ.' એણે કહ્યું.

'ના જરાય નહીં, તું સારું ગાય છે.'

એ હસી પડી અને એણે ગિટાર બાજુમાં મૂકી દીધી. એણે એના હાથ પહોળા કર્યા.

'શું ?' મેં પૂછ્યું.

'મેં કહ્યું મને આલિંગનની જરૂર છે.'

વિચિત્ર છે નહીં, કોઈ સ્ત્રી અધિકારની રીતે શારીરિક સ્નેહની માગણી કરી શકે પણ પુરુષ નહીં. કોઈ પાળતુ પ્રાણીની જેમ હું ઊભો થયો અને નીચા નમીને એને હળવું આલિંગન આપ્યું.

'તને તાવ નથી.' જેવો હું એને સ્પર્શ્યો કે મેં એને કહ્યું. હકીકતે, એનું શરીર ઠંડું હતું.

'થોડા કલાકો પહેલાં તાવ હતો. પછી હું સૂઈ ગઈ અને હવે જરાક ઠીક છું.'

'તું ઠીક છે.'

એણે મોં બનાવ્યું, 'હું માંદી છુ, મારી સંભાળ લે.' એણે નાની છોકરી જેવા અવાજમાં

કહ્યું.

મને લાગ્યું કે એ સારા મૂડમાં છે. મેં મારા મનમાં છેલ્લા ૨૪ કલાકથી ચાલતી મૂંઝવણને વાચા આપી.

'તેં મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો.' મેં કહ્યું.

'ક્યો ?'

'મારી પ્રપોઝલનો.'

'બેબી, તું આવું શું કામ કરે છે ?'

'આ વાત હું પણ તને કહી શકું.'

એક ક્ષણ માટે અમારી આંખો મળી. હું એને ચુંબન કરવા આગળ વધ્યો. એ નીચે નમી ગઈ અને મારા હોઠ એના કપાળ પર અથડાયા.

'શું ?' મેં પૂછ્યું.

'બહુ સરસ, મને કોઈ કપાળ પર ચુંબન કરે એ બહુ ગમે,' એણે કહ્યું.

મેં હળવાશથી એની દાઢી પકડી અને ચહેરો ઊંચો કર્યો. અમારી આંખો ફરી મળી. હું ફરી એને ચુંબન કરવા આગળ નમ્યો.

એણે ઝાટકા સાથે પોતાનો ચહેરો ફેરવી લીધો.

'શું બેબી ?' મેં કહ્યું. જો એ મને બેબી કહી શકતી હોય તો હું પણ કહી જ શકું.

'ના, માધવ ના.'

'કેમ માધવ ?'

'નહીં, મને અસુવિધા થાય છે.'

'આપણે અગાઉ પણ ચુંબન કર્યું છે.'

'હા, ઓ કે, કર્યું છે પણ મેં આ વિષે વિચાર્યું છે અને હવે મારે એવું નથી કરવું.'

'તારે મારી સાથે નથી રહેવું ?'

'મેં એવું નથી કહ્યું.'

'તું મારી ગર્લફ્રેન્ડ છે ?'

'ના'.

'તો આપણે શું છીએ ?'

'ફ્રેન્ડઝ ?'

'તારા ફ્રેન્ડઝ તને આ રીતે સ્પર્શે એવું તું ચલાવી લે છે ?'

હજુ મેં એને પકડી રાખી હતી. એ હળવેથી બાજુ પર ખસી.

'ઓ કે, હું તારી હાફ ગર્લફ્રેન્ડ છું.'

'હા, હું તારી ઘણી નજીક છું, આપણે મોટા ભાગનો સમય સાથે પસાર કરીએ છીએ. આપણે એકબીજાને વ્હાલથી વળગીએ છીએ, પણ એથી વધું કશું જ નહીં.'

'વધુ નહીં ? શું વધુ ?'

'તું જાણે છે વધુ શું હોય ?'

દરવાજા પર ટકોરા સંભળાયા.

'નોકરાણી હશે. તું પ્લીઝ ખુરશી પર બેસશે ?' એણે પૂછ્યું હું ફરી મારી જગ્યા પર બેસી ગયો. નોકરાણી ટ્રેમાં ઓરેન્જ જ્યુસના બે ગ્લાસ લઈને દાખલ થઈ. મેં અને રિયાએ એક એક ગ્લાસ લીધો. શાંતિથી અમે અમારો જ્યુસ પીતાં રહ્યાં.

મને આશ્ચર્ય થતું હતું કે હાફ ગર્લફ્રેન્ડ કહેવા પાછળ એનો આશય શું હશે ? અત્યારે જ્યારે મારે મારા સલાહકાર મિત્રોની જરૂર હતી ત્યારે એ ક્યાં હતા ?

'તું શું કહેતી હતી ? હાફ ?' નોકરાણી ચાલી ગઈ પછી મેં પૂછ્યું.

એણે ડોકું ધુણાવ્યું. એના મનમાં જે હતું એ બાબતે એ સ્પષ્ટ હતી.

'એટલે આપણે દોસ્ત કરતાં વધુ છીએ ?'

'હા, સામાન્ય દોસ્તો કરતાં વધુ.'

'એટલે મારાથી તને કિસ ન કરાય ?'

'તું તો કિસની પાછળ ગાંડો જ થઈ ગયો છે. તારા માટે શું છું હું ? હોઠની એક જોડ ?'

એણે એનો ઓરેન્જ જ્યૂસ પૂરો કર્યો. એના ઉપરના હોઠ પર ઓરેન્જ રંગની પાતળી મૂછ દેખાતી હતી. મને એ ઓરેન્જ મૂછ પણ ચૂમવાની ઇચ્છા થઈ આવતી હતી.

નોકરાણીએ ફરી ટકોરા માર્યા. વિશાળ ફૂલોનો બુકે લઈને એ અંદર આવી. એમાં ત્રણેક ડઝન જેટલાં મોટાં ગુલાબનાં ફૂલો હતાં. બધાં ગુલાબોને સિલ્કની પાતળી રિબન વડે અંદર અંદર બાંધ્યાં હતાં.

'વાઉ', રિયા બોલી ઊઠી. 'કોણે મોકલ્યાં ?' તેં ?'

મેં માથું ધુણાવ્યું. આટલાં મોંઘાં ફૂલો તો મને પોસાય પણ નહીં.

નોકરાણીએ પલંગની બાજુના નાનકડા ટેબલ પર ફૂલો ગોઠવ્યાં અને ચાલી ગઈ. 'રોહને મોકલ્યા છે,' રિયાએ ફૂલો સાથે બાંધેલું ગેટ વેલ સૂનનું કાર્ડ વાંચતાં કહ્યું.

'એ લંડનમાં નથી ?'

'છે ને, પણ અહીં એના સંપર્ક ખરા ને ?'

'તું એના સંપર્કમાં છે ?'

'આહા, મારો હાફ બોયફ્રેન્ડ જરાક વધુ જ અસુરક્ષિત મહેસૂસ કરી રહ્યો છે ને કંઈ ?'

'હું માત્ર પૂછું છું.'

'હું કંઈ એના સંપર્કમાં નથી. ડેડે કહ્યું હશે કે હું માંદી છું.'

'એ તને ફૂલો શું કામ મોકલે છે ?'

'હવે એમ બહુ ઊંડો ન ઊતરીશ. એ હોટલ્સનો માલિક છે. આ બધું એના માટે સહેલું છે. એની સેક્રેટરીએ દિલ્હીની કોઈ હોટલમાં ફોન કરીને ફૂલો મોકલવા કહ્યું હશે.'

હું શાંત રહ્યો. મને કંઈ ખાલ નહોતો આવતો. કદાચ શ્રીમંત લોકો એક દેશથી બીજા દેશમાં વાઇરલ ફિવરમાં પીડાતી વ્યક્તિને ફૂલો મોકલી શકતા હશે. હું જવા માટે ઊભો થયો. એ મને બારણા સુધી મૂકવા આવી.

'તો, બધું બરાબર ? ' એણે પૂછ્યું.

મેં ડીકું ધુણાવ્યું. ખરેખર તો મને સમજાતું નહોતું મારે શું કહેવું. મારે મારા દોસ્તોની જરૂર હતી. અત્યારે જ...

*

મેં મારી સલાહકાર સમિતિને તાત્કાલિક મિટિંગ માટે બોલાવી. રુદ્રની બહાર લૉનમાં અમે બધા પગ પર પગ ચડાવીને બેઠા હતા. મેં રિયા સાથેની મારી વાતચીત, એને કિસ કરવાના મારા નિષ્ફળ પ્રયત્નો, એના વારંવારનાં આલિંગનો અને છેલ્લે અમારી વચ્ચે થયેલો સોદો-હાફ ગર્લફ્રેન્ડ- બધાની વાત કરી. જોકે મેં ફૂલવાળી વાત ન કરી. હું આખીય વાતમાં બીજી કોઈ વ્યક્તિને લાવવા નહોતો ઇચ્છતો.

'હાફ એ કંઈ ખોટું નથી. તું એને કઈ રીતે લે છે એની પર એનો આધાર છે.' આશુ બોલ્યો. 'અડધું ખાલીનો અર્થ અડધું ભરેલું પણ થાય.'

હું એદીની જેમ ઘાસ તોડતો હતો અને રાહ જોતો હતો કે મારી સલાહકાર સમિતિ એમની ટિપ્પણી પહેલાં કરે.

'બહુ ખરાબ, જો તું મને પૂછતો હોય તો;' શૈલેષ બોલ્યો.

'નિરાશાવાદી,' આશુ બોલ્યો.

'કાયમ ગ્લાસ અડધો ખાલી છે.'

'ના, જે પેલો અડધો ખૂટે છે એ અગત્યનો છે.' શૈલેષ બોલ્યો.

'રમણ ?' મેં પૂછ્યું.

રમણે ઊંડો નિશ્વાસ નાખ્યો. 'જો, છોકરી તને શારીરિક રીતે નજીક ન જ આવવા દે તો એ ચેતવણીજનક નિશાની છે.' રમણ બોલ્યો.

'ચેતવણીથીય વધુ ખરાબ છે,' શૈલેષ બોલ્યો. 'આ તો ૧૦૦૦ વોટના એમ્પિલિફાયરનો ઉપયોગ કરીને સૌથી મોટા વોલ્યુમ પર વાગતી ફાયરબ્રિગેડની સાઈરન છે. આમાં પડતો જ નહીં, સમજ્યો મિસ્ટર ડુમરાઉં ? એ તારી સાથે રમી રહી છે.'

'આશુ, તું પણ આવું માને છે ?' મેં પૂછ્યું.

એ જાડિયા, બિહારી અને મને હમેશા મદદકર્તા એવા છોકરાએ મારી આંખમાં જોયું.

'તને એ ગમે છે ?' એણે પૂછ્યું.

'હા,' મેં કહ્યું.

'તને એની પર વિશ્વાસ છે ?'

'મને એવું લાગે છે. જે રીતે એ વારંવાર ભેટતી હતી અથવા જે રીતે એણે મને ઘરે બોલાવ્યો અથવા જે રીતે એના નાઈટડ્રેસમાં મારી સામે બેઠી હતી. મને ખબર નથી પણ એનો કોઈક અર્થ તો છે, ખરું ને ?'

'તારું મન શું કહે છે ?'

'મારું મન સાલ્લું ગૂંચવાઈ ગયું છે. એટલા માટે તો હું તમને પૂછું છું.'

નિર્ણય ન લઈ શકતી સ્ત્રીનો કોયડો બુદ્ધિશાળી પુરુષોનું સૈન્ય પણ ઉકેલી ન શકે. મારા બિનઅનુભવી મિત્રોની સમિતિ પાસે શબ્દો નહોતા.

'ના પાડી દે. ગર્લફ્રેન્ડ થવું હોય તો પૂરેપૂરી અથવા જરાય નહીં.' શૈલેષ બોલ્યો.

'પૂરેપૂરી એટલે શું ?' મેં પૂછ્યું.

'પૂરેપૂરી એટલે એ તારી ગર્લફ્રેન્ડ જાહેરમાં પણ અને એકાંતમાં પણ.' રમણે કહ્યું.

મેં એમની સલાહ પર વિચાર કર્યો. એક તબક્કે એમની વાત અર્થપૂર્ણ હતી. પણ તકલીફ એ હતી કે જ્યારે હું રિયા સાથે રહેતો હતો એની પણ વાત અર્થપૂર્ણ જ લાગતી હતી.

'હું શું કરું ? એણે જ્યારે મને પૂછ્યું બરાબર ને ત્યારે મેં હા પાડી.' મેં કહ્યું.

'આ વાત પર વિચાર વિમર્શ નથી કરાયો, આ વાત કરવામાં આવી છે.'

'કઈ રીતે ?'

'એને તારી રૂમ પર બોલાવ.'

'અને પછી ?' મેં પૂછ્યું.

ત્રણેય છોકરાઓએ એકબીજાની સામે જોયું અને અર્થપૂર્ણ હસ્યા.

'અને પછી શું ?' મેં પૂછ્યું.

'બિહારીઓને ગર્વ અપાવ.' રમણે કહ્યું અને મારો ખભો દબાવ્યો.



૧૧

અમે માંડ દસેક મિનિટ પ્રેક્ટિસ કરી હશે કે એને પેટમાં દુખવા માંડ્યું. એણે પોતાનું પેટ દબાવ્યું અને રમત રોકવા ઇશારો કર્યો.

‘વાઇરલ ફિવર પછી હજુ હું સંપૂર્ણ રીતે સાજી નથી થઈ’, એણે કહ્યું.

એ કોર્ટની બહારની તરફ ગઈ અને જમીન પર બેસી પડી. એણે પોતાનો ચહેરો બંને હાથમાં છુપાવી દીધો.

‘મારે થોડો આરામ કરવો જોઈએ, અને મને આમાં ઠંડી પણ લાગે છે.’ એણે પોતાની લાલ શોર્ટસ તરફ ઈશારો કરતાં કહ્યું. એની શોર્ટસ માંડ એની જાંઘને છુપાવી શકે એટલી ટૂંકી હતી.

‘તારે મને કહેવું જોઈએ ને, આપણે આજે ન રમત.’ મેં કહ્યું.

‘હું ઠીક થઈ જઈશ.’ એણે ચહેરા પરથી હાથ હટાવ્યો અને મારી સામે હસી.

સલાહકાર સમિતિએ રિયાને રૂમમાં લઈ જવાનું કહ્યું એ વાતને અઠવાડિયું થઈ ગયેલું. ‘બિહારને ગૌરવ અપાવ, નહીં તો તું કંઈ કામનો નથી.’ આખું અઠવાડિયું તેમણે મને કહ્યા કરેલું આજે મારી પાસે તક હતી.

‘તારે મારી રૂમમાં આરામ કરવો છે ?’ મેં પૂછ્યું.

‘ઘૂસણખોરી ?’

મેં શાંત રહેવાનો દેખાવ કર્યો. ‘હા, તું આરામ કરજે. હું ભણીશ અથવા જો તને ઠીક ન લાગતું હોય તો રૂમની બહાર ચાલ્યો જઈશ.’

‘તારે તારી રૂમમાંથી બહાર જવાની કંઈ જરૂર નથી.’ એ ઊભી થઈ.

એણે કહ્યું મારે રૂમની બહાર જવાની જરૂર નથી. એનો અર્થ એ કે એણે મારી સાથે રૂદ્ર પર આવવા સંમતિ દર્શાવી હતી. આમેય છોકરીઓ સીધેસીધું કંઇ કહેતી નથી હોતી. તમારે જાતે જ વિશ્લેષણ કરીને જવાબ શોધવો પડે છે, ત્યારે જ ખબર પડે કે એમના મનમાં શું ચાલી રહ્યું છે.

*

હું ફરી ચોરીછૂપી એને રૂદ્રમાં લઈ ગયો. જેવું મેં મારા રૂમનું બારણું બંધ કર્યું કે મને થયું કે એ ક્ષણ આવી ગઈ છે. બિહારને ગર્વ અપાવ, તારી જાતને ગણતરીમાં લેવાય એવું કર. હું મારા મનમાં ફરી ફરીને બોલી રહ્યો હતો.

રિયા પલંગ પર પગ લાંબા કરીને બેઠી હતી.

‘આડી પડ’ મેં કહ્યું.

'હું એવી માંદી નથી. ફક્ત આરામ કરવાની જરૂર છે.' રિયા બોલી અને હસી. 'હું જોઈ રહી છું કે તારો રૂમ એકદમ ચોખ્ખો છે.'

'પણ તારા રૂમ જેટલો ભવ્ય નથી.'

'એ રૂમ મારા ડેડના ઘરનો છે. તને ખબર નથી, મને તારી જેમ હોસ્ટેલમાં રહેવાનું કેટલું મન છે ?'

'એય, તારે કપડાં બદલવાં છે ?' મેં વિષય બદલતાં કહ્યું, 'તું કહેતી હતી તને ઠંડી લાગતી હતી.'

એના થેલામાં કપડાંની જોડ હતી.

'ક્યાં બદલું ? હું અહીંનો બાથરૂમ ન વાપરી શકું.'

'તું અહીંયાં બદલી શકે.'

'હા હા હા, બહુ સારો પ્રયત્ન છે મિસ્ટર.'

'હું એમ કહેતો હતો કે તારે કપડાં બદલવાં હોય તો હું બહાર જઉં.'

'એમ, સાચ્ચે ? બહુ સજ્જન.'

એના ટોણાને અવગણતાં હું શીખી ગયો હતો. મેં ખભા ઉછાળ્યા.

'હું આ કપડાંમાં બરાબર છું', એણે કહ્યું.

'હું નથી' મેં કહ્યું.

'કેમ ?'

'આ ટૂંકી ચડ્ડી. મારું ધ્યાન તૂટી જાય છે.'

'આ લાલ શોર્ટ્સ ?'

'અં, ચોક્કસપણે કહું તો તારા પગ. આ ચડ્ડી તારા પગને ઢાંકવા માટે અસમર્થ છે.'

રિયા માટેથી હસી પડી. એણે રજાઈ લીધી અને પોતાના પગ ઢાંકી દીધા.

'આ જો, બરાબર છે મિસ્ટર ? હવે શું ? તારે ભણવું છે ?'

ધત તેરીકી, મેં સામેનું દૃશ્ય ખોઈ નાખ્યું હતું.

'હા, તારે આરામ કરવો છે ને ?'

'હા', રિયાએ જવાબ આપ્યો અને મોં દબાવીને હસી પડી.

'શું ?'

'એમ લાગ્યું કે કંઈક ફરી થશે.'

'હાસ્તો', મેં કહ્યું અને ફર્યો. હું ખુરશી પર બેઠો, ટેબલલેમ્પ ચાલુ કર્યો અને સોશિયોલોજીની ચોપડી ઉઘાડી.

રિયા પલંગ પર બેઠી રહી હતી. હું જે રીતે એ જે છે એમ જ એને લાગવા દેતો હતો, એનાથી એને આશ્ચર્ય પણ થતું હતું અને મૂંઝવણ પણ થતી હતી. થોડી વાર પછી એ પથારીમાં આડી પડી.

'તું શું ભણે છે ?' આંખ બંધ રાખીને જ એણે પૂછ્યું.

‘૨૦ મી સદીની શરૂઆતમાં સામાજિક બળવો.’

‘તારા માર્ક્સ કેવા આવે છે ?

‘ખરાબ નહીં, જો કે હું પહેલો પણ નથી આવતો.’

હું ફરી ચોપડી વાંચવા માંડ્યો.

‘ગ્રેજયુએશન પછી તારે શું કરવું છે ?’ એણે પૂછ્યું. છોકરીઓની અવગણના કરો, ને એ પણ પાઠ્યપુસ્તક માટે-એ વાત તો એ સહન જ કઈ રીતે કરી શકે ?

‘મેં તને પચાસ વાર કહ્યું હશે. થોડાં વર્ષો દિલ્હીમાં કામ કરીશ અને પછી પાછો ડુમરાઉં.’

‘હમ્મ’, એણે કહ્યું. એની આંખો હજુ બંધ હતી. એ પેલાં પંચાતિયા માણસો જેમ વર્તતી હતી જે લોકો તમારા જવાબને માત્ર હમ્મથી ફગાવી દેતા હોય છે.

‘મને ભણવા દે રિયા. તું પણ આરામ કર.’

મારી પાસે એવી કોઈ યોજના નહોતી, પણ મને અંદરથી એવો ખ્યાલ હતો ખરો કે મારે આગળ કઈ રીતે વધવું. પહેલેથી જ બહુ રસ નહીં દાખવતો, નહીં તો એ ભાષણ માંડશે.

મારા શુષ્ક જવાબોથી એને આશ્ચર્ય થતું હતું. એ જેટલી વાર વાતો કરવાની કોશિશ કરતી હતી, હું એને ચૂપ કરી દેતો હતો. આખરે એ શાંત થઈ ગઈ.

‘હું થાકી ગયો છું’ અડધા કલાકની શાંતિ પછી હું બોલ્યો.

‘હું સૂઈ ગઈ છું, ડિસ્ટર્બ નહીં કર.’ એ બોલી. હવે ભાવ ખાવાનો એનો વારો હતો.

‘મારે પણ સૂઈ જવું છે.’

‘ત્યાં જ રહે. હું દર્દી છું અને દર્દી આરામ કરે છે.’ હસવાનું સંતાડતાં એ બોલી.

મેં મારી ચોપડી બંધ કરી. હું પલંગની એક બાજુ પર બેઠો.

‘રિયા’, કોમળ અવાજે મેં કહ્યું.

સૂઈ ગઈ હોય એમ એણે જવાબ ન આપ્યો. મેં એની રજાઈ ઊંચી કરી. એની ટૂંકી શોર્ટસ થોડી વધુ ઉપર ચડી ગઈ હતી. એના સુંદર પગ સામે હું તાકી રહ્યો. પ્રતિભાવ રૂપે તરત જ એણે રજાઈ પાછી ઓઢી લીધી. છોકરીઓને ઊંઘમાં પણ ખબર પડી જાય છે કે કોઈ એમને તાકી રહ્યું છે. મેં એની બાજુમાં લંબાવ્યું. એના શરીરનો જરા જેટલો ય સ્પર્શ ન થાય મેં ખ્યાલ રાખ્યો. એની રજાઈનો એક છેડો મેં ઓઢ્યો - અને આંખો બંધ કરી.

બે મિનિટ સુધી અમે એમ જ શાંત પડ્યાં રહ્યાં. એ પડખું ફરી. એનું નાક મારા જમણા ખભાને અડ્યું. એના હાથ મારી કોણીને અડ્યા. આંખ બંધ રાખીને પણ હું એની ઉષ્મા અનુભવી શકતો હતો. જાણે ઊંઘમાં જ હોઉં એમ હું એની તરફ પડખું ફર્યો. સ્વાભાવિક રીતે જ મેં મારો ડાબો હાથ એની ઉપર મૂક્યો. એણે વિરોધ ન કર્યો. મારો ડાબો હાથ એના લાંબા વાળને સ્પર્શ્યો. એનું નાક હવે મારી છાતી પાસે હતું અને એના ધીમા શ્વાસોચ્છવાસ હું અનુભવી શકતો હતો. મેં મારો હાથ એની પીઠ નીચે સરકાવ્યો અને મારી તરફ ખેંચી.

એ ઊંઘતી રહી અથવા ઊંઘવાનો દેખાવ કરતી રહી.

મેં એના પગ ઉપર મારો પગ મૂક્યો. મારું અત્યાર સુધીનું સૌથી વધુ સાહસિક પગલું. એના પગની લીસી, સુંવાળી ત્વચાનો મને સ્પર્શ થયો. મારા શરીરમાં જાણે વીજળી દોડી ગઈ.

એને ચુંબન કરવાની મારી ઇચ્છાને મેં દબાવી રાખી. મેં મારો હાથ નીચે પીઠ નીચે વધુ સરકાવ્યો. એની કમરના નીચલા ભાગ સુધી મારો હાથ પહોંચે એ પહેલાં એના અવાજે મને ચોંકાવી દીધો.

'મિસ્ટર જહા,' એ બોલી.

'યસ, મિસ સોમાણી.'

'આને ઊંઘવું ન કહેવાય.'

'તું સૂઈ શકે છે.'

'એમ ? તું આખો મારી ઉપર આવી જાય પછી હું કઈ રીતે સૂઈ શકું ?'

હું હસી પડ્યો. મેં એને નજીક ખેંચી અને ચહેરો ઊંચો કર્યો. મેં એને ચુંબન કરવાનો પ્રયત્ન કર્યો પણ એ ફરી ગઈ.

'કાબૂ રાખ તારી પર, માધવ' એ બોલી.

એણે પોતાની જાતને છોડવવાનો પ્રયત્ન કર્યો. મેં ન જવા દીધી.

'કેમ ?' મેં પૂછ્યું.

'કારણ કે આપણે આવું નક્કી કર્યું હતું.'

'પણ કેમ ?'

'બસ એમ જ, ઓહ માય ગૉડ, તું તો....માધવ મને જવા દે.'

'રિયા, અહીં આવ.'

'ના.'

'પ્લીઝ... મને કિસ કરવા દે.'

'ના.'

'તારે કરવા દેવી પડશે.'

'તારે કરવા દેવી પડશે એટલે શું ?' એણે કહ્યું.

એ પલંગ પર બેઠી હતી. એણે મારી સામે જોયું. એ અક્કડ બેઠી હતી. જોકે આ સમયે

હું ફક્ત મારી લાગણીઓનો જ વિચાર કરતો હતો. આ રાહ જોવાની રમત હું ખાસ્સી વાર સુધી રમ્યો હતો. હવે મને એનાં પરિણામ મેળવવામાં રસ હતો.

'તારો પ્રોબલેમ શું છે ?' મેં પૂછ્યું.

'તારો પ્રોબલેમ શું છે ? હું કંઈ તારી મર્દાનગીને પોષવા માટે નથી આવી.'

'મેં એવું કહ્યું જ નથી.'

'તો પછી આપણે જે નક્કી કર્યું છે એને તું વળગી કેમ નથી રહેતો ? કંઈ શારીરિક નહીં, માત્ર દોસ્તી.'

'એનાથી કામ નહીં ચાલે...'

'ઓ કે, તો આપણે દોસ્ત પણ નહીં રહીએ,' હું જવાબ ન આપી શક્યો. ચતુરાઈભર્યા જવાબો અને નિપુણ યોજનાઓ મારી પાસે ખલાસ થઈ ગયાં હતાં. એ ઊભી થઈ, કપડાં

ઠીકઠીક કર્યાં અને એનો થેલો લઈ જવા તૈયાર થઈ ગઈ.

મારી ઇચ્છાઓ સાથે હવે ગુસ્સો પણ ભળ્યો. મેં એનો હાથ પકડ્યો.

'તું આ રીતે મારી સાથે ન રમી શકે. હું તારું રમકડું નથી.'

'રમકડું ?'

'કોઈ બીજું ન મળે ત્યાં સુધી તું મારો ઉપયોગ કરી રહી છે.'

'જે સમજવું હોય તે સમજ. તું મારો ઉપયોગ કરી રહ્યો છે. એક સાચી દોસ્તીને બરબાદ કરી રહ્યો છે. બાય.'

મેં એને નજીક ખેંચી. એ પલંગ પર મારી બાજુમાં બેઠી.

'આ સાચી દોસ્તી નથી. મને સંતોષ નથી.'

એણે જવાબ ન આપ્યો.

હું એને ચુંબન કરવા ઝૂક્યો. એણે ફરી પોતાનો ચહેરો ફેરવી લીધો.

'એક વાર.'

'ના.'

'પ્લીઝ...'

'મેં ના પાડી ને !' મક્કમ અવાજે એ બોલી.

'મારી હદ આવી ગઈ છે, રિયા', મેં એનો ખભો પકડ્યો.

'માધવ, મેં તારું આ રૂપ જોયું જ નથી. તું મારી પર શારીરિક બળનો પ્રયોગ કરે છે.'

'મારે કંઈક કહેવું છે.'

'શું ?'

આવતી હોય તો આવ નહીં તો ચાલતી પકડ...'

'શું ?'

મેં ભયંકર પ્રકારની બિહારી હિન્દીમાં આમ કહ્યું હતું. મારો મતલબ હતો, મને અત્યારે જ પ્રેમ કરવા દે અથવા અહીંથી ચાલી જા. મેં ખુલ્લમખુલ્લા અંગ્રેજી શબ્દો વાપર્યા હોત તો ય સારું હતું.

મને ખબર નહોતી કે એ દિવસે મને શું થઈ ગયેલું. કદાચ હું રાહ જોઈ શકું એમ નહોતો. કદાચ હું ડરેલો અને અસુરક્ષિત હતો. મોટાભાગે તો હું ડુમરાઉંથી આવેલા મૂર્ખ બિહારી જેવો હતો જેનો જંગલી, પાશવી સ્વભાવ એ દિવસે સપાટી ઉપર આવી ગયો હતો. હું કેટલું ગંદું બોલ્યો હતો એનું મને ભાન થયું. મેં વાત વાળવા પ્રયત્ન કર્યો.

'તું હમણાં શું બોલ્યો ?'

'કંઈ નહીં, સાંભળ, હું તો માત્ર...'

મેં એનો હાથ છોડી દીધો. હું મારા વિચારોને એકઠા કરી શકું એ પહેલાં તો રિયાએ પોતાની વસ્તુઓ એકઠી કરી લીધી અને ચાલી નીકળી.

*

એણે મારા ફોન ઉપાડવાના બંધ કરી દીધા. મારા ૨૭માંથી એક પણ મેસેજનો એણે

જવાબ ન આપ્યો. દરરોજ સવારે કૉલેજના ઝાંપે હું એની રાહ જોતો. એ એની બીએમડબલ્યુમાંથી ઊતરતી. મને સંપૂર્ણપણે અવગણતી અને ઝડપથી એના કલાસરૂમમાં ચાલી જતી.

રિસેસ વખતે એ એની બહેનપણીઓથી ઘેરાયેલી રહેતી. જ્યારે હું કાફેટેરિયામાં એની નજીક જવા પ્રયત્ન કરતો ત્યારે એ ફોન પર વાતો કરવાનો દેખાવ કરતી.

'એ જરા વધુ પડતું હતું' શૈલેષે કહેલું. મેં દોસ્તોને મારા રૂમમાં મને મળેલી હાર વિષે જણાવ્યું હતું. બહુ રસથી એ લોકો સાંભળતા હતા, એમને હતું કે આખીય વાતમાં ઉત્તેજના હશે, એના બદલે એમણે સંપૂર્ણ નિષ્ફળતાની વાત સાંભળી હતી. જ્યારે મેં 'આવતી હોય તો...' - રિયાને કહેલું વાક્ય સંભળાવ્યું, ત્યારે તો જાડી ચામડીના મારા એ દોસ્તો પણ શરમાઈ ગયા. અમે અંદર અંદર ક્યારેક ગંદી વાતો કરતા હોઈએ છીએ પણ કોઈ છોકરી સાથે આ રીતે ક્યારેય વાત નથી કરી. ને મેં મૂરખે આવું એ છોકરીને કહ્યું હતું જેને હું પ્રેમ કરતો હતો, જેની પૂજા કરતો હતો અને આખાય વિશ્વની પણ સ્ત્રી કરતાં વધુ માન આપતો હતો.

'આ મુસીબતનું નિવારણ પહેલાં કર, પછી તું આ નિકટતા ફિકટતા વધારજે.' આશુએ કંઈક ચિડાયેલા અવાજમાં કહ્યું હતું.

મેં મુસીબત નિવારવા પ્રયત્ન તો કર્યો હતો. પણ રિયા મને મળતી જ નહોતી. હું નિ:સહાય હતો. એનો પીછો કરવા સિવાય મારી પાસે કોઈ રસ્તો નહોતો. મારે એની સાથે એકાંતમાં વાત કરવી હતી. મેં મારી જાતને હિંદીમાં ન બોલવા માટે સોગંદ આપ્યા હતા - સિવાય કે અશિષ્ટ રીતે એવા શબ્દો જાતે આવી ચડે.

આખરે હું એને એકલી શોધી શક્યો. લાઇબ્રેરીમાં પાઠ્યપુસ્તકમાં મોં ખોસીને એ એકલી બેઠી બેઠી યુરોપિયન સાહિત્યનો ઇતિહાસ વાંચતી હતી. એણે રેડ એન્ડ વ્હાઇટ સલવાર કમીઝ પહેર્યાં હતાં અને સાથે કાળા રંગની બુટ્ટી.

'રિયા', હું ધીરેથી બોલ્યો.

જગ્યા બદલવા માટે એ ઊભી થઈ ગઈ.

'બસ માત્ર બે જ મિનિટ', મેં લગભગ ભીખ માંગી.

એણે મારી અવગણના કરી વિધાર્થીઓથી ભરેલા બીજા ટેબલ તરફ ચાલી ગઈ. હું ત્યાં એની સાથે વાત ન કરી શક્યો.

'હું બહાર રાહ જોઉં છું.' હું બોલ્યો. દસ છોકરાઓએ મારી સામે જોયું, નવાઈ પામીને. રિયા એનું એ જ પાનું વાંચતી રહી.

લાઇબ્રેરીની બહાર મેં અઢી કલાક સુધી રાહ જોઈ. એણે જ્યારે મને જોયો ત્યારે એ બીજી તરફ ચાલવા લાગી.

'બે મિનિટ' મેં એની પાસે દોડતા જઈને કહ્યું.

'મારે તારી સાથે વાત જ નથી કરવી – જરાય નહીં, સમજ્યો ?'

'હું તારી પાછળ પાછળ ચાલ્યા કરીશ. કદાચ વાતો પણ કરું.'

એણે મારી સામે તાકીને જોયું અને સ્થિર ઊભી રહી. એના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ હતી.

'તારો સમય હવે શરૂ થાય છે.' એ બોલી.

'સાંભળ, આઈ એમ રિયલી રિયલી સૉરી.'

એને અદબ વાળી. એના હાથમાં હજુ પાઠ્યપુસ્તક હતું.

'તારો સમય ન બગાડીશ. સૉરીથી કંઈ વળવાનું નથી.'

'મારો એ અર્થ નહોતો.'

'તેં એવું કહ્યું જ શું કામ ? તને ખબર છે, એનાથી મને કેવું લાગ્યું ?' એણે મારી આંખમાં જોયું. હું બાજુ પર જોઈ ગયો. 'હું બહુ જ શાંત પ્રકારની છોકરી છું. લોકો સાથે ખૂલીને વાત કરવામાં ય મને પ્રશ્નનો નડે છે.'

'મેં તારી પર વિશ્વાસ મૂક્યો અને તું...' એણે પોતાનો નીચલો હોઠ દાબ્યો.

'હું તો માત્ર...'

'હું તો શું ? તેં જ મને કહ્યું હતું. હું ભલે એટલું હિંદી જાણતી નથી પણ હું સમજી શકી હતી, માધવ' એણે કહ્યું અને મોં ફેરવી લીધું, પછી એણે જાણે પોતાની જાતને કહ્યું, 'મારી બહેનપણીઓએ મને તારી વિરુદ્ધ ચેતવણી આપી જ હતી.'

'હું તને ચાહું છું, રિયા.'

'હા, બરાબર છે. શું અદ્ભુત રીત હતી તારો પ્રેમ દર્શાવવાની.'

'હું ગુસ્સામાં બોલી ગયેલો.'

'એક વાત સ્પષ્ટ કરી દઉં, મેં ક્યારેય તારી સાથે એવી હલકી ભાષામાં વાત નથી કરી. મેં તને મારા વિશ્વમાં આવવા દીધો. આપણી વચ્ચે કંઈક વિશિષ્ટ સંબંધ હતો.'

'હજી પણ છે.'

'ના, નથી. તું જો મારી સાથે આ રીતે વાત કરી શકતો હોય તો તારા મનમાં તો તું મારા માટે શું વિચારતો હોઈશ ?'

'હું તારી નજીક આવવા ઇચ્છતો હતો, ક્યારેય તને જવા દેવા નહોતો ઇચ્છતો.'

'તું જે બોલેલો આવતી હોય તો આવ નહીં તો ચાલતી પકડ, એનો અર્થ નજીક આવવું થાય ?'

'આ બધું મારા પેલા નકામા દોસ્તોને કારણે થયું. એમણે જ મને ઉશ્કેર્યો. એ લોકોએ જ કહ્યું કે હું તારી સાથે નહીં સૂઈ જઉં તો તું મારી ક્યારેય નહીં થાય.'

'તે આ બધી વાતની ચર્ચા પહેલાં તારા દોસ્તો સાથે કરેલી ?'

'બધી નહીં પણ...'

'પણ "આજે હું એને પ્રેમ કરવાનો છું." એ...'

હું કંઈ જવાબ આપું એ પહેલાં એણે એનો હાથ ઊંચો કરીને મને ચૂપ કર દીધો. 'હવે હું જે કહેવાની છું એ ધ્યાનથી સાંભળજે, ઓકે ?' એણે પોતાનો ધ્રૂજતો અવાજ સ્વસ્થ રાખવાની કોશિશ કરતાં કહ્યું.

'ચોક્કસ...'

'એક, ક્યારેય મારી સાથે વાત કરવાનો પ્રયત્ન નહીં કરતો. બે, આપણે હવે મિત્રો નથી, મેં મારા મિત્રોને અને મારી જાતને વચન આપ્યું છે કે હવે હું મારા મિત્રોને ધ્યાન રાખીને પસંદ

કરીશ. ત્રણ, મારી પાછળ ફરવાનું બંધ કર, મને ત્રાસ થાય છે. મારાં પેરેન્ટ્સ કે કૉલેજ ઓથોરિટીને કહેવું નથી મારે...'

'રિયા.'

'પ્લીઝ, ચાલ્યો જા.' એ બોલી અને આજીજી કરતી હોય એમ એણે બે હાથ જોડ્યા.

મેં છેલ્લીવાર એની સામે જોયું. સુંદર પણ ગુસ્સાભર્યા ઉદાસ ચહેરો, લાંબા વાળ જેને મેં પંપાળેલા, સુંદર હોઠ જેને ચૂમી લીધેલા. હું ફર્યો. દૂર દૂર જતાં એનાં પગલાંના અવાજ મને સંભળાઈ રહ્યા.



૧૨

છ મહિના પછી.

મારા બ્રેકઅપ પછી કે રિયા સાથેના હાફ બ્રેકઅપ પછી મારું વ્યક્તિત્વ આખેઆખું બદલાઈ ગયું. કૉલેજના લોકો મને એસએસએસ કહેવા લાગ્યા. 'સ્ટીફન્સનો શાંત સંત' હું દરેક લેક્ચરમાં હાજર રહેતો અને પહેલી બેંચ પર બેસતો. કોર્ટમાં સ્ટેનોગ્રાફર લખતો હોય એ રીતે હું નોટ્સ લખતો. પ્રોફેસરને હું કોઈ પ્રશ્નનો ન પૂછતો. હોસ્ટેલમાં હું મારા દોસ્તો સાથે બેસતો પણ એમની વાતોમાં જરાય ન ભાગ લેતો. શરૂ શરૂમાં તો તેઓ મને ખુશ કરવાની કોશિશ કરતા. મને પ્લેબોય મેગેઝિનની કોપી આપતા અને દારૂની પાર્ટી યોજતા. જો કે એમની અગાઉની સલાહોની જેમ જ રિયાને ભૂલવાના આ ઉપાયો પણ નિષ્ફળ નીવડ્યા હતા. ફક્ત એક જ ચીજે મને મદદ કરી, બાસ્કેટબોલ. જેટલી વાર મને રિયાના વિચાર આવતા એટલી વાર હું બાસ્કેટબોલ કોર્ટમાં ચાલ્યો જતો. ત્રણ કલાક સતત રમવાથી મારા દિલનું દુ:ખ કામચલાઉ રીતે ઓછું થતું, કદાચ એટલા માટે કે શારીરિક રીતે હું નિચોવાઈ જતો. ખરેખર તો બાસ્કેટબોલ કોર્ટમાં હું એટલા માટે જતો કે કદાચ રિયા પ્રેક્ટિસ કરવા આવે. એ ક્યારેય આવતી નહીં. કદાચ એના પપ્પાએ રિયા માટે ૧૦૦, ઔરંગઝેબ રોડ પર જ બાસ્કેટ બોલ રમવા માટે મેદાન બનાવી દીધું હતું.

ક્યારેક ક્યારેક એનો ક્લાસ પૂરો થવાની રાહ જોતો હું કૉલેજ કોરિડોરમાં છુપાઈને રાહ જોતો. દૂર ઊભો રહેતો હું અને નજર મેળવવાથી બચતો. હું એને ક્લાસની બહાર આવતાં અને છોકરીઓના ટોળામાં અદૃશ્ય થઈ જતાં જોતો. એકવાર એણે મને જોયેલો. એ ન તો હસી ન ફરીને ચાલવા માંડી. એ ગુસ્સે પણ નહોતી લાગતી. એણે કોઈ પ્રતિભાવ જ ન આપ્યો. મને થયું હું મરી જઇશ. એને આગળ આવીને મને થપ્પડ મારી હોત કે બૂમ પાડી હોત તો ય ઠીક હતું. એણે તો એવી રીતે જોયેલું જાણે કે મારું અસ્તિત્વ જ ન હોય.

રાત પસાર કરવી મારા માટે અઘરામાં અઘરી વાત બની ગઈ હતી. હું સૂઈ નહોતો શકતો. એ જ પલંગ પર હું સૂતો હતો જ્યાં આખીય વાત બગડી ગયેલી. એ જ જગ્યા જ્યાં મેં ભોજપુરી ફિલ્મના વિલનની જેમ વાત કરેલી. મને થતું મારી પાસે ટાઇમ મશીન હોત તો મેં કરેલા કામને ભૂસી નાખ્યું હોત. ટાઇમ મશીનનો ઉપયોગ શેર માર્કેટની એંધાણી મેળવવા કે સસ્તી મિલ્કત ખરીદવા હું ન કરત, હું બસ, મેં કહેલા એ વાક્યને મિટાવી દેત. એ વાક્ય મેં આવેશ, ખોટી બહાદુરી અને મૂર્ખાઈના મિશ્રણરૂપે કહેલું. જો કે પુરુષો મોટાભાગનો સમય આ સ્થિતિમાં જ રહેતા હોય છે.

હું પથારીમાં પડખાં ઘસ્યા કરતો. હું સૂઈ નહોતો શકતો. રૂમની દીવાલ પર હું ત્યાં સુધી બાસ્કેટબોલ ફેંક્તો અને ઝીલતો જ્યાં સુધી બાજુની રૂમમાં રહેતા વિદ્યાર્થીઓ મને ગાળો ન આપે. મારાં પાઠ્યપુસ્તકો હું મારું ધ્યાન બીજે દોરાય એ માટે વાંચતો. લાઇબ્રેરીમાંથી મેં માનસશાસ્ત્ર, સંબંધો અને પ્રેમના વિષયનાં પુસ્તકો શોધી કાઢેલાં. હું સ્ત્રીઓના મનને સમજવા

માગતો હતો પણ કાં તો એ પુસ્તકોનું ઇંગ્લિશ બહુ અઘરું હતું અથવા તો એ પુસ્તકો મારા મનમાં વિરોધાભાસી વિચારો ઊભા કરતાં હતાં. હું વધુ મૂંઝાતો. એક અભ્યાસ પ્રમાણે સ્ત્રીઓને માવજત અને લાંબા ગાળાના સંબંધો ગમે છે. જો કે હું બરાબર એવું જ ઇચ્છતો હતો. પણ, તો પછી સ્ત્રીઓ વિષેનો આ અભ્યાસ વાતને સમજાવી કેમ નહોતો શક્તો ? સ્ત્રીઓ વિષે હું જે કંઈ પણ વાંચતો સીધું રિયા સાથે જોડતો. જો કોઈ એક્ટ્રેસ ઇન્ટરવ્યૂ આપતી વખતે કહેતી હોય કે હું મૂડી છું, હું ડોકું ધુણાવતો અને વિચારતો, સાચું, રિયા પણ મૂડી છે.

રિયાને મારા મનમાંથી બહાર કાઢવાની જરૂર હતી. હું નહોતો કરી શક્તો.

થોડા મહિનાઓ પછી મારો જન્મદિવસ હતો. હું મારા દોસ્તો સાથે કાફેટેરિયામાં બેઠો હતો. જાણે ભાગ્ય સાથ આપતું હોય એમ, એ જ વખતે રિયા એની બહેનપણીઓ સાથે ત્યાં પ્રવેશી. મારા દોસ્તો જોવા માગતા હતા કે રિયા મને વિશ કરે છે કે નહીં, એટલા માટે એ લોકોએ મોટેથી ગાવાનું શરૂ કર્યું, 'હેપ્પી બર્થ ડે ટુ યુ, માધવ' હું ભલે ને એ સમયે કટલેટ કાપી રહ્યો હતો. છોકરીઓને ખબર પડી પણ એમણે ધ્યાન ન આપ્યું. રિયા સાવ વિમુખ થઈ ગઈ હતી. કટલેટની જેમ જ મારું હૃદય ટુકડા ટુકડા થઈ ગયું.

'તું નસીબદાર છે. આવી સાવ લાગણી વગરની છોકરી તારી જિંદગીમાંથી ચાલી ગઈ એ સારું જ થયું' - રમણે કહ્યું.

એક બપોરે કૉલેજ પૂરી થયા પછી હું કૉલેજની લૉનમાં બેઠો હતો. બધા વિદ્યાર્થીઓનું ધ્યાન અચાનક જ કૉલેજના ઝાંપામાં પ્રવેશેલી કાર તરફ ગયું.

અદ્ભુત કાર હતી. એ. ખૂબ મોંઘી હશે એમ ૨૦ મીટર દૂરથી પણ જણાઈ આવતું હતું.

'બેન્ટલી કાર છે, બે કરોડ જેટલી કિંમત થાય.' મારી બાજુમાં બેઠેલા છોકરાએ એની પાસે બેઠેલા ભાઈબંધને કહ્યું. એક યુવાન છોકરો કારમાંથી ઊતર્યો. એણે સનગ્લાસીસ પહેર્યાં હતાં. કૉલેજ એની માલિકીની હોય એ રીતે છોકરો આગળ ચાલ્યો.

રિયા સોમાણી કૉલેજના મુખ્ય મકાનમાંથી આવી અને બેન્ટલી તરફ આગળ વધી. હું ઊભો થયો અને મુખ્ય રસ્તા તરફ ચાલ્યો. મેં ધ્યાન રાખ્યું કે કોઈ મને જોઈ ન જાય.

પેલા છોકરાનો ચહેરો જાણીતો લાગતો હતો. રિયા એની પાસે પહોંચી. બંનેએ એકબીજાને હળવું આલિંગન આપ્યું. મારું ધ્યાન પડ્યું કે છોકરો રિયા કરતાં એકાદ ઇંચ નીચો હતો.

રોહન ચંડક, મારા મનમાં નામ આવ્યું. એ હરામ ખોર અહીં શું કરે છે ? નવાઈની વાત છે ને, માણસનું મગજ પરિસ્થિતિનો તાગ લેતાં જ કેવી ઝડપથી એના પર ટિપ્પણી કરવા માંડે છે !

મને કંઈ ખાલ નહોતો આવતો કે રોહન કૉલેજ કેમ આવ્યો હશે ? કદાચ એને કૉલેજનું મકાન ખરીદી લઈને અહીં હોટલ બનાવવી હશે. જો કે, એવું નહીં હોય કેમ કે એ કૉલેજની અંદર ગયો જ નહીં. બંને જણ બેન્ટલીમાં બેસી ગયા. બેન્ટલી ઊપડી અને પાછળ રિયાની બીએમડબલ્યુ. લૉનમાં બેઠેલા વિદ્યાર્થીઓ ઊહ અને આહના ઉદ્ગાર કરતા રહ્યા.

'મારે પણ આવો જ પૈસાદાર બોયફ્રેન્ડ જોઈએ છે.' મારી બાજુમાં એક છોકરીને મેં બોલતાં સાંભળી.

'એ એનો બોયફ્રેન્ડ છે ?' મેં પૂછ્યું. મારે ન પૂછવું જોઈએ છતાં મેં પૂછ્યું. આગળ ઉપર

સાબિત થઈ ગયા મુજબ ક્ષણિક આવેગ પર મારો કાબૂ બહુ નબળો છે.

'મને કેવી રીતે ખબર ?' છોકરી બોલી અને ચાલી ગઈ.

રોહનની બેન્ટલી ચાલી ગયા પછી પણ એના ધુમાડા હું અનુભવી શકતો હતો, કે પછી કદાચ મારી અંદર કંઈક બળી રહ્યું હતું.

*

રિયા સાથે મારે વાત કરવી જ પડે એમ હતી. સેન્ટ સ્ટીફનના એન્યુઅલ ફંક્શન હાર્મની વખતે હું વાત કરીશ એવું મેં નક્કી કરી નાખ્યું. અમારી દોસ્તી બચાવવાનો આ છેલ્લો પ્રયત્ન હશે. આ કલ્ચરલ ફેસ્ટિવલમાં જાતજાતની હરીફાઈઓ હતી, જેમ કે કોરિયોગ્રાફી, મ્યુઝિક, ડિબેટ અને ટ્રેઝર હન્ટ. વિદ્યાર્થીઓ કૉલેજમાં મોડી રાત સુધી રોકાતા. રિયાએ સોલો ઇંગ્લિશ વોકલ મ્યુઝિક કેટેગરીમાં ઇનામ જીતી લીધું હતું. વેસ્ટર્ન કોરિયોગ્રાફીમાં પણ એણે ભાગ લીધો હતો.

મેં ઓડિયન્સમાં પહેલી રોમાં વહેલાં જ સ્થાન લઈ લીધું હતું. હું એવી રીતે બેઠો હતો કે સામે જ સ્ટેજ દેખાય. દિલ્હી યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ અહીં આવી ચડ્યા હતા. એ લોકો એવા સ્થાને બેઠા હતા જયાંથી સેન્ટ સ્ટીફનની ખૂબસૂરત છોકરીઓ દેખાય. એમાંના કેટલાક છોકરાઓ પોતાના ઘેર આવ્યા હોય એ રીતે વર્તતા હતા. એ લોકો જોરજોરથી હિંદીમાં વાતો કરતા હતા. જેવી સટેજ પર રૂપાળી છોકરી દેખાય કે એ લોકો સીટી મારતા હતા. સ્ટીફનના વિદ્યાર્થીઓને આ બધું પસંદ નહોતું પડતું. અમે આ રીતે જાહેરમાં અમારી ખરાબ બાજુ પ્રદર્શિત કરવામાં માનતા નહોતા. જો કે અમે પણ છોકરીઓને જોતા હતા, પણ સભ્યતાથી.

પિન્ક કલરના ટાઇટ્સ અને સિલ્વર ગ્રે ટોપ પહેરેલી ડઝનેક છોકરીઓ સ્ટેજ પર આવી. રિયા આ બધામાં સૌથી ઊંચી હતી એને તરત શોધી શકાય એવી હતી. એ બરાબર વચ્ચે હતી. સ્ટેજ પરની લાઇટ્સ રંગ બદલતી હતી. કોમેન્ટેટર ઘેરા અને માદક અવાજમાં બોલી રહ્યો હતો. જીવન કઈ રીતે પ્રકૃતિમાંથી ઉદ્ભવ્યું છે એની એ માહિતી આપી રહ્યો હતો. એ એવી વાત કરી રહ્યો હતો જે તમે સાંભળો ત્યારે તમને ગહન લાગે પણ પછી જ્યારે તમે એના વિષે પાછળથી વિચારો ત્યારે સંપૂર્ણપણે ફાલતુ લાગે.

રિયાના પાતળા અને કસાયેલા શરીર અને અદ્ભુત દેખાવને કારણે મોટાભાગના પુરુષોની નજર એના પર હતી. જો કે વધુ પડતા ઉભારવાળી છોકરીને પણ પોતાનો એક ચાહકવર્ગ હતો.

જ્યારે કોમેન્ટેટર માદક અવાજમાં વાક્યો બોલી રહ્યો હતો ત્યારે મનમાં ને મનમાં મારે બોલવાનાં વાક્યોની પ્રેક્ટિસ કરી રહ્યો હતો.

'રિયા, મને લાગે છે માણસને બીજા પ્રયત્નની તક મળવી જોઈએ.'

રિયા સ્ટેજ પર અદ્ભુત રીતે ગુલાંટ ખાઈ રહી હતી. એ એટલી સંપૂર્ણ રીતે એ કરતી હતી કે લોકો તાળીઓના ગડગડાટથી એને વધાવી રહ્યા હતા.

'રિયા, એક દિવસ, એક દિવસ પણ એવો નથી વીત્યો જયારે મેં તારો વિચાર ન કર્યો હોય.' મેં મારી જાતને કહ્યું ને પછી મારા મનમાંથી જાતે ને જાતે આ વાક્ય ભૂંસી નાખ્યું. હું બહુ ઉત્સાહી ન લાગવો જોઈએ. છોકરીઓને સમજવી બહુ અઘરી હોય છે. તમારે બરાબર સમતુલન જાળવવું પડે. તમે બહુ મહત્ત્વાકાંક્ષી ય ન લાગવા જોઈએ કે સાવ બેફિકરા પણ

નહીં. આ સમતુલન સાચવવામાં જ હું ગોથાં ખાતો હતો.

છેલ્લે, રિયાએ હાથમાં માઇક પકડ્યું અને બે લીટી ગાઈ, પ્રકૃતિને માણસે કઈ રીતે બચાવવી જોઈએ એ અંગે - એના સ્પષ્ટ ને સુરીલા અવાજે લોકોને તરત જ તાળીઓ પાડવા માટે પ્રેર્યા.

શો પૂરો થયો. છોકરીઓ નમવા માટે આગળ આવી. ટોળાએ ચિચિયારીઓ પાડી. હું ત્યાંથી સરકી ગયો અને ગ્રીનરૂમમાં પરિવર્તિત કરાયેલા ક્લાસરૂમ પાસે દોડતો પહોંચી ગયો. આંગળીઓથી વાળ સરખા કરતાં કરતાં મેં બારણા પર ટકોરા માર્યા.

એક વિદ્યાર્થિની બહાર ડોકાઈ.

'શું છે ?'

'મારે અગત્યની વાત કરવી છે.'

'સૉરી, અંદર માત્ર છોકરીઓને જ પ્રવેશે છે.'

'રિયા સોમાણી અંદર છે ?'

'એ કપડાં બદલે છે. તમે અહીં રાહ જુઓ.'

મારી પાસે બહુ ઓછી તક હતી. હું ક્લાસરૂમની પાસે આવેલ પાળી પર બેસી ગયો. ત્રીસ મિનિટ સુધી મેં રાહ જોઈ. છોકરીઓનું એક ટોળું બહાર આવ્યું અને કારણ વગર ખિખિયાટા કરતું ચાલ્યું ગયું. રિયા ન આવી.

પિસ્તાળીસ મિનિટ પછી, સિલ્વર બટનવાળા બ્લેક જીન્સ અને બ્લેક ટોપમાં તૈયાર થઈ રિયા બહાર આવી. જાણી કરીને મારાથી દૂર રહેવાય એ રીતે એણે ડગલાં માંડ્યાં.

'રિયા', મેં કહ્યું.

એ ઊભી રહી, જો કે મારી તરફ ફરી નહીં. એના હાથ સ્થિર થઈ ગયા, જાણે એને અસુવિધા લાગતી હોય.

'પ્લીઝ', મેં કહ્યું.

એ મારી તરફ અડધી ફરી.

'હાય, માધવ.'

હું એની સામે ઊભો રહ્યો.

'મારે વાત કરવી છે, પાંચ મિનિટ', મેં કહ્યું.

'કંઈ અગત્યનું છે ?'

'મારા માટે છે, પાંચ મિનિટ ?'

'હું સાંભળું છું.'

અમે અંધારા કોરિડોરમાં એકમેકની સામે ઝઘડતાં હોઈએ એ રીતે અક્કડ થઈને ઊભાં હતાં. વાત કરવા માટે આ યોગ્ય જગ્યા નહોતી. મેં એના ચહેરા સામે જોયું. એ મારા માટે હજુ પણ વિશ્વની સૌથી ખૂબસૂરત છોકરી હતી. ભલે અમે વિશ્વયુદ્ધની વચ્ચે હોઈએ એ રીતે ઊભા હતા, મને એને ચુંબન કરવાની ઇચ્છા થઈ આવતી હતી. પુરુષોનું મગજ આવું ખરાબ જ હોય છે. આખી ય પરિસ્થિતિનું ભાન એ ભૂલી જાય છે ને પોતાની જ વાત વિચારે છે.

'મેં કહ્યું હું સાંભળું છું.' એ બોલી. મેં મારા મનમાંથી ગંદા વિચારોને હાંકી કાઢ્યા.

'અહીં નહીં, ક્યાંક એકાંતમાં ?'

'ઓહ, એમ ?' એ બોલી.

મને ભાન થયું કે હું ખોટું બોલી ગયો છું.

'સૉરી, એ રીતે નથી કહેતો. કોઈ એવી જગ્યા જયાં આપણે સામસામે બેસી શકીએ અને જ્યાં આવું અંધારું ન હોય.'

'કાફેમાં ?' એણે પૂછ્યું.

'અત્યારે ? એ દિલ્હી યુનિવર્સિટીના ટોળાથી ભરાયેલું હશે. આપણને ટેબલ નહીં મળે.'

'સાંભળ, મારે જવું પડશે, મારે કામ છે.' એ બોલી.

'ઓ કે, કાફેમાં, ચાલશે.'

અમે કાફે તરફ ગયાં. ધાર્યા મુજબ જ ત્યાં લાબી લાઇન હતી.

'અહીં બહુ ભીડ છે. આપણે મારી કારમાં વાત કરીએ ?' એણે પૂછ્યું.

મેં એની તરફ જોયું. એ થોડી નરમ થઈ હોય એમ મને લાગ્યું.

'હા, ત્યાં ડ્રાઇવર હશે, બરાબર ને ?'

'હું એને મોકલી દઈશ, કારમાં બેસીએ. મારે તને કંઈક આપવું પણ છે.'



૧૩

અમે એની કાર તરફ ગયાં. રિયાએ એના ડ્રાઇવરને પચાસ રૂપિયાની નોટ આપી.

‘ડ્રાઇવરભૈયા, થોડા પારલે-જી બિસ્કિટનાં પેકેટ્સ લઈ આવશો મારા માટે ?’

ડ્રાઇવરનાં મોં પર મૂંઝવણ દેખાઈ.

‘મેડમ, આપણે ઘરે જતાં રસ્તામાં લઈ લઈશું ને ?’

‘ના, હમણાં જ જાઓ. ચાવી આપતા જાઓ. હું અંદર રાહ જોઉં છું.’

મૂંઝાયેલા ડ્રાઇવરે કારની ચાવી આપી અને ચાલ્યો ગયો.

રિયા અને હું બીએમડબલ્યુની પાછળની સીટમાં બેઠાં. સીટ વચ્ચેનો મોટો હાથો અમને જુદા પાડતો હતો. એણે કારની લાઇટ ચાલુ કરી અને પગમાંથી શૂઝ કાઢી નાખ્યાં. સહેજ ફરીને એ મારી સામે ચહેરો રહે એ રીતે બેઠી અને પોતાના પગ સીટની નીચે લંબાવ્યા.

હું અક્કડ બેઠો રહ્યો. બીએમડબલ્યુ મને યાદ અપાવી રહી હતી કે એના વિશ્વ માટે હું કેટલી જુદી વ્યક્તિ હતો.

‘તો ?’ રિયાએ પૂછ્યું.

‘સ્ટેજ પર તું બહુ સરસ કરતી હતી. અને હા, ઇંગ્લિશ વોકલમાં જીતવા માટે કોંગ્રેટ્સ.’

‘ઓહ થેંક્યુ, માધવ, મને અભિનંદન આપવા માટે તારો આભાર.’

‘બહુ જ સરસ શો હતો.’ મેં મારું ગળું સાફ કરતાં કહ્યું.

‘થેંક્સ, આ જ કહેવું હતું તારે ?’

મેં માથું ધુણાવ્યું. એ જ્યારે ઔપચારિક રીતે વાત કરતી ત્યારે મને બહુ ચીડ ચડતી.

‘ફાલતુ વાતો રહેવા દઈએ. તારે જે કહેવું હોય એ કહી નાખ.’

‘આઈ એમ સૉરી.’

‘આ મેં તારી પાસેથી હજાર વાર સાંભળ્યું.’

‘મને માફ કરી દે.’

‘મેં માફ કરી જ દીધો છે. હું તો આગળ પણ વધી ગઈ છું. હવે મારા માટે ભૂતકાળ. બધું પૂરું થઈ ગયું છે. બરાબર ?’

મેં એની આંખોમાં જોયું. બીએમડબલ્યુની લાઇટના પ્રકાશમાં હું એના ચહેરા પર કોઈ જ ભાવ ન જોઈ શક્યો. મને અચાનક જ મારી જાત વામણી અને નબળી લાગવા લાગી. મેં માંડ માંડ આંસુઓને ખાળ્યાં.

‘હું ઇચ્છું છું કે આપણએ ફરી દોસ્ત બનીએ’, મેં કહ્યું.

'શું કામ ?' દિલ્હીના ધુમ્મસભર્યા વાતાવરણ જેવી ઠંડક એના અવાજમાં હતી.

એને જરાય મારી યાદ નહીં આવતી હોય ? હું તારા વગર રહી શકું એમ નથી. મને મોટેથી ચીસ પાડીને આમ કહેવાની ઇચ્છા થઈ આવતી હતી. જો કે મેં એમ કર્યું નહીં. કોઈ પણ શબ્દ કે લાગણીઓ વ્યક્ત કરવાનો હક હું ખોઈ ચૂક્યો હતો. મારે મારી લાગણીઓને છુપાવી દઈને કંઈક તાર્કિક, કંઈક સારું કહેવું હતું.

'એનો અર્થ એ કે હું પસંદ ન પડું એવો નથી એ સાબિતી કરવાની તક છે મારી પાસે.'

'મને વિશ્વાસ છે તારી પર. હું માનું છું તારી વાતને. મને એ દેખાડવાની જરાય જરૂર નથી તારે.'

રિયા સખત હોશિયાર, સખત ચાલાક અને ક્યારેક સખત ઔપચારિક બની જાય. મારી પાસે શબ્દો જ નહોતા હવે. ઊંડે ઊંડ મને એવી લાગણી થઈ આવતી કે ક્યાંક કશુંક બરાબર નથી.

છતાંય, સીટના હાથા પર રહેલા મારા હાથને એણે સ્પર્શ કર્યો. એની મુલાયમ આંગળીઓ મારા કાંડા પર એ રીતે એણે દાબી જાણે મારી નાડી તપાસતી હોય.

'સાંભળ માધવ,' એ બોલી, 'આઈ એમ સૉરી કે હું આ રીતે વતી રહી છું. એકદમ ઠંડકથી અને વિમુખ થઈને.

એના ઉષ્માભર્યા સ્પર્શે સ્વસ્થ રહેવાના મારા નિર્ણયને પીગળાવી દીધો. મને એનો સ્પર્શ અત્યંત ગમતો હતો પણ એ સમયે હું ઇચ્છતો હતો કે એની આંગળીઓ મારા હાથ પરથી હટાવી લે. કેટલો સમય હું આંસુને રોકી શકીશ એનો મને ખ્યાલ નહોતો આવતો.

'પ્લીઝ' મેં કહ્યું. કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિ જેવું હું બોલતો હતો. મને મારી જાત પર નફરત થઈ આવતી હતી.

''માધવ, હું તારી પર જરાય ગુસ્સે નથી, પણ આપણે હવે દોસ્ત બની શકીએ એવું શક્ય નથી. હું જઈ રહી છું.'

'શું ?'

'હું કૉલેજ છોડીને જઈ રહી છું.'

'શું ? છોડીને ?'

'હા, ભણવાનું છોડીને.'

'તું બીજા વર્ષમાં છે. તારે ગ્રેજયુએટ નથી થવું ?'

'આવા ઔપચારિક શિક્ષણ માટે મેં ક્યારેય પરવા નથી કરી.'

મેં આઘાતથી એની સામે જોયું.

'હું એમ કહી શકું કારણ કે મારા ડેડ પૈસાદાર છે. જો તું એમ વિચારે કે ભણવાનું અડધેથી છોડી દઉં તો એ પણ ઠીક છે.'

'ના ના, હું એમ નથી કહેતો. પણ વિચારું છું શું કામ ?'

એણે ખભા ઉછાળ્યા.

'તું સેન્ટ સ્ટીફન છોડીને જાય છે. કંઈક તો કારણ હશે ને ?'

અમારી આંખો મળી. કદાચ એ મારી કલ્પના હશે પણ મને એ આંખોમાં એ સંબંધ, એ

ઓળખાણ દેખાયાં જે ભૂતકાળમાં હતાં.

'મને લાગતું નથી તારે જાણવું જોઈએ.'

'જાણવું જ જોઈએ', મેં કહ્યું, 'મારે ચોક્કસપણે જાણવું જ જોઈએ.'

'તું મારા માટે અભિપ્રાય બાંધી બેસીશ.'

'એવું મેં ક્યારેય કર્યું છે ?'

એ શાંત રહી.

'રિયા, મેં ક્યારેય તારા માટે કોઈ અભિપ્રાય બાંધ્યા છે ? તેં મારા માટે અભિપ્રાય બાંધ્યા અને તારા જીવનથી મને દૂર કરી નાખ્યો.'

'માધવ, પ્લીઝ.'

'એ વાત આપણે ન કરીએ. ખેર, જવા દે. એટલું કહે કે તું કૉલેજ છોડવાનું વિચારી રહી છે કે નક્કી કરી જ નાખ્યું છે. ?'

'લગભગ નક્કી જ.'

'કેમ ?'

એણે ઊંડો શ્વાસ લીધો.

'પેલું બૉક્સ ખોલ.'

'શું ?'

એણે ડેશબોર્ડની નીચે રહેલા ખાના તરફ ઇશારો કર્યો. મેં મૂંઝાતાં ત્યાં સુધી હાથ લંબાવીને ખાનું ખોલ્યું. અંદર લાલ રંગનાં ત્રણ કાર્ડબોર્ડનાં બનેલાં બૉકસ પડ્યાં હતા.

'એક લઈ લે', એ બોલી.

મેં એક બૉક્સ ઉઠાવ્યું અને પાછો સીટ પર બેઠો. વેલ્વેટના લાલ રંગના બૉક્સ પર સોનેરી ચમકતાં પાંદડાં ઊપસી આવતાં હતાં.

'ખોલ.'

મેં મારી તરફની લાઇટ ચાલુ કરી અને બૉક્સનું સોનેરી-લાલ ઢાંકણું ખોલ્યું.

અંદર, સિલ્કના નાનકડા બટવાની ઉપર લાલ રંગનું એક કવર હતું. કાર્ડ અને એ નાનકડો બટવો – બંને પર R And R લખ્યું હતું.

'આ શું છે ?' મેં પૂછ્યું.

એણે આંખથી જ ઇશારો કરીને મને અંદર જોવા કહ્યું.

મેં એક હાથમાં કવર પકડ્યું હતું અને બીજા હાથમાં સિલ્કનો બટવો. બટવામાં રૂપેરી કાગળમાં વીંટાળેલી ચોકલેટ્સ હતી. મેં બટવો બાજુ પર મૂક્યો અને કાર્ડ ખોલ્યું.

મેં થોડાં વાક્યો જ વાંચ્યાં. મારું માથું ધૂમવા લાગ્યું.

'શું ?' મેં રિયા સામે ફરીને પૂછ્યું.

'મેં કહેલું, તારે જાણવાની જરૂર નહોતી.'

મેં મારી જાતને સંભાળી અને આખુંય કાર્ડ પૂરેપૂરું વાંચવાનું નક્કી કર્યું. એમાં આ રીતે

લખાણ હતું.

શ્રી વિષ્ણુ સોમાણી અને શ્રીમતી કલાદેવી સોમાણી એમની પૌત્રી

ચિ. રિયા સોમાણી

(શ્રી મહેન્દ્ર સોમાણી અને શ્રીમતી જયંતી સોમાનીની પુત્રી)

અને

ચી. રોહન ચંડક

(સ્વ. શ્રી મનોજ ચંડક અમે જમનભાઈ ચંડકનો પુત્ર)

નાં લગ્ન નિમિત્તે અપને હૃદયપૂર્વક આમંત્રણ આપે છે.

તા. ૨૫ જાન્યુઆરી ૨૦૦૭ સમય – રાત્રે ૮.૦૦

સ્થળ : હોટલ તાજ પેલેસ, દિલ્હી.

નોંધ : રોકડ કે ભેટ નહીં, માત્ર આશીર્વાદ

મેં બૉક્સમાં રહેલા બીજા કાર્યક્રમોની વિગતો આપતાં કાર્ડ ન વાંચ્યાં. હું માત્ર ત્યાં થીજી ગયો અને બેસી રહ્યો. મેં સિલ્કના બટવાને જોરથી પકડી રાખ્યો અને સીધું જોતો રહ્યો.

‘બધું બહુ જલદી બની ગયું’, રિયા બોલી. હું શાંત રહ્યો. મને શરીરમાંથી કોઈ વીજળી પસાર થઈ રહી હોય એમ લાગતું હતું. બેધ્યાનપણે જ હું કાર્ડ પર રહેલા સોનેરી પાંદડા પર હાથ ફેરવતો રહ્યો.

‘હજુ હું માની નથી શકતી આ મારી સાથે થઈ રહ્યું છે.’ અકળાવનારી શાંતિનો ભંગ કરતાં એ બોલી.

‘તું લગ્ન કરી રહી છે ?’ હું ધીરેથી બોલ્યો, મારો અવાજ અસાધારણ રીતે શાંત હતો. મારી નજર હજુ ક્યાંક દૂર હતી.

‘બે મહિનામાં.’

હું કડવું હસ્યો અને એની તરફ ફર્યો.

‘વાઉ રિયા, ચાલાકીપૂર્વક મને ટાળી દેવાયો હોય એવી પરિસ્થિતિનો સામનો તો મેં બાસ્કેટબોલમાંય નથી કર્યો.’

‘તું કહેવા શું માગે છે ?’

‘હું તારી સાથે ફરી દોસ્તી કરવા માગતો હતો, પણ તું તો કૉલેજ છોડી રહી છે, લગ્ન કરી રહી છે.’

‘મને લાગે છે એ જ જીવન છે.’

‘તું માત્ર ઓગણીસ વર્ષની છે.

‘લગ્ન પછી વીસ વર્ષની થઈ જઈશ.’

‘તું પાગલ થઈ ગઈ છે, રિયા ?’

‘તું મારી સાથે આ રીતે વાત કરવાનો હક્ક ગુમાવી ચૂક્યો છે’ એ બોલી.

‘આઈ એમ સૉરી.’

‘માધવ, આ મારી જિંદગી છે. મેં નક્કી કર્યું છે. કોઈ મને દબાણ નથી કરતું. હું મારી

મરજીથી છોડી રહી છું.'

'પણ કેમ ?'

'મારે ક્યારેય આ કોર્સ નહોતો કરવો.'

'તું અહીં ડિગ્રી કરી શકી હોત. આગળ ભણવા પરદેશ જઈ શકી હોત. લગ્ન શા માટે ?'

'મારે જીવનમાં સાહસ જોઈએ છે, રોમાંચ અને પ્રવાસ જોઈએ છે. રોહને આ બધાંનું વચન આપ્યું છે.

'તને વિશ્વાસ છે ?'

'હા, એ પાગલ છે. મને સતત આનંદમાં રાખે છે. એ વેલ સેટલ્ડ છે. એની સાથે લગ્ન કરવામાં ખોટું શું છે ?'

'એ શ્રીમંત છે.'

'તો શું થયું ? એ કંઈ એનો વાંક થોડો છે ? શ્રીમંત તો હું પણ છું.'

'વાંક નથી, ખાલી કહું છું. તું કૉલેજ પૂરી કરે ત્યાં સુધી રાહ જોવા એ તૈયાર નથી? એ ઇચ્છે છે કે તું ભણવાનું અડધેથી છોડે ?'

'એને કંઈ પડી નથી. પણ એનું કુટુંબ ઇચ્છે છે કે એ જલ્લી લગ્ન કરી લે અને મારાં મમ્મી-ડેડ એના જેવો છોકરો ગુમાવવા તૈયાર નથી.'

'રિયા, આ રીતે કોઈ ભણવાનું છોડે નહીં.'

'પરદેશમાં તો લોકો આમ જ કરે છે.'

'પણ ભારતમાં નહીં ને ?'

'જવા દે ને માધવ, મોટા ભાગે અહીં આપણે નોકરી મેળવવા જ ભણતા હોઈએ છીએ ને મારે નોકરીની કે પૈસા કમાવવાની જરૂર નથી.'

એ ખોટી નહોતી. મારી જેવા હારેલા, નિષ્ફળ માણસોને ભણવાની જરૂર પડે, નહીં તો ભવિષ્ય અંધકારમય બની જાય. જે લોકો ૧૦૦, ઔરંગઝેબ રોડ પર જન્મયા હોય એ તો જીવનમાં ફાવે એ કરી શકે.

'એમ તો રોહને પણ એમબીએ અડધેથી છોડી દીધેલું.'

'રોહન તારો બોયફ્રેન્ડ છે ?'

'એ મારો પતિ બનવાનો છે', રિયા બોલી.

'મેં એ નથી પૂછ્યું.'

'અમે એકમેકની નજીક આવી રહ્યાં છીએ. જો કે હું નાની હતી ત્યારે એને રોહન ભૈયા કહેતી હતી એટલો ફેર છે હવે.' એ બોલી અને પોતાની રમૂજ પર પોતે જ હસી પડી. મને ઇચ્છા થઈ આવી કે એ ભૈયા હતો જ. એનું ગળું કોઈએ દબાવી દેવા જેવું હતું. એ હરામખોર તકલીફ આપશે એવું રિયાની પાર્ટીથી જ મને લાગેલું.

મારે કંઈક સારું, કંઈક સંવેદનશીલ બોલવું હતું. મારે આનો લાભ લઈ કંઈક ફાયદો થાય એવું કરવું હતું પણ ઈશ્વરે મને એ માટેની બુદ્ધિ આપી જ નહોતી, અથવા તો એ સમય બરાબર નહોતો. કોઈ છોકરી તમને લગ્નનું કાર્ડ આપે એ વિડિયો ગેમમાં 'ગેમ ઓવર'નું કાર્ડ જોયા બરાબર છે. અત્યારે એવું કહેવાનો અર્થ ન જ હોય કે એ છોકરી તમને તમારા જીવનમાં

પાછી જોઈએ છે અથવા તો તમે એને જીવથી ય વધુ ચાહો છો. મને ખબર નહોતી પડતી કે આ પરિસ્થિતિમાં મારે એને સાથ આપવો જોઈએ કે નહીં,મારે એને લગ્નની તૈયારીમાં મદદ કરવાની તત્પરતા દેખાડવી જોઈએ કે નહીં. મેં મારી જાતને રોકી લીધી. હું એટલો નીચે જઈ શકું એમ જ નહોતો.

આ પરિસ્થિતિમાં મને મારા દોસ્તો જે કહેતા હતા એ યાદ આવ્યું. હું ખરેખર એક રમકડું હતો. મને મારી જાત ટોય સ્ટોરીના વૂડી જેવી લાગી. વૂડી, એક એવું ઉપેક્ષિત રમકડું જે એનો માલિક મોટો થઈ જાય છે અને એની સાથે રમતો નથી એટલે એકલું એકલું રડ્યા કરે છે.

'કંઈક બોલ તો ખરો', એણે કહ્યું.

'હરામખોર' મારા આવેશમય મને મને કહેવા પ્રેર્યો પણ હું શાંત રહ્યો.

આવું ન કરીશ. હું તને બહુ ચાહું છું. લાગણીભર્યા મારા દિલે બીજા શબ્દો આપ્યા. મને ખ્યાલ આવ્યો કે મારું મગજ સંપૂર્ણ ખરાબ થઈ ગયું હતું. મારો ભૂતકાળ જોતાં હું કંઈક એવું બોલી બેસત જેના માટે પાછળથી પસ્તાવાનો વારો આવત.

'હું શું બોલું ? આશ્ચર્ય થાય છે ? આઘાત લાગ્યો છે ? ખબર નથી.'

'સામાન્ય રીતે માણસો અભિનંદન આપે.'

'હું', મેં કહ્યું ખરું પણ અભિનંદન ન આપ્યાં.

'હું ઇચ્છું કે આપણે આપણા ભૂતકાળને પાછળ મૂકી દઈએ. આપણે એમ કરી જ શકીએ, બરાબર ને ?' એ બોલી.

મેં ડીકું ધુણાવ્યું.

'તું આવીશ ?'

'ક્યાં ?'

'લગ્નમાં. મેં તને આમંત્રણ તો આપ્યું.'

મારે લગ્નની કંકોત્રી એના ખોખા સહિત એની તરફ ફેંકવી હતી.

'જોઉં', હું બોલ્યો. મેં મારી જાતે મનમાં ને મનમાં જ શાબાશી આપી. સ્વાભાવિક રીતે જો હું બોલ્યો હોત તો ગંદી ગાળ જ આપી હોત એ વાત ૧૦૦ ટકા હતી.

'લગ્નમાં આવજે ને', એ બોલી.

'તને ખાતરી છે તું બરાબર કરી રહી છે ? મેં વધુ એકવાર કહેવાનો પ્રયત્ન કર્યો.

'હું મારા દિલને અનુસરીને રહી છું. સામાન્ય રીતે આવું જ કરવું જોઈએ, બરાબર ને?'

'ઘણીવાર દિલના કહેલા રસ્તા પર ચાલવાથી ક્યાંય પહોંચાતું નથી.' એ આ વાત સમજી કે નહીં એ જોવા મેં રિયા તરફ જોયું. એ સમજી અને એણે એક લુખ્ખું સ્મિત આપ્યું.

'મેં તને દૂભવ્યો હોય તો આઈ એમ સૉરી માધવ.'

મેં ડીકું ધુણાવ્યું, એને ખાતરી કરાવવા કે મારું દિલ દુખે એ બહુ મોટી વાત નથી. સુંદર છોકરીઓને હક્ક છે પુરુષોનું દિલ દુભાવવાનો. મને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. મેં બીએમડબલ્યુની રીડીંગ લાઈટ બંધ કરી દીધી. કદાચ હું રડવા લાગુ તો મારાં આંસુને એ ન જોઈ શકે એટલા માટે.

કારના દરવાજા પર ટકોરા સંભળાયા. ડ્રાઇવર પાછો આવી ગયો હતો.

'લો મેડમ', ડ્રાઇવરે પારલે-જીનાં ચાર પેકેટ રિયાના હાથમાં આપતાં કહ્યું.

રિયાએ મારી તરફ બિસ્કિટ ધર્યાં. 'પ્લીઝ આ તારી હોસ્ટેલ પર લઈ જા. મને એટલાં ભાવે છે કે કારમાં રાખીશ તો હું એકલી જ બધાં ખાઈ જઈશ.'

'તે જ મંગાવ્યાં હતાં.'

'એ તો આપણે અહીં એકલાં વાતો કરી શકીએ એટલે.'

મેં બિસ્કિટ રાખી લીધા, આશ્વાસન ઇનામ રૂપે. રોહનને રિયા મળી, માધવને બિસ્કિટ.

મેં કારનો દરવાજો ખોલ્યો અને બહાર નીકળ્યો.

એ બીજી તરફથી બહાર નીકળી અને મારી તરફ આવી.

'બાય', એણે કહ્યું.

'બાય રિયા', મારા માટે આંસુ રોકવાં મુશ્કેલ બની ગયાં હતાં. હું ઇચ્છતો હતો કે એ ચાલી જાય.

'તું કંઈક ભૂલી રહ્યો છે.' એ બોલી.

'શું ?' મેં પૂછ્યું.

'તારું ઇન્વિટેશન કાર્ડ.'

એણે કારમાંથી ફરી એક વાર પેલુ દુષ્ટ કાર્ડ બૉક્સ લીધું જેમાં કંકોત્રી અને ચોકલેટ્સ હતાં. બિસ્કિટના પેકેટ્સની સાથે જેમતેમ મેં બધું પકડી રાખ્યું.

'ઓહ, થેંક્સ.' મેં આજુબાજુ ક્યાં ડસ્ટબીન હશે એ વિચારતાં કહ્યું.

'તારું ધ્યાન રાખજે', એ બોલી અને હંમેશની જેમ આવજો કહેતી વખતે આલિંગન આપવા આગળ આવી.

હું પાછો હટ્યો. ખાલી ખોટા દેખાડા માટે થતાં આલિંગનમાં મને કોઈ રસ નહોતો.

એને મારો ખચકાટ કદાચ સમજાયો હશે. ગૌરવપૂર્ણ રીતે એ પણ પાછળ ખસી. છેલ્લીવાર મારી સામે જોઈને હસી અને એની કારમાં બેસી ગઇ. બીએમડબલ્યુ શાંતિથી આગળ વધી ગઈ, જાણે કંઈ બન્યું જ ન હોય.

હિંદુ કૉલેજથી કાર ડાબી બાજુ વળી અને તરત જ નજરથી અદૃશ્ય થઈ ગઈ. હું રસ્તા પર બેસી પડ્યો. લાલ બૉક્સ અને બાકી વસ્તુઓ આસપાસ વિખેરાઈ ગઈ, જાણે થીજી ગયેલું લોહી હોય.

હું રડી પડ્યો. ખાલી કેમ્પસ રોડનો અર્થ હતો કે કોઈ મને જોઈ નહોતું શકવાનું. હું ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો. મહિનાઓનું દુ:ખ આંસુમાં વહી રહ્યું હતું. નજીકથી એક કાર પસાર થઈ. કદાચ આજુબાજુ બિસ્કિટનાં પેકેટ્સને કારણે હું દિલ્હીના ભિખારી જેવો લાગતો હોઈશ.

થોડીવાર પછી, રસ્તા પરથી મેં બધું સમેટી લીધું અને ઊભો થયો. હું કૉલેજના મુખ્ય દરવાજાની બહાર આવેલા ડસ્ટબીન તરફ ચાલ્યો. બિસ્કિટ અને ચોકલેટ કાઢીને મેં ખિસ્સામાં ભરી દીધાં. બાકીનું બધું મેં ફેંકી દીધું.

ભલે હું સખત દુ:ખમાં હોઉં તોય એક સોનેરી નિયમ મેં યાદ રાખ્યો હતો : હોસ્ટેલમાં રહેતા હો તો ક્યારેય ખાવાની ચીજો ફેંકવી નહીં.



૧૪

એક વર્ષ અને ત્રણ મહિના પછી.

'તો હવે કહો, તમે અહીં શા માટે છો ?' ત્રીસેક વર્ષના એક માણસે કહ્યું. એણે વ્હાઇટ શર્ટ અને રેડ ટાઇ પહેર્યાં હતાં.

હું એચએસબીસીના પ્લેસમેન્ટ ઇન્ટરવ્યૂમાં હતો. મારી સામે ત્રણ બેંકર્સ હતા. એમના ચહેરા પર દુ:ખ અને કંટાળાના ભાવ હતા. લગભગ ચાલીસ જેટલા સ્ટીફનના વિદ્યાર્થીઓ પોતાની મહાનતાનાં આ અગાઉ બણગાં ફૂંકી ચૂક્યા હતા. દરેક ઉમેદવારે ભારતના બધા સળગતા પ્રશ્નો ઉકેલી નાખ્યા હતા, બેંકની રણનીતિ નવેસરથી ઘડી નાખી હતી અને જરૂરથીય વધુ મહેનત કરવા ગુલામો જેવી તૈયારી બતાવી હતી. કંપનીઓએ શા માટે આવા ઇન્ટરવ્યૂ લેવા જોઇએ ? કદાચ એમને આ કારણે વિશ્વના પ્રશ્નો પર ચર્ચા કરવામાં મજા આવતી હશે. પછી ભલે ને એમની નોકરી ડેસ્ક પર બેસીને આંકડાકીય માથાકૂટ કરવાની હોય.

પેનલને આપવા મારી પાસે જવાબ નહોતો. મને પોતાની ખબર નહોતી કે મેં શા માટે આ નોકરી માટે અરજી કરી હતી, અથવા તો કોઈ પણ નોકરી માટે શું કામ અરજી કરતો હતો ? હું દિલ્હીને ધિક્કારતો હતો. હું મારા કૉલેજના દિવસો યાદ કરતો હતો. હા, જ્યારે હું કૉલેજમાં જોડાયો એ સમય હજુ મારો પ્રિય સમય હતો. પહેલું વર્ષ એટલું ઝડપથી પસાર થયું કે મને વૅકેશન જ લાગેલું. બીજું વર્ષ બહુ દુ:ખદ રહેલું, રિયાએ મારી સાથે સંબંધ તોડી નાંખેલો પણ છતાં, એ આસપાસ તો હતી. ગમે ત્યારે એની એક ઝલક મને જોવા મળતી હતી. દર થોડા મહિને મારો અસ્વીકાર કરવામાં આવતો છતાં હું ભૂતકાળના સુંદર સમયને યાદ કરીને ચલાવી લેતો. ખરાબમાં ખરાબ સમયમાં પણ માણસો જેના આધારે ટકી જાય છે તે ચીજ મારી પાસે પણ હતી – આશા.

રિયા એકવાર પાછી આવશે એવાં સપનાં હું જોતો હતો. એને જલદી ખ્યાલ આવશે. કે હું એના માટે વધુ આદર્શ જીવનસાથી છું - ઊંચાઈ, બાસ્કેટ બોલ, માનસિક સ્તર, જ્યારે સાથે હોઈએ ત્યારે કઈ રીતે કલાકો ક્ષણમાં બદલાઈ જતા અને કઈ રીતે લોકોની અમે પરવા નહોતાં કરતાં - આ બધું એને સમજાશે. પણ એ ક્યારેય ન આવી. એણે મારા ચહેરા પણ જાણે લગ્નની કંકોત્રી મારી અને ચાલી ગઈ. મારા બિહારી દોસ્તોએ મને માના સોગંદ લેવડાવેલા, એને ન મળું એટલા માટે. હું નહોતો મળ્યો. એણે થોડા જ અઠવાડિયાંમાં કૉલેજ છોડી દીધેલી. ધામધૂમથી લગ્ન થયેલાં. જે સ્ટીફનવિદ્યાર્થીઓ લગ્નમાં ગયેલા તે બધાએ પછીથી એમ કહેલું. મને ખાતરી હતી કે કૉલેજનું આખુંય વાર્ષિક બજેટ રોહને એના રિસેપ્શન પાછળ ખર્ચી નાખ્યું હશે. એવું પણ સાંભળેલું કે હનિમૂન માટે રિયા બોરાબોરા નામની જગ્યાએ ગયેલી. નામ પરથી તો એ જગ્યા બિહારમાં ક્યાંક હશે એમ લાગતું હતું. પછી ગૂગલે જણાવેલું કે પેસિફિક સમુદ્રમાં ક્યાંક આ સુંદર ટાપુ આવેલો છે, જ્યાં માત્ર પ્રાઇવેટ પ્લેન દ્વારા જ પહોંચી શકાય, એટલે ત્યાં પહોંચીને વરરાજાનું ખૂન કરવાની શક્યતાનો છેદ ઊડી જતો હતો.

જોકે બીજા વર્ષનું દુ:ખ ત્રીજા વર્ષના દુ:ખની સરખામણીમાં નાનકડી ગલીપચી જેવું હતું. ત્રીજું વર્ષ જાણે ખાવા દોડતું હતું. એને જોવાની કોઈ શક્યતા નહોતી. મને ખ્યાલ જ નહોતો કે જે છોકરી વર્ષ પહેલાં મને છોડીને ચાલી ગઈ છે એણે મારા દિલોદિમાગ પર એટલો કબજો જમાવ્યો હશે. અમે સાથે સૂતાં પણ નહોતાં. જોકે એનું બહુ મહત્ત્વ નહોતું. એ એક માત્ર છોકરી હતી જેની સાથે હું રમ્યો હતો, ચાલ્યો હતો, ખાધું હતું, ભણ્યો હતો અને આનંદ કર્યો હતો. શાંત રિયાના દિલમાં હું જોઈ શક્તો હતો, અથવા તો મને એવું લાગ્યું હતું. હું કઈ રીતે એને ભૂલી શકું ?

બે વર્ષ પહેલા મળેલી રિયાને હું ભૂલી નહોતો શક્યો પણ બે મિનિટ પહેલા ઇન્ટરવ્યૂરૂમની અંદર આવેલો એ હું ભૂલી ગયો હતો.

'મેં પૂછ્યું, તમે અહીં શા માટે આવ્યા છો ?' ઇન્ટરવ્યૂ લેવાવાળાએ બોટલમાંથી પાણીનો ઘૂંટ લેતાં લેતાં પૂછ્યું.

'જી સર, હું અહીં એટલા માટે આવ્યો છું કે....' હું કંપનીનું નામ યાદ કરવામાં થોથવાઈ ગયો... 'કેમ કે એચએસબીસી કામ કરવા માટે બહુ જ ગતિશીલ નામ છે અને હું આ સંસ્થાનો ભાગ બનવા માંગું છું.'

મારો ચીલાચાલુ જવાબ સાંભળીને મને થયું કે એ મારી ઉપર પાણી છાંટશે. જો કે એણે છાંટ્યું નહીં.

'માધવ જહા, બરાબર ?' પેનલના બીજા સભ્યે મારાં કાગળિયાં વાંચતાં પૂછ્યું.

'સ્ટેટ લેવલ બાસ્કેટબોલ. બહુ સરસ. નેશનલ ટીમ માટે ગયા વર્ષે શોર્ટલિસ્ટ થયાં હતાં. તમે રમ્યા હતા ?

'ના સર.'

'કેમ નહીં ?'

હું એક ક્ષણ માટે ખચકાયો અને પછી મેં જવાબ આપ્યો, 'હું ટ્રાયલ રમવા માટે ગયો જ નહોતો.' બાસ્કેટબોલને કારણે મને રિયા સખત યાદ આવતી હતી. રિયાના ગયા પછી હું એક પણ વાર બાસ્કેટબોલ રમ્યો ન હતો.

'કેમ ?' એ ત્રણેએ સાથે પૂછ્યું .

'હું નહોતો જઈ શક્યો. હું તણાવમાં હતો.'

'કેવો તણાવ ?' પહેલી વ્યક્તિએ પૂછ્યું.

'અંગત.'

બીજી વ્યક્તિએ પોતાનું ગળું ખોંખાર્યું. એ ત્રણેએ એકબીજા સામે ડીકું ધુણાવ્યું અને આ સવાલ જવા દેવાનું કદાચ નક્કી કરી લીધું.

'તમારે બેંકિંગ શા માટે કરવું છે ?' ત્રીજી વ્યક્તિએ પૂછ્યું.

'કારણ કે તમે મારી પાસે એ જ કરાવવા ઇચ્છો છો.'

'શું કહ્યું ?' ઇન્ટરવ્યૂ લેવાવાળાઓએ આંખ ઝપકાવતાં પૂછ્યું.

'જુઓ, મારે નોકરી જોઈએ છે. તમારી એક જ નોકરી છે જે મળી શકે એમ છે. તમે સારું વળતર આપો છો. એટલે, હું બધું કરીશ. જે તમે કરાવવા ઇચ્છશો.'

'તમારી કોઈ પસંદ નથી ?'

'ખાસ નહીં.'

મને ખબર નહોતી કે હું આવું શું કામ બોલી રહ્યો હતો. કદાચ એટલા માટે કે છેલ્લાં બે અઠવાડિયાંમાં મેં આઠ ઇન્ટરવ્યૂ આપ્યાં હતાં અને દરેકમાં હું જૂઠું બોલ્યો હતો. બહુ થઈ ગયું હતું. હવે મારે દિલ્હીમાં રહેવું નહોતું. મને મારી મા યાદ આવતી હતી. મારે અત્યારે જ એની સાથે વાત કરવી હતી.

'માધવ, તમારે આ નોકરી જોઈએ છે ?' પેનલમાં બેઠેલી પહેલી વ્યક્તિએ પૂછ્યું.

'તમારું નામ શું છે ?' સામે મેં પૂછ્યું.

'શુકલા, પ્રમોદ શુકલા, હું નોર્થ ઇન્ડિયાનો રિજિયોનલ મેનેજર છું.'

'મિ. શુકલા, તમે ખુશ છો ?'

'શું ?'

'તમે ખુશ દેખાતા નથી. તમારામાંનું કોઈ પણ ખુશ દેખાતું નથી. કોઈને નોકરીમાં રસ નથી, તમે જે પૈસા આપો છો એમાં રસ છે. તમને ફરક સમજાય છે ?

પેનલિસ્ટે એકમેકની સામે જોયું. જો એ વખતે મારી કૅમેરા હોત તો એમના અનોખા હાવભાવે કોઈ પણ ફોટોગ્રાફી કોમ્પિટિશન જીતી લીધી હોત.

'મને તમારી નિખાલસતા પસંદ પડી. તમે પહેલા આવા ઉમેદવાર છો. અમે તમને નોકરી પર રાખીશું.' પ્રમોદે કહ્યું.

બીજા બેને આઘાત લાગ્યો. જો કે એમના બોસના અવ્યવહારુ નિર્ણય સામે દલીલ કરવા માટે એ બંને નાના હતા.

'પણ મારે નોકરી પર રહેવું નથી', હું બોલ્યો અને ઊભો થયો.

'કેમ ?' પ્રમોદે કહ્યું. 'દિલ્હીમાં પ્રાઇવેટ બેંકિંગ, ઉચ્ચકક્ષાના ગ્રાહકો, વર્ષે છ લાખ.'

'ના સર, શ્રીમંત લોકોથી હું ધરાઈ ગયો છું.' મેં કહ્યું અને રૂમ છોડીને ચાલ્યો ગયો.

*

હોસ્ટેલના મારા રૂમ પર ઇન્ટરવ્યૂ આપીને હું પાછો આવ્યો. વર્ષમાં પહેલી વાર, મને મારી જાત પર માન થઈ આવ્યું. મેં નક્કી કરી નાખ્યું કે હવે હું પગલૂછણિયા જેવી જિંદગી નહીં જીવું. જે છોકરી મને છોડી ગઈ છે એ શ્રીમંત છોકરીની યાદમાં હું મારી જાતને ખર્ચી નહીં નાખું. સ્ટીફન કૉલેજથી હું ઉબાઈ ચૂક્યો હતો. ઉચ્ચવર્ગના થવાની મારી ઘેલછા મરી પરવારી હતી.

તું બિહારના ડુમરાઉંનો છે. તું એ વ્યક્તિ છે, માધવ જહા. મેં મારી જાતને કહ્યું તું એ જ રહેવાનો છે અને એ જ જરૂરી પણ છે.

મેં માને ફોન કર્યો.

'ઇન્ટરવ્યૂ કેવો ગયો ?' એણે પૂછ્યું.

'એક કંપનીએ મને નોકરી આપવાની તૈયારી બતાડી છે.'

'કઈ ?'

'એચએસબીસી.'

'એ લોકો શું કરે છે ?'

'બેંક છે.'

'પટનામાં બ્રાંચ છે ?'

હું હસી પડ્યો, 'ના, આ ઇન્ટરનેશનલ બેંક છે. નોકરી દિલ્હીમાં છે', મેં કહ્યું.

'ઓહ, મારી મા બોલી એનો અવાજ મંદ પડી ગયો. તો તો તારે ત્યાં જ રહેવું પડશે.'

'મેં ના પાડી દીધી છે.'

'શું ?' આશ્ચર્યથી એણે પૂછ્યું.

'મારે નથી જોઈતી નોકરી. મારું દિલ અહીં નથી લાગતું.'

'તારું દિલ ક્યાં છે ?' મારી માએ થોડું હસતાં પૂછ્યું.

લંડન – મારી અંદરથી અવાજ ઊઠ્યો.

'ડુમરાઉંમાં. હું ઘેર પાછો આવું છું.'

ફોન પર હોવા છતાં હું મારી માના ચહેરા પરનું મોટુંમસ સ્મિત કલ્પી શક્યો.

'તું ડુમરાઉં પાછો આવીશ ? અને એય સ્ટીફન કૉલેજમાં ભણ્યા પછી ?' આનંદિત અવાજે એણે પૂછ્યું.

'હા, આખરે એ મારું ઘર છે.'

'હાસ્તો, બધા તારા વિષે પૂછયા કરે છે. અમારો રાજકુમાર ક્યાં છે ?'

'પ્લીઝ મા, હું આશા રાખું કે પાછી એવી મૂરખ જેવી વાત શરૂ ન થાય.'

'એનો શું અર્થ? મૂરખ જેવી ? તું ડુમરાઉંનો રાજકુમાર છે. લોકો તારો રાજ્યાભિષેક થાય એની રાહ જોઈ રહ્યા છે.'

'મા, મને આવા બધા રીતરિવાજ નથી ગમતા. ભારતમાંથી રજવાડાં ચાલ્યાં ગયાં'

'પ્રેમ વ્યક્ત કરવાની એક રીત છે આ. આપણે જાણીએ છીએ અને એ લોકો ય જાણે છે કે આપણી પાસે સત્તા નથી. પણ આપણે સમાજને જોડી રાખવાનું કામ કરીએ છીએ. એમાં કંઈ તારાથી ખભા ઉછાળીને ઊભા ન રહેવાય.'

'ચલ જવા દે, હું ત્યાં ત્રણ અઠવાડિયાંમાં આવું છું. ત્યાં મારે કંઈક કામ શોધી કાઢવું પડશે.'

'તું મને સ્કૂલમાં મદદ કરી શકે.'

'મા, એ તો તું બરાબર ચલાવે જ છે ને ?'

'કેટલા વખત સુધી ? વળી ઘણા બધા પ્રશ્નો એવાય છે જે હવે આ ઉંમરે હું ઉકેલી શકું એમ નથી. હું તો ભણાવવા પર ધ્યાન આપું કે છાપરું સમારાવડાવું ? શિક્ષકોથી લઈને મજૂરો સુધી બધા મારું માથું ખાઈ જાય છે.'

હું હસી પડ્યો.

'હું છાપરાના સમારકામનું ધ્યાન રાખીશ અને તું સ્કૂલ ચલાવજે.'

'સાચ્ચે ?'

'હા, મા.'

'તારી નોકરીમાં તને કેટલો પગાર મળવાનો હતો ? તેં જે છોડી દીધી એ નોકરીમાં ?

'જવા દે ને મા, હવે એ વાત કરીને શું ફાયદો ?'

'તો ય, કહે તો ખરો.

'પચાસ હજાર'

'વર્ષના ?'

'ના, મહિનાના.'

મારી માએ એટલા જોરથી શ્વાસ લીધો કે મારા કાનના પડદા ફાટી જાય.

'તેં ખરેખર અહીં આવીને સ્કૂલમાં મદદ કરવા માટે એ નોકરીમાં ના પાડી ?'

'હા મા, મેં કહ્યું તો ખરું. હું મગધ એક્સપ્રેસની ટિકિટનું બુકિંગ કરાવી દઉં છું. ત્રણ અઠવાડિયાં પછી તને મળીશ.'

'મને ખબર છે તું આવું કેમ કરે છે ?' મારું હૃદય જાણે અટકી ગયું.

'કેમ ?'

'તારામાં રજવાડી લોહી વહે છે. તું જુદો જ છે. તું રાજકુમાર થવા જ સર્જાયો છે.'

'હવે રાજકુમારે જવું પડશે. પ્રિપેઇડ ફોનમાં બેલેન્સ ખૂટી ગયું છે.'

હું ફોન મૂકતો હતો એ દરમ્યાન મા હસતી રહી. મોટાભાગની ભારતીય માઓ એમના સંતાનો આવી નોકરી છોડી દે તો લાફો મારી દે પણ મારી મા નહીં. એને ખબર હતી કે જીવનમાં રૂપિયા પૈસાથી અગત્યની ઘણી બાબતો હતી. એણે પોતે પણ એશોઆરામવાળું જીવન જોયું હતું. એણે પોતાના લગ્નના દાગીનાઓને વ્યાજના ચક્કરમાં હોમાઈ જતા પણ જોયા હતા. આ કશું જ અગત્યનું નહોતું. મારી મા ડુમરાઉંનાં રાણીસાહેબા માટે અગત્યની વસ્તુ એક જ હતી - માનસન્માન.

'એક તબક્કા પછી, લોકો પૈસાથી માન ખરીદવાનો પ્રયત્ન કરે છે.' હું નાનો હતો ત્યારે મા હંમેશા આમ કહેતી.' જોકે માન બજારમાં વેચાતું મળતું નથી, એને તો મેળવવું પડે છે, પ્રયત્નથી.'

'ગૌરવથી જીવો, બીજા માટે જીવો તો આપોઆપ લોકો માન આપે છે.' એ કહેતી. એની વાત સાચી હતી. ડુમરાઉંના લોકો મારી માને પ્રેમ કરતા. એ રાણી હતી એટલે નહીં, પણ એ એવી રાણી હતી જે એમની સંભાળ લેતી. છેલ્લાં પંદર વર્ષોમાં નંદન નામના ગામડામાં ડુમરાઉં રોયલ સ્કૂલને એણે પોતાનું સઘળું આપી દીધું હતું.

મને ઘર વધુ યાદ આવી ગયું. સેન્ટ સ્ટીફનના વ્યવસ્થિત બાગબગીચા સામે ડુમરાઉંના ધૂળિયા રસ્તા મને વધુ લલચાવવા લાગ્યા. હું ઘરે જવા ઉત્સુક થઈ રહ્યો.



અંક બીજો
બિહાર

૧૫

ડુમરાઉં, જિલ્લો બક્સર, બિહાર.

મારે મારી માને સરપ્રાઇઝ આપવી હતી એટલે જે દિવસે હું પહોંચવાનો હતો એના એક દિવસ પછીની તારીખ મેં એને જણાવી હતી. દિલ્હીથી ચૌદ કલાકની ટ્રેનની મુસાફરી પછી હું ડુમરાઉં રેલવે સ્ટેશન પહોંચ્યો.

જેવો હું સ્ટેશનની બહાર નીકળ્યો કે બાળપણ સાથે સંકળાયેલી સુગંધ મને ઘેરી વળી.

મારા શહેર વિષે એવું કંઈ ખાસ નથી. નાનકડી જગ્યા છે, ત્રણ કિલોમીટરના ઘેરાવામાં આવી જાય એટલી નાની. એની ઓળખ સમી વાત એક જ છે કે ભારતનાં સૌથી જૂનાં રજવાડાંઓમાં એનો સમાવેશ થાય છે. મારા કુટુંબને આ સિદ્ધિ સાથે સંબંધ પણ છે.

જો કે હું એ નથી જાણતો કે દસ પેઢી પહેલાં મારા વડવાઓએ જે કંઈ પણ કર્યું એનું ગૌરવ મારે લેવું જોઈએ કે નહીં.

ડુમરાઉં બકસર જિલ્લામાં આવેલું છે. ગંગા નદીના કિનારે આવેલા બકસર જિલ્લાથી લગભગ સોળેક કિલોમીટર દૂર. જો તમે ઇતિહાસના પિરિયડમાં સૂઈ ન ગયો હો તો તો તમને ઈ.સ. ૧૭૬૪ના બકસરની મહાન લડાઈ વિષે પણ ખબર હશે. જો કે એનું નામ બદલીને ઈ.સ. ૧૭૬૪ ની શરમજનક લડાઈ આપી દેવું જોઈએ. એ યુદ્ધ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની અને ત્રણ રજવાડાંના રાજાઓના સૈન્ય વચ્ચે લડાયું હતું, બંગાળના નવાબ મીર કાસીમ, અવધના નવાબ શુજા-ઉદ્-દૌલા અને મોગલ રાજા શાહ આલમ બીજો. ભારતીયો પાસે ૪૦,૦૦૦ ટુકડીઓ હતી અને બ્રિટિશરો પાસે ૧૦,૦૦૦થી ય ઓછી. ખબર છે શું થયેલું ? બ્રિટિશરો સામે આપણે ખરાબ રીતે હારી ગયેલા, કારણ કે ત્રણેય રાજાઓ એકબીજા સાથે લડવામાંથી ઊંચા નહોતા આવ્યા. દરેક રાજા ખાનગીમાં બ્રિટિશર સાથે મળી ગયેલો અને બીજાની વિરુદ્ધ કાવતરું ઘડેલું. એક જ દિવસમાં બ્રિટિશરો જીતી ગયેલા અને લગભગ આખાય ભારત પર કબજો લઈ લીધેલો. મને નથી લાગતું ત્યારથી માંડીને આજ સુધી ભારતીયો કંઈ શીખ્યા હોય. આપણે જુદા જ રહીએ છીએ. દરેક જણ આજે પણ પોતાના ફાયદાની જ વાત કરે છે, પછી દેશ ખાડામાં કેમ ન જાય ?

આ હું તમને જે કહી રહ્યો છું એનું એક કારણ છે. તમને એમ થતું હશે કે આ વાતનોકોઈ સંબંધ નથી, વિચારી જુઓ, જો બકસરની લડાઈ ન થઈ હોત અથવા તો બકસરની લડાઈનું પરિણામ કંઈક જુદું આવ્યું હોત તો બ્રિટિશરોએ જે રીતે ભારત પર રાજ કર્યું એ રીતે ન કરી શક્યા હોત. કોઈ પણ પ્રકારના 'ઇંગ્લિશ હાઈ ક્લાસ, બાકીના લો ક્લાસ' જેવા વાડા ન થયા હોત. અરે, સેન્ટ સ્ટીફન કૉલેજ પણ ન હોત. વિચારો તો એ મૂર્ખાઓ જરાક જુદી રીતે વર્ત્યા હોત તો આજે ગોરાઓ હિંદી બોલતા હોત અને ભોજપુરી બોલવી એ સ્ટાઇલ ગણાતી હોત.

હું રિક્ષામાં બેઠો, 'રાજાની હવેલી', મેં કહ્યું. એણે રિક્ષા પહેલા ગિયરમાં નાખી અને ચલાવી. ડુમરાઉંમાં અમારું ઘર સીમાચિહ્ન ગણાય છે.

ઉબડખાબડ રસ્તા પર રિક્ષા ઊછળી રહી હતી. અમે જેમ જેમ આગળ વધતા હતા તેમ તેમ ધૂળના ગોટા આસપાસ છવાઈ જતા હતા.

'આ રસ્તાઓને શું થયું છે ?' મેં પૂછ્યું.

'અહીંયાં રસ્તાઓ જ નથી', ડ્રાઇવરે કહ્યું અને હસી પડ્યો.

*

વીસ મિનિટ પછી રિક્ષા હવેલીના મુખ્ય દરવાજા પાસે પહોંચી ગઈ. પંદર વર્ષ પહેલાં અહીં ચોકીદારો ચોકીમાં હાજર રહેતા હતા. અત્યારે, બંને બાજુ ફક્ત થાંભલાઓ હતા. મારી ત્રણ સૂટકેસ સાથે હું એક વખતના સુંદર બગીચામાં ઊભો હતો. મારો જે બાળપણનો ફોટોગ્રાફ રિયાએ જોયેલો એ અહીં લેવાયો હતો. અત્યારે એ ખુલ્લી ચોરસ જગ્યામાં મેં વાંસડાઓ અને કપડાંનો જથ્થો પડેલો જોયો. બે મજૂર જેવા માણસો ખૂણામાં બેસીને બીડી પી રહ્યા હતા.

'આ બધું શું છે ?' મેં પૂછ્યું.

'અમે તંબુ બાંધી રહ્યા છીએ' , એમાંના એક જણે કહ્યું.

*

હું ઘરમાં ગયો ત્યારે મા નહોતી. હું મારા જૂના કમરામાં ગયો. લાકડાના દરવાજાઓ પહેલાં કરતાંય વધુ અવાજ કરતા હતા. કબાટનાં બારણાં વધુ જકડાઈ ગયાં હતાં. મેં બારી ખોલી. છેલ્લાં પાંચ વર્ષથી મારા કમરાની દીવાલ પર લગાડેલા શકીલ ઓ'નીલ અને મેજિક જોન્સનનાં પોસ્ટર પર સૂર્યનાં કિરણો પડ્યાં.

હું પલંગ પર આડો પડ્યો. બાસ્કેટબોલ ચેમ્પિયન તરફ મારી નજર હતી. હું વિચારતો હતો કે નેશનલ ટ્રાયલ પર મારે વધારે ધ્યાન આપવું જોઈતું હતું કે નહીં ?

થોડા કલાકો પછી મારી મા સ્કૂલેથી આવી. 'મા', મેં ઘરની બારીમાંથી બૂમ પાડી.

હવેલીના દરવાજામાં પ્રવેશતાં જ માએ મને જોયો. એણે મારી સામે હાથ કર્યો. હું દરવાજો ઊતરીને દોડ્યો અને એને વળગી પડ્યો. ગર્લફ્રેન્ડ આવે ને જાય પણ સારું છે મા તમારી સાથે સંબંધ ક્યારેય નથી તોડતી, કે બ્રેકઅપ નથી કરતી.

'તેં કાલનું કહ્યું હતું', એ બોલી. અમે દીવાનખંડના એક ભલે ઘસાયેલા પણ એક જમાનામાં મનોહર હશે એવા સોફા પર બેઠાં.

'મને થયું હું તને સરપ્રાઇઝ આપું', મેં કહ્યું.

'સારું થયું પણ તે અમારી સરપ્રાઇઝની મજા બગાડી નાખી.'

'કઇ રીતે ?'

મારી માની જૂનામાં જૂના નોકરાણી, સાવિત્રીતાઈ ચા અને મીઠી લિટ્ટી (ચોખામાંથી બનતી વાનગી) લઈને આવી.

'તારો રાજ્યાભિષેક. તેં બહાર ટેન્ટ જોયા નહીં ?'

'શું ?' મારા હાથમાં અડધી ખાધેલી લિટ્ટી એમ ને એમ રહી ગઈ.

'પવિત્ર દિવસ છે, અષાઢ કૃષ્ણપક્ષનો.'

'મા, મને આવાં બધાં નાટક પસંદ નથી.'

'આ નાટક નથી, પરંપરા છે', મારી માએ ધીમા લાગણીભર્યા અવાજમાં કહ્યું. કોઈ પણ સ્ત્રીના લાગણીભર્યા નાટકની પરફેક્ટ શરૂઆત હતી આ.

'મને આ બધું વિદૂષક જેવું લાગે છે મા. લોકશાહીમાં રાજા તરીકે અભિષેક થાય કેવું લાગે ?'

મારી મા ઊભી થઈ અને ડાઇનિંગ ટેબલ તરફ ગઈ. એની પીઠ મારી તરફ હતી. એ શાંત રહી, આ જ એનું સૌથી શક્તિશાળી શસ્ત્ર હતું. પાંચ ફૂટ આઠ ઇંચની ઊંચાઈ, આર ઇસ્ત્રીવાળી સાડી, મારી મા ખરેખર રાજવી પરિવારની જ લાગતી હતી. એણે પોતાની મુઠ્ઠીઓ વાળી.

હું એની પાસે ગયો.

'મા, જો આ બધા રીતરિવાજો પાળવા હતા તો તારે મને કૉલેજ મોકલવો જ નહોતો.'

મારી માની પીઠ હજુ મારી તરફ હતી, એ બોલી, 'વિચિત્ર કહેવાય નહીં, હું પણ એ જ વિચારતી હતી.'

હું ડાઇનિંગ ટેબલ ફરીને એની સામે જઈને ઊભો રહ્યો. 'આપણે ત્યાં વિધાનસભ્ય છે', મેં કહ્યું, 'શું નામ છે એમનું ?'

મારી માએ પડકારભરી નજર ફેંકી.

'એનું નામ શું છે, મા ?'

'ઓઝા, નક્કામો માણસ છે.'

'હા, ઓઝા. આપણે ત્યાં બકસરમાં સંસદસભ્ય પણ છે અને પટનામાં મુખ્યમંત્રી.'

'છતાં ગ્રામવાસીઓ આપણને માને છે, ખબર છે કેમ ?' એણે પૂછ્યું.

'કારણ કે એ લોકો અશિક્ષિત અને જૂની વિચારધારા ધરાવે છે.'

મારી માએ મારી સામે તીખી નજર ફેંકી, 'તું પણ એ બધા જેવો જ થઈ ગયો છે.'

'એ બધા કોણ ?'

'વધારે પડતા ભણેલાગણેલા મૂર્ખ લોકો જેવો. જ્યારે એ લોકો ગામડાના રહેવાસીઓને સમજી નથી શકતા ત્યારે એમને અશિક્ષિત અને જૂની વિચારધારાવાળા કહે છે.'

એ મને ધમકાવી રહી હતી અને હું માથું નીચું કરીને સાંભળી રહ્યો હતો. રાણીસાહેબને ક્યારેક જ આવતા ગુસ્સાને તમે હળવાશથી લઈ જ ન શકો.

'તો, એ લોકો શા માટે મારો રાજ્યાભિષેક કરવા માગે છે ? ડુમરાઉંમાં બીજી કોઈ મનોરંજક પ્રવૃત્તિ નથી ?'

'એ લોકો એટલા માટે રાજા ઇચ્છે છે, કારણ કે સરકાર એમની સંભાળ લેતી નથી.'

મેં માને પાણીનો ગ્લાસ ભરીને આપ્યો.

'મા, હું કૉલેજ પૂરી કરીને પાછો આવ્યો છું. તું કમ સે કમ આપણે મળ્યાના પહેલા જ કલાકમાં તો મારી પર ઘાંટા ન પાડ.'

'તું કરે છે જ એવું તો પછી હું શું કરું ?'

'ઓકે, સૉરી, મા.'

એ નરમ પડી ને અમે પાછાં સોફા પર બેઠાં. મેં મારી પ્લેટમાં વધુ ચાર લિટ્ટી લીધી.

'જમવાનું બાકી છે. આ ખાઈને પેટ નહીં ભરતો' મા બોલી.

'સૉરી', મેં કહ્યું ને પ્લેટ પાછી મૂકી દીધી.

'જો, ફક્ત બે કલાકનો કાર્યક્રમ છે. પહેલાં રાજ્યાભિષેક, પૂજા અને પછી જમણવાર. પ્રશ્ન ક્યાં છે ?'

'ક્યાંય નહીં. હું કરીશ, બસ ?'

કમરાનો પંખો બંધ થઈ ગયો. ફક્ત બે જ ક્ષણોમાં અમારા ચહેરા પર પરસેવાનાં બિંદુ જામી ગયાં અને થોડી જ વારમાં મચ્છરોનો ગણગણાટ સંભળાયો.

' શું થયું ?'

'વીજળીકાપ. જા, જઈને તારી સરકારનો આભાર માન', મા બોલી.



૧૬

કેટલી વાર, પંડિતજી ?' મેં પૂછ્યું. જમીન પર પલાંઠી વાળીને બે કલાકથી ય વધુ સમયથી હું બેઠો હતો, મારી પીઠ દુખવા આવી હતી. લગ્ન પણ આટલો સમય ન લે. ગામનો પૂજારી મારા સફળ અને સરળ રાજયવ્યવહાર માટે કદાચ પવિત્ર મંત્રો બોલી રહ્યા હતા.

ડુમરાઉં અને આજુબાજુનાં ગામોમાંથી બસોથી ય વધુ માણસ આ રાજયાભિષેક માટે આવ્યા હતા. લોકો લાલ પ્લાસ્ટિકની ખુરશી પર બેઠા હતા.મોટા પંખાઓ ગરમ હવાને પાછી ફેંકતા હતા.

મેં કેટલાક મહત્ત્વના મહેમાનોને ઓળખ્યા. એમએલએ વિજય ઓઝા આગળ જ બેઠા હતા. લગભગ સાઇઠ વર્ષની ઉંમર હતી એમની અને છેલ્લાં ચાલીસ વર્ષથી રાજકારણમાં સક્રિય હતા. એમની બાજુમાં ડિસ્ટ્રિક્ટ કલેક્ટર અને પોલીસ ઇન્સપેક્ટર બેઠા હતા. અહીંના પ્રેસ રિપોર્ટર્સ એમની આસપાસ ટોળું વળીને ફોટોગ્રાફ પાડી રહ્યા હતા.

અંતે, મારી માએ પંડિતજીને શાહી મુગટ આપ્યો. અત્યાર સુધી પરિવારના સંરક્ષણમાં સચવાયેલો આ મુગટ અમારી પાસે બચેલી કેટલીક મહત્ત્વપૂર્ણ ચીજોમાંનો એક હતો.

પંડિતજીએ બેએક કિલોનો રાજમુગટ મારા માથા પર મૂક્યો. માની આંખો આંસુથી છલકાઈ ગઈ. એણે મને આલિંગન આપ્યું – લોકોની વચ્ચે લાગણી દેખાડવાનું શરમજનક માધ્યમ હતું એ.

'હવે ખુશ ?' મેં માના કાનમાં પૂછ્યું.

'મારો રાજકુમાર' એણે પોતાના આલિંગનમાં મને વધુ જોરથી જકડયો.

હું વેલ્વેટના બંધ ગળાના સૂટમાં પરસેવાથી નહાઈ રહ્યો હતો. 'રાજકુમાર ગરમીમાં ઓગળી રહ્યા છે. હું કપડાં બદલી શકું ?'

હું સ્ટેજ પરથી નીચે ઊતર્યો. રિપોર્ટર્સે મને ફોટો પડાવવા ઊભો રાખ્યો. એ લોકો ફોટા પાડતા હતા છતાં માએ મારી ઓળખાણ મહેમાનો સાથે કરાવવાની ચાલુ રાખી.

'અભિનંદન, રાજકુમાર સાહેબ' વીસ-પચીસ વર્ષના એક છોકરાએ મને કહ્યું. માએ મારી ઓળખાણ એની સાથે કરાવી. અખ્તર હુસેન – એની શાળાના બે શિક્ષકોમાંના એક શિક્ષક.

'મને માધવ જ કહો', મેં એની સાથે હાથ મેળવતાં કહ્યું. એને કદાચ મારું સૂચન અજુગતું લાગ્યું હતું.

'માધવ, આમને મળ. તેજ લાલ, આપણી શાળાના શિક્ષક અને આ તારાચંદજી છે, એડ્મિનિસ્ટ્રેટિવ ઑફિસર.' માએ કહ્યું.

મેં બંનેને નમસ્તે કર્યા. બંનેની ઉંમર પચાસેકની આસપાસની હતી. 'બહુ જ જલદી હું પણ સ્કૂલમાં જોડાવાનો છું', મેં કહ્યું.

સ્કૂલના સ્ટાફે મા સામે આશ્ચર્યથી જોયું.

'મારા ખ્યાલથી તમે દિલ્હીની શ્રેષ્ઠ કૉલેજમાં ભણવા ગયા હતા.' અખ્તરે કહ્યું.

'તો ?' મેં પૂછ્યું.

'તમને તો ગમે ત્યાં સારી નોકરી મળી જાય.' અખતર બોલ્યો.

'આ સારી નોકરી નથી?' મેં સામે પૂછ્યું. દરેક જણના ચહેરા પર સ્મિત આવી ગયું.

એમએલએ ઓઝા મારી પાસે આવ્યા. એમને જાડી મૂછો હતી, મોંઘો મોબાઇલ હતો.

'અભિનંદન, રાણી સાહેબા', એમણે કહ્યું.

'ઓઝાજી, અહીં આવવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર', માએ કહ્યું.

એમણે જવા માટે રજા માગતાં હાથ જોડ્યા.

'પણ જમવાનું શું ?'

'મારે બકસરમાં જ હજુ બીજા બે કાર્યક્રમમાં જવાનું છે. મને માફ કરો.' એમણે હજુ પોતાના હાથ જોડેલા રાખ્યા હતા.

માએ મારી સામે જોયું. હું ઓઝાજીને રોકાવા માટે આગ્રહ કરું એવો ઇશારો હતો એમાં.

'ઓઝાજી, થોડું રોકાઈ જાઓને, આપણે સાથે જમીએ', મેં કહ્યું.

'ના રાજકુમારજી, વળી, તમે એટલી જલદી નવરા પણ નહીં પડો. જુઓ, અહીં તો લાઇન લાગી ગઈ છે.'

હું પાછળ ફર્યો ને જોયું તો લગભગ પચાસેક જેટલા ગ્રામવાસીઓ મારા આશીર્વાદ લેવા ઊભા હતા. મારી પાસે કેટલાંક બાળકો આવ્યાં. મારી કેડ પર બાંધેલી તલવારને એ લોકો અડવા માગતા હતા. મને લાગે છે કે જો તમે વિદૂષક જેવા લાગતા હો તો લોકોનું ધ્યાન તમારા તરફ તરત ખેંચાય.

'જે રીતે આ મતદારો તમને પ્રેમ કરે છે એ જ રીતે એમના નેતાને પણ કરતા હોત

તો ?' ઓઝાજીએ કહ્યું અને રજા લીધી.

એક પછી એક ગ્રામવાસીઓને મેં આશીર્વાદ આપ્યા.

'આ સાચા રાજા છે ? વાતાંઓમાં હોય એવા ?' એક યુવાન છોકરીને ધીમા અવાજે બોલતી મેં સાંભળી.

'હા, હા, ચોક્કસ વળી.' એની બહેનપણીએ જવાબ આપ્યો.

'તો પછી એની રાજકુમારી ક્યાં છે ?' યુવાન છોકરીએ પૂછ્યું.

હું હસ્યો. મારી રાજકુમારી બીજા કોઈ રાજ્યમાં દૂર ચાલી ગઈ હતી.

'કાલે સ્કૂલનો સમય શું છે મા ?'

'સવારે ૭ વાગે, પણ કામ માટે પછી વિચારજે. આજે તો રાજા બન્યાનો આનંદ લે.' માએ કહ્યું.

રાજા બનવાનો આનંદ તમે કેવી રીતે લઈ શકો જ્યારે તમારી પર કોઈનું રાજ હજીય ચાલતું હોય ?

ડુમરાઉં રોયલ સ્કૂલ અમારી હવેલીથી ૨૦ મિનિટ ચાલતાં આવે. સવારે ૬:૩૦ વાગે

ખેતરોમાંથી હું અને મા પસાર થઈ રહ્યાં હતાં. 'ત્રણ પાળી હોય છે આપણે ત્યાં, દરેક પાળીમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ છે.' માએ કહ્યું, '૭થી ૧૦:૩૦, ૧૦:૩૦થી ૨ અને ૨થી ૫:૩૦.'

ભૂખરા કાળા રંગના સ્કૂલના મકાન પાસે અમે પહોંચી ગયાં. છેલ્લી વાર જોયું એનાથી ય વધુ જૂનું મકાન લાગતું હતું.

'આ કાળા રંગનું કેમ છે ?'

'કારણ કે પાંચ વર્ષથી એને રંગરોગાન નથી થઈ શક્યાં. દર વર્ષનો વરસાદ મકાનના પ્લાસ્ટરને વધુ નુકસાન પહોંચાડે છે.'

મને નવાઈ એ વાતની લાગી કે સ્ટીફન કૉલેજની દીવાલોનો રંગ આટલો અદ્ભુત લાલ-કથ્થઈ કઈ રીતે રહેતો હશે !

પહેલી પાળીના છોકરાંઓ આવવા લાગ્યા હતાં. સ્કૂલની બહાર મેદાનોમાં એ લોકો રમતાં હતાં. અમારી પાસે બે ક્લાસરૂમ અને એક સ્ટાફરૂમ હતો. સ્ટાફરૂમમાં એક લાંબુ ટેબલ અને કેટલીક ખુરશીઓ હતી. રિસેસમાં શિક્ષકો અહીં બેસતા અથવા નોટબુક્સ તપાસતા.

'અહીં આટલું અંધારું કેમ છે ?' મેં પૂછ્યું.

'આઠ વાગે વીજળી આવશે.' માએ કહ્યું.

લાંબા ટેબલના ત્રણ ખૂણા પર ફાઇલ અને ચોપડીઓનો ઢગલો પડ્યો હતો.

'અખ્તર, તેજ અને મારા ખૂણાઓ છે. ખાલી ખૂણો તારો છે.' માએ કહ્યું.

મા પોતાની જગ્યાએ બેઠી. એણે મીણબત્તી સળગાવી અને ફાઇલ ખોલી.

'આ બારીઓ મોટી હોવી જોઈતી હતી.' મેં કહ્યું.

માએ ઊંચું પણ જોયા વિના ડોકું ધુણાવ્યું. અખ્તર, તેજ અને તારાચંદ પાંચ મિનિટમાં આવી પહોંચ્યા. મને જોઈને એમણે હાથ જોડ્યા.

'પ્લીઝ, મને તમારામાંનો જ એક ગણજો. હું તો નવો છું અહીં.' મેં એ લોકોને કહ્યું.

આશ્ચર્યથી અખ્તર અને તારાચંદ પોતાનાં પુસ્તકો લઈ રહ્યા હતા. તારાચંદ સ્ટાફરૂમની બહાર ગયા. પરસાળમાં આવેલો પિત્તળનો ઘંટ વાગ્યો. શિક્ષકો પોતપોતાના વર્ગખંડમાં ચાલ્યા ગયા. તારાચંદ પાછા આવ્યા અને માને કહ્યું,

'એસએમડીસી (સ્કૂલ મોનિટરિંગ ડેવલપમેન્ટ કમિટી)એ કોઈને મોકલ્યા નથી.'

'અરે, એ લોકોએ વચન આપેલું', મા બોલી, 'એમના ઑફિસરે પોતે મને કહેલું તારાજી.'

'રાણીસાહેબા, હું એમના ઘરે ગયેલો. એમણે મને કહ્યું કે એમણે પ્રયત્ન કર્યો પણ વધુ ફંડ હવે અશક્ય છે.' તારાચંદે કહ્યું.

'આપણને એક ટૉઇલેટની જરૂર છે. શું સાતસો બાળકો વચ્ચે એક ટાઇલેટ માટે ફંડ આપવું અશક્ય છે ?' માએ પૂછ્યું.

'એમણે કહ્યું કે આ વિસ્તારની મોટાભાગની શાળાઓ એક ટૉઇલેટ વગર પણ ચલાવે છે. રાણીસાહેબા કેમ આ વાતને લઈને આટલો કોલાહલ મચાવે છે ?'

'એમને કહો કે અડધા માટે પૈસા આપે. ફક્ત છોકરીઓ માટે એક ટૉઇલેટ બનાવી આપે. માત્ર એક, તારાજી', મા બોલી.

'મને શરમમાં ન નાખશો રાણીસાહેબ. મેં બનતો પ્રયત્ન કર્યો. આપણને બીજી બધી વસ્તુઓ માટે પણ પૈસાની જરૂર છે. આપણે છતને પ્લાસ્ટર કરાવવું પડે એમ છે, વધારે ખંડની જરૂર છે અને મકાનને ધોળાવવું પડે એમ પણ છે. એસએમડીસી કહે છે કે એ લોકો પાસે કંઈ નથી...'

બહાર પરસાળમાંથી અવાજો સંભળાતા હતા. બાળકો ભેગાં થઈ ગયાં હતાં.

'એ લોકોને મહેરબાની કરીને બેસાડો', માએ કહ્યું.

તારાચંદ બહાર ટોળાને સંભાળવા માટે ગયા. બાળકો પરસાળના એક છેડે કાળી દીવાલ તરફ મોં રાખીને બેસી ગયા.

મારી મા જમણા હાથે કપાળ પકડીને બેસી રહી હતી.

'મા, તું બરાબર છે ને ?'

એણે ડોકું હલાવ્યું.

'એસએમડીસી શું છે ?'

'સ્કૂલ મોનિટરિંગ એન્ડ ડેવલપમેન્ટ કમિટી. સરકારી માળખું છે જે ગામડાની શાળાઓને મદદ કરવા રચવામાં આવ્યું છે. એ લોકો આવે છે, જુએ છે અને જતા રહે છે. કોઈ ક્યારેય મદદ કરતું નથી.

વીજળી આવી. ઉપર રહેલો પંખો કિચૂડાટ સાથે ફરવા લાગ્યો. પરસેવાવાળા શરીર પર ઠંડો પવન આહ્લાદક લાગતો હતો. માએ પોતાનું શરીર ખુરશીના ટેકે ઢાળ્યું અને આંખ બંધ કરીને પંખાના પવનની મજા લેવા લાગી.

'આ છોકરાઓ અહીં બહાર પરસાળમાં કેમ બેઠા છે ?' મેં એના ધ્યાનમાં વિક્ષેપ પાડતાં પૂછ્યું.

'ઓહ, એ પહેલું ધોરણ છે.' માએ કહ્યું.

સવારની પાળીમાં ૧થી ૪ ધોરણ હતાં. ધોરણ ૨, ૩ અને ૪ માટે વર્ગખંડ હતા. ધોરણ ૧ના વિદ્યાર્થીઓનો વર્ગ પરસાળમાં લેવાતો હતો.

મેં સ્ટાફરૂમની બહાર જોયું. બાળકો જમીન પર બેઠાં હતાં અને મારી માની રાહ જોતાં હતાં.

'મને બાળકોને ભરતી કરાવવામાં મદદ કર. અહીંના ગામવાળાઓ બાળકોને શાળાએ મોકલવાનું પસંદ નથી કરતા.' માએ કહ્યું.

'પણ મા, મારે ભણાવવું પણ છે.' મેં કહ્યું.

'અહીં બીજાં ઘણાં બધાં કામ છે. તારાચંદજી કોઈ કાગળિયાનાં કામ તો કરી શકે એમ છે જ નહીં.'

'કેટલું કંટાળાજનક ?'

'પણ એ મહત્ત્વનું છે. મારે કોઈ એવું જોઈએ છે જે દરેક વાતની નોંધ રાખી શકે. સત્તાવાળાઓ સાથે વ્યવહાર કરી શકે. મારામાં એ તાકાત નથી.'

મેં ઊંડો શ્વાસ લીધો અને ડોકું ધુણાવ્યું. સ્કૂલના મકાનની જેમ જ મારી મા ઉંમરલાયક અને અશક્ત થઈ ગઈ હતી.

'મા, આપણે આ રિપેરિંગ માટે ખર્ચ ન કરી શકીએ ?', મેં પૂછ્યું.

મા એ મારી સામે જોયું. એના ચહેરાના ભાવ પરથી જ મને જવાબની ખબર પડી ગઈ.

'મારી પાસે જે કંઈ પણ છે એ હું આપવાનો પ્રયત્ન કરું છું. હવેલીને રિપૅર કરવાય આપણી પાસે પૈસા નથી. તું દિલ્હીમાં ભણતો હતો, એનોય ખર્ચ હતો. હવે મારી પાસે કંઈ ખાસ નથી.'

મને શરમ આવી મને વિચાર આવી. ગયો કે એચએસબીસીની નોકરી સ્વીકારીને હું મારી માની કદાચ વધુ સારી રીતે મદદ કરી શકત. કમ સે કમ દર મહિને હું એને ચેક તો મોકલી શકત.

'આપણે ખપપૂરતું કરી લઈશું. ચિંતા ન કરીશ. મને તો આનંદ એ વાતનો છે કે તું અહીં છે', મા જાણે મન વાંચતી હોય એમ બોલી.

' કઇ રીતે ?'

'હું પગાર નથી લેતી. સ્ટાફને પગાર આપું છું. જો કંઈ ટૂટેકૂટે તો હું પૈસા આપી દઉં છું. બસ, બાકી અઘરું છે. સરકાર મદદ કરવા માટે બંધાયેલી છે, પણ કરતી નથી.'

'જો આપણે ફીમાંથી કમાણી કરીએ તો ?'

'કંઈ જ ન મળે. મહિનાના પાંચ રૂપિયા ફી છે. છતાંય કેટલાંય બાળકો સમયસર ફી નથી આપી શકતાં. જો કોઈ વાર વળી નસીબ સારાં હોય તો ફીમાંથી લાઇટબિલ ભરાય છે.'

પરસાળમાં ઘોંઘાટ વધ્યો. બાળકોનો કોલાહલ, હસવાના અવાજો, વાતો અને ચીસો અમારી વાતોથી ય વધુ જોરથી સંભળાતાં હતાં.

'જો જો, વાંદરાઓ છે. મારે જવું જ પડશે.' મારી માએ કહ્યું અને બહાર ચાલી ગઈ.

સિત્તેર બાળકો શિક્ષક સાથે અને શિક્ષક વગર, એ ભેદ અકલ્પ્ય હોય છે. એક જ ક્ષણમાં છોકરાઓ શાંત થઈ ગયા.

બાકીની સવાર મેં સ્કૂલને લગતી ફાઇલ્સ અને દસ્તાવેજો વાંચવામાં કાઢી. મને તરત ખ્યાલ આવ્યો કે સાતસો બાળકો અને ચાર જણના સ્ટાફ સાથે સ્કૂલ ચલાવવી એ કંઈ ખાવાના ખેલ નથી.

'ચાલો, ઇંગ્લિશમાં ગણતરી કરો તો', બહારથી માનો ઘાંટો સંભળાયો.

'વન, ટુ, થ્રી...' બધાં બાળકો સાથે બોલવા લાગ્યાં. આ જ્ઞાન ક્યારેય આ બાળકો ઉપયોગમાં લઈ શકશે કે નહીં એનો મને ખ્યાલ નહોતો, છતાં એમને ભણતાં જોઈને અંદરથી કંઈક સારું લાગ્યું. દિલ્હીના મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ જોવા કરતાંય વધુ સારું. રિયાના ઘરની આલીશાન પાર્ટી કરતાંય સારું.

'હવેથી આ બાળકો જ મારી જિંદગી છે', મેં મારી જાતને કહ્યું.



૧૭

છ મહિના પછી.

'સરપંચજી, તમે વચન આપ્યું હતું', હાથપંખાની હવા ખાતાં ખાતાં મેં કહ્યું. હું એમના ઘેર ત્રીજી વખત આવ્યો હતો. આમવા ગામના સરપંચ ગોપીએ વચન આપ્યું હતું કે એમના ગામમાંથી તમામ બાળકો સ્કૂલે ભણવા આવશે.

એમની પત્ની અમારા માટે સત્તુના બે હુંફાળા ગ્લાસ લઈ આવી. (શેકેલા ધાન અને દાળમાંથી બનતું પીણું) એ ઓછું ઠંડુ અને ઓછું ગળ્યું હોત તો વધુ સારું થાત એમ મેં વિચાર્યું ખરું પણ તોય પી ગયો.

સાઇઠેક વર્ષની ઉંમરના સરપંચે ભૂખરા-ધોળા રંગની એમના કપડાને બંધ બેસતી પાઘડી પહેરી હતી.

'અમને એમ કે એ લોકો સ્કૂલે આવતા હશે. અમે આઠ બાળકો મોકલેલાં.' એમણે કહ્યું. 'અઠાવડિયા પછીએ લોકો આવતા બંધ થઈ ગયા.'

'તો હું શું કરી શકું કુમારસાહેબ ? મેં તો પ્રયત્ન કર્યો હતો.'

'તમારે એમને કહેવું જોઈએ કે એ લોકો એમનું વચન પાળે. સ્કૂલ એ કંઈ ગામનો મેળો નથી કે હાલતાં ચાલતાં મુલાકાત લેવાય. શિક્ષણ મળતાં વર્ષો લાગે છે.'

'અને એ શિક્ષાનું એ લોકો કરે છે શું ?'

'માફ કરશો, પણ શિક્ષણ તો મફત મળે છે. પ્રશ્ન ક્યાં છે ?'

ગોપીએ મારા પર નજર ઠેરવી, પાયજામાના ખીસામાંથી બીડી કાઢીને પેટાવી.

'સમય, સમયનો પ્રશ્ન છે. એમનાં માબાપ બાળકો ખેતરોમાં મદદ કરે એમ ઇચ્છે છે.'

'અને આ બાળકો મોટાં થઈને કરશે શું ?'

'એ લોકો તો જ મોટાં થશે જો એમની પાસે ખાવા માટે ખોરાક હશે. એ માટે પણ ખેતરમાં કામ કરવું જરૂરી બની જાય છે.'

હું શાંત રહ્યો. ગામવાસીઓને તમે દલીલોમાં જીતી જ ન શકો. એ લોકોને શું કહેવું છે એ સાંભળવું જ પડે.

સરપંચે બીડીનો ઊંડો કશ લીધો.

'તમે તો મોટા શહેરમાં ભણ્યા છો ને ?' એમણે પૂછ્યું.

'હા, કેમ ?'

'મોટા શહેરવાળાઓ આ વાત નહીં સમજે. કંઈ જાણ્યા કર્યા વગર અમારા પ્રશ્નોનું

સમાધાન તેમની પાસે હોય છે.'

'હું અહીંનો જ છું એ તમે જાણો છો સરપંચજી.'

'હું જાણું છું, રાજકુમારજી, પણ આ ગરીબ ખેડૂતોનાં બાળકો એ-બી-સી-કે ૧-૨- ૩ શીખીને કરશે શું એ તમે જાણો છો ?'

'તમે કહેવા શું માંગો છો ?'

'ખેડૂત પોતાનાં નાનાં બાળકોને સ્કૂલે મોકલે છે, સાંભળવામાં બહુ સારું લાગે છે, પણ સ્કૂલ એમને આપે છે શું ?'

'શિક્ષણ શિક્ષણ વગર એના જીવનનો અર્થ શું રહેશે ?'

'ધારો કે તમે એને આઠમા ધોરણ સુધી ભણાવ્યો, તો શું એને સારી નોકરી મળશે ? વધુ પૈસા મળશે ? કંઈ જ નહીં. આ ભણતરનું કોઈ જ મહત્ત્વ નથી. એના બદલે એ ઘરમાં કમ સે કમ કમ મદદ તો કરશે.'

'ને એના ભવિષ્યનું શું ?' શિક્ષણ જેવી પાયાની જરૂરિયાત વિષે કઈ રીતે આ લોકોને સમજાવવા એનો ખ્યાલ હજુ મને નહોતો આવતો.

'એનું કોઈ ભવિષ્ય હોતું નથી. એના બાપની જેમ જ એ પણ ખેતરોમાં કામ કરશે. અને જીવન ટકાવી રાખવાનો પ્રયત્ન કરશે. સ્કૂલ એ પૈસાદાર લોકો માટે છે.'

મારું મગજ ચકરાઈ ગયું.

'ગરીબ લોકોને ભવિષ્યનાં સપનાં ન દેખાડશો, રાજકુમારજી. તમારી શાળાઓ એને આગળ વધવામાં મદદ નહીં કરે, એટલે અમે અમારાં બાળકોને નિશાળ નથી મોકલતા, આ સીધીસાદી વાત છે. અમે મૂરખ નથી કે અમારું ભલું ન સમજીએ.'

મેં માથું ધુણાવ્યું. એક તરફ મારે નિશાળમાં વિધાર્થીઓની સંખ્યા વધારવી હતી તો બીજી તરફ એમના તર્કમાં હું કોઈ ભૂલ શોધી નહોતો શકતો.

'બીજી કોઈ મદદ હું આપને કરી શકું ?' મેં ઊભા થતાં થતાં પૂછ્યું. એમનો જ એકાદો પૌત્ર પાછળ સંતાઈને મને કુતૂહલથી જોઈ રહ્યો હતો.

'પાણી મળે એવું કંઈક કરો. ગામના છોકરાઓને પાણી લેવા દરરોજ બે કિલોમીટર ચાલવું પડે છે. જો પાણીનું કંઈક થાય, તો અમે એમને નિશાળે મોકલીશું.'

*

દરેક રાજકારણીની કચેરીની બહાર લોકો રાહ જોતા બેઠા જ હોય છે. જો એક સંશોધનની રીતે જોઈએ તો રાજકારણ જ એવો વ્યવસાય છે જેમાં નેતાઓ સૌથી વધુ લોકોને મળે છે. એમએલએ ઓઝાની ઘર કમ ઑફિસ લોકોથી ભરેલી હતી. ગામવાસીઓનું ટોળું પોતાની માગણી કે ફરિયાદ સાથે વરંડાની બહાર બેઠું હતું. એમએલએના સેક્રેટરી પંકજે મને પોતાના વારાની રાહ જોયા વગર મુલાકાત કરાવી આપવા કહ્યું પણ મેં ના પાડી. આમેય આવા ખોટા રાજકુમારના તાજમાં મને જરાય રસ નહોતો.

ગામવાસીઓ શાંતિથી પોતાના વારાની રાહ જોતા હતા. જે લોકો પાસે પોતાના ભવિષ્ય માટે કોઈ આશા નથી હોતી, એ લોકો કૈંક ખાસ હોય છે. તમે એમને એમના ચહેરાના ભાવથી જ જુદા તારવી શકો. ખાસ તો એમની આંખોમાં જેમાં કોઈ પ્રકારની ચમક હોતી નથી. એ દુ:ખી આંખો નથી હોતી, એ વિમુક્ત આંખો હોય છે. જે જીવન એમને મળ્યું છે એ

ગામવાસીઓ સ્વીકારી લે છે, જીવનને ઘડવાની કોશિશ નથી કરતા. આ જ તો છે ગ્રામ્ય બિહાર. એક દિવસ તમે સખત મહેનત કરીને જીવનમાં આગળ વધવું છે એમ નક્કી ન કરી શકો. કોઈ એમ કરવા દે પણ નહીં. તમારી પાસે જૂની-પુરાણી સ્કૂલ હોય જેમાં તમને વાંચવા લખવાનું શીખવાડવામાં આવતું હોય પણ જીવનમાં કામ ન લાગતું હોય. જો તમે ભણી પણ લો તો નોકરી ન મળે. મોટાં સપનાંઓ જોવાનો અર્થ જ શું છે ? એના કરતાં બેઠા રહેવું, રાહ જોવી અને જીવનથી નિવૃત્ત થઈ જવું.

'તમે અહીં કેમ આવ્યા છો ?' મેં એક મોટી ઉંમરના ગામવાસીને પૂછ્યું.

'વીજળી માટે. અમારા ગામ બસ્તીપુરમાં દિવસનો એક કલાક વીજળી હોય છે. મોટર ચાલુ થતી જ નથી. અમે વધુ બે કલાકની માગણી કરવાના છીએ.'

બસ, આટલું જ. એ માણસને ચોવીસ કલાકમાંથી ત્રણ કલાક ઇલેક્ટ્રિસિટી પાવર જોઈતો હતો. અને એ માટે હાથ જોડીને એ માણસ એના નેતાને મળવા ક્યારનો બેઠો હતો. આવા તો લાખો ભારતીયો હશે, મેં વિચાર્યું. દાખલા તરીકે ૧૦૦, ઔરંગઝેબ રોડ પરની સુશી પાર્ટીમાં હતા એનાથી ઘણા વધારે.

મેં હાથમાંની ફાઇલ્સ બાજુમાં મૂકી. પંકજ મારી તરફ આવ્યો.

'આવો, તમે બહાર રાહ જુઓ એ ઓઝા સાહેબને ઠીક નથી લાગતું', પંકજે કહ્યું.

'હું ઠીક છું, સાચ્ચે.' મેં કહ્યું.

ઓઝા ઑફિસમાંથી બહાર આવ્યા, 'તમે જમીન પર બેઠા છો ?' એણે આશ્ચર્યથી પૂછ્યું.

'બીજા બધાની જેમ જ', મેં કહ્યું.

એમણે આસપાસ જોયું. 'બહુ થયું, હવે અંદર આવો માધવજી', એ બોલ્યા.

અમે એમએલએના દીવાનખંડમાં બેઠા. એમની પત્ની અમારે માટે ઓરેન્જ જયૂસ લઈ આવી.

'તમારે સીધા અંદર આવી જવું હતું', એ બોલ્યા.

'તમે મારી કોઈ ખાસ મહેમાનગતિ કરી રહ્યા હો એવું મારે ગામવાળાઓને નહોતું લગાડવું', મેં કહ્યું.

'હવે ગામવાળાઓ એમ કહેશે કે મેં ડુમરાઉના રાજકુમારને જમીન પર બેસાડી રાખ્યા. વિશ્વાસ રાખો, એ લોકો ન્યાય કરતાંય વધુ કક્ષામાં માને છે. ચાલો એ જવા દો, અહીં કેમ આવવું થયું ?'

'મારે મારી સ્કૂલ માટે મદદ જોઈએ છે અને નજીકનાં ગામડાંઓ માટે થોડા હેન્ડપંપ.'

સ્કૂલની વાત તો હું સમજી શકું છું.' ઓઝાજીએ પોતાની ભ્રમર સહેજ ઊંચી કરતાં પૂછ્યું,' પણ ગામવાસીઓ માટે હેન્ડપંપ ?

'હા, આમવા માટે.'

'તમે સામાજિક સેવક બની રહ્યા છો કે પછી રાજકારણમાં પ્રવેશવાનો ઇરાદો છે ?'

'બેમાંથી એકેય નહીં. ત્યાંનાં બાળકો નિશાળે એટલા માટે નથી આવતાં કારણ કે પાણી ભરવા માટે એમને બે કિલોમીટર જેટલું રોજ ચાલવું પડે છે. ગામમાં જેટલા વધુ હેન્ડપંપ હશે,

સ્કૂલમાં એટલાં વધુ બાળકો હશે.'

'ઓહ,' એમએલએ પોતાના ઓરેન્જ જયૂસનો ગ્લાસ ખાલી કરતાં બોલ્યા, 'ભગવાનનો આભાર માનો.'

એ ખડખડાટ હસી પડ્યા. હું મૂંઝાઈને બેસી રહ્યો.

'તમે જો રાજકારણમાં આવી જાઓ તો મારી નોકરી ખતરામાં છે', એણે જોરથી હસતાં કહ્યું.

'ચિંતા ન કરો, હું નહીં આવું. આ ઉપરાંત મારી નિશાળને પણ મદદની જરૂર છે.'

'મને ખબર છે. તમારાં માએ મને વાત કરી છે. સ્કૂલને લાખો રૂપિયાના ખર્ચે રિપેરિંગની જરૂર છે. કમનસીબે આ સરકારી શાળા નથી.'

'પણ અહીંનાં બાળકો માટે આ એકમાત્ર શાળા છે.'

'તમે કંઈ ખાશો ? મારી પત્નીએ પકોડા બનાવ્યા છે.'

મેં માથું ધુણાવ્યું.

'જો તમે સ્કૂલ માટે મારી કંઈ મદદ કરી શકો...' મેં કહ્યું અને એમણે મને વચ્ચે જ રોક્યો.

'રાજકુમારજી.'

'માધવ, પ્લીઝ મને માધવ જ કહો.'

'ઓકે, માધવજી, જુઓ મારી પાસે એમએલએનું લિમિટેડ ફંડ છે. મારે રસ્તાઓ ઠીક કરવાના છે, વીજળી લાવવાની છે અને હેન્ડપંપ નંખાવવાના છે. સાચું કહું તો, મારી પાસે પૈસા ખૂટી ગયા છે.'

'સ્ટેટ એજ્યુકેશન મિનિસ્ટ્રી આમાં કંઈ ન કરી શકે ?'

ઓઝા હસ્યા. એમના હાસ્ય પરથી હું જવાબ પામી ગયો હતો.

'આ બિહાર છે, તમને ખબર હોવી જ જોઈએ.' એ બોલ્યા.

'તો તમે કંઈ નહીં કરી શકો ?'

'તમારે મારી પાસેથી ફાળો જોઈએ છે ? હું તો એક સાધારણ સરકારી નોકર છું.' એ બોલ્યા.

'ના ના, હું એ માટે નથી આવ્યો. આ તો મને એમ લાગ્યું કે સ્થાનિક સરકારે અહીંની એકમાત્ર સ્કૂલને મદદ કરવી જોઈએ. અહીંનાં બાળકોનાં મા-બાપોએ જ તમને ચૂંટવા માટે મત આપ્યા છે.'

'એ તો છે જ, પણ એ લોકો એમ પણ ઇચ્છે છે કે હું આનાથી વધુ મહત્ત્વના મુદ્દાઓ પર ધ્યાન આપું.'

હું જવા માટે ઊભો થયો.

'તમે સાચે પકોડા ચાખવા નથી ઇચ્છતા ?'

*

ગુસ્સે થયેલાં રાણીસાહેબાનું દૃશ્ય ક્યારેય મનોહર નથી હોતું. હું ડાઇનિંગ ટેબલ પર

બેઠો બેઠો. ડિનરમાં પુલાવ અને રાયતું ખાઈ રહ્યો હતો.

એ મારી સામે આવીને ઊભી રહી.

'બેસ', મેં કહ્યું.

'ઊભો થા', એનો અવાજ શાંત હતો. હકીકતે તો વધુ પડતો શાંત.

મેં એક ઝાટકા સાથે હાથમાં રહેલો ભાત ખંખેરી નાખ્યો અને ઊભો થયો.

'શું થયું ?'

'હું તને સ્કૂલમાં મદદ કરવા દઉં છું એનો અર્થ એ નહીં કે તું જેમ ફાવે તેમ વર્તે.'

'મેં શું કર્યું ?' મેં પૂછ્યું.

'તું પેલા ઉદ્ધત એમએલએને મળવા મને કહ્યા વગર જતો રહ્યો ?'

'મને એમ કે એનાથી મદદ મળશે. ટૉઇલેટ વગર આપણે કાયમ તો સ્કૂલ ન ચલાવી શકીએ ને ?'

'પણ એને ? એને તો આપણું ખરાબ દેખાય એમાં રસ છે.'

'કેમ ?'

'એ સિવાય એનું સારું કઈ રીતે દેખાશે ?'

હું શાંત રહ્યો.

'બેસ', મા બોલી.

અમે બંને ડાઇનિંગ ટેબલ પર એકમેકની સામે બેઠાં. આટલો મોટો દીવાનખંડ પ્લેટને અથડાતી ચમચીઓના અવાજ સિવાય સાવ શાંત હતો.

'એણે કહ્યું શું ?', માએ પૂછ્યું.

'એમણે કહ્યું કે એની પાસે ફંડમાં પૂરતા રૂપિયા નથી.'

'કારણ કે એ બધા રૂપિયા ખાઈ ગયો છે', મા બોલી, 'ઘણી વાર મને થાય છે કે મારે ટિકિટ માટે ના નહોતી પાડવી જોઈતી.'

'કઈ ટિકિટ, મા ?'

'ગઈ ચૂંટણીમાં એની પાર્ટીએ મને ટિકિટ માટે પૂછેલું. એટલે જ તો એ આપણા કુટુંબ તરફથી અસુરક્ષિત છે એવું એને લાગે છે.'

'ચૂંટણી લડવા માટે ? મા, તેં તો મને કહ્યું જ નથી.'

'સાંભળ', મા બોલી. 'મને ખરેખર રસ નહોતો અને દિલ્હીમાં રહ્યે રહ્યે તને તારી માને સંભાળવાનો સમય હતો ખરો ?'

'હું ભણતો હતો, મા...'

'અથવા બાસ્કેટબૉલ રમતો હતો.'

કોઈ પણ ચેતવણી વગર બાસ્કેટબૉલના ઉલ્લેખથી હું એકદમ શૂન્યમનસ્ક બની ગયો.

'તું ખરેખર મને જ્યારે પણ ફોન કરતો હતો, બરાબર સાંભળતોય નહોતો. મને નવાઈ લાગે છે તારું ધ્યાન ક્યાં રહેતું હતું ? છોકરીમાં તો નહીં ને ?'

હું શાંત રહ્યો.

'હતી ?' એ બોલી અને હસી પડી.

'મને કલ્પના જ નથી આવતી કે તારે ગર્લફ્રેન્ડ હોય.'

'મને રાયતું આપ તો', મેં કહ્યું.

'કહે ને, કોઈ હોય તો.'

મેં માથું ધુણાવ્યું.

'શું ?'

'કોઈ નહોતી.'

'સાચે ? તો પછી આટલો શાંત કેમ થઈ ગયો છે ?' માએ પૂછ્યું.

'હું મારી રમત મિસ કરું છું. તે બાસ્કેટબૉલની વાત કરી ને ? કેટલાય વખતથી હું રમ્યો નથી.'

'તો જા, રમ. રાજ હાઈસ્કૂલમાં જા. લોકો ત્યાં બાસ્કેટબૉલ રમતા હોય છે.'

મેં ડોકું ધુણાવ્યું.

'આમ તો', મારી માએ કહ્યું 'તું...'

વાક્યની અધવચ્ચે જ એ શાંત થઈ ગઈ.

'હું શું, મા ?'

'કઇ નહીં.'

'કહે ને.'

'હું એમ કહેવા જતી હતી તું બાળકોને સ્કૂલમાં બાસ્કેટબૉલ શીખવાડી પણ શકે, પરંતુ...'

'આપણી પાસે કોર્ટ નથી અથવા એ બનાવવા પૈસા નથી.' થોડું ચિડાતાં મેં કહ્યું.

'એટલે તો હું બોલી નહીં. પણ તું રમવા તો જા. તારું મગજ ઠેકાણે આવશે.'

'મારું મગજ ઠેકાણે જ છે.'

'જોયું, તું તારી મા સાથે કઈ રીતે વાત કરે છે ? તારું મગજ ઠેકાણે હોત તો તું એમએલએ પાસે ગયો જ ન હોત.'

'મારી ઈચ્છા ફક્ત મદદ કરવાની હતી.'

'બહુ થયું, હવે ખાવાનું ખા.'

મારી મા એ જ રીતે મારી સાથે વર્તતી હતી જાણે હું દસ વર્ષનો બાળક હોઉં. મજાની વાત એ હતી કે હું એને એ રીતે વર્તવા પણ દેતો હતો.



૧૮

હું સાંજે છ વાગે રાજ હાઈસ્કૂલના મેદાનમાં પહોંચી ગયો. મેં કેટલાક કિશોરોને ત્યાં રમતા જોયા. અમે એકબીજાને જોઈને ઔપચારિક સ્મિત કર્યું. મેં બૉલ માગ્યો. એક છોકરાએ મારી તરફ બૉલ ફેંક્યો. હું ધૂળવાળા રબરના બૉલને જાણે કેટલાય વર્ષો પછી અડતો હતો. મેં બૉલ હાથમાં લીધો.

છક્... ગોળ રિંગને અડ્યા વગર બૉલ બાસ્કેટમાં પડ્યો, એના કોમળ અવાજે મને પ્રતીતિ કરાવી દીધી કે મારામાં હજુ એ વાત છે ખરી.

કેટલાક છોકરાઓએ તાળી પાડી.

'સેન્ટ સ્ટીફન ક્યાં છે ?' એક છોકરાએ મેં પહેરેલું કૉલેજ ટીશર્ટ જોઈને પૂછ્યું. મેં એ છોકરા સામે જોયું. એને કદાચ આ ભવ્ય કૉલેજ વિશે કંઈ ખબર નહોતી. જોકે થોડા વખત પહેલાં હું પણ એવો જ હતો. મેં એને મારી આ ભવ્યાતિભવ્ય શિક્ષણ સંસ્થા વિશે જ્ઞાન આપ્યું.

'ઇંગ્લિશ કૉલેજ ?' એણે પૂછ્યું

'સંપૂર્ણપણે, અને એ પણ ઉચ્ચકક્ષાનું ઇંગ્લિશ', મેં કહ્યું અને હસ્યો.

'હું તો ક્યારેય એમાં નહીં જઈ શકું.'

'મને સ્પોર્ટ્સ ક્વોટામાં એડ્મિશન મળેલું. કદાચ તને પણ મળે.'

` હું બૉલને જમીન પર ઉછાળી રહ્યો હતો. એના જમીન સાથે અથડાવાથી ઉત્પન્ન થતો અવાજ મારા દિલની ધડકન સાથે તાલ પુરાવતો હતો.

'હું એટલું સારું નથી રમતો', એ બોલ્યો.

મેં એની તરફ બૉલ ફેંક્યો. એણે પ્રતિક્રિયારૂપે જ પકડી લીધો.

'આપણે જોઈએ, ચાલ. મારું નામ માધવ.'

'પાર્થ', એણે કહ્યું ને બૉલ આગળ લઈ જવા લાગ્યો. એ મેદાનમાં આગળ દોડતો હતો અને હું એને પકડવા પાછળ દોડતો હતો. એ સારું રમતો હતો પણ એને અનુભવ નહોતો. મને એની પાસેથી બૉલ લઈ લેતાં માત્ર વીસ સેકન્ડ લાગી. બાસ્કેટ દૂર હતી છતાં મેં બૉલ ફેંક્યો. હું ચૂકી ગયો. પાર્થે બૉલ ઝીલી લીધો અને બાસ્કેટમાં ફેંકીને સ્કોર કર્યો. મેં એની તરફ હાથ ઉછાળ્યો.

સૂર્યનાં છેલ્લાં કિરણો મેદાન પર પથરાયાં હતાં. આમેય ઊંચા ખેલાડીઓના વધુ લાંબા પડછાયા મેદાન પર પડતા હતા. હું મારા ઊછળતા કૂદતા પડછાયાને તાકી રહ્યો અને રમતમાં મારું ધ્યાન રહ્યું નહીં.

'શું થયું ?' પાર્થે પૂછ્યું. એણે બીજી વાર બાસ્કેટમાં બૉલ નાખી દીધો હતો.

'કંઈ નહીં' મેં પલક ઝપકાવતાં કહ્યું.

એણે મારી તરફ બૉલને આવવા દીધો, ટેવવશ જ મેં પકડી લીધો. હું હજુ વિચારોમાં ખોવાયેલો હતો. મને વિચાર આવતો હતો કે લંડનમાં બાસ્કેટબૉલ કોર્ટ હશે કે નહીં ? હશે જ. એ હજુ બાસ્કેટબોલ રમતી હશે ? અને જે રમતી હશે તો મારા વિચાર કરતી હશે ?

'ભૈયા, ફેંકો', પાર્થે બૂમ પાડી.

મેં બૉલ ફેંક્યો. બૉલ બાસ્કેટમાં તો શું, એ દિશામાં પણ ન ગયો. મારો ખરાબમાં ખરાબ શોટ હતો એ.

પાર્થે આશ્ચર્યથી મારી સામે જોયું.

'તમે કયા લેવલ પર રમેલા, ભૈયા ?' પાર્થે પૂછ્યું. સ્ટીફન કૉલેજમાં જોડાવાની એની આશાને વેગ મળ્યો હતો. જો મારા જેવું લાપરવાહીથી રમનારો સ્પોર્ટ્સ ક્વોટામાં એડ્મિશન મેળવી શકે તો એ પણ મેળવી જ શકે.

મેં એને સ્મિત આપ્યું. હું બોલ લેવા દોડ્યો અને મેં બૉલ ફેંક્યો. ફરીવાર હું ચૂકી ગયો. મેં હવે બૉલ પાર્થ તરફ ફેંક્યો.

'મને લાગે છે હવે હું બાસ્કેટબૉલ ખેલાડી રહ્યો જ નથી', મેં કહ્યું.

'હું મારા બીજા દોસ્તોને બોલાવું ? આપણે રમત રમી શકીશું.'

'હું તમારી રમતનું સ્તર કદાચ નીચું લાવી દઈશ', હું બોલ્યો અને મેદાનની બહાર નીકળી ગયો.

*

'એમએલએએ આપણને કેમ બોલાવ્યાં ? આ કંઈ ઠીક નથી થતું.' મા બોલી.

'આપણે જઈશું. તું આટલી ચિંતા કેમ કરે છે ?'

હું અને મા એમએલએ ઓઝાના ઘર તરફ ચાલી રહ્યાં હતાં.

'નક્કામો માણસ છે', મા બોલી.

'શ... ધીરે, આપણે પહોંચી ગયાં.' ઓઝાના બંગલામાં દાખલ થતાં હું બોલી ઊઠયો.

*

સફેદ ચમકતા કુર્તા પાયજામામાં હમણાં જ દાઢી કરી હોય એવા સાફ ચહેરાવાળા ઓઝાએ હાથ જોડીને અમને આવકાર્યાં.

'આપે મને સન્માન આપ્યું એ માટે હું આપનો આભારી છું રાણીસાહેબા', ચમકતા ચહેરે એણે કહ્યું.

'તમે અમને આવવાનું ફરમાન કરેલું, અમારી પાસે બીજો કોઈ રસ્તો જ નહોતો, ઓઝાજી.' માએ કહ્યું.

'અરે, એક નમ્ર વિનંતી હતી, રાણી સાહેબા', ઓઝા બોલ્યા. અમે એમની પાછળ પાછળ એમના વિશાળ દીવાનખંડમાં પ્રવેશ્યાં. મોટા સોનેરી બુટ્ટા ભરેલા લાલ વેલ્વેટના સોફા પર અમે બેઠક લીધી. એમનાં આજ્ઞાકારી કર્તવ્યપરાયણ પત્ની માથું ઢાંકીને હાથમાં પાણી અને જ્યૂસની ટ્રે લઈને આવ્યાં. માએ એમના હાથમાંથી ટ્રે લઈ લીધી. શ્રીમતી ઓઝાએ વળીને

માના ચરણસ્પર્શ કર્યા.

'સુખી રહો, કુસુમ', માએ કહ્યું. કુસુમ પાછાં રસોડામાં ગયાં અને ટ્રેમાં લાડુ, કાજુકતરી, ભજિયાં અને બદામનો નાસ્તો લઈ આવ્યાં.

'આ બધી મહેમાનગતિની કંઈ જરૂર નથી', મા બોલી.

ઓઝા અમારી સામેના સોફા પર બેઠા. એમના ચહેરા પર કાયમી સ્મિત જડાયેલું હતું. 'રાજકુમારજી મારી પાસે મદદની આશાએ આવ્યા હતા. મને માફ કરશો પણ હું લાચાર હતો.' એ બોલ્યા.

'અમે સમજીએ છીએ' , માએ કહ્યું.

'જુઓ, મારી પાસે એક પ્રસ્તાવ છે. આપ મને મદદ કરો, બદલામાં હું આપને સ્કૂલ માટે કંઈ સહાય કરી શકું.'

'શું આ કાનૂની છે ?' માએ પૂછ્યું.

ઓઝા એટલું જોરથી હસ્યા કે એમના હાથમાં રહેલી પ્લેટ હલવા માંડી.

'એવું કંઈ નથી. હકીકતે, આપણને એક તક મળી છે, ડુમરાઉં અને આપની સ્કૂલને ગૌરવવંતુ દેખાડવાની.'

હું અને મા એ આગળ બૉલે એની રાહ જોતાં રહ્યાં. ઓઝાએ પોતાની પ્લેટ નીચે મૂકી, 'સાચું કહું તો આ વાત મારા માટે માથાનો દુખાવો બની ગઈ છે. હું એટલો ફસાયો છું કે મને આપની મદદની જરૂર છે.'

'એવી તો શું વાત છે ?'

'આપે બિલ ગેટ્સનું નામ સાંભળ્યું છે ?'

'બિલ ગેટ ? કોઈ જગ્યા છે ?', માએ પૂછ્યું.

'ના માણસ છે, કોઈ વિદેશી છે, સાંભળ્યું છે કોમ્પ્યૂટર ને એવું બધું બનાવે છે.'

'મિસ્ટર બિલ ગેટ્સ માઇક્રોસોફટના ચેરમેન. કોમ્પ્યૂટર સોફટવેર બનાવે છે', મેં કહ્યું.

હું કોઈ મહાન બુદ્ધિશાળી માણસ હોઉં એ રીતે મા અને ઓઝા મારી સામે અહોભાવથી તાકી રહ્યાં.

'તું ઓળખે છે આ માણસને ?' માએ પૂછ્યું.

'વિશ્વની સૌથી શ્રીમંત વ્યક્તિ છે', મેં કહ્યું.

'હા, મેં પણ એમ જ સાંભળ્યું છે. ઢગલો પૈસા છે એમની પાસે.' ઓઝા બોલ્યા.

'સિક્સટી બિલિયન ડૉલર', હું બોલ્યો.

'કેટલા ?' ઓઝાએ પૂછ્યું.

'બે લાખ ચાલીસ હજાર કરોડ રૂપિયા', મેં કહ્યું.

ઓઝાની ભ્રમર એકાદ ઇંચ જેટલી ઊંચી થઈ ગઈ. 'શું ?' માએ પૂછ્યું, 'આટલા બધા ? અને તને આ વાતની કઈ રીતે ખબર ?'

'મૅગેઝિનમાં વાંચેલું. આ સામાન્ય જ્ઞાનની વાત છે, મા.' હું બોલ્યો.

'હં... મિસ્ટર ઓઝા, તમે શું કહેતા હતા ?' માએ પૂછ્યું.

'હા, તો આ ગેટ્સ ભારત આવે છે. સાચું કહીએ તો બિહારમાં.'

'ગાંડો થઈ ગયો છે એ ? આટલા રૂપિયા એ એટલા માટે કમાય છે જેથી બિહારની મુલાકાત લઈ શકે ?' મા બોલી.

ઓઝા હસી પડ્યા, 'મને બહુ ખબર નથી રાણીસાહેબા. કોઈ એનજીઓ સંસ્થા છે, એ લોકો એને અહીં લાવી રહ્યા છે.'

'કેમ ?'

'કદાચ એ બિહારના અંતરિયાળ વિસ્તારો જુએ તો એને શ્રીમંત હોવાનો અહેસાસ થાય.'

મારી મા અને ઓઝા હસી પડ્યાં. ઓઝા કમરાની બહાર ગયા અને એક પત્ર લઈને પાછા આવ્યા. એમણે પત્ર મને આપ્યો. પત્ર રાજ્યકક્ષાના ગ્રામીણ કલ્યાણ વિભાગ તરફથી આવ્યો હતો.

પ્રતિ

તમામ વિધાનસભ્યો / જિલ્લા કલેક્ટરશ્રી / ડીસીપી.

ગ્રામીણ કલ્યાણ મંત્રાલય રાજ્યસરકાર તરફથી આપને જણાવતાં આનંદ થાય છે કે પ્રખ્યાત ઉદ્યોગપતિ અને પરોપકારી એવા શ્રી બિલ ગેટ્સ કેટલાક પ્રતિનિધિ સાથે તા.૧૫ એપ્રિલથી તા.૨૨ એપ્રિલ ૨૦૦૯ સુધી બિહારની મુલાકાતે પધારી રહ્યા છે. રાજ્યસરકાર પોતાના તફરથી તેઓને પૂરતો ટેકો આપવાની ઇચ્છા ધરાવે છે. આ માટે આપ સૌની કચેરી દ્વારા તેમને જરૂરી સાથ સહકાર મળી રહેશે તેવી અમને આશા છે. મિસ્ટર ગેટ્સ આ અઠવાડિયા દરમિયાન કયા સ્થળની મુલાકાત લઈ શકે અથવા કયા કાર્યક્રમમાં મુખ્ય મહેમાન બની શકે તે અંગેનાં સૂચનો આવકારવામાં આવે છે.

લિ.
ભંવર લાલ
ગ્રામીણ કલ્યાણ મંત્રાલય,
રાજય સરકાર, બિહાર

કાગળની બીજી બાજુ આખાય પત્રનો હિંદી અનુવાદ કરવામાં આવ્યો હતો.

'તો, આમાં અમે શું મદદ કરી શકીએ ?' માએ પોતે કાગળ વાંચ્યા પછી પૂછ્યું.

'રાણીસાહેબા, જો બિલ ગેટ્સ અહીં આવશે તો મારું મતદાન ક્ષેત્ર સમાચારમાં રહેશે. ડુમરાઉં માટે એ સારું રહેશે.'

'તમારું નામ છાપામાં છપાશે. મંત્રીશ્રી તમને શાબાશી આપશે. કહી નાખો, ઓઝાજી', મા બોલી.

એ પોતાનું હાસ્ય છુપાવી ન શક્યા.

'હા એ તો ખરું જ, પણ આપણા શહેર માટેય સારી વાત છે.'

મારી માને રાજકીય રમતોની ખાસ્સે જાણકારી હતી. આવતી ચૂંટણીમાં ઓઝાને લોકસભાની ટિકિટ જોઈતી હતી. લોકોની નજરમાં રહેવાય એવાં કામ એણે કરવાં પડે એમ જ હતાં.

'તમે અમારી પાસેથી શું રાખો છો ?',મેં પૂછ્યુ.

'સ્કૂલમાં એક કાર્યક્રમ યોજો. બિલ ગેટ્સને મુખ્ય મહેમાન તરીકે આમંત્રો, ચોક્કસ વળી, મને વચ્ચે રાખીને. હું મંત્રાલયમાં કહીને એમની કાર્યસૂચિમાં શાળાની મુલાકાત ગોઠવી દઈશ.'

'ના, ના...ના' માએ હવામાં હાથ વીંઝતાં કહ્યું.

'શું, રાણીસાહેબ ?' ઓઝાએ પૂછ્યું.

'હું માંડ માંડ સ્કૂલ ચલાવું છું. મારી પાસે કાર્યક્રમ યોજવા માટે પૂરતાં સંસાધન નથી. બધી વ્યવસ્થા માટે પૈસા કોણ આપશે ?'

'અમે ચૂકવીશું, ઓઝા તરત બોલ્યા, 'કાર્યક્રમ માટે હું પૈસા ચૂકવીશ.'

'મને હતું કે તમારી પાસે પૂંજી નથી', હું બોલ્યો.

એમએલએ ઓઝાએ મારી સામે જોયું.

'જો દીકરા, હું મદદ કરવા માટે પ્રયત્ન કરી રહ્યો છું. પણ એમાં મારા માટે પણ કંઈ મળતર હોવું જોઈએ ને ?'

'એટલે તમે કાર્યક્રમ માટે પૈસા આપશો. લોકો આવશે. હાજરી આપશે અને જતા રહેશે. અમને બદલામાં શું મળશે ?' મેં કહ્યું.

'તમારી નિશાળનું નામ દરેક છાપામાં આવશે.' એમણે કહ્યું.

'અમારે પબ્લિસિટી નથી જોઈતી. ટૉઇલેટ્સ જોઈએ છે.' મેં કહ્યું.

'આપણે એ દિવસ પૂરતા કામચલાઉ ટૉઇલેટ્સ બનાવી દઈશું.'

'હું એ જ કહું છું. તમને એ દિવસ પૂરતો જ રસ છે. એ પછી અમારું શું ?'

મારી મા જવા માટે ઊભી થઈ ગઈ.

'અમે સ્કૂલને રંગરોગાન કરાવી આપીશું.' ઓઝાએ કહ્યું.

મેં મા સામે જોયું. આ કંઈક વાત હતી.

'ટૉઇલેટ્સ ?' મેં પૂછ્યું.

'પેલી બાજુ છે', ઓઝાએ જમણા ખૂણા તરફ આંગળી ચીંધતાં કહ્યું.

'ના, મારે ટૉઇલેટ્સમાં નથી જવું, હું એમ પૂછતો હતો સ્કૂલના ટૉઇલેટ્સનું શું ?'

'એ મોટું કામ છે. સ્કૂલમાં પાણીની કોઈ સગવડ જ નથી. બધું એકડે એકથી શરૂ કરવું પડશે. ખર્ચો બહુ છે અને સમય બહુ ઓછો છે.'

'એ જ તો અમારે જોઈએ છે. ટૉઇલેટ્સ, ઇલેક્ટ્રિસિટી અને નવી છત', માએ કહ્યું.

'ફક્ત એક ફંકશન માટે આટલો ખર્ચો હું કઈ રીતે ઉચિત ઠરાવું ? હું સ્કૂલને ધોળાવવા તૈયાર છું અને કાર્યક્રમનો ખર્ચો ઉઠાવવા તૈયાર છું.'

'સૉરી, એમએલએજી', માએ કહ્યું.

અમે ઘરની બહારની નીકળ્યાં. એમએલએ મને બાજુ પર લઈ ગયા.

'આની પર વિચાર કરી જોજો', એમણે મારા કાનમાં ધીરેથી કહ્યું. 'રાણીસાહેબાને મારી પર ક્યારેય વિશ્વાસ નથી પડ્યો. પણ તમે તો જાણો છો કે આ ગેટ્સ કેટલી મહત્ત્વની વ્યક્તિ છે. બીજી મહત્ત્વની વ્યક્તિઓ પણ આવશે.'

હું મા તરફ ચાલ્યો.

‘આપણે આ કરીએ’, મેં કહ્યું.

‘પણ આ બધું કામ કરશે કોણ ?’

‘હું કરીશ. આપણે સ્કૂલના મકાનને રંગ નથી કરાવવો ?’

માએ મારી તરફ જોયું.

‘પ્લીઝ, મા...’

એણે તરત ડોકું હલાવ્યું.

‘ઓ કે ?’ મેં પૂછ્યું.

‘તું પાછો આવ્યા પછી આ પહેલી વાર મેં તારી આંખોમાં ચમક જોઈ છે. એટલે હા, ઓ.કે.’

મેં ઓઝા સામે અંગૂઠો ઊંચો કરીને નિશાની કરી.



૧૮

ઓઝાની સૂચના મુજબ મેં પ્રપોઝલ તૈયાર કરી. અમે બિલ ગેટ્સને સ્વતંત્ર પણ ન નફા ન નુકસાનના ધોરણે ચાલતી શાળાની મુલાકાત માટે આમંત્રણ આપવાનાં હતાં. અમે ડુમરાઉં રોયલ સ્કૂલનો વાર્ષિક દિવસ બિલ ગેટ્સના મુખ્ય મહેમાનપદે ઊજવવાનાં હતાં. એમએલએએ અમારી પ્રપોઝલ ગ્રામીણ કલ્યાણ મંત્રાલય સુધી પહોંચાડી.

'એમની પાસે નેવું આમંત્રણો છે', ઓઝાએ કહ્યું, 'અને એ ફક્ત દસ જગ્યાની મુલાકાત આ યાત્રા દરમિયાન લઈ શકશે, એટલે એ લોકો આમાંથી પસંદગી કરશે અને અમને જાણ કરશે.'

'મને ખ્યાલ નહોતો કે આમાં આટલી હરીફાઈ હશે', મેં આશ્ચર્યથી કહ્યું.

'હું કાલે પટના જઉં છું. તમે પણ મારી સાથે આવો. કેટલાક મંત્રાલયના માણસો સાથે તમારી ઓળખાણ કરાવી દઉં, તમે પણ એમને આગ્રહ કરો તો વધુ સારું રહેશે.'

હું ઓઝા સાથે એમની લાલ બત્તીવાળી કારમાં ત્રણ કલાકની મુસાફરી કરીને પટના પહોંચ્યો. અમે રાજ્ય સરકારની કચેરીઓએ પહોંચ્યા. ત્યાં હું મિસ્ટર શ્યામ કૌશલને મળ્યો. ગ્રામીણ કલ્યાણ મંત્રાલયમાં આધેડ વયના આ અધિકારી એમની ધૂળવાળી ઑફિસમાં બેઠા હતા. એમણે ગ્રે રંગનો સફારી સૂટ પહેર્યો હતો. મને લાગે છે કે દરેક સરકારી નોકરિયાતને નોકરીના ઓફર લેટરની સાથે સાથે આવો ગ્રે સફારી સૂટ મફત જ મળતો હશે.

'માથાનો દુખાવો. બિલ ગેટ્સની આખી આ યાત્રા માથાનો દુખાવો છે.' એમણે કહ્યું ને પોતાનું માથું પકડ્યું.

એમણે મને બિલગેટ્સને આમંત્રણ મળ્યાં હોય એવી ફાઇલ દેખાડી. સાથે બીજી એક જાડી ફાઇલ હતી જેમાં પ્રેસ સાથેના ઇન્ટરવ્યું, ફાઉન્ડેશન સાથેના સંવાદ અને જુદાજુદા સત્તાવાર સરકારી કાર્યક્રમોની યોજનાઓ હતી.

'કોઈ પણ ગોરી વ્યક્તિ આપણા દેશમાં આવે તો આપણે આવા ઘેલા શું કામ થઈ જઈએ છીએ ?' મિસ્ટર કૌશલ બોલ્યા.

'કારણ કે આ ગોરી વ્યક્તિને કારણે અમારી નિશાળનો રંગ થઈ શકશે.' મેં કહ્યું.

'તમે ઇંગ્લિશ બરાબર બોલી શકો છો ?' એમણે પૂછ્યું, 'કારણ કે એ લોકો તમને વારંવાર બોલાવશે.'

'હું બોલી લઉં છું.' મેં કહ્યું.

'બોલી લઉં છું એટલે ? એ આવે ત્યારે એમની સાથે વાત કોણ કરશે ?'

'હું કરીશ.'

'તમારા વાર્ષિક ઉત્સવમાં એ શું જોશે ? તમારી શાળા હિન્દી માધ્યમની છે. આખોય કાર્યક્રમ હિન્દીમાં હશે, ખરું ને ?'

હું શાંત રહ્યો.

'જુઓ,' એમણે ફાઇલ ખોલી, 'પટનામાં એક સ્કૂલ છે જેને ખરેખર એમની જરૂર છે. એ લોકો ઇંગ્લિશમાં સ્કીટ કરવાના છે, કોમ્પ્યૂટરની શોધ અને માઇક્રોસોફટના યોગદાન વિશે.'

મેં વિનંતીપત્ર જોયો. દિલ્હી પબ્લિક સ્કૂલ-પટનાનો પત્ર હતો એ.

'આ તો ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ છે. ને દરેક જગ્યાએ આ સ્કૂલ છે. એમાં બિહારીપણું ક્યાં છે ?'

'પણ એ સરળતાભર્યું છે. અમે એમને પટના ઍરપોર્ટથી સીધા ડીપીએસ લઈ જઇ શકીએ.'

'મિસ્ટર કૌશલ, મને લાગે છે મિસ્ટર ગેટ્સને સાચું બિહાર જોવું છે. એક ભવ્ય ઇંગ્લિશ સ્કૂલે તમે એમને લઈ જાઓ એનો કંઈ અર્થ નથી.'

'તો શું કરવું ?'

'એમને ડુમરાઉં રોયલ સ્કૂલ લઈ આવો. ચિંતા ન કરશો. અમે નૃત્ય કે કંઈક એવું કરીશું જેમાં શબ્દો ન આવે.'

મિસ્ટર શ્યામ કૌશલ થોડા ખચકાયા. સરકારી અધિકારીઓ આમેય ઓછામાં ઓછું જોખમ લેવામાં માને.

અંતે, એમણે ડોકું ધુણાવ્યું, 'પણ કાર્યક્રમમાં કંઈક તો અંગ્રેજીમાં હોવું જોઈએ. એમની ટીમે ખાસ કહ્યું છે. એમને જોઈએ છે કે મિસ્ટર ગેટ્સ કાર્યક્રમમાં ઓતપ્રોત થઈ ભય.'

'ઓકે, અમે ઇંગ્લિશમાં કંઈક કરીશું.'

'શું ?'

'એ હું શોધી કાઢીશ.'

દરવાજા પરના ટકોરાએ અમને ચોંકાવી દીધા. એમએલએ ઓઝા અંદર પ્રવેશ્યા. મિસ્ટર કૌશલ આપોઆપ જ ઊભા થઈ ગયા. સરકારી કર્મચારીઓના મનમાં આવી કોઈ જીહજૂરીની સ્વીચ જ રહેતી હશે જેનાથી કોઈ પણ નેતાની હાજરીમાં એ લોકો એમની આસપાસ ફરવા માંડે છે.

'ડુમરાઉંના અમારા જેવા ગરીબ માણસોનું એકાદ વાર તો સાંભળો, કૌશલજી.' ઓઝા બોલ્યા. મિસ્ટર કૌશલે હાથ જોડ્યા, 'પ્રયત્ન કરીએ છીએ ઓઝાજી. ગોરાઓને અસલ બિહાર તો જોવું છે પણ ઇંગ્લિશમાં. હું તો ગાંડો થઈ ગયો છું.'

ઓઝાએ મારી પીઠ પર ધબ્બો માર્યો.

'રાજકુમારજી ભારતની શ્રેષ્ઠ ઇંગ્લિશ કૉલેજમાં ભણ્યા છે. એ બધું સંભાળી લેશે.'

હું હસ્યો. હું ચોક્કસ શ્રેષ્ઠ ઇંગ્લિશ કૉલેજમાં ભણ્યો હતો પણ મારું ઇંગ્લિશ તો હજુ પણ ભયંકર ખરાબ જ હતું.

*

ગણિતના વર્ગની વચ્ચોવચ્ચ મારો મોબાઈલ રણકી ઊઠયો. અજાણ્યો નંબર હતો. ત્રીજા

ધોરણના છોકરાઓ મારી સામે જોઈ રહ્યા. મેં એક હાથમાં ચોક પકડી રાખ્યો અને બીજા હાથમાં ફોન. મેં રિંગ બંધ કરી અને ભણાવવાનું ચાલુ રાખ્યું.

'૨૩ ગુણ્યા ૧૨' મેં ચિચૂડાટ કરતાં બ્લેકબોર્ડ પર લખ્યું.

ફરી ફોન રણકી ઊઠયો.

'આ દાખલો ગણો, હું હમણાં આવ્યો', મેં કહ્યું અને વર્ગખંડની બહાર નીકળ્યો.

'શું આ માધવ જહાનો નંબર છે ?' અજાણી છાંટવાળી ઇંગ્લિશમાં એક છોકરીનો અવાજ આવ્યો.

'હા', મેં કહ્યું.

'બિલ ગેટ્સ ફાઉન્ડેશન તરફથી હું દિલ્હીથી સામંથા માયર્સ વાત કરું છું.'

'શું ? એનું ઇંગ્લિશ મને બરાબર સમજાતું ન હતું પણ હું સમજવાની કોશિશ કરી રહ્યો હતો. 'હલો, હું માધવ જહા, હું આપને માટે શું કરી શકું ?'

ભાંગીતુટી ઇંગ્લિશમાં બોલવા માટે મને મારી જાતને જ મારવાનું મન થતું હતું.

'હું મિસ્ટર ગેટ્સની ટીમમાં છું. અમે અમારો કાર્યક્રમ નક્કી કરીએ એ પહેલાં તમારી સ્કૂલની મુલાકાતે આવવા ઇચ્છ છું.'

એ એટલું ઝડપથી બોલતી હતી કે એના મોટાભાગના શબ્દો મને સમજાતા નહોતા. 'હા હા, બિલગેટ્સ. એ આવે છે ?'

પટનાથી આવ્યા પછી મારી પાસે કોઈ માહિતી નહોતી.

'એ માટે પહેલા મારે ત્યાંની મુલાકાત લેવી પડશે.'

*

'તમારી શાળા...' સામંથા યોગ્ય શબ્દ શોધવા માટે અટકી.

'બહુ સારી સ્થિતિમાં નથી ?' મેં પૂછ્યું. હું એને સ્કૂલ દેખાડી રહ્યો હતો.

દીવાલ પરનું પ્લાસ્ટર ઊખડી ગયું હતું. ગણિતના આંક મોઢે કરતાં બાળકોના અવાજથી અમારી વાતચીતમાં વારંવાર વિક્ષેપ પડતો હતો. છોકરાઓ બારીની બહાર ડોકિયાં કરતા હતા. ગોરી ત્વચા અને સોનેરી વાળવાળી આ યુવતી બાળકોને પરગ્રહવાસી જેવી લાગતી હતી.

'ના, અનોખી છે.'

'અનોખી ?' હું સમજ્યો નહીં.

'જુદા પ્રકારની, મનોહર છે એ અર્થમાં જુદા પ્રકારની.'

ટપકતી છત અને તૂટી ગયેલું ફર્નિચર, સ્કૂલ એને કઈ રીતે અનોખી લાગી હશે ? મને લાગે છે ગોરાઓ બધી વાત જુદી રીતે જ વિચારતા હોય છે.

અમે સ્ટાફરૂમમાં આવ્યાં. એણે મારી માનું અને બીજા શિક્ષકોનું અભિવાદન કર્યું. તારાચંદજી બે ગ્લાસ ચા લઈ આવ્યા. સામંથાએ ભેજવાળી દીવાલોની નોંધ લીધી એ મેં જોયું.

'અમે દીવાલોને રંગ કરાવી દઈશું. અહીંની સ્થાનિક સરકારે અમને વચન આપ્યું છે', મેં કહ્યું.

'હું, એ બરાબર છે. આપણે બહાર બેસી શકીએ ? મને સૂર્યપ્રકાશમાં બેસવું ગમશે.'

સામંથા બોલી.

અમે બંને વર્ગખંડની ખુરશી લઈને બહાર ચાલ્યાં અને નિશાળના દરવાજા સામે નજર રહે એ રીતે ખુલ્લામાં બેઠાં. ફેબ્રુઆરીનો સૂરજ હૂંફાળો લાગતો હતો. સૂર્યના પ્રકાશમાં સામંથાના સનેરી વાળ વધુ ચમકતા હતા. એ રૂપાળી હતી. એના દેશની સુખસગવડ મૂકીને ભારતનાં ધૂળિયાં ગામડાં ખૂંદવા એ શીદને આવી હશે ?

દૂર દેખાતા ડાંગરનાં ખેતરો જોઈને એ બોલી ઊઠી, ‘અદ્‌ભુત.’

‘મિસ્ટર ગેટ્સને ગમશે ? આપણે વાર્ષિક ઉત્સવ અહીં ખુલ્લાં ખેતરોમાં ઊજવીશું.’

‘હા, હા, ચોક્કસ ગમશે.’

‘અમારી પાસે બહુ ઓછી પૂંજી છે. પણ અમે શ્રેષ્ઠ કાર્યક્રમ કરવાના બધા જ પ્રયત્નો કરીશું.’

‘અચ્છા, પ્રતિનિધિઓ માટે અહીં પૂરતા ટૉઇલેટ્સ તો છે ને ?’

‘અં...’ શું કહેવું એ વિચારતાં હું બોલ્યો. આમ તો આ મેદાનો જ ટૉઇલેટ તરીકે વપરાય એવાં છે.’

‘વેસ્ટન સ્ટાઇલ ટૉઇલેટ, હં’ સામંથા હસી, ‘મોટાભાગના પ્રતિનિધિઓ યુ.એસ.થી આવવાના છે.’

‘અમે કામચલાઉ ટૉઇલેટ્સ ઊભાં કરી દઈશું.’ મેં કહ્યું.

‘તમારી સ્કૂલમાં ટૉઇલેટ્સ નથી ?’

મેં એની સામે જોયું. એ આલોચનાત્મક કરતાં ઉત્સુક વધુ લાગતી હતી. મેં પ્રમાણિક થવાનું નક્કી કર્યું.

‘અમારી ગરીબ નિશાળ છે. અમારી પાસે એટલા પૈસા નથી પણ આ બધું અમે એટલા માટે કરવા માગીએ છીએ જેથી અમારી તરફ લોકોનું ધ્યાન દોરાય અને સરકારી અધિકારીઓ કદાચ અમને મદદ કરે.’

સામંથાએ ભ્રમર ચડાવી.

‘જોકે અમે સારો કાર્યક્રમ કરીશું.’ મેં કહ્યું. ‘અહીંના એમએલએ અમારી સાથે જ છે.’

‘મને વિશ્વાસ છે તમે કરશો જ. પણ હમણાં તમે અપૂરતા ફંડની વાત કરી. અમારા ગ્રાન્ટ પ્રોગ્રામમાં તમને રસ ખરો ?’ સામંથાએ પૂછ્યું.

‘એ શું છે ?’

‘અમારું ફાઉન્ડેશન દાન આપે અથવા તો એક રકમ આપે, આવી જરૂરિયાતવાળી

સામાજિક પરિયોજનાને રૂપિયા આપીએ. આમ તો તમારી નિશાળ મિસ્ટર ગેટ્સની મુલાકાતના સ્થળ તરીકે ગણવામાં આવી છે, પણ તમે અહીં સામાજિક સેવા પણ કરો છો.’

‘હા, અમારા માટે એ સેવા જ છે. મારી માએ એનું આખું જીવન આ નિશાળને આપી દીધું છે. મેં પણ અહીં આવવા માટે સારી નોકરીઓને ઠુકરાવી છે.’

‘બહુ જ સરસ, તમે એ રીતે પણ એક સ્થાન નક્કી કરી શકો.’

‘સ્થાન ?’

'જુઓ, આ ગ્રાન્ટ પ્રોગ્રામ માટે પણ ખાસ્સી હરીફાઈ હોય છે. અમને ઘણા આકર્ષક પ્રસ્તાવ મળે છે, પણ અમે થોડાને જ અનુદાન આપીએ છીએ.'

'મારે એ માટે શું કરવું પડશે ?'

'આમ તો તમારે પ્રપોઝલ આપવી પડે અને સિલેક્શન પેનલ આગળ પ્રેઝન્ટેશન કરવું પડે. જોકે, નજીકના ભવિષ્યમાં પેનલ મિટિંગ છે નહીં.'

'તો ?'

સામંથા વિચાર કરવા રોકાઇ.

'પ્લીઝ સામંથા, સ્કૂલ માટે મને ખરેખર પૈસાની જરૂર છે. તમે તો એની સ્થિતિ જોઈ જ લીધી છે.'

અંતે સામંથા બોલી, 'હું એમ કહીશ કે અહીં મુલાકાતે આવનાર પ્રતિનિધિઓ માટે તમે ભાષણ તૈયાર કરો. મિસ્ટર ગેટ્સ પોતે અહીં હાજર હશે. જો એમને અને એમના પ્રતિનિધિઓને તમારું વક્તવ્ય ગમી જાય, તો એ લોકો તરત તમને નાણાકીય સહાય કરી શકે.'

'સાચે ?'

'જો તમે કંઈક પ્રેરણાદાયી ને સાચુંકલું બોલી શકો તો નાનકડું દાન તમને મળી જ ભય.'

'નાનકડું દાન એટલે ?'

'વીસ હજાર ડૉલર. કદાચ વધારે, પણ મેં કહ્યું તેમ, આ તુક્કો કામ કરેય ખરો ને નય કરે.'

મેં ઊંડો શ્વાસ છોડ્યો. આઠ લાખ રૂપિયા મારી આખી સ્કૂલને પૂરેપૂરી બદલી શકે.

'વક્તવ્ય, એમ ને ?' મેં પૂછ્યું.

'હા, બહુ ઉપદેશાત્મક નહીં કે બહુ વ્યવસાયિક પણ નહીં. બસ, જે બોલો એ દિલથી બોલાવું જોઈએ.'

'કેટલું લાંબું ?'

'પાંચથી દસ મિનિટ અને ઇંગ્લિશમાં, હં.'

'શું ?' હું બોલ્યો અને ખુરશી પરથી ઊછળીને ઊભો થઈ ગયો. મારા આકસ્મિક કૂદકાથી એની ચા ઢળી ગઈ.

'સૉરી, બધું બરાબર છે ને ?' સામંથાએ પૂછ્યું.

હું પાછો બેઠો.

'ઇંગિલિશ ?'

'હા, આપણે ઇંગ્લિશમાં તો વાત કરીએ છીએ.'

'હું માંડ માંડ તમારી સાથે વાત કરી રહ્યો છું. યુએસના પ્રતિનિધિમંડળને ઇંગ્લિશમાં ભાષણ આપવું અને એય મહેમાનોની હાજરીમાં ? હું નહીં કરી શકું.'

'અરે, આપણી પાસે દુભાષિયા પણ હોય પણ એમાં મૂળ વક્તવ્ય જેવી અસર નથી આવતી.'

અમે ચા પૂરી કરી. એણે એના ડ્રાઇવરને બોલાવ્યો. ગોરી રાજકુમારીને સફેદ ઇનોવામાં બેસતી જોવા બાળકો ડોકિયા કરતાં હતાં.

'મારું ઇંગ્લિશ બહુ ખરાબ છે.' મેં એને કહ્યું, એ કારમાં બેસી ગઈ.

'હવે એ તમારે નક્કી કરવાનું છે.'

ડ્રાઇવરે કાર ચાલુ કરી. હું સામંથાની ભૂરી આંખોમાં જોઈ રહ્યો.

'તો ?' એણે પૂછ્યું.

'હું કરીશ', મેં કહ્યું અને ઊંડો શ્વાસ લીધો, 'હું ઇંગ્લિશમાં વક્તવ્ય આપીશ.'

કારના એન્જિનના અવાજ કરતાંય મારી દિલની ધડકન વધુ મોટી સંભળાતી હતી.

'સરસ, આપણે હવે એપ્રિલમાં મળીશું.' એણે શાંતિથી કહ્યું.

કાર ઝડપથી ચાલી ગઈ. જગતના સૌથી શ્રીમંત માણસ સામે ઇંગ્લિશમાં ભાષણ આપવાનું મેં કેમ સ્વીકારી લીધું એ વિચારતો હું ત્યાં જ સ્થિર ઊભો રહ્યો.



૨૦

'ભાષણ' ? મારી મા બોલી. 'ઇંગ્લિશમાં ? એ પણ ગોરાઓને ? તું ગાંડો થઈ ગયો છે ?'

'સ્કૂલની હાલતે મને ગાંડો બનાવી મૂક્યો છે.'

મા એની જર્જરિત ખુરશીમાં બેઠી હતી, એની ભ્રમર ઊંચી હતી. એણે એના હાથની કોણીઓ ટેબલ પર મૂકી.એની આંગળીઓ એકબીજા સાથે ભિડાયેલી હતી.

'ગમે તે હોય, આ મારી સ્કૂલ છે. તને ન ગમતી હોય તો ચાલ્યો જા.'

'નાટક ન કર, મા, મને ગમે છે એટલે તો હું આ બધું કરું છું.'

'પહેલી વાત, મને ખબર નથી કે આ ગેટ્સ કોણ છે અને આટલા બધા પૈસા કમાયો છે કઈ રીતે ? બીજી વાત, એ મારી સ્કૂલમાં મોટું ધાડું લઈને આવે છે, અને એટલું ઓછું હોય એમ તારે ભાષણ આપવાનું છે.'

'એ સોફ્ટવેર બનાવે છે.'

સોફ્ટવેર ? એટલે સોફ્ટ હોય એવાં કપડાં ? એમાં આટલા પૈસા કમાયો એ ?'

'ના, કોમ્પ્યૂટર સોફ્ટવેર. વિન્ડોઝ જેવું.'

'વિન્ડોઝ, ગેટ્સ, એ છે શું ? ફર્નિચરનો વેપારી ?'

'મા, રહેવા દે ને, મારે મારી સ્પીચની પ્રેક્ટિસ કરવાની છે.'

'ગુડ લક.'

એણે વિદ્યાર્થીઓનો નોટબુકનો થોકડો પોતાની તરફ ખસેડ્યો. એણે એમાંથી એક નોટબુક લીધી અને તપાસવા માંડી.

'તું મને મદદ તો કર.'

એણે ઉપર જોયું.

'કઈ રીતે ? હું તો ઇંગ્લિશ બોલી શકતી નથી, અરે સમજીય માંડ શકું છું.'

'પણ એટલું તો કહે, હું બરાબર બોલું છું કે નહીં.'

હું સીધો ઊભો રહ્યો, મેં મારા હાથમાં માઇક છે એવો દેખાવ કર્યો.

'મને કઈ રીતે ખબર પડશે કે તું સાચું બોલે છે ?' માએ પૂછ્યું.

'તું પ્રેક્ષકોમાં બેઠી છો એવું વિચાર. હવે જો હું બુદ્ધિશાળી અને આત્મવિશ્વાસથી ભર્યો હોઉં એવો લાગું છું કે નહીં ?'

એ હસી પડી. મેં એની તરફ ધ્યાન ન આપ્યું અને મારું વક્તવ્ય શરૂ કર્યું. હું ઇંગ્લિશ

બરાબર નહોતો જાણતો એટલે હું કૈક આવું બોલ્યો - ઓફકોર્સ ઇંગ્લિશમાં

'ગુડ મોર્નિંગ, મિસ્ટર બિલ ગેટ્સ, મિસ સામંથા અને મહેમાનો, હું માધવ, બિહાર વતી તમારું સ્વાગત કરું છું. મારી સ્કૂલ બહુ સરસ ભણાવે છે ખેડૂત છોકરાંઓને, ગરીબ છોકરાંઓને, નાના છોકરાંઓને...' હું અટક્યો. મને સમજાયું નહીં કે હવે મારે કયા પ્રકારના છોકરાંઓનો ઉલ્લેખ કરવો જોઈએ. મેં આગળ ચલાવ્યું 'છોકરાંઓને, છોકરીઓને અને ઘણાં બધાં બાળકોને.' મેં મારી માને મોં દબાવીને હસતાં સાંભળી.

'શું થયું ?' મેં પૂછ્યું.

'આ બધા છોકરાંઓ કોણ છે ?'

મેં માથું ખંજવાળ્યું.

'એ જે હોય તે મા', મેં આગળ ચલાવ્યું.

'મારી સ્કૂલને ટૉઇલેટ્સ ની જરૂર છે કારણ કે ટૉઇલેટ ટાઇમ આવે ત્યારે ક્યાં ટૉઇલેટ જવું એની ખબર નથી પડતી.'

મારી મા જોરથી હસી પડી.

'હવે આ ટૉઇલેટ્સ ', એ બોલી.

મેં એની તરફ ખરાબ રીતે જોયું.

'આગળ બોલ' એને મજા આવતી હતી. મેં હવામાં મારા હાથ વીંઝયા.

'હું સાવ નક્કામો છું. મને શું સૂઝયું તે આ કામ મેં ઉપાડી લીધું ?' હું સખત ચિંતામાં પડી ગયો. હું મારી જાતની જ મજાક ઉડાડવાનો હતો એ નક્કી થઈ ગયેલું.

'તું ના ન પાડી શકે ?' માએ પૂછ્યું.

'પાડી શકું ને, મારે ના પાડી દેવી જોઈએ, હે ને ?'

મારી માએ ખભા ઉછાળ્યા. હું એની પાસે બેઠો.

'હું એમને કહી દઈશ કે હું નહીં કરી શકું. એ લોકો ગ્રાન્ટ પ્રોગ્રામમાં મને નહીં ગણે તો ચાલશે ?'

'છોડી દઈશ, એમ ?' એણે પૂછ્યું.

'તું જ મારી પર હસતી હતી. હવે તું મને છોડી દઈશ એમ પૂછે છે ?'

'હું ફક્ત તારા અત્યારના ભાષણ પર હસી. તું સારું ભાષણ આપતાં શીખી તો શકે ને ?'

'કઇ રીતે ?'

'તારી પાસે કેટલો સમય છે ?'

બે મહિના.

'તો ઇંગ્લિશ શીખી જા.'

'હું સેન્ટ સ્ટીફનમાં ત્રણ વર્ષમાંય બરાબર ઇંગ્લિશ ન શીખી શક્યો તો બે મહિનામાં તો કઈ રીતે શીખવાનો હતો ?'

'આપણે છોડી દઈએ એમાંનાં નથી. માધવ, જહા પરિવારના લોહીમાં એ નથી.'

‘એટલે ?’

‘એટલે એમ કે આપણે બધું હારી ભલે જઈએ પણ છોડી ન દઈએ. તારા કાકાઓએ એ જ કર્યું, જુગારના ટેબલ પર પણ અને વ્યવસાયમાં પણ. નાદારી નોંધાવો એનો વાંધો નહીં પણ મેદાન છોડી તો નહીં જ દેવાનું.’

‘તો હું શું કરું ?’

‘તું નક્કી કર, મારે ક્લાસમાં જવાનું છે.’

માએ નોટબુક્સ ભેગી કરી અને ચાલી ગઈ.

અડધો કલાક પછી હું એના ક્લાસ પાસે દોડતો જઈ પહોંચ્યો. છોકરાઓએ મારી તરફ જોયું.

‘ક્લાસ ચાલુ હોય ત્યારે અંદર ઘૂસી નહીં આવવાનું. બહાર રાહ જો’, એણે આટલું કહીને મને કાઢી મૂક્યો.

ક્લાસ પૂરો થતાં એ બહાર આવી.

‘હું જવા માંગું છું’, મેં કહ્યું.

‘સારું છે’, મારી મા બોલી, ‘પણ બીજી વાર દરવાજો ખખડાવીને અંદર આવવાની રજા માંગવાની.’

‘મારે પટનામાં ઇંગ્લિશ ક્લાસમાં જોડાવું છે.’

‘પટના ?’

‘ડુમરાઉંમાં કંઈ છે જ નહીં.’

‘એ વાતેય સાચી, પણ કઈ રીતે ?’

‘હું કોઈ જગ્યા શોધી કાઢીશ.’

‘આપણા ઘણા સગાસંબંધીઓ ત્યાં છે. તારી કાકી ત્યાં રહે છે, જો કે એ થોડી વિચિત્ર સ્ત્રી છે.’

‘હું ગેસ્ટહાઉસ શોધી લઈશ. ત્યાં મને કોઈ સારા ઇંગ્લિશ ક્લાસની તપાસ કરવા દે’

‘અહીં આવ’ માએ મને વ્હાલથી આલિંગન આપ્યું.

‘બસ, ખુશ રહેજે. બરાબર ?’ એ બોલી. ‘તારે જે કરવું હોય તે કરજે પણ તારા પિતા જેવો ક્રોધી નહીં બનતો.’

‘થૅંક્યું, મા’ મેં કહ્યું.

‘વેલકમ, ઇંગ્લિશ બોય.’



૨૧

'ત્રણ મહિનાના છ હજાર,' એણે મારી તરફ બ્રોશર ખસેડ્યું.

હું પટનાની પ્રાઈડ ઇંગ્લિશ લર્નિંગ સેન્ટર, બોરિંગ રોડ પર આવ્યો હતો. સેન્ટરના માલિક એમ. શફીક પાતળા, જાણે કુપોષણથી પીડાતા હોય એવા લાગતા હતા. એમણે મને જુદા જુદા કોર્સ વિશે સમજાવ્યું. એમણે પર્પલ શર્ટ પહેર્યું હતું અને ઉપરના ખીસામાંથી સનગ્લાસીસ બહાર ડોકાતાં હતાં.

'અમે પાંચ વર્ષથી શીખવાડીએ છીએ. સારું ઇંગ્લિશ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, ઇન્ટરવ્યૂની તૈયારી, અહીં બધું ભણાવાય છે.'

હું ઇંગ્લિશનો નિષ્ણાત નથી, છતાં મને એટલી ખબર પડી કે એના ઇંગ્લિશમાં કંઈક ગરબડ જરૂર છે.

'મારે ભાષણ આપવાનું છે અને જેમની આગળ આપવાનું છે એ મહત્ત્વના મહેમાનો છે.' મેં હિન્દીમાં જ મારી સ્થિતિનું વર્ણન કર્યું.

'કંઈ વાંધો નહીં, સ્પીચ', શફીકે પૂછ્યું, 'તમે શું ભણ્યા છો ?'

'ગ્રેજયુએટ.'

'સરસ, અહીંની કૉલેજ?'

'દિલ્હી, સેન્ટ સ્ટીફન્સ.'

એને નામ ખ્યાલ ન આવ્યું. એમણે ફક્ત નમ્રતાથી ડોકું ધુણાવ્યું. એમણે ડ્રોઅર ફંફોસ્યું, અંદરથી એડ્મિશન ફોર્મ કાઢ્યું અને મને આપ્યું. મને ખ્યાલ ન આવ્યો કે મારે પૈસા ભરી દેવા જોઈએ કે પછી બીજા ક્લાસ માટે તપાસ કરવી જોઈએ. એ મારો ખચકાટ સમજી ગયા.

'સર, હું તમને ટોપક્લાસ બનાવી દઈશ. મલ્ટીનેશનલ કંપની ઇંગ્લિશ.'

'મારી પાસે માત્ર બે મહિના છે,' મેં કહ્યું. 'મને જલદી પરિણામ જોઈશે.'

અમે તમારા માટે પ્રાઇવેટ ક્લાસની વ્યવસ્થા કરીશું. એક ક્લાસના ૫૦૦ રૂપિયા એકસ્ટ્રા.'

'પાંચસો ?'

'ઓકે, ચારસો.'

મેં નકારમાં માથું ધુણાવ્યું.

'ત્રણસો ? હવે ના ન પાડશો પ્લીઝ' એમણે કહ્યું.

મેં ફોર્મ ભર્યું અને પહેલા મહિના માટે એડ્વાન્સ ચૂકવી દીધા. શનિવાર અને રવિવારના

પ્રાઇવેટ ક્લાસ માટે ય મેં સહી કરી દીધી.

પટનાના પ્રાઈડ સેન્ટરથી નીકળીને મેં રિક્ષા પકડી અને રેલ્વે સ્ટેશન તરફ ગયો. ત્યાં ઘણા બધા ગેસ્ટહાઉસ આવેલા છે. આખરે મેં હોટલ નેસ્ટ સાથે નક્કી કર્યું. એક શરતે કે હું રસીદ નહીં માગું.

*

પટના પ્રાઈડ ક્લાસની પહેલી દસ મિનિટમાં જ મને નિરાશા ઘેરી વળવા લાગી. આ નહીં ચાલે. મારી સાથે ક્લાસમાં બીજા પંદર સ્ટુડન્ટસ હતા. દરેક જણ લગભગ મારી ઉંમરના અને છોકરાઓ હતા. શિક્ષકે એમને 'વર્માસર' કહીને સંબોધવાનું કહ્યું.

'હવે હાઉ બોલો તો' વર્મા સરે ક્લાસને આ શબ્દ રિપીટ કરવા કહ્યું.

'હાઉ' આ શબ્દ જુદી જુદી દસેક રીતે બોલાયો. 'હવ,' 'હો' અને 'હાવ' આવું કંઈક સંભળાયું.

વર્મા સર ફરી બોલ્યા. 'હાઉ આર યુ ?' આ વખતે આખા ક્લાસે બિહારી છાંટ સાથે આ શબ્દો ઉચ્ચાર્યા.

'વિશ્વાસ', વર્મા સર બોલ્યા, 'વિશ્વાસ જ સફળતાની ચાવી છે. આ જ ફેર છે હાઈ ક્લાસ અને લો ક્લાસ લોકોમાં.' જે તમે બોલો એ સાચું લાગવું જોઈએ. આ વિદેશી ભાષા છે, ભોજપુરી નથી એટલે એનો ધ્વનિ જુદો છે.'

તેઓ એક વિદ્યાર્થી તરફ ફર્યા, 'અમિત, તું શું કામ અહીં છે ?'

'ઇંગ્લિશ શીખવા માટે, સર.' અમિતે કહ્યું.

'કેવું ઇંગ્લિશ ?'

'સરસ ઇંગ્લિશ, વધુ શબ્દભંડોળ સાથેનું.'

'શાંત રહો,' વર્મા સર બોલ્યા, 'મારા કલાસમાં મોટું શબ્દભંડોળ તો ભૂલી જ જજો.'

'સર ?' ગૂંચાઈને અમિતે પૂછ્યુ.

વર્મા સર ફર્યા અને આખાય ક્લાસને સંબોધીને બોલ્યા.

'વિદ્યાર્થીમિત્રો, તમારે સરળ ઇંગ્લિશ શીખવાનું છે, પણ વિશ્વાસ સાથે બોલવાનું છે. એવા લોકોથી ગભરાવવાનું નહી જેઓ મોટા મોટા ઇંગ્લિશ શબ્દો વાપરતા હોય. એવા લોકો વિશિષ્ટ વર્ગનું સમર્થન કરે છે. એ લોકો પોતાના ઇંગ્લિશ શબ્દો બોલીને તમને બીવડાવવા માગે છે અને ઇંગ્લિશના વિશ્વમાં તમને પ્રવેશતા કરવા માગે છે. એ લોકોની જાળમાં ફસાશો નહીં, ઓકે ?'

દરેકે ડોકું હલાવ્યું, રામ જાણે વર્મા સરે કહેલું એ લોકો સમજ્યા હતા કે કેમ ?

'ચાલો, પાછા આપણે હાઉ આર યુ તરફ જઈએ' એમણે કહ્યું.

વર્મા સરે 'હાઉ' નો ધ્વનિ 'અઉ' ધ્વનિથી કઈ રીતે જુદો પડે એ સમજાવ્યું, અને હિન્દીમાં આવું નથી એ કહ્યું.

'કાઉ' જેવું. એ કા-વ નથી. આ અને ઓ ને ભેગા થઈ બોલાય એ રીતે પ્રયત્ન કરો.'

આખોય ક્લાસ ભેગો થઈને એક સામાન્ય શબ્દ ઉચ્ચારવાનો પ્રયત્ન કરતો હતો. હું શરત મારવા તૈયાર છું કે બ્રિટિશર્સ જો ભોજપુરી બોલવાની કોશિશ કરત તો એમને ય આટલી જ

મહેનત પડી હોત. જો અહીં ઔદ્યોગિક ક્રાંતિ થઈ હોત તો વિશ્વમાં ઠેર ઠેર ભારતીય ઉપનગરો હોત. ગોરા માણસોને સારી નોકરી શોધવા માટે હિંદી શીખવી પડી હોત. ગોરા શિક્ષકોને ગોરા માણસોને શીખવવું પડ્યું હોત કે હિંદીમાં કાઉનો ઉચ્ચાર બરાબર કઈ રીતે થાય ?

વર્મા સરે મારા દેશી આક્રમણના દિવાસ્વપ્નમાં ભંગ પાડ્યો.

'યસ, તારું નામ શું છે ?'

'માધવ, માધવ જહા, સર.'

'ઓકે, માધવ, હું બોલું એમ બોલો. 'આઈ એમ ફાઈન, થેંક્યુ.'

'આઈ એમ ફાઈન, થેંક્યુ.' મેં કહ્યું.

'ગુડ,' એણે કહ્યું.

ત્રણ વર્ષ સ્ટીફન્સમાં ગાળ્યા પછી હું સાવ નાખી દેવા જેવો તો નહોતો જ. સાદાં વાક્યો તો હું આરામથી બોલી લેતો હતો. મારે તો સ્પીચ કઈ રીતે અપાય એ શીખવું હતું. એ દરમ્યાન એ આગળ વધ્યા અને બીજા વિદ્યાર્થીઓને સુધારતા રહ્યા.

'ફાઆઆ.... ઇન, ફાન નહીં, તમારું મોં વધુ ખોલો.'

*

હું શનિ-રવિ પટનામાં રહ્યો. ક્લાસમાં શીખવાની સાથે સાથે મેં એક ચોપડી પણ ખરીદી. પટના રેલવે સ્ટેશન પર 'વિશ્વાસથી ઇંગ્લિશ બોલો' એવી ચોપડી મળતી હતી. હું પ્લેટફોર્મ પર આલુ-પુરી ખાતો હતો. ચોપડીમાં કહ્યા મુજબ ઇંગ્લિશનો ઉપયોગ અજાણી વ્યક્તિઓ સાથે કરવો જોઈએ, જેથી કરીને ભૂલ થાય તો ય ઓછી શરમ આવે.

'એક્સક્યુઝ મી, સર, તમે મને કહી શકશો કોલકાતા રાજધાની એક્સપ્રેસ આ પ્લેટફોર્મ પર જ આવશે ?' મેં ઇંગ્લિશમાં પૂછ્યું. મેં પ્લેટફોર્મ પર આ વાક્ય ઓછામાં ઓછી દસ વાર રિહર્સલ કર્યું હતું. મોટાભાગના પેસેન્જર્સ મને સમજી શક્યા નહોતા. હું એસી કમ્પાર્ટમેન્ટ તરફ ગયો. પૈસાદાર લોકોને સામાન્ય રીતે ઇંગ્લિશ આવડતું હોય છે.

'મને ખ્યાલ નથી, મારા ખ્યાલથી તમારે ટીસીને પૂછવું જોઈએ.' એક ચશ્માવાળા માણસે જવાબ આપ્યો.

'મારું ઇંગ્લિશ બરાબર હતું ?' મેં પૂછ્યું.

'હં ?' એણે આશ્ચર્યથી મારી સામે જોયું.

મેં ઇંગ્લિશ શીખવાના મારા પ્રયત્નો વિશે વિગતે કહ્યું. એણે મારી પીઠ થાબડી.

'તમે સાચું બોલ્યા.' એણે કહ્યું.

'હું શીખી રહ્યો છું.' મેં કહ્યું. 'તમારું ઇંગ્લિશ બહુ સરસ છે. તમે શું કરો છો?'

'હું સોફ્ટવેર વેચાણમાં છું. મારું નામ સુધીર.' એણે હાથ લંબાવ્યો.

'હું માધવ.'

'ઓલ ધી બેસ્ટ, માધવ.' સુધીરે કહ્યું.

*

પટનાના પ્રાઇડ સેન્ટરમાં પ્રાઇવેટ ક્લાસિસ મને વધુ સારા લાગ્યા. મેં વર્મા સરને મારી સ્થિતિ વર્ણવી.

'આઈ સી,' એ બોલ્યા. એમણે કહ્યું, 'તારે ફક્ત સાચું ઇંગ્લિશ જ નથી બોલતાં શીખવાનું, પણ સ્પીચ આપતાં પણ શીખવાનું છે.'

'એક્ઝેટલી, સર, હું બહુ નર્વસ છું.'

'પણ તું થોડું ઇંગ્લિશ જાણે છે, તું ઇંગ્લિશ મિડિયમ કૉલેજથી ગ્રેજ્યુએટ થયો છે છે ને ?'

મારે એમને કહેવું હતું કે હું માત્ર ઇંગ્લિશ મિડિયમની કૉલેજમાંથી ગ્રેજ્યુએટ થયો છું એવું નથી, હું એવી કૉલેજમાંથી ગ્રેજ્યુએટ થયો છું જ્યાં ઘાસ પણ ઇંગ્લિશમાં ઊગે છે.'

વધુ વિગતે વાત કરવા હું તરત હિંદીમાં બોલવા મંડી પડ્યો. 'સર, હું ઇંગ્લિશમાં વાક્ય બનાવી તો લઉં, પણ સાચા શબ્દો શોધવામાં જ મને મહેનત પડે છે. હું જે બોલું છું એ વિચારી નથી શકતો.'

'હું સમજું છું,' વર્મા સરે કહ્યું,. 'જ્યારે તમને કોઈ ભાષા બરાબર ન આવડતી હોય, ત્યારે તમે બહુ સભાન થઈ જાઓ છો. એ તમારામાં રહેલા આત્મવિશ્વાસનું સ્તર દેખાડે છે. એના કારણે તમારા વ્યક્તિત્વમાં પરિવર્તન આવી જાય છે અને આ વાત કોઈ જોબના ઇન્ટરવ્યૂ માટે ખરાબ છે.'

'સર, આ જોબ ઇન્ટરવ્યૂ નથી. મારી સ્કૂલના અને એમાં ભણતાં બાળકોના ભવિષ્યનો સવાલ છે.'

મેં વર્મા સરને રેલવે સ્ટેશન પરથી ખરીદેલી ચોપડી દેખાડી.

એમણે માથું ધુણાવ્યું. 'ના, તમે રેલવે સ્ટેશન પરથી ખરીદેલી ચોપડીમાંથી ઇંગ્લિશ બોલતાં શીખી જ ન શકો. નહીં તો અત્યાર સુધી આખાય દેશને ઇંગ્લિશ આવડી ગયું હોત.'

'પ્લીઝ, મને મદદ કરો, સર' મેં કહ્યું.

વર્મા સર શાંત થઈ ગયા.

'તમે કેમ બોલતા નથી સર ?' મેં પૂછ્યું. મને ચિંતા થઈ આવી કે મારો કેસ હોપલેસ છે એટલે જ વર્મા સર મૂંગા થઈ ગયા.

'વેલ,' એમણે કહ્યું, 'હું વિચારું છું કે કઈ રીતે કરવું ?'

'હું છોડી દઉં ?' મેં પૂછ્યું.

એમણે ખભા ઊછળ્યા, મારું હૃદય બેસી ગયું.

'થોડાં અઠવાડિયાં પછી આપણે નક્કી કરશું.'

હવે ઊભો થા અને તને જેનો ડર લાગતો હોય એ મોટેથી બોલવા માંડ.'

'ડર ?'

'હા, હા, ખૂલીને બોલ અને સામનો કર, પણ ઇંગ્લિશમાં.'

હું ખાલી ક્લાસરૂમ સામે ઊભો થયો. વર્મા સર સામે વિદ્યાર્થીઓ માટે રાખેલી એક ખુરશીમાં બેઠા.

'હાય, હું માધવ જહા છું અને મને ઇંગ્લિશમાં બોલતાં ડર લાગે છે.'

'સરસ, અને ?'

‘મને ડર છે કે મારી સ્કૂલ હું સંભાળી નહીં શકું અને બંધ થઈ જશે.’

‘વધુ એક ડર.’

‘મને ડર છે કે જેને મેં દિલથી ચાહી હતી એને હું ક્યારેય ભૂલી નહીં શકું.’



૨૨

પટનામાં શનિ રવિ ગાળ્યા પછી હું ડુંમરાઉં આવ્યો અને સ્કૂલમાં લાગી ગયો. એમએલએ ઓઝાની ઑફિસે પણ સ્કૂલના રંગરોગાન માટે જઈ આવ્યો.

એ અઠવાડિયે હું સ્કૂલના સ્ટાફરૂમમાં કલરકામના કોન્ટ્રાક્ટર સાથે બેઠો હતો કે મારો ફોન રણકી ઊઠ્યો.

‘માધવ, હાય, હું સામંથા બોલું છું.’

‘કેમ છો, સામંથા ?’ હું ઇંગ્લિશમાં બોલ્યો. એક એક ઉચ્ચારનું ધ્યાન રાખીને - વર્માસરે શીખવાડ્યું હતું એમ જ, એમને ગમે એમ જ-

‘હું સારી છું. તૈયારી કેવી ચાલે છે ?’

‘અમે એના પર જ કામ કરી રહ્યા છીએ.’ મેં ધીરેથી ઇંગ્લિશમાં કહ્યું.

‘સરસ, હવે સાંભળ, મારા બે કલીગ્સ આ અઠવાડિયે પટના આવવાના છે. મને લાગે છે કે તારે એમને મળવું જોઈએ.’ સડસડાટ ઇંગ્લિશમાં એ બોલી.

‘મળવું જોઈએ, કોને ?’

‘એ લોકો ન્યુયોર્ક ઑફિસેના મારા સિનિયર્સ છે. ગ્રાન્ટની બાબતમાં એ લોકો કહેશે એમ થશે. તારે એમની સાથે ‘નેટવર્કિંગ’ કરવું જોઈએ.

‘નેટવર્ક ?’

ઇંગ્લિશમાં શબ્દોના અર્થ સમજવા આમેય અઘરું છે, પણ જ્યારે આ અમેરિકન્સ બોલે, ત્યારે તો અશક્ય બની જાય છે.

‘એટલે એ લોકોને મળ, ઓળખાણ કર. તું પટના આવી શકે ?’

‘હું આમેય આ વિકએન્ડમાં પટના જ હોઈશ.’

‘તો પછી શનિવારનું રાખીએ. આમ તો અમારે દિવસ દરમ્યાન જુદી જુદી જગ્યાએ જવાનું છે પણ બ્રેકફાસ્ટ માટે તું અમને મળી શકે.’

‘ચોક્કસ’, મેં કહ્યું.

‘અમે ચાણક્ય હોટલમાં હોઈશું. આઠ વાગે ?’

‘હા, ફાવશે.’

‘શનિવારે મળીએ,’ એણે કહ્યું અને ફોન મૂકી દીધો.

કલરકામવાળો મારી સામે અહોભાવથી જોઈ રહ્યો હતો. આખીય વાતચીત મેં ઇંગ્લિશમાં કરી હતી.

'શું ?' મેં એને પૂછ્યું.

એણે માથું ધુણાવ્યું અને શેડકાર્ડ બહાર કાઢ્યું.

*

ચાણક્ય હોટલની લોબીમાં હું સવારે પોણાઆઠે પહોંચી ગયો. હું આ સમય ચોક્કસ રીતે કહી શકું છું કેમ કે એ ક્ષણે મારું જીવન બદલી નાખ્યું. એક મિનિટ વહેલું કે એક મિનિટ મોડું થાત તો આખુંય જીવન બદલાઈ જાત. સામંથા અને એના બે સહકર્મચારીઓ હોટલ લોબીમાં બરાબર સાતને એકાવને પ્રવેશ્યાં.

'આ ક્રિસ છે અને આ રશેલ.' સામંથાએ કહ્યું. મેં ગરીબોને મદદ કરવા ઇચ્છતા એ બંને શ્રીમંતો સાથે હાથ મેળવ્યા.

'બ્રેકફાસ્ટ ?' સામંથાએ પૂછ્યું.

હોટલની કોફી શોપમાં અમે ૭.૫૫ પ્રવેશ્યા. લગભગ વીસેક જેટલી જુદી જુદી ચીજો બ્રેકફાસ્ટ બૂફેમાં હતી. મેં મારી પ્લેટ ટોસ્ટ, પોરીજ, પરાઠા, પૌંઆ અને ઈડલીથી લાદી દીધી. મસાલા ઢોંસાનો કાઉન્ટર પર ઑર્ડર આપી દીધો.

'માધવ અહીં ગામડામાં સ્કૂલ ચલાવે છે.' પોતાના બટર-જામ ટોસ્ટને બટકું ભરતાં સામંથા બોલી.

'તમે ઉંમરના નાના લાગો છો.' ક્રિસે મિનરલ પાણીની બોટલ ખોલતા કહ્યું.

'મારી માની સ્કૂલ છે. હું મદદ કરું છું,' બસ. મેં કહ્યું.

મેં એ લોકોને ડુમરાઉં રોયલ સ્કૂલ વિષે કહ્યું.

'સાતસો બાળકો, મામૂલી ફી અને સરકારની કોઈ સહાય નહીં, વિચિત્ર કહેવાય.' ક્રિસે કહ્યું.

'મેં સ્કૂલ જોઈ છે. સ્ટાફ અને માલિક ખરેખર સમર્પણભાવનાવાળા છે. દુઃખની વાત એ છે કે એ લોકો પાસે પ્રાથમિક સુવિધા નથી, અથવા કહો કે એ માટેના પૈસા નથી.' સામંથા બોલી.

મારા અમેરિકન દોસ્તોએ થોડું જ ખાધું અને બાકીનુ ખાવાનું સાવ નકામું ગયું.

મેં ત્રીજી વાર મારી પ્લેટ ભરી. મારે એટલું ખાઈ લેવું હતું કે આખા દિવસ માટે મારે કંઈ ખાવું ના પડે. બરાબર આઠ ને સત્યાવીસે અમે બ્રેકફાસ્ટ પૂરો કર્યો.

'આપણે જવું જોઈએ. આપણે છેક મોંગોર પહોંચવાનું છે. ચાર કલાકનો રસ્તો છે.' સામંથા બોલી.

'એટલે તમે મુંગેરની વાત કરો છો ને ?' મેં પૂછ્યું.

'સૉરી, હું જગ્યાનાં નામોનું ખૂન કરી નાખતી હોઉં છું.' સામંથા હસી પડી.

મેં તો આખી જિંદગી ઇંગ્લિશનું ખૂન કર્યું છે. મેં મારી જાતને કહ્યું.

અમે જવા માટે ઊભાં થયાં. સામંથા અને રશેલે પોતપોતાની હેન્ડબેગ્સ લીધી. ક્રિસે ડ્રાઇવરને બોલાવ્યો.

હું આજુબાજુ જોતો હતો. મને વિચાર આવતો હતો કે મેં થોડું વધુ ખાધું હોત તો સારું થાત.

બસ, બરાબર ત્યારે જ મારી નજર એક ઊંચી છોકરી પર પડી. એની પીઠ મારી તરફ હતી, એ કોફીશોપના બીજા છેડે હતી. એના લાંબા વાળ કમર સુધી આવતા હતા. એણે મસ્ટર્ડ રંગનાં સલવાર-કમીઝ પહેર્યાં હતાં. એ જો ઊંચી ન હોત, મારું એની પર ધ્યાન ન પડ્યું હોત. જો અમે બ્રેકફાસ્ટ થોડી મિનિટ મોડો શરૂ કર્યો હોત, તો હું હજુ ખાતો જ હોત અને એની પર મારું ધ્યાન ન પડ્યું હોત. બસ એ જ, એ જ ક્ષણ હતી. આઠ ને ઓગણત્રીસે જ્યારે હું જવા માટે ઊભો થયો, બરાબર એ જ વખતે એ પણ જવા માટે ઊભી થઈ હતી. એણે ટેબલ્સ પર પડેલી કેટલીક ફાઈલ્સ ભેગી કરી.

'તમને મળીને સારું લાગ્યું, માધવ', ક્રિસે આટલું કહીને પોતાનો હાથ આગળ લંબાવ્યો.

મેં ડોકું ધુણાવ્યું, મારી આંખો હજુ એ છોકરી પર હતી અને મેં હાથ મેળવ્યો.

'બધું બરાબર ?' ક્રિસે પૂછ્યું. મારું ધ્યાન શેની તરફ છે એ જોવા માટે એણે પાછળ જોયું.

'હં, હા, બરાબર' મેં કહ્યું. મારી આંખો હજુ પણ રૂમના પેલા છેડે હતી.

એ હવે બહાર નીકળી રહી હતી. વેઈટર એની પાસે બિલ પર સહી કરાવવા ગયો. એ અટકી અને વેઇટર તરફ ફરી. મેં એનો ચહેરો ફક્ત અડધી ક્ષણમાં જોયો. એ જ... એ જ હતી.

'રિયા સોમાણી' હું બોલી ઊઠ્યો.

'કોણ ?' ક્રિસે પૂછ્યું. સામંથા અને રશેલ પણ એ તરફ ફર્યાં.

અમે કંઇ પ્રતિભાવ આપી શકીએ એ પહેલાં તો એ રેસ્ટોરન્ટ છોડીને ચાલી ગઇ.

'કોઈ જાણીતી વ્યક્તિ છે ?' રશેલે પૂછ્યું.

'એક્સક્યુઝ મી, મારે જવું પડશે.' મેં કહ્યું. સામંથા સાથે હાથ મેળવતી વખતે મારાં આંગળાં ધ્રૂજતાં હતાં.

'મુંગેરની જર્ની માટે શુભેચ્છાઓ', મેં કહ્યું.

'આપણે બહુ જ જલદી ડુમરાઉમાં મળીશું,' સામંથાએ કહ્યું. એના અવાજમાં પ્રસન્નતા હતી.

'હા,' મેં બેધ્યાનપણે જ કહ્યું. હું દરવાજા તરફ ચાલ્યો. મારે દોડવું હતું પણ હું અહીં કોઈ નાટક થાય એમ નહોતો ઇચ્છતો. હું લોબીમાં આવ્યો પણ એ ક્યાંય દેખાઈ નહીં.

શું મને ભ્રમ થયો હતો ? મેં મારી જાતને પૂછ્યું. ના, મેં ચોક્કસ એને જોઈ હતી. એ ચાલ, એ ચહેરો, એ છટા - એ માત્ર રિયા જ હોઈ શકે.

હું વરંડા તરફ દોડ્યો અને મેં એને ઈનોવામાં બેસીને જતાં જોઈ. એણે સનગ્લાસીસ પહેર્યાં હતાં. ગાડીના કાચ ઉપર ચડાવેલા હતા.

હું તમને કોઈ મદદ કરી શકું, સર ?' રિસેપશન ડેસ્ક પર રહેલા સ્ટાફના એક યુવાન છોકરાએ મને પૂછ્યું.

'પેલી છોકરી અહીંથી ગઈને, તમે જોઈ ? મસ્ટર્ડ સલવાર – કમીઝવાળી ?'

'હા.'

'એ ક્યાં ગઇ ?'

'ખબર નથી સર, એ પ્રાઇવેટ ટેક્સી હતી.'

'એ પાછાં આવશે ?'

'ચોક્કસ ખાલ નથી. પણ સર, કંઈ મુશ્કેલી જેવું તો નથી ને ?'

મેં માથું ધુણાવ્યું. હવે શું કરવું એ વિચારતો હું પાછો હોટલમાં પ્રવેશ્યો. હું ફરી કોફીશોપમાં ગયો અને પેલા વેઇટરને શોધી કાઢ્યો.

'તમે હમણાં પેલી છોકરીને બિલ આપ્યું.'

'યસ સર.'

'એ કદાચ મારી જૂની દોસ્ત હતી એમ લાગે છે. હું જોઈ શકું ?'

વેઇટરે મારી સામે શંકાથી જોયું.

'હું અહીં પેલા ફોરેનર્સ સાથે આવ્યો છું. અમે ત્યાં બેઠા હતા.' અમારા ટેબલ તરફ ઇશારો કરતાં મેં કહ્યું. જો તમને લોકો વિદેશી વ્યક્તિઓ સાથે જોઈ જાય તો એ લોકો માની લે કે તમે ખરાબ વ્યક્તિ નહીં જ હો.

વેઇટર કેશ કાઉન્ટર તરફ ગયો અને બિલ લઈને પાછો આવ્યો. મેં રજિસ્ટર જોયું. હા, મેં રિયા સોમાણીને જોઈ હતી.

'૨૩૧' વેઇટરે કહ્યું, 'એમણે પોતાનો રૂમ નંબર લખ્યો છે.'

'એ અહીં જ રહે છે ?' મેં પૂછ્યું.

'હાસ્તો વળી,' વેઇટરે એવી રીતે કહ્યું જાણે હું મૂર્ખ સાબિત થઈ ચૂક્યો હોઉં.

મેં રાહતનો શ્વાસ લીધો. હું રિસેપ્શન તરફ ગયો અને રૂમ નંબર ૨૩૧ ની મહેમાન રિયા વિષે પૂછપરછ કરી.

'હા, કંપની બુકિંગ છે. એ અઠવાડિયા માટે અહીં છે.'

'એ પાછાં ક્યારે આવશે ?'

'નક્કી નહીં સર, પણ તમે તમારું નામ અને ફોન નંબર આપો તો તમારો સંપર્ક કરવાનું અમે ચોક્કસ કહીશું.'

મને વિશ્વાસ નહોતો કે રિયા મારો સંપર્ક કરશે કે નહીં. મારે જો એને મળવું હોય તો મારે રાહ જોયા વગર છૂટકો નહોતો. મેં મારા ઇંગ્લિશ ક્લાસમાં જવાનું માંડી વાળ્યું. હું હોટેલના પ્રવેશદ્વાર સામે નજર ખોડીને લોબીમાં જ બેસી રહ્યો.

બાર કલાક સુધી મેં રાહ જોઈ.

કદાચ હું એને મળવાની તક ચૂકી જઉં તો એમ વિચારીને હું બાથરૂમમાં ય ન ગયો. મેં ન પાણી પીધું કે ખાવાનું ય ન ખાધું. હોટલમાં પ્રવેશતી દરેક કાર તરફ મારી આંખો જતી હતી.

સાંજે સાત વાગે સામંથા, ક્રિસ અને રશેલ એમની યાત્રા પૂરી કરીને પ્રવેશ્યાં. બિહારની ધૂળથી એમના ચહેરા કાળા થઈ ગયા હતા અને એ લોકો થાકેલાં દેખાતાં હતાં.

'માધવ ?' સામંથાએ આશ્ચર્યથી પૂછ્યું.

'ઓહ, હાય' મેં પણ એટલું જ આશ્ચર્ય થયું હોય એવો દેખાવ કરતાં કહ્યું, 'હું એક બીજી મિટિંગ માટે આવ્યો છું.'

'અહીં ચાણક્યમાં જ ?' સામંથાએ પૂછ્યું.

ક્રિસે જો એ નહાશે નહીં તો મરી જશે એમ કહીને રજા માંગી. મને હોટલ લોબીમાં રહેવા દઈને એ લોકો પોતપોતાના રૂમમાં ચાલ્યાં ગયાં.

રાત્રે સાડા આઠે, હોટલના ઝાંપામાં ઈનોવા પ્રવેશી. રિયાએ બહાર પગ મૂક્યો. મારું હૃદય જાણે કૂદવા લાગ્યું. એક મન મને એમ કહેતું હતું કે અહીંથી ભાગી જા. એને મળવાના ખ્યાલથી જ મારું દિલ કંપી ઊઠતું હતું, તો બીજી તરફ મારું એ મન હતું જેણે ખાધાપીધા વિના મને સતત બાર કલાક ત્યાં બેસાડી રાખ્યો હતો.

એનું ધ્યાન મારી તરફ નહોતું. એ રિસેપ્શન તરફ આગળ વધી.

'રૂમ નંબર ૨૩૧ પ્લીઝ', એ બોલી. રિસેપ્શનિસ્ટ ચાવી લેવા પાછળ ફરી.

હું રિસેપ્શન તરફ ગયો. 'એક્સક્યુઝ મી, કોફી શોપ કઈ તરફ છે ?' મેં પૂછ્યું. મારે એવું કરવું હતું જેથી એ પહેલાં મને જુએ. એ રિયા હતી. એણે જ મને મળવું રહ્યું. જો હું એને સામેથી મળવા જાઉં તો તો એ ભાગી જ જાત.

'ઓહ માય ગોડ' રિયા બોલી. 'માધવ જહા.'

'રિયા... રિયા સોમાણી, હેં ને ?' મેં પૂછ્યું.

'વાહ, તને મારું નામ યાદ કરવામાં તકલીફ પડે છે, માધવ જહા ?'

'રિયા સોમાણી,' હું મારા તમામ દેખાડાને બાજુ પર મૂકતાં બોલ્યો. રિસેપ્શનિસ્ટ એની હાજરીમાં થયેલા આ સુખદ મિલનથી આશ્ચર્ય પામી રહી હતી.

રિયાએ ચાવી લીધી અને અમે કાઉન્ટરથી દૂર ચાલવા લાગ્યાં.

'તું અહીં શું કરે છે ?' એણે પૂછ્યું. 'હું હજુ પણ માની નથી શકતી, માધવ જહા.'

'હું બિહારી છું. આ પટના છે, મારું ઘર અહીંથી નજીક છે. મને લાગે છે કે આ સવાલ મારે પૂછવો જોઈએ.'

'કામ, મારી કંપનીએ મને અહીં મોકલી છે.'

'કામ ?'

'હા, કેમ ? તને નથી લાગતું હું કામ કરી શકું ?' રિયાએ પૂછ્યું.

'ના, ના, એવું કંઈ નથી, પણ કેવું કામ ? તું તો લંડન ગઈ હતી ને ?'

રિયાએ હોટલ લોબીમાં આસપાસ જોયું.

'આપણે શાંતિથી વાત કરીએ,' એણે કહ્યું, 'તું જમ્યો છે ?'

'ના. '

'ભૂખ છે ?'

હું હોટલ લોબીમાં રાખેલાં ફૂલો પણ અત્યારે ખાઈ જઈ શકું એમ હતો.

'થોડી ઘણી', મેં કહ્યું.

'ચાલ, કોફી શોપમાં જઈએ.'

'ઓ કે, પણ હું પહેલાં વોશરૂમમાં જઈ આવું,' મેં કહ્યું.

*

અમે કોફી શોપમાં પ્રવેશ્યાં. સવારવાળો વેઇટર જ ડ્યૂટી પર હતો. એ જાણે બધું જાણતો હોય એ રીતે મેં એણે મને સ્મિત આપ્યું. મેં પણ વળતું સ્મિત કર્યું.

'તમને મેડમ મળી ગયાં, નહીં ?' એણે પૂછ્યું. ધતતેરીકી - મને વિચાર આવ્યો.

'શું ?' રિયાએ પૂછ્યું.

'કંઈ નહીં. હા, બે જણ માટે ટેબલ જોઈએ છે, પ્લીઝ.'



૨૩

અમે ખૂણાના ટેબલ પર બેઠાં અને ત્રણ વર્ષમાં સાથે પહેલી વાર ખાવાનું જમ્યાં. કેટલીક વ્યક્તિઓની હાજરીની તમારી પર થતી અસર જ અવર્ણનીય હોય છે. એ સાંજે બૂફેમાં પીરસાયેલી સાધારણ વાનગીઓય સખત સ્વાદિષ્ટ લાગી. થોડો ખારો ટોમેટો સૂપ અત્યાર સુધી મેં ખાધેલા સૂપમાં શ્રેષ્ઠ લાગ્યો મને. મટર પનીરનું શાક જાણે કોઈ ઍવોર્ડ વિજેતા માસ્ટર શૅફે બનાવ્યું હોય એવું લાગતું હતું. બારીની બહાર ટ્રાફિકજામને કારણે દેખાતી લાઇટ્સ આગિયાના પ્રકાશ જેવી લાગતી હતી. હું કદાચ કંઈ મૂરખ જેવું બોલી બેસીશ તો એ વ્યગ્ર થઈ જશે કે અહીંથી ચાલી જશે એ ડરે હું શાંત રહ્યો.

‘તું બહુ શાંત થઈ ગયો છે,’ એણે કહ્યું.

‘એવું કંઈ નથી,’ હું બોલ્યો. મેં એની સામે જોયું. કૉલેજમાં હતી. એથીય વધુ ખૂબસૂરત લાગતી હતી એ.

‘તો, કહે મને શું કરે છે તું ?’ એણે પૂછ્યું.

કૉલેજથી લઈને અત્યાર સુધી મારા જીવનની વાત કહેતાં મને દસ મિનિટ લાગી.

‘તું સ્કૂલ ચલાવે છે, અને બિલ ગેટ્સ એની મુલાકાત લેવાના છે !’ એ બોલી. ‘વાઉ.’

‘એ તો ઘણી બધી જગ્યાની મુલાકાત લેવાના છે.’

‘ચલ હવે, એટલા નમ્ર થવાની જરૂર નથી. તું આપણી કૉલેજના બધા વિદ્યાર્થીઓથી સાવ જુદું જ કંઈક કરી રહ્યો છે.’

‘હું આ બધા માટે નથી, એમ મને લાગે છે. એચએસબીસીની નોકરી છોડીને ડુમરાઉં કોણ આવે છે ?’

‘સરસ,’ એ બોલી. અમારી આંખો મળી. મેં એની આંખોમાં જોયું. એણે અત્યાર સુધી પોતાના વિષે કંઈ કહ્યું નહોતું. એની આંખોમાં કંઈ ફર્ક નહોતો, સિવાય કે એમાં થોડી ઘણી ઠાવકાઈ દેખાતી હતી. મારે એના જીવનનાં પાછલાં વર્ષો વિશે પૂછવું હતું, પણ મારે દબાણ નહોતું કરવું.

‘રોહન કેમ છે ?’ મેં પૂછ્યું.

‘તને એનું નામ યાદ છે ?’ તો તે “રિયા, રિયા સોમાણી બરાબર ?” એવું હોટલની લોબીમાં શું કહ્યું હતું ?’

હું હસ્યો. એણે મને પકડી પાડ્યો હતો.

‘રોહન ઠીક જ હોવો જોઈએ.’ એ બોલી.

‘રોહન તારો પતિ છે, બરાબર ને ?’

એ શાંત રહી.

'તારે કંઈ ગળ્યું ખાવું છે ? અહીં કુલ્ફી ને ગુલાબજાંબુય મળે છે.' વાત બદલવા માટે મેં પૂછી નાખ્યું.

'અમે છૂટાછેડા લઈ લીધા,' એણે શાંતિથી કહ્યું - જાણે શું ગળ્યું ખાવું એ નક્કી કરીને કહેતી હોય.

મારી પાસે કહેવા જેવું કંઈ નહોતું. મને આઘાત લાગ્યો હતો. જાણે મારી ગરદન પર કંઈક ગરમાગરમ ઝણઝણાટી થઈ હોય એમ મને લાગ્યું.

એણે જે કહ્યું એનાથી મને આનંદ થયો હતો ? મેં મારા હોઠ પર સ્મિત તો નથી આવી ગયું ને એ ચકાસ્યુ.

હે, ભગવાન આટલા સમયમાં સાંભળેલા શ્રેષ્ઠ સમાચાર છે આ મારા મનમાંથી આનંદિત અવાજ આવ્યો. મારું દિલ તો ખુશીથી ઉછાળા મારી રહ્યું હતું.

મેં ગંભીર દેખાવાનો પ્રયત્ન કર્યો.

'આ તો બહુ ખરાબ થયું,' અંતે હું બોલ્યો. એણે ડોકું ધુણાવ્યું.

'કંઈક ગળ્યું લેશે ?' મેં કોમળ અવાજમાં પૂછ્યું. વાત જ એવી બની હતી કે મોં તો મીઠું કરવું જ પડે.

એણે માથું ધુણાવ્યું. એ વ્યગ્ર દેખાતી હતી, કદાચ રડી પડવાની તૈયારીમાં હતી. મારે એનો હાથ હાથમાં લેવો હતો, પણ મેં સંયમ રાખ્યો.

'શું થયું ?' મેં પૂછ્યું, મેં અવાજમાં બને એટલી સચ્ચાઈ ઉમેરવાનો પ્રયત્ન કર્યો.

'મારે એ વિષે વાત નથી કરવી.'

મેં ડોકુ હલાવ્યું અને વિચાર્યું - આ જ ખાસિયત છે રિયાની.

'આપણે કોઈ બીજી વાત કરી શકીએ, પ્લીઝ ?' એણે પૂછ્યું.

'હા, હા, ચોક્કસ. કઈ વાત ?'

'કંઈ પણ ?'

'તારે કુલ્ફી ખાવી છે ?' મેં પૂછ્યું.

'ના માધવ, મારે કુલ્ફી નથી ખાવી કે બીજું કાંઈ પણ નથી ખાવું. તું એના સિવાય બીજી વાત કરશે ? પ્લીઝ.'

મને લાગ્યું કે મેં બીજા કશા વિષે જ વાત કરી હતી. કુલ્ફીની વાત બીજી કોઈ વાત ન ગણાય ? છોકરીઓ સાથે દલીલ કરવી જ નકામી છે.

'તું પટના કેટલા સમય માટે આવી છે ?' મેં પૂછ્યું.

'મારી નોકરી અહીં છે. ખરેખર તો, મારે અહીં રહેવા માટે જગ્યા શોધવાની છે.'

'સાચ્ચે ? તું કંઈ કંપનીમાં કામ કરે છે ?'

'નેસ્લેમાં. હું સેલ્સ ડિપાર્ટમેન્ટમાં છું અને દહીંના વેચાણ માટે કામ કરું છું.'

'અંહ...' હું બોલ્યો.

'શું થયું ?'

'કંઈ નહીં'

'તું વિચારતો હોઈશ કે હું દહીં વેચીને શું કરતી હોઈશ, પણ જેણે અધવચ્ચેથી કૉલેજ છોડી દીધી હોય એમને નોકરી મેળવવી અઘરી હોય છે. એમાંય જેણે અધવચ્ચેથી ભણવાનું છોડી દીધું હોય અને શ્રીમંત બાપની મદદ વિના પોતાના પગ પર ઊભા રહેવું હોય ત્યારે તો ખાસ.'

'ના ના, મને એની નવાઈ નથી લાગતી.' મેં કહ્યું. મને ખરેખર પડી નહોતી કે એ પટનામાં શું કરતી હતી. મને આનંદ માત્ર એ વાતનો હતો કે એ પટનામાં હતી.

'ચલ જવા દે...' એ બોલી. 'તું ડુમરાઉં પાછો ક્યારે જવાનો ?'

'તને ડુમરાઉં યાદ છે ?' મેં સ્મિત સાથે પૂછ્યું.

'હું મને મળેલા એકમાત્ર રાજકુમાર અને એમાં રજવાડાને કઈ રીતે ભૂલી શકું?'

એણે ચમચી ઉઠાવી અને મારી કુલ્ફીમાંથી કટકો લીધો. મને હતું એને ગળપણ નહોતું ભાવું.

છોકરીઓ જે કહે એનાથી હંમેશાં ઊંધું જ કેમ કરતી હશે ?

એણે મારી કુલ્કીમાંથી વધુ વાર લીધું અને અંતે કુલ્ફી ન એણે જ પૂરી કરી, મારા કરતાં ય વધુ ખાઈને.

'તને બીજું કશું યાદ છે ? રિયા ?'

'એટલે ?'

'એટલે કે આપણે બંને.'

એણે મારી તરફ જોયું.

'માધવ...'

'હં'

'હું બદલાઈ ગઈ છું માધવ.' એ બોલી. 'કૉલેજમાં હું નાદાન હતી, વધુ પડતી સુરક્ષિત અને ૧૮ વર્ષની મૂર્ખ પ્રકારની છોકરી જેને જીવન વિશે કંઈ દિશા જ નહોતી.'

'આપણે બધાં યુવાન અને નાદાન હતાં. મેં એના બચાવમાં જોડાઈ જતાં કહ્યું.

'આઈ એમ સૉરી, કારણ કે હું જાણું છું કે મે તને કેટલો દૂભવ્યો હતો. છેલ્લાં બે વર્ષે મને ઘણું શીખવ્યું છે.'

એની અનપેક્ષિત માફીએ મને હલાવી નાખ્યો. મને ખ્યાલ આવ્યો કે હું રિયાના પ્રેમમાં પહેલાંથીય વધુ છું. 'શું થયું હતું ખરેખર ?'

'હું આ વિષય પર વાત ન કરું એ જ ઠીક રહેશે. કમ સે કમ અત્યારે તો નહીં જ.'

મેં ઉતાવળે ડચકારો બોલાવ્યો.

'શું થયું ?'

'કંઈ નહીં. તું આ જ છે. અચાનક જ સંકોડાઈ જવું. હું તને જાણું છું રિયા, ભલે એ પહેલાંની વાત હોય.'

'જો તું મને જાણે છે તો શા માટે મને આગ્રહ કરે છે ?'

‘કોણે આગ્રહ કર્યો. વર્ષો પછી હું તને મળ્યો એટલે મે પૂછ્યું. જો કે મારો કોઈ હક નથી હવે, એટલે, સૉરી મેડમ.’ હું શાંત થઈ ગયો.

‘એમ ન કર.’ એણે કહ્યું.

મેં બાજુ પર જોયું અને બોલ્યો, ‘તેં મારા હાથમાં લગ્નની કંકોત્રી પકડાવી દીધી અને ચાલી ગઈ. વર્ષો પછી હું તને મળ્યો અને હું તને પૂછું નહીં શું થયું ?’

‘તારે પૂછવું જ જોઈએ.’

‘એ જ તો કરી રહ્યો હતો હું.

‘ઓ કે, આઈ એમ સૉરી અને ભૂતકાળ માટે પણ હું માફી માગી ચૂકી છું. માધવ, મારી સામે જો.’

મેં મારી નજર એના પર ઠેરવી. હું રિયા પાછળ વર્ષો સુધી પાગલ રહી શકું. એણે સ્મિત કર્યું. મેં મારા ચહેરા પર બનાવટી સખ્તાઇ જાળવી રાખી.

‘તું ફરી મારો મિત્ર બનીશ ?’ એણે પૂછ્યું.

જ્યારે જ્યારે એ આવું કહે છે, મને એની તરફ ધિક્કાર છુટે છે. આ શું બકવાસ છે? આ આમંત્રણ છે કે પછી આશ્વાસન ઈનામ ? આ શાંતિ સંધિ છે?

હું શાંત રહ્યો.

‘હું પટનામાં રહું છું, તું અહી વારંવાર આવે છે. આપણે ફરી દોસ્ત બની શકીએ. તને ગમશે ?’ એણે પૂછ્યું.

આ એક બીજી વાત હતી જેને હું ધિક્કારતો હતો. દર વખતે હું એને જ નક્કી કરવા દેતો હતો કે અમારે મિત્ર બનવું કે ન બનવું ? એનો વિરોધ કરવાની મારામાં તાકાત જ નહોતી.

‘હા, મને ગમશે.’

‘સરસ, મને પણ આપણે સારા દોસ્તો બનીશું એ બહુ જ ગમશે.’ એણે કહ્યું, ‘પણ મારી એક શરત છે.’

મેં આંખો ફેરવી. રિયાનો હંમેશનો આ પ્રશ્ન રહ્યો છે. આ વળી પાછું શું હશે ? કોઈ અપેક્ષા નહીં રાખવાની એવું ?

‘કહી નાખ.’ મેં કહ્યું.

‘મને ફરી એ સવાલ પૂછતો નહીં.’

‘શું ?’

‘મને કંઈ પણ પૂછ, જો હું જવાબ આપી શકું એમ હોઉં તો આપીશ. પણ જો હું જવાબ ન આપું તો મને ફરી ન પૂછીશ.’

‘સાચ્ચે ?’

‘હા, મને ત્યારે તું દુરાગ્રહ કરતો હોય એવું લાગે છે.’

‘ઓ કે, હું દુરાગ્રહ કરવા માગતો પણ નથી.’

‘તું જ્યારે પણ પટનામાં હોય, આપણે મળી શકીએ. તું મને આ શહેર દેખાડી પણ શકે.’

‘હું આ શનિ રવિ અહીં જ છું.’

‘રવિવારે મારે રજા હોય છે. જોકે મારે કેટલાક એપાર્ટમેન્ટ્સ પણ જોવાના છે.’

‘એપાર્ટમેન્ટ્સ જોવા હું તારી સાથે આવું એમ તું ઇચ્છે છે ?’ મેં પૂછ્યું.

એ શાંત થઈ ગઈ. હું બહુ જલદી જાણી ગયો હતો એને.

‘ઇટ્સ ઓ કે, આપણે બીજી કોઈ વાર મળીશું.’ મેં કહ્યું.

‘ના ના, આવ. તારી વાત સાચી છે, નહીં તો એ લોકો મને અજાણી ગણીને ગાંડા જેવા ભાવ કહેશે.’

‘હું બીજી વાર પૂછવાનો નહોતો.’ મેં કહ્યું અને એ હસી પડી.

‘દલાલને મળવાનો સમય કયો ગોઠવું ?’ એણે પૂછ્યું.

‘મારે સવારે ૧૧ વાગ્યા સુધી ક્લાસ છે અને પછી હું સાડાચાર સુધી નવરો છું.’

‘ક્લાસ ?’ એણે પૂછ્યું.

‘મારે અત્યારે એ વિષે વાત નથી કરવી.’


એણે એની ભ્રમર ઊંચી કરી.

‘સાચ્ચે ?’

‘મને એકનો એક સવાલ બે વાર પૂછીશ નહીં. આ આપણને બંનેને લાગુ પડે છે, બરાબર ?’

મને ફરીવાર એના હાસ્યનો અવાજ સંભળાયો. વિશ્વનો સૌથી મીઠો અને મધુર અવાજ....





‘અરે વાહ, આ જગ્યા મને બહુ ગમી.’ એણે કહ્યું, ‘બાલ્કની તો જો.’

‘બસ હવે, આટલાં વખાણ કરવાનાં બંધ કર નહીં તો આપણને સારા ભાવ નહીં મળે,’ મેં કહ્યું.

અમે લોકો ઇન્દ્રનગરમાં આવેલા ડાકબંગલો રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં ઊભાં હતાં. ઘોંઘાટિયા પટનાની સરખામણીમાં આ વિસ્તાર થોડો શાંત અને પ્રમાણમાં સંપન્ન હતો.

૧૦૦, ઔરંગઝેબ રોડના નોકરોના કમરા કરતાંય નાના એવા ઘણા એપાર્ટમેન્ટ્સ જોયા પછી અમને અંતે આ યોગ્ય એપાર્ટમેન્ટ મળ્યું હતું. જૂના બ્રિટિશર્સ વાપરતા હોય એવું એપાર્ટમેન્ટ્સનું બિલ્ડિંગ હતું. છતની ઊંચાઈ ૧૨ ફૂટની હતી. એનાં બારીબારણાં સાગના લાકડાનાં બનેલાં હતાં. બંને બેડરૂમની બાલ્કની પાર્ક તરફ પડતી હતી. સામાનના સંગ્રહ માટેની જગ્યા સાથેનું વિશાળ રસોડું હતું. મને ખબર હતી રિયાને આ જગ્યા ગમી જશે.

‘શ...’ એણે કહ્યું અને હોઠ પર આંગળી મૂકી.

‘વીસ હજાર.’ અમારી ઇચ્છાને પામી જતાં દલાલ બોલ્યો.

‘આટલા બધા ? કેમ કંઈ ભાંગબાંગ પીધી છે કે શું ?’ હું બોલ્યો.

‘આ પટનાનો સૌથી સુરક્ષિત વિસ્તાર છે. મેડમને એકલા રહેવાનું છે અને બાલ્કની તો જુઓ,’ દલાલ બોલ્યો.

‘સાચી વાત. બહુ સરસ છે.’ રિયા જાણે સપનામાં હોય એમ બોલી.

મેં એની સામે જોયું. એને પોતાને તરત જ ભાન પડ્યું કે એણે ન બોલવાની વાત બોલી નાખી છે અને એણે પોતાના મોં પર હાથ દાબી દીધો.

‘પંદર ?’ હું બોલ્યો.

‘આ ગોરાઓનો ફ્લૅટ છે, સર, વિદેશીઓને આવી જૂની જગ્યા બહુ ગમે. એક ફિરંગી કપલને પણ મારે આજે આ જગ્યા દેખાડવાની છે.’ દલાલ બોલ્યો.

‘અમે લઈ લઈશું. વીસ બરાબર છે,’ રિયા બોલી.

મેં રિયા સામે જોઈ ખભા ઉછાળ્યા, એ મારી સામે હસી. પૈસાદાર બાળકોને એમ જ લાગે છે કે પૈસા ડુમરાઉંના ડાંગરના ખેતરોમાં ઊગે છે.

*

‘આ તો અદ્દભુત છે’, રિયા બોલી. એણે પોતાનો મોબાઈલ કાઢ્યો અને ફોટા પાડવા શરૂ કર્યા.

અમે ગાંધીમેદાન સામે આવેલા વર્તુળ ગુંબજ આકારના વિશાળ ગોલઘર નામના

નક્ષત્રભવન ખાતે આવ્યાં હતાં. ઈ.સ. ૧૭૮૪માં બ્રિટિશર્સે દુકાળના વખતમાં કામ આવે માટે અનાજ ભરવાના સંગ્રહસ્થાન રૂપે ગોલઘર બંધાવ્યું હતું. મેં અમારા બન્ને માટે બે રૂપિયાની ટિકિટ લીધી.

'તારે ભાવતાલ કરવા જેવો હતો. એ અઢાર હજારમાં માની જાત.' મેં કહ્યું.

'હું એ જગ્યા જવા દઈ શકું એમ નહોતું. હું ત્યાં જ રહીશ. એ અગત્યનું પણ છે.'એણે કહ્યું. એણે કાંસાની મોટી તકતીનો ફોટો પાડ્યો. એની પર લખ્યું હતું.

આ રજવાડામાં પડનારા સંભવિત દુકાળથી બચવા આ કોઠાર બાંધવામાં આવ્યો છે.

બંધાયા તારીખ ૨૦ જુલાઈ ૧૭૮૬.

ગુંબજની ઉપર સુધી જવા માટે અમે પગથિયાં ચડ્યાં. એક તરફ વિશાળ લીલાંછમ ખેતરો હતાં અને બીજી તરફ કોલાહલથી ભરપૂર શહેર.

ગુંબજની દીવાલો પાનની પિચકારીઓથી ખરડાયેલી હતી. ક્યાંક દીવાલ ઉપર યુગલોનાં નામ કોતરાયેલાં હતાં. જે લોકો પ્રેમમાં બરબાદ થયાં છે એ લોકો શહેરના સાંસ્કૃતિક વારસાને બરબાદ કરતાં વિચારતાં નથી. કદાચ એટલે જ લોકો કહે છે કે અમે બિહારીઓ ગમાર છીએ. અમારામાંના કેટલાક તો એવું ઉપનામ મેળવવા વધુ મહેનત પણ કરે છે.

'જો આ જગ્યાને સાફ કરી દેવામાં આવે તો અદ્ભુત બને.'

'હા, સત્તાવાળાઓએ ધ્યાન આપવું જોઈએ,' મેં કહ્યું.

'આ ફક્ત સત્તાવાળાઓનું કામ નથી. જો લોકો ધ્યાન આપે તો સત્તાવાળાઓ પણ ધ્યાન આપે.' રિયાએ કહ્યું.

મેં ડોકું ધુણાવ્યું. સિગરેટના ખાલી પેકેટ્સ અને શીંગનાં છોતરાં આસપાસ પગથિયાં અને જમીન પર પડ્યાં હતાં.

'આ ખરેખર સારું એવું આઈમેક્સ થિયેટર થઈ શકે.'

'એ શું ?'

એણે મને લંડનમાં આવેલા આઈમેક્સ થિયેટર વિશે કહ્યું. સામાન્ય કરતાં આવા થિયેટરમાં ચારગણા મોટા પડદા હોય છે.

મેં ખભા પરનો ભારે થેલો બરાબર કર્યો.

'ચોપડીઓ છે ?' એણે પૂછ્યું.

મેં હા પાડી. એનો પીળો અને સફેદ દુપટ્ટો હવામાં ફરફરી રહ્યો હતો.

'તારે જાણવું છે હું શેના ક્લાસમાં જાઉં છું ?' મેં પૂછ્યું.

'હું તને ફરીવાર ન પૂછી શકું.' એ બોલી અને હસી.

'ઇંગ્લિશ, સ્પોકન ઇંગ્લિશ.'

'ઓહ', એ બોલી. તારે ખરેખર એની જરૂર છે ?'

'હા, અને એ પણ ઉતાવળે.' મેં કહ્યું.

અમે ગોલઘરનાં પગથિયાં ઊતર્યાં. મેં એને ગેટ્સ ફાઉન્ડેશનના લોકોની આવતાં છ અઠવાડિયાંમાં મુલાકાતની અને મારી ભાષા વિષે વાત કરી.

'સ્પીચ નહીં તો દાન નહીં, એમ ?'

મેં હા પાડી અને રિક્ષા રોકી. 'મૌર્ય કોમ્પ્લેક્સ' મેં ડ્રાઇવરને કહ્યું.

મૌર્ય કોમ્પ્લેક્સ ભૂખરા રંગનું ખોખા આકારનું બિલ્ડિંગ છે. નીચેના માળે દુકાનો આવેલી છે અને ઉપરના માળે ઑફિસ આવેલી છે. આમ બિલ્ડિંગમાં એવું કંઈ ખાસ નથી પણ એના કમ્પાઉન્ડમાં પટનાની કેટલીક વિખ્યાત ખાણીપીણીની દુકાનો છે.

'કોઈ દિવસ લિટ્ટી ચોખા ચાખ્યા છે ?' મેં પૂછ્યું.

'એ શું છે ?' એણે પૂછ્યું.

મેં એક દુકાન તરફ ઇશારો કર્યો. જયાં લાલચોળ કોલસા ઉપર તાજીતાજી લિટ્ટીઓ બની રહી હતી. રસોઇયો લોટ લેતો હતો. ગુલ્લુ બનાવતો હતો અને તીખા બેસન પાવડરને અંદર નાખીને હાથથી લોટ ચપટી કરતો હતો. પછી કોલસા પર શેકતો હતો. શેકાઈ જાય પછી લિટ્ટીને ચોખા ઘીમાં બોળતો હતો. એક પ્લેટમાં લિટ્ટીને સલાડ, ચટણી અને ચોખા સાથે પીરસવામાં આવતા હતા.

'ચોખા શું છે ?' રિયાએ પૂછ્યું.

દુકાનના માલિકે ટામેટાં, રીંગણ અને બટાટાને બાફીને મસળીને અને પછી લીલાં મરચાં ને મીઠું તેમ જ બીજા મસાલાઓ સાથે ચોખા બનાવવામાં આવે છે તે સમજાવ્યું.

રિયાએ બટકું ભર્યું, 'માની ન શકાય એટલું સારું છે.'

રિયાનાં વખાણે દુકાનમાલિકની છાતી ગજગજ ફૂલી.

'ભાવ્યું ને ?' એનો જવાબ મને ખબર જ હતો. હસતાં મેં પૂછ્યું.

'આ બધું દિલ્હીમાં કેમ નથી મળતું ? આખા ભારતમાં ? આખા વિશ્વમાં ?' રિયાએ પૂછ્યું.

'બિહારી વાનગીઓ બહુ સારી મનાતી નથી.'

'કેમ ?' ભરેલા મોંએ એણે પૂછ્યું.'

'ગરીબ રાજ્ય છે આ. કોઈને અમારી વસ્તુઓની કે અમારી જરૂર નથી. હજુ સુધી તો નહીં જ.'

'હવેથી હું આ જ રોજ ખાવાની છું.'

અમે જમવાનું પૂરું કર્યું. મેં એને હાથ લૂછવા માટે પેપર નેપ્કિન આપ્યો.

'મારી મા આનાથી પણ વધુ સારા લીટ્ટી ચોખા બનાવે છે,' મેં કહ્યું.

'તમે આ ઘરે બનાવો છો ?'

'કાયમ. તારે કોઈ વાર મારે ઘરે આવવું જોઈએ.' મેં કહ્યું.

એ શાંત રહી. હું એનો ખચકાટ સમજી શક્યો. અમે મૌર્ય કોમ્પ્લેક્સથી બહાર નીકળ્યાં.

'તારે આવવાની જરૂર નથી. હું કોઈક વાર ઘરના બનાવેલા લીટ્ટી ચોખા તારા માટે લઈ આવીશ.' મેં કહ્યું.

'ના, ના, ડુમરાઉં આવવું મને ગમશે. મારે તારાં માને પણ મળવું છે. મેં એમના વિશે ઘણું બધું સાંભળ્યું છે.'

મૌર્ય કોમ્પલેક્સની બહાર એક રિક્ષા ઊભી હતી. 'પહેલાં ચાણક્ય હોટલ જવું છે, મેડમને ઉતારવા. પછી બોરિંગ રોડ.' મેં ડ્રાઇવરને કહ્યું.

'શું બોલ્યો તું ? બોરિંગ રોડ ?' રિયા હસી પડી.

'શું ? હા, મારા ક્લાસિસ બોરિંગ રોડ પર આવેલા છે.'

'નામ જ કહી આપે છે.'

હું હસી પડ્યો.

'એટલા ખરાબ નથી પણ આટલા ઓછા સમયમાં ઇંગ્લિશ બોલતાં શીખવું અઘરું પડે છે.'

'આમાં અઘરું એ છે કે તારે એકસાથે ત્રણ વસ્તુઓ પર ધ્યાન આપવાનું છે. ઇંગ્લિશ, પબ્લિક સ્પીકિંગ અને સ્પીચમાં શું કહેવું છે તે.' રીયા બોલી.

મેં એની સામે જોયું. એણે ખરેખર દુ:ખતી નસ પકડી હતી.

ટ્રાફિકની વચ્ચેથી રસ્તો કરતી રિક્ષા જઈ રહી હતી. મને એ ખબર નહોતી પડતી કે દરેક જણને હોર્ન વગાડવાની શું જરૂર હતી ?'

થોડી ક્ષણો માટે અમે શાંત બેસી રહ્યાં.

'માધવ,' રિયા બોલી.

'હં !' મેં પૂછ્યું.

'કંઈ નહીં'

'બોલી નાખ, રિયા.'

'હું તને ઇંગ્લિશ શીખવામાં મદદ કરું ?'

મેં કંઈ જવાબ ન આપ્યો.

'આઈ એમ સૉરી. કંઈ વાંધો નહીં. હું બીજી વાર નહીં પૂછું.'

રિક્ષા ચાણક્ય હોટલ પહોંચી. ઊતરતી વખતે એક ક્ષણ માટે માટે એણે મારો હાથ પકડ્યો.

'આઈ એમ સૉરી. તારા કરતાં મારું ઇંગ્લિશ સારું છે એમ કહેવાનો મારો મતલબ નહોતો.'

'આપણે ક્યારે શરૂ કરી શકીએ ?' મેં પૂછ્યું.





‘આ રહ્યો પ્લાન’ એણે કહ્યું અને A4 સાઇઝનો એક કાગળ મારી સામે મૂક્યો.

અમે ચાણક્ય હોટલની તક્ષશિલા રેસ્ટોરન્ટમાં ડિનર માટે આવ્યાં હતાં. સોમથી શુક્ર મેં ડુમરાઉમાં ગાળ્યા હતા અને અમે અઠવાડિયા પછી મળતાં હતાં. વેઇટર અમારો ઑર્ડર લેવા આવ્યો. એણે સાદી પીળી દાળ અને રોટલીનો ઑર્ડર આપ્યો.

‘મને ઘરનું ખાવાનું યાદ આવે છે.’ એ બોલી.

હું તને યાદ કરતો હતો, મારે કહેવું હતું પણ કહ્યું નહીં. ડુમરાઉંના પાંચ દિવસ મને પાંચ જનમટીપની સજા જેવા લાગ્યા હતા.

‘હા, હા, મને પણ યલો દાળ ભાવે છે,’ મેં કહ્યું.

મેં કાગળ ઉપાડ્યો. એની ઉપર નીચે મુજબ લખ્યું હતું.

એક્શન પ્લાન : ઑપરેશન ગેટસ.

હેતુ: અસ્ખલિત ઇંગ્લિશમા અમેરિકન ઓડિયન્સ માટે દસ મિનિટનું ભાષણ.

૧૦ મિનિટ = આશરે છસો શબ્દો.

ધ્યાન આપવા જેવી બાબતો :

(૧) ભાષણની રજૂઆત : વિશ્વાસ, છટા, ઉચ્ચારો, પ્રવાહ, વિરામ અને આંખથી આંખ મેળવીને બોલવું.

(૨) ભાષણનો વિષય : તર્કસંગત મુદ્દાઓ, લાગણીમય ક્ષણો અને સહાય માટેની માગણી. મેં રિયા સામે જોયું, ‘આ બધું તેં ટાઇપ કર્યું ?’

‘ના, નાનકડા દેવદૂતો આવીને મધરાતે ટાઇપ કરી ગયા.’ એણે કહ્યું. ‘આગળ વાંચ, આખો કાગળ વાંચ.’

મેં ફરી કાગળ તરફ જોયું.

શ્રેષ્ઠ હસ સાધનો :

(૧) જાણીતાં ભાષણોની યુ ટ્યૂબ વિડીયો.

(૨) સબટાઇટલ્સ સાથેની ઇંગ્લિશ મૂવીઝ.

(૩) ઇંગ્લિશ ડે – એ દિવસે વાતચીતમાં હિન્દીનો ઉપયોગ નહીં કરવો.

(૪) પહેલાં હિન્દીમાં ભાષણ તૈયાર કરવું.

(૫) આખા દિવસ દરમ્યાન ફોનનો ઉપયોગ કરીને ઇંગ્લિશ વોઇસ ડાયરી તૈયાર કરવી.

(૬) ઇંગ્લિશમાં વિચારવાની ટેવ પાડવી.

(૭) ટેલિવિઝન પર ન્યૂઝની ચર્ચાઓ ઇંગ્લિશમાં સાંભળવી.

(૮) કોલ સેન્ટરમાં ફોન કરવો અને પસંદગીની ભાષા ઇંગ્લિશ રાખવી.

(૯) રસ્તા પર લાગેલાં જાહેરાતનાં બોર્ડ પર રહેલી ઇંગ્લિશ જાહેરાતો વાંચવી.

(૧૦) સાદી ઇંગ્લિશ ભાષામાં લખાયેલી નવલકથાઓ વાંચવી.

મેં સીટી મારી.

'આ જુદો અભિગમ છે,' એ બોલી. એ દસેક ડગલા દૂર ઊભી હતી. એ નજીક આવી અને સતત ઇંગ્લિશમાં બોલીને કાગળમાં લખેલી સૂચનાઓ મને સમજાવતી રહી.

'અને હા, છેલ્લે સરળ ઇંગ્લિશ ભાષામાં લખાયેલી નવલકથા વાંચવી, પેલો કોણ એક લેખક છે ? હા, ચેતન ભગત.' એની એકોક્તિ પૂરી કરતાં એ બોલી.

હું એનો દર વખતની જેમ સુંદર લાગતો ચહેરો જોઈ રહ્યો. ફરી વાર એના પ્રેમમાં ન પડી જઈશ. મારા માથામાં જાણે કોઈ ચીસો પાડતું હતું.

'તો, શરૂ કરીએ. મારી સાથે ઇંગ્લિશમાં વાત કર.'

મેં ઇંગ્લિશમાં વાત શરૂ કરી, એટલે એ સમયે હું જે ઇંગ્લિશ જાણતો હતો એ ઇંગ્લિશ.

'હું... આ. લિસ્ટ બનાવી આપવા માટે તારો બહુ આભારી છું... ઇંગ્લિશ શીખવા માટે.' મેં ભાંગ્યાતૂટ્યા ઇંગ્લિશમાં કહ્યું.

'ઇંગ્લિશ શીખવા માટે સૂચનાઓનું લિસ્ટ બનાવી આપવા માટે હું તારો આભારી છું', રિયા ઇંગ્લિશને સુધારતાં બોલી. એનો અવાજ શાંત હતો, ના, એમાં કટાક્ષ નહોતો કે કોઈ નિર્ણય પણ નહોતો.

'હા, એ જ વસ્તુ માત્ર', મેં પાછું ખોટી રીતે કહ્યું.

'એ જ વસ્તુ માત્ર નહીં, એમ કહેવાનું, હું પણ એ જ વાત કહેવા માગતો હતો,' રિયાએ ફરી મારું ખોટુ ઇંગ્લિશ વાક્ય સુધારતાં કહ્યું. 'હું કોઈ કોઈ વાર તને વચ્ચે ટોકીશ અથવા સુધારીશ. એવું નથી કે મને તું જે કહેવા માગે છે એ સમજાતું નથી, પણ તું સાચું બોલે એમ ઇચ્છ છું.'

'થેંક્સ,' મેં કહ્યું.

'આ એક શબ્દ તું બરાબર અને સાચો બોલ્યો.'

હું હસી પડ્યો.

એણે મને વેઇટર સાથે પણ ઇંગ્લિશમાં વાત કરવાની ફરજ પાડી. મેં એ બરાબર કર્યું કેમ કે વેઇટરનું ઇંગ્લિશ મારાથી પણ ખરાબ હતું. વેઈટર આસપાસ હતો ત્યારે એણે મને સુધાર્યો નહિ.

'અને ગળ્યું... છેલ્લે.' વેઇટર જતો હતો ત્યારે મેં એને ઇંગ્લિશમાં કહ્યું.

'અમે સ્વીટ ડીશનો ઑર્ડર છેલ્લે આપીશું,' રિયાએ મારું ઇંગ્લિશ સુધારતાં કહ્યું.

'અથવા તો સ્વીટ ડીશને બદલે ડીઝર્ટ પણ કહી શકાય.'

'ડેઝર્ટ ? એટલે રાજસ્થાનનું રણ, એમ ?' મેં પૂછ્યું.

'ડી...ઝ..ર્ટ. જુદા શબ્દો પણ લગભગ એક જેવા જ.'

'મને ઇંગ્લિશની આ જ વાત નથી ગમતી. હિન્દીમાં આવા કોઈ પ્રશ્નો જ ન નડે.'

'હિન્દી આપણે જે રીતે બોલીએ છીએ, જે રીતે લખીએ છીએ. હિન્દીનાં ઉચ્ચારણો શીખવાની કોઈ જરૂર નથી પડતી.' રિયાએ કહ્યું.

'તો બધા જ હિન્દી કેમ નથી બોલતા ?' મેં પૂછ્યું.

'કારણ કે આપણે બધા જ....' રિયા બોલી અને અટકી, 'ઓહ, માય ગૉડ, તેં એકદમ સાચી રીતે પ્રશ્ન પૂછ્યો.'

'શું ?'

'તેં પૂછ્યું ને કે તો બધા જ હિન્દી કેમ નથી બોલતા ? એ તેં એકદમ સાચા ઇંગ્લિશમાં પૂછ્યું. સભાન થયા વગર જ્યારે તું બોલે છે ત્યારે એકદમ સાચું ઇંગ્લિશ બોલે છે.'

મેં નમ્ર દેખાવાનો પ્રયાસ કર્યો.

'આપણે આ કરી શકીશું, માધવ' રિયા બોલી. એણે ટેબલ પર મારો હાથ થપથપાવ્યો.

મને એ વિચાર આવતો હતો કે અમે દંપતી તરીકે ક્યારેય આ કરી શકીશું કે નહીં.

ફરી એના પ્રેમમાં ન પડીશ, ફરી મારા મને ચેતવણી આપી.

તું એના પ્રેમમાંથી બહાર ક્યારેય આવ્યો જ નથી. બીજા અવાજે દુષ્ટ હાસ્ય સાથે મારા મનને કહ્યું.

'ડોલ્ફિન્સ ? પટનામાં ?' રિયાએ પૂછ્યુ.

'હા, ગંગા નદીમાં ડોલ્ફિન છે. તું જો નસીબદાર હોય તો તને જોવા પણ મળે.' મેં કહ્યું.

રવિવારની સાંજ હતી. અશોક રાજપથની પાછળ આવેલી પટના કૉલેજ પાસે આવેલા ગંગાઘાટ પર હું રિયાને લઇને આવ્યો હતો. વીસ રૂપિયામાં અમને હોડીવાળો સામેના કાંઠે આવેલા રેતાળ કિનારે લઈ જવાનો હતો. હોડી પર જવા માટે લાકડાના મોટા ટુકડા પર જતી વખતે સમતુલા જાળવવા માટે એણે મારો હાથ પકડી રાખ્યો હતો.

એ થોડી લપસી પડવા જેવી થઈ ગઈ અને એણે મારો હાથ વધુ જોરથી પકડ્યો. મેં ઇચ્છ્યું કે આ લાકડું ક્યારેય ડગમગતું બંધ જ ન થાય.

અમે બોટમાં બેઠાં. ડિઝલ એન્જિન ઘરરર અવાજ સાથે શરૂ થયું. હવે વાતો કરવી અશક્ય હતું. સૂરજ ઢળી રહ્યો હતો. આકાશ, નદી અને રિયાના ચહેરા પર આછો નારંગી-પીળો પ્રકાશ પથરાયો હતો.

બીજા કાંઠે અમે ચાની કીટલી તરફ ચાલ્યાં અને વાંસની બનાવેલી નાની ઝૂંપડીમાં બેઠાં.

'આ અદ્દભુત જગ્યા છે,' રિયા શ્વાસ લેતાં બોલી.

'અહીં ખરેખર શાંતિ મળે છે.' મેં કહ્યું.

અમે શાંત બેસીને પાણીની લહેરોને જોઈ રહ્યાં હતાં. મારો હાથ એના હાથથી થોડે જ દૂર હતો. મને થયું કે હું એનો હાથ મારા હાથમાં લઈ લઉં તો ઠીક થશે કે નહીં ? લાકડાના પાટિયા

પર ચાલતી વખતે એણે પણ મારો હાથ પકડ્યો જ હતો ને ? જોકે, પાટિયા પર ઠીક હતું કેમ કે એ વખતે એના માટે મારો હાથ પકડવો જરૂરી હતો. અત્યારે એનો અર્થ બદલાઈ જાય એમ હતું. કમ સે કમ, છોકરીઓ તો એ જ રીતે વિચારે. છતાં, મેં મારું નસીબ અજમાવવા ધાર્યું. મેં ધીરે ધીરે મારો હાથ એના હાથ તરફ આગળ વધાર્યો. એને કદાચ ખ્યાલ આવી ગયો અને એણે પોતાનો હાથ પાછો ખેંચી લીધો.

છોકરીઓને આવી ખબર કઈ રીતે પડી જતી હશે ? જીવજંતુઓ પાસે હોય એવું સ્પર્શજ્ઞાન એમને કઈ રીતે થઈ જતું હશે ? થતું જ હશે, નહીં તો આટલી ઝડપથી તે પ્રતિક્રિયા કઈ રીતે આપી શકે ?

'તેં સ્પીચ પર કામ કરવાનું શરૂ કર્યું ?' રિયાના પ્રશ્ને હું વિચારોમાંથી બહાર આવ્યો.

'થોડું ઘણું.' મેં કહ્યું.

મેં ખિસ્સામાંથી કાગળ કાઢ્યા. મેં મારા મુખ્ય વિચારોને હિંદી શબ્દોમાં કાગળ પર લખ્યા હતા. મેં કાગળ એને આપ્યો.

'સ્કૂલને ટોઇલેટ, ખુરશીઓ, કાળાં પાટિયાંઓ વગેરેની જરૂર છે.' એણે વાંચ્યું અને મારી તરફ ફરી. 'માધવ, તારે થોડી વધુ તૈયાર કરવી જોઈએ. આમાં તો ફક્ત માગણીઓ છે.'

'હું એની પર જ કામ કરી રહ્યો છું.'

'એ બિલ ગેટ્સ છે. એ જ્યાં પણ જાય લોકો એની પાસે કંઈ ને કંઈ માગે જ છે. અહીં એ રીતે કામ કરવાનું છે જાણે કંઈ માંગતો નથી પણ તો ય ગ્રાન્ટ જોઈએ છે.'

'માગતો નથી ?'

'હા, ક્યારેય માગવાનું નહીં, જાણે આપણે ગરીબ હોઈએ એવું લાગે.'

મેં એની સામે જોયું. શું આ જ કારણસર એ મને છોડી ગઈ ? 'હું કોઈ કોઈ વાર એમ જ કરું છું. હું ગરીબ લાગું.' મેં ધીરેથી કહ્યું.

એ મારો સંદર્ભ સમજી ગઈ. જોકે એણે સ્વીકાર્યું નહિ. બોલતાં પહેલાં એ અટકી. 'આ વિદેશીઓ જુદા હોય છે. તેમને એવું લાગવું જોઈએ કે તમે ખુશ અને આત્મવિશ્વાસુ છો, અતિ નિરાશ નહીં.'

'બાકીનું વાંચ, સ્કૂલ કેવી રીતે શરૂ થઈ એવી બધી વાતોય મેં કરી છે.'

એણે મારો ખભો થપથપાવ્યો.

'તું સારું કરી રહ્યો છે. ચિંતા ન કરીશ. આપણે સાથે મળીને આ કરીશું. હું લંડનમાં રહી છુ અને ત્યાં પણ અમેરિકન્સને મળી છું. મને ખબર છે. આ ગોરાઓ કઈ રીતે વિચારે છે.'

'લંડન કેવું હતું ?' સૂર્ય અસ્ત થઈ ચૂક્યો હતો. એનો ચહેરો માંડ દેખાતો હતો. મેં સ્વાભાવિકતાથી પૂછ્યું.

એની ખાસિયત પ્રમાણે જ રિયા શાંત રહી.

'ઇટ્સ ઓકે, હું બીજી વાર નહીં પૂછું. આપણે પાછાં જવું છે ?'

એણે ડોકું હલાવીને હા પાડી. અમે ઘાટ પર પાછાં પહોંચ્યાં. બોટ તરફ જતું લાકડાનું પાટિયું આ અંધારામાં વધુ અનિશ્ચિત લાગતું હતું. એણે ફરી મારો હાથ પકડ્યો. ખબર નથી એ મારી કલ્પના હતી કે શું, પણ આ વખતે વધુ મજબૂતાઈથી પકડ્યો હોય એમ મને લાગ્યું.

એ વધુ સંવેદનશીલ બની ગઈ હોય એવું લાગ્યું મને. એ વધુ નજીક આવી.

અમે બીજા પ્રવાસીઓથી અને અવાજ કરતા ડિઝલ એન્જિનથી શક્ય એટલાં દૂર બેઠાં હતાં.

'લંડન આમ જોવા જાઓ તો કોઈ કોઈ રીતે સારું હતું.' એ બોલી.

મારે પૂછવું હતું કે કઈ રીતે સારું હતું ને કઈ રીતે સારું નહીં, પણ હું ચૂપ રહ્યો. જેટલું તમે વધુ પૂછો એટલું એ વધારે ચૂપ રહે, મેં વિચાર્યું. મેં એની સામે જોયું. એ હસી પણ એ હાસ્યનો પડઘો એની આંખમાં ન દેખાયો. એટલા અંધારામાંય એના ચહેરાના એક એક હાવભાવ હું જોઈ શકતો હતો.

'તારે મારો હાથ પકડવો છે ?' મેં પૂછ્યું.

'કેમ ?' એણે સામે પૂછ્યું.

'હોડી વધુ હલી રહી છે.' મેં કહ્યું. નબળો જવાબ હતો પણ મૂરખ જેવા સવાલનો બીજો જવાબ કયો હોઈ શકે ?'

'તો ?'

'કંઈ નહીં', મેં કહ્યું અને સામે જોવા લાગ્યો. એન્જિનની ઘરઘરાટી આ વિચિત્ર શાંતિને ભરી દેતી હતી. અમે અડધે પહોંચ્યાં હશું ને દૂરથી મંદિરમાં ઘટનાદ સંભળાયો. મને મારા હાથની નજીક કંઈક હોય એવું લાગ્યું. એણે એની આંગળીઓ મારા હાથ પર મૂકી. મને લાગે છે કે પુરુષોને પણ આવી બાબતોમાં સ્પર્શજ્ઞાન હશે.

હું એની તરફ ફર્યો નહીં. હું એને જાણતો હતો. જો હું એની આંખોમાં જોઈશ તો એ હાથ પાછો ખેંચી લેશે.

'હું લંડન કરતાં અહીં વધુ ખુશ છું.' એ બોલી. મેં એને બન્ને સ્થળોની સરખામણી કરવાનું નહોતું કહ્યું.

'તું ઘરે ક્યારે આવે છે ?' હું હજુ સામે જ જોઈ રહ્યો હતો પણ એક એક શબ્દ સંભાળીને પસંદ કરતો હતો જેથી એ હાથ લઈ ન લે.

'જલદી જ. પહેલાં મને મારા ઘરમાં તો ગોઠવાઈ જવા દે.' એ બોલી.

'હું કાલે અહીં રહીશ. તને ઘર ગોઠવવામાં મદદ કરીશ.' મેં કહ્યું.

'તારે એવું કંઈ કરવાની જરૂર નથી. મારી પાસે ભાગ્યે જ કોઈ સામાન છે.'

'એ જ તો કહું છું. તારે વસ્તુઓ ખરીદવી પડશે, અને દુકાનદાર તારી પાસેથી ચીરીને પૈસા લેશે. હું તારી સાથે આવીશ, ઓકે. ?'

'થેંક્સ' એણે કહ્યું. એનો અર્થ હા હશે એવું હું સમજ્યો.

અમે ઘાટ પર પહોંચી ગયાં હતાં. મેં એનો હાથ લાકડાના પાટિયા પર થઈને નક્કર જમીન સુધી ન પહોંચ્યાં ત્યાં સુધી પકડી રાખ્યો. જૂનો માધવ હોત તો પૂછી બેસત કે આ રીતે હાથ પકડવાનો અર્થ શું થાય ? પણ જૂના માધવે ભૂતકાળમાં સુંદર ક્ષણોને ખરાબ કરી નાખી હતી. એટલે મેં શાંત રહેવાનું પસંદ કર્યું.

ઘાટ પરથી અમે રિક્ષા પકડી. નાલા રોડ પાસેની ફર્નિચરની દુકાન, ગાદલાવાળાની દુકાન અને સસ્તી શાકબજારની હું વાતો કરતો રહ્યો. જોકે આ બધી વાતો રિયાએ મારા હાથ પર

મૂકેલી એની આંગળીઓ સામે સાવ ક્ષુલ્લક હતી.

અમે એની હોટલ પર પહોંચ્યાં. એ રિક્ષામાંથી ઊતરી.

'કાલે સવારે અગિયાર વાગે ?' મેં પૂછ્યું.


'હા, થેંકયુ સો મચ અને મને નદીમાં બોટમાં બેસવાનીય બહુ મજા આવી.'

'કઈ રીતે ?' મેં પૂછ્યું ને મનમાં ને મનમાં મારી જાતને લાત મારી. હું જાણે બહુ નિરાશ હોઉં એમ એને લાગશે.

'બધી રીતે.' એ બોલી.

એમ તો રિયા સોમાણી પાસેથી કંઈ બોલાવવું અઘરું છે, ખાસ્સી મુત્સદી છે એ.





‘સત્તાવાર રીતે હું જાહેર કરું છું કે હું સંપૂર્ણ રીતે થાકી ગઈ છું’, રિયા બોલી. એણે ગુલાબી રંગની કુર્તી અને ભૂરો પાયજામો પહેર્યો હતો. કામને કારણે એના ચહેરાનો રંગ ગુલાબી થઈ ગયો હતો અને કુર્તી સાથે મેચિંગ લાગતો હતો.

એના એપાર્ટમેન્ટ માટે લાવેલાં ચાર ગાદલાંમાં એણે પડતું મૂક્યું.

‘એના પરથી કમ સે કમ પ્લાસ્ટિક તો કાઢી લે’, મેં કહ્યું.

એણે મારી વાત પર ધ્યાન ન આપ્યું. એ મેટ્રેસ પર આડી પડી અને પડી પડી પોતાના પગ આજુબાજુ ઉછાળતી રહી, એ રીતે જે રીતે અમે બાસ્કેટ બોલના મેદાનમાં કરતાં હતાં.

‘નાટક બંધ કર,’ મેં કહ્યું.

‘બધું આજે જ કરવું પડશે ?’ એણે પૂછ્યું.

અમે ચાર વાર બજાર જઈ આવ્યાં હતાં. એક વાર કરિયાણું, એક વાર ગાદલાં, એક વાર વાસણો અને એકવાર ઇલેક્ટ્રિકલ વસ્તુઓ લેવા.

‘તારે ચાર ગાદલાંની શું જરૂર છે ?’ મેં એને દુકાનમાં જ પૂછ્યું હતું.

‘બે બેડરૂમ માટે એને બે ડ્રોઇંગરૂમમાં દીવાન બનાવવા માટે. મારી પાસે સોફા નથી.

‘ચલ, આપણે સોફા લઈ લઈએ’, મેં કહ્યું હતું. એણે ના પાડી હતી. એને સાહજિક છતાં સુરુચિપૂર્ણ દેખાવ જોઈતો હતો. મને એવું સમજાયું કે ઠાઠમાઠ નહીં છતાં ઉત્તમ દેખાવ વિશે એ કહી રહી હતી.

‘ઊભી થા’, મેં કહ્યું અને હાથ પકડીને એને ખેંચી.

‘થેંક્સ’ એ બોલી, ‘આજ માટે થેંક્સ.’

‘મેન્શન નોટ’ મેં કહ્યું.

‘પ્લીઝ, એવું ન કહીશ’ એ બોલી.

‘શું ?’

‘સૉરી, હું તારું ઇંગ્લિશ સુધારતી હતી.’ હું હસી પડ્યો.

‘મને હતું આપણે ઇંગ્લિશ ફક્ત શનિ-રવિમાં શીખવાનું છે.’ મેં પૂછ્યું.

‘ના જી, આખો વખત એની પ્રેક્ટિસ કરવી જોઈએ.’ એ બોલી.

મેં ઘડિયાળ તરફ જોયું. ‘નવ વાગી ગયા છે, મારે જવું જોઈએ.’

‘જમવાનું શું ?’

‘હું બહારથી કંઈક લઈ આવું’ ધીરે ધીરે પણ સાચા ઇંગ્લિશમાં હું બોલ્યો.

'કેમ ? હવે આપણી પાસે બધું છે. આપણી પાસે હોટ પ્લેટ છે. મેગી ખાવી છે ?' એણે પૂછ્યું.

બધું ખોલીને ગોઠવતાં થોડી વાર થઈ. એણે હોટ પ્લેટ અને વાસણોનું ઉદ્ઘાટન કર્યું. કલાક પછી અમે સ્ટીલના એવા નવા વાડકાઓમાં મેગી ખાતાં હતાં જેના સ્ટીકર્સ હજુ સુધી નહોતાં નીકળ્યાં.

મેં સ્પૂનથી નૂડલ્સ ખાવા માંડ્યા. એક વાર ખાતાં ખતાં મારી દાઢી પર નૂડલ્સનો ટુકડો ચોંટી ગયો. એણે એ લઈ લીધો. મને મન તો એવું થયું કે મારા આખા ચહેરા પર નૂડલ્સ ઢોળી દઉં.

અમે જમી લીધું ને રસોડું સાફ કરી નાખ્યું.

દસ વાગે મેં નીકળવાનું નક્કી કરી લીધું.

'તને રિક્ષા મળી જશે ?' એણે પૂછ્યું.

'હું બસસ્ટેન્ડ સુધી ચાલી નાખીશ', મેં કહ્યું, 'ડુમરાઉં જવા માટે રાત્રે ૧૧ની બસ મળી જશે.'

'કદાચ હું આવતા અઠવાડિયે તારી સાથે આવીશ. પહેલાં અહીં ગોઠવાઈ જવા દે.'

'તું એકલી જ હોઈશ અહીં, વાંધો નહીં આવે ને ?' મેં પૂછ્યું.

'હા', એણે ભારે અવાજમાં કહ્યું, કદાચ થાકને કારણે એનો અવાજ એવો થઈ ગયો હશે.

'ચોક્કસ ?'

'હું એકલા પડવા માટે તો રાહ જોઈ રહી છું, માધવ' એણે કહ્યું.

*

'તને ખાતરી છે ને કે તારાં માને મારા રોકાવા સામે વાંધો નથી ?'

'હાસ્તો, એના એ દિવસે તું પાછી જાય એટલું નજીક નથી પટના', મેં કહ્યું.

અમે એની કંપનીની ઈનોવામાં હતા. સામાન્ય રીતે મારા બસના પ્રવાસ કરતાં રસ્તો જલદી કપાતો હતો. જો કે બિહારના રસ્તા ખાસ્સા એવા ઊબડખાબડ હતા.

'આઉચ', રિયાનું માથું ફરી કારની છત સાથે અથડાયું.

'બમ્પ સૂચવે છે કે આપણે ઘણાં નજીક છીએ.' મેં કહ્યું.

*

મેં રિયાને મહેમાનો માટેનો કમરો દેખાડ્યો.

'કેટલો મોટો રૂમ છે ? તું તો સાચે રાજકુમાર છે.'

'બધું પડું પડું થઈ રહ્યું છે', મેં કહ્યું.

હું એને મારા કમરામાં લઈ ગયો. મારા રૂમની દીવાલો પર એણે બાસ્કેટબોલનાં પોસ્ટર્સ જોયાં. હું મારા પલંગ પર બેઠો. એ સામેની ખુરશીમાં બેઠી. મને વર્ષો પહેલાં રુદ્રમાં બેઠાં હતાં એ યાદ આવી ગયું.

'તું હજી રમે છે ?' એણે પૂછ્યું.

મેં માથું ધુણાવ્યું.

'હું પણ નથી રમતી', એ બોલી.

'રમવું છે ? આજે સાંજે ?'

'કામ પહેલાં...આજે તારે મારા લેપટોપ પર ધ ગોડફાધર જોવાની છે.

'મેં જોઈ લીધી', મેં કહ્યું.

'તેં એ ફિલ્મનો પહેલો ભાગ જોયો છે, હવે બાકીના બે સબટાઇટલ સાથે જો.'

'મેં ચહેરો બનાવ્યો, જો કે એને કંઈ અસર થઈ નહીં. એણે વ્હાઇટ ટીશર્ટ અને બ્લેક ટાઇટ્સ પહેર્યાં હતાં. ભલે એ સંપૂર્ણપણે ઢંકાયેલી હતી, તો પણ એના શરીરના વળાંકો સ્પષ્ટ દેખાતા હતા. હું માની જ નહોતો શકતો કે રિયા મારા રૂમમાં ને એ પણ ડુમરાઉંમાં બેઠી છે.

મારે એને ચુંબન કરવું હતું. મને એવો વિચાર આવતો હતો કે આટલાં વર્ષે ચુંબન કેટલું અદ્દભુત હશે ?

'શું વિચારે છે તું ? અત્યારે ?' એણે મારી આગળ આંગળીઓ ફેરવીને પૂછ્યું.

એના સવાલથી હું જાણે થીજી ગયો.

'હં...કંઈ નહીં, જમવા માટે....આપણે લંચ લઈ લઈએ ?'

'તેં આ વિચાર હિંદીમાં કર્યો કે ઇંગ્લિશમાં ?' મેં યાદ કરવાનો પ્રયત્ન કર્યો. જો કે લંચ વિશે તો હું વિચારતો જ ન હતો. હું તો એને કિસ કરવાનું વિચારતો હતો, અને એ વિચાર તમે કોઈ વિશેષ ભાષામાં કઈ રીતે કરી શકો ?

'જો માધવ, જે લોકો સડસડાટ ઇંગ્લિશમાં બોલતા હોય ને, એ લોકો વિચારે પણ ઇંગ્લિશમાં. આખો વખત નહીં, પણ મોટાભાગનો સમય. જેમ કે તું તારા મનમાં કોઈ નિર્ણય લે તો એ ઇંગ્લિશમાં લે કે હિંદીમાં ?'

'ચોક્કસ વળી હિંદીમાં', મેં કહ્યું.

'એ જ તો પ્રશ્ન છે. જો તારે સારું ઇંગ્લિશ બોલવું હોય તો એ વસ્તુ તારા મગજમાં જ શરૂ થવી જોઈએ.'

એણે મારા માથા પર ટકોરા માર્યા. એના સ્પર્શને કારણે હું જાણે પીધેલો હોઉં એવું મને લાગવા માંડ્યું. પુરુષો આવી ખોડ સાથે જ જન્મતા હશે એવું મને લાગે છે. એમને જો કોઈ છોકરી ગમી જાય તો એમનો આકસ્મિક સ્પર્શ પણ નશાનું કામ કરે.

'હું પ્રયત્ન કરું છું' મેં કહ્યું.

'સરસ, અહીંયાં ઇન્ટરનેટ છે ?'

મેં માથુ ધુણાવ્યું.

'મારે તને કેટલાંક ભાષણો બતાડવાં છે.' એ બોલી.

'અહીં નજીકમાં સાયબર કાફે છે.'

'ચાલ જઈએ, મારે ડુમરાઉં પણ જોવાશે.'

*

ડુમરાઉમાં જોવા જેવું કંઈ ખાસ નથી છતાં એને તો બધું જ સારું લાગ્યું.

'બહુ ક્યુટ રસ્તા છે', એણે કહ્યું. અમે મરઘીની ગરદન જેવા પાતળા નાના રસ્તા પરથી મારા ઘર પાસેથી પસાર થઈ રહ્યાં હતાં.

'તારે વરસાદમાં આવવું જોઈએ. એ વખતે આ રસ્તાઓ ક્યુટ નથી લાગતા.' મેં કહ્યું.

અમે શક્તિ સાયબર કાફે પાસે આવી પહોંચ્યાં. કેટલાક સ્થાનિક લોકો ધૂળ ખાતા કોમ્પ્યુટર્સ સામે બેઠા હતા. એ લોકો ન્યૂઝની વેબસાઇટ જોઈ રહ્યા છે એવો દેખાવ કરતા હતા, પણ ખુલ્લી ટેબ પરથી ખબર પડતી હતી એ લોકો કંઈક પોર્ન ફિલ્મ ડાઉનલોડ કરી રહ્યા હતા.

'સ્ટીવ જોબ્સનું સ્ટે હંગ્રી સ્ટે ફૂલિશ' એણે યુટ્યૂબ ખોલતાં કહ્યું.

તારા માટે હંગ્રી, તારા માટે ફૂલિશ, મેં વિચાર્યું, 'ઓહ' હું બોલી ઊઠ્યો.

'શું થયું ?' વિડિયો હજુ શરૂ થવામાં વાર લગાડી રહ્યો હતો ને એણે પૂછ્યું.

'હું ઇંગ્લિશમાં કંઈક વિચારી રહ્યો હતો.'

'ઉત્તમ, શું વિચારતો હતો ?'

મેં માથું ધુણાવ્યું અને વિડિયો જોવા માંડ્યો.

'તારે સબટાઇટલ્સ જોઈએ છે ?' રિયાએ પૂછ્યું. મારા કહ્યા પહેલાં એ કઈ રીતે જાણી જતી હશે કે હું શું વિચારતો હતો એ જાદૂઈ હતું.

મેં હા પાડી. એણે આમે ય સબટાઇટલ્સવાળો જ વિડિયો પસંદ કર્યો હતો.

સ્ટીવ જોબ્સે એપલ કોમ્પ્યુટર્સની સ્થાપના કરી હતી. એની હરીફાઈ માઇક્રોસોફ્ટના બિલ ગેટ્સ સાથે હતી. એ વ્યક્તિ સાથે જેને મારે ભાષણ આપવાનું હતું. આ એક એવી પરિસ્થિતિ હતી જેના માટે ઇંગ્લિશ ક્લાસીસમાં હું ખાસ શબ્દ શીખ્યો હતો - આયોર્નિકલ - વ્યંગાત્મક.

પાતળો, ટાલ પડી પડી રહી હોય એવો ગોરો માણસ - સ્ટીવ જોબ્સ - ગ્રેજ્યુએશનનો ગાઉન પહેરીને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના મંચ ઉપર ઊભો રહીને બોલી રહ્યો હતો. હું સ્પીચ સાંભળતા સાંભળતા સબટાઇટલ્સ વાંચતો હતો.

'મેં ક્યારેય કૉલેજમાંથી ગ્રેજ્યુએશન નથી કર્યું. સાચું કહું તો કૉલેજ ગ્રેજ્યુએશનમાં હું આવ્યો હોઉં એવો આ પહેલો પ્રસંગ છે. આજે મારા જીવનની ત્રણ વાતો મારે તમને કહેવી છે. બસ એટલું જ. ખાસ કંઈ જ નહીં. માત્ર ત્રણ વાતો.'

હું તરત જ ધ્યાનથી સાંભળવા માંડ્યો. હું આ માણસને જાણતો નહોતો પણ આ માણસ મને તરત જ ગમી ગયો.

એણે પોતાની કુંવારી માતાની અને પછી કઈ રીતે એને ત્યજી દેવાયો હતો એની વાત કરી. એક મોટી વૈશ્વિક કંપનીનો સીઈઓ પોતાના ભૂતકાળ વિશે ખૂલીને વાત કરી રહ્યો હતો, એ વાતે મને સ્તબ્ધ બનાવી દીધો. એણે કૉલેજ ફક્ત એટલા માટે છોડી દીધી જેથી કરીને એ પોતાનાં પાલક માબાપના પૈસા બચાવી શકે. પછી એ છાત્રાલયની જમીન પર સૂતો અને એને ગમતા ક્લાસમાં ભણવા જતો.

'પાંચ સેન્ટની ડિપોઝિટ પાછી લેવા માટે હું કોકની કાચની બોટલ્સ પાછી આપતો, પછી એ પૈસાથી ખાવાનું ખરીદતો. દર રવિવારે રાત્રે શહેરમાં ચાલતો હું હરેકૃષ્ણ મંદિરમાં સારું ખાવાનું ખાવા જતો. મને એ બહુ ભાવતું.'

એણે એની સિદ્ધિઓ વિષે કંઈ નહોતું કહ્યું. છતાં તમને તેની મહાનતાની જાણ થઈ જાય એવું હતું.

'અને સૌથી અગત્યનું. તમારા દિલ અને અંતરજ્ઞાનને અનુસરવાની હિંમત રાખો.'

'અંતરજ્ઞાન ?' મેં પૂછ્યું.

'દિલનો અવાજ, જે તને અંદરથી સંભળાય.' રિયાએ કહ્યું.

શું મારામાં મારું દિલ જે કહે એને અનુસરવાની હિંમત છે ? શું મારામાં રિયા સામે ફરી પ્રસ્તાવ મૂકવાની હિંમત છે ?

અંતે, સ્ટીવે પોતાનું પ્રવચન પૂરું કર્યું.

'ભૂખ્યા રહો, મૂરખ રહો. મેં મારા માટે એ જ ઇચ્છ્યું છે. આજે તમે ગ્રેજ્યુએટ થઈ રહ્યા છો ત્યારે તમારા માટે પણ હું એ જ ઇચ્છીશ.'

વિડિયોમાં દેખાઈ રહેલા લોકોએ તાળીઓ પાડી. હું પણ એમાં જોડાઈ ગયો. સાયબર કાફેનો માલિક આ સનકી ગ્રાહકને જોઈ રહ્યો જે યુ ટ્યૂબનો વિડિયો જોઈને તાળી પાડતો હોય.

'હું આ ફરી જોઈ શકું ?' મેં પૂછ્યું.

'હા, ચોક્કસ, હું મારા મેઈલ બીજા કોમ્પ્યુટર પર જોઈ લઈશ.'

મેં એની એ સ્પીચ વધુ ત્રણ વાર જોઈ. કેટલાંય વાક્યો પ્રેક્ટિસરૂપે હું ઘણીવાર બોલ્યો. આખરે કલાક પછી હું ઊભો થયો.

મેં રિયાને બાજુના ચોખંડામાં બેઠેલી જોઈ. એનો મેઈલ ખુલ્લો હતો અને એ ગંભીર દેખાતી હતી.

'આપણે લંચ માટે જઈશું ?' મેં પૂછ્યું. મને લાગતું હતું કે ભૂખ્યા રહેવું બધા માટે એટલું સરળ નથી હોતું.

મેં એના કોમ્પ્યુટરના મોનિટર તરફ જોયું. એણે જે મેઈલ કર્યો હતો એના વિષયમાં લખેલું હું વાંચી શક્યો. એમાં લખ્યું હતું 'ડેડ.'

એણે 'સેન્ડ' બટન દબાવ્યું. કમ્પ્યુટર સ્ક્રીન હવે અદૃશ્ય થઈ ગયો. એણે લોગ આઉટ કર્યું અને ઊભી થઈ ગઈ.

હવેલી સુધી અમે ચૂપચાપ ચાલતાં રહ્યાં.





સાવિત્રીતાઈએ અમને રોટલી, દાળ અને શાક પીરસ્યાં.

'લિટ્ટી-ચોખા ડિનરમાં ખાઈશું, ત્યાં સુધીમાં મા આવી જશે.' મેં કહ્યું.

'વાત તો મજાની છે', રિયાએ કહ્યું ખરું પણ એના ચહેરા પર મજા આવી હોય એવું દેખાયું નહીં.

'બધું બરાબર છે ને ?' મેં પૂછ્યું.

'હમણાં હમણાંથી ડેડની તબિયત ઠીક નથી.'

હું ચોક્કસ એના માટે મહત્ત્વની વ્યક્તિ છું. આ પહેલીવાર એણે પોતાની કોઈ અંગત વાત મને કહી હતી .

'શું થયું છે ?'

'ડેડ હાર્ટ પેશન્ટ છે. હમણાં જે બાયપાસ સર્જરી કરાવી એ બરાબર થઈ નથી એમ લાગે છે.'

'તારે દિલ્હી જવું પડશે ?'

'કદાચ, મને ખબર નથી. એ લોકો મારાથી ઘણી વાતો છૂપાવતાં હોય છે.' એ બોલી. મને લાગે છે કે એકબીજાથી વાતો છુપાવવી એ સોમાણી ખાનદાનની પરંપરા હશે.

એ પોતાની જમવાની થાળી તરફ જોઈ રહી હતી અને ચમચીથી એકધારી દાળ હલાવી રહી હતી. કદાચ સ્ટીવ જોબ્સના જોયેલા ભાષણને કારણે મારામાં હિંમત આવી. હું ઊભો થયો, એની પાસે ગયો અને એના ખભા પર હાથ મૂક્યો.

એ ઊભી થઈ અને મને જોરથી તો નહીં પણ હળવું આલિંગન આપ્યું.

'મને ખાતરી છે એ ઠીક થઈ જશે. દિલ્હીના શ્રેષ્ઠ ડૉક્ટર્સ એમની સારવારમાં હશે', મેં કહ્યું.

એણે ડોકું હલાવ્યું અને પાછી બેઠી.

'સૉરી', એ બોલી, 'મેં કારણ વગર ચિંતા કરાવી નાખી.'

ચિંતા કરાવવાની વાત જ નથી, રિયા. કોઈ વાર તમે મજામાં ન પણ હો. એ વિશે વાત પણ થઈ શકે.'

'ના, ન થઈ શકે', એ ધીરેથી બોલી, જાણે મને નહીં, પોતાની જાતને કહેતી હોય.

અમે જમવાનું પૂરું કર્યું. એણે પ્લેટ્સ ભેગી કરી.

'રસોડું કઈ તરફ છે ?' એણે પૂછ્યું.

મેં રસોડા તરફ આંગળી કરી. એ જાણે મારા ઘરમાં જ રહેતી હોય એવી કલ્પના કરવાનો મેં પ્રયત્ન કર્યો. જો કે, એ ક્યારેય ડુમરાઉમાં રહી જ શકે નહીં. મારી જર્જરિત હવેલી ક્યારેય ૧૦૦, ઔરંગઝેબ રોડ જેવી બની શકે જ નહીં.

હું રસોડામાં ગયો અને મેં એને વાસણ ઘસતાં જોઈ.

'આ શું કરે છે ?' આશ્ચર્યથી મેં પૂછ્યું.

'રિલેક્સ, આ તો હું પટનામાં ય કરું છું' એ બોલી.

'મારી માએ આ જોવું જોઈએ.'

'કેમ ?' એણે પૂછ્યું.

'કંઈ નહીં.'

*

'એ અહીં છે ?' માએ પૂછ્યું.

'હા', મેં કહ્યું.

મા સ્કૂલેથી આવી હતી અને હું એને બહાર જ સામો મળ્યો હતો. મેં એના હાથમાં રહેલી નોટબુકની થેલી લઈ લીધી. અમે ઘરમાં આવ્યાં.

'એ ક્યાં છે ?'

'ગેસ્ટરૂમમાં છે.'

'આજકાલની છોકરીઓય વિચિત્ર હોય છે. છોકરાઓના ઘેર રહેવા પહોંચી જાય છે !'

'મા, તું શું બોલે છે ? એ કૉલેજની દોસ્ત છે. મેં જ એને અહીં આવવા આમંત્રણ આપ્યું છે.'

'એનાં માબાપને ખબર છે ?'

'મને ખબર નથી.'

માએ ડોકું ધુણાવ્યું.

મા, સારી રીતે વર્તજે', મેં કહ્યું.

'તને એ ગમે છે ?'

'આ કેવો સવાલ છે ? તમને ન ગમતા લોકોને તમે ઘરે આવવાનું આમંત્રણ આપો ?'

'સીધો જવાબ આપ.'

'મારે નાહવા જવું છે.'

*

બાથરૂમના નળમાં મને આખી ડોલ ભરતાં અને નાહતાં પિસ્તાલીસ મિનિટ થઈ. મેં ચડ્ડો ટીશર્ટ પહેર્યાં અને દીવાનખંડમાં આવ્યો. રિયા અને મા ત્યાં જ બેઠાં હતાં.

'તમે લોકોએ મળી લીધું ?' મેં પૂછ્યું.

'હાય' , રિયા બોલી, 'હું આન્ટી સાથે વાતો કરતી હતી.'

'તું એની સાથે બાસ્કેટબોલ રમતો હતો ?' માના પ્રશ્નમાં છેતરાયાની લાગણી ચોખ્ખી

સંભળાઈ રહી હતી.

'ક્યારેક.'

માએ જવાબ ન આપ્યો. મને અપરાધભાવ પીડવા લાગ્યો. મારે લાંબો જવાબ આપવો જોઈતો હતો.

'એ છોકરીઓની ટીમમાં હતી', મેં કહ્યું.

'તેં કોઈ દિવસ એની વાત નથી કરી. આમ તો તું બાસ્કેટબોલ વિષે ઘણી વાતો કરતો હોય છે.' મા બોલી.

'મેં નથી કહ્યું ?' આશ્ચર્ય પામવાનો દેખાવ કરતાં મેં પૂછ્યું.

'ના', મા બોલી.

'અમે લોકો કૉલેજના ફર્સ્ટ યરમાં જ સાથે રમ્યાં હતાં', મેં કહ્યું.

'કેમ ?' માએ પૂછ્યું.

હું વિચારવા માટે અટક્યો. પછી બોલ્યો, 'અમારાં ગ્રુપ બદલાઈ ગયાં હતાં.'

રિયા અને હું એકમેકની સામે જોઈ રહ્યાં હતાં. એટલામાં સાવિત્રીતાઈ બધાં માટે લીંબુપાણી લઈને આવ્યાં.

મારી મા રિયા તરફ ફરી.

'કેટલા વખત પહેલાં તારાં લગ્ન થયાં ?' હું ત્યાં જ ઊભો રહી ગયો. મારું મોં ખુલ્લું રહી ગયું. માને કઈ રીતે ખબર પડી ? રિયાને મને લાગેલા આઘાતનો કદાચ ખ્યાલ આવી ગયો.

'અમે તારા આવ્યા પહેલાં વાત જ કરતાં હતાં.' એણે કહ્યું.

ડિવોર્સ વિષે ? મેં વિચાર્યું. આ વિષે એણે મારી સાથે ક્યારેય વાત નહોતી કરી. 'લગભગ દોઢ વર્ષ', રિયા બોલી.

'બાળકો છે ?' માએ પૂછ્યું.

આ શું ચાલી રહ્યું છે ? મા શું બોલી રહી છે ?

રિયાએ માથું ધુણાવ્યું.

'આટલાં વહેલાં લગ્ન કર્યાં શું કરવા ?' માએ પૂછ્યું. સ્વાભાવિક રીતે જ માને મનમાં જરાય ખચકાટ નહોતો કે શું પૂછવું અને શું ન પૂછવું. જોકે આ એ જ પ્રશ્ન હતો જે મારે રિયાને પૂછવો હતો.

મારા આશ્ચર્ય વચ્ચે જવાબ આપવા માટે રિયાના મનમાં ય જરાય ખચકાટ નહોતો.

'હું મૂરખ હતી. એ લોકો ફેમિલી ફ્રેન્ડ્સ હતા. બધાને એવું લાગતું હતું કે આ સારો વિચાર છે. પણ મને એમ જ લાગે છે કે મેં લગ્ન એટલા માટે કરેલાં કેમ કે હું મૂરખ હતી.'

'તારાં માતા-પિતા ક્યાં રહે છે ?'

'દિલ્હી.'

'તું પંજાબી છે ?' દરેક ભારતીય જેમ કોઈની પણ જ્ઞાતિ જાણવાનો આગ્રહ રાખે છે એમ જ મારી માએ પૂછ્યું.

'મારવાડી. રિયા સોમાણી.'

'ઓહ, માએ કહ્યું. 'તારા ઘરવાળાઓ તને બિહાર આવીને કામ કરવા દે છે ?'

'એ લોકો કરવા નથી દેતાં, મારે કરવું છે. મારા નિર્ણય હું જાતે કરી શકું છું.' રિયા બોલી. સ્ત્રીસશક્તિકરણનાં નાનાં નાનાં શીંગડાં એને ઊગવા માંડ્યાં હતાં.

'તું કરી શકે છે એમ ?' મારી માએ પૂછ્યું. એમાં રહેલો કટાક્ષ હું પારખી શક્યો, રિયા પણ પામી ગઈ.

'એટલે, એવા નિર્ણયો દર વખતે સાચા ન પણ હોય, પણ તોય મને ખુદ મારા નિર્ણયો લેવા ગમે છે.' એ બોલી.

'એ લોકોનો દિલ્હીમાં બહુ મોટો બિઝનેસ છે, મા' મેં કહ્યું, 'ઇન્ફ્રાસ્ટ્રક્ચર.'

'મારવાડીઓ તો શ્રીમંત કોમ છે', મા બોલી, 'તું કેમ કામ કરે છે ?'

'મારે સ્વતંત્ર થવું છે, પોતાના પગ પર ઊભા રહેવું છે.' રિયાએ કહ્યું.

મને લાગ્યું કે આખીય વાતચીત મેં ધાર્યું હતું એનાથી જુદી દિશામાં જઈ રહી છે.

'રિયાને લિટ્ટી-ચોખા બહુ ભાવે છે. સાચું કહું તો એ ખાવા જ મેં એને આમંત્રી છે.' હું બોલ્યો.

મારી માની તીરછી ભ્રમર એને ભાવતી વાનગીનું નામ સાંભળતાવેંત સામાન્ય થઈ ગઈ.

'સાચે ?' માએ પૂછ્યું, 'તે ક્યારે ખાધાં ?

'અહીં બિહારમાં જ. માધવ મને કાયમ મૌર્ય કોમ્પ્લેક્સમાં લિટ્ટી ચોખા ખાવા લઈ જાય છે.'

'કાયમ ?' એક ભ્રમર ઊંચી કરીને માએ પૂછ્યું.

'એટલે, કોઈ કોઈ વાર.' મારા અવાજમાં ફરી પેલો અપરાધભાવ આવી ગયો હતો. 'બે કે ત્રણ વાર. ક્લાસીસમાં જ હું એટલો વ્યસ્ત રહું છું કે મને સમય જ નથી મળતો.'

માએ લીંબુપાણીનો મોટો ઘુંટ ભર્યો.

'મને એમ કે તું ત્યાં ભણવા જાય છે.' માએ પૂછ્યું, 'તારી સ્પીચ તૈયાર થઈ ગઈ ?'

'ચાલે છે તૈયારી, રિયા મદદ કરે છે.'

'એમ !' માએ પૂછ્યું. મને થયું કે મેં માને રિયા વિષે થોડીઘણી વાત કરી હોત તો સારું થાત, પણ મારામાં હિંમત જ નહોતી. હવે આ વાતનો અંત લાવવા માટે એક જ રસ્તો હતો, વાતનો વિષય બદલી નાખવો.

'હું સાવિત્રીતાઈને ટેબલ તૈયાર કરવા કહું ? મેં પૂછ્યું.

'હું એ કરી શકીશ', રિયાએ કહ્યું.

માએ એની તરફ જોયું.

'જો તમને ઠીક લાગે તો, આમ તો રસોડા વિશે પણ મને ખબર છે. હું સાવિત્રીતાઈને મદદ પણ કરી શકું.'

માએ જવાબ ન આપ્યો. રિયા એને સંમતિ સમજીને રસોડામાં ચાલી ગઈ. 'હવે મને ખબર પડી તું પટના કેમ જાય છે ?' મા બોલી.

'તું વિચારે છે એવું કશું જ નથી. મા. રિયા માત્ર મિત્ર છે. કૉલેજની જૂની દોસ્ત', હું

બોલ્યો.

'એનાં લગ્નય થઈ ગયાં અને છૂટાછેડાય થઈ ગયા. એવું કઈ રીતે બન્યું ?'

'એનું આશ્ચર્ય તો મને પણ થાય છે. જો કે પટનામાં હું એને અચાનક જ મળી ગયો હતો.'

'અને એ તારી સાથે ને સાથે ચોંટેલી રહેવા લાગી હશે, કેમ ?' મા બોલી.

'જરાય નહીં, આખોય વખત હું કંઈ ઇંગ્લિશ ન ભણી શકું. મા, મનેય ત્યાં મિત્રોની જરૂર પડે. વળી એ મને પ્રેક્ટિસ કરવામાં મદદ કરે છે. એનું ઇંગ્લિશ બહુ સરસ છે. એ ઉચ્ચ વર્ગની છોકરી છે.'

'એ વર્ગ હું જોઈ શકું છું', મા બોલી.

'મને એના છૂટાછેડા વિષે કંઈ ખબર નથી. એના ડેડ માંદા છે. મહેરબાની કરીને એની સાથે સારી રીતે વર્તજે, મા.'

'હું સારી રીતે જ વર્તું છું. એ મારા ઘરમાં રહેવા આવી છે. હવે તું મારી પાસે શું કરાવવા ઇચ્છે છે ?'

મેં માત્ર આંખો ઘુમાવી.

'એ આટલું ચુસ્ત પેન્ટ કેમ પહેરે છે ?' થોડી વાર પછી માએ પૂછ્યું.

'મને કંઈ ખબર નથી, મા', હું મોટેથી બોલ્યો. 'એનાં લગ્ન શું કામ થયાં, એણે છૂટાછેડા કેમ લીધા કે એ ચુસ્ત પેન્ટ કેમ પહેરે છે એવી કંઈ મને ખબર નથી. તું હવે વાત પડતી મૂકીશ ?'

'તું એના માટે થઈને તારી મા પર બૂમો પાડે છે ?'

'હું બૂમો નથી પાડતો', હું બોલ્યો. જો કે એને બીજું શું કહી શકાય એ પ્રશ્ન તો હતો જ. મા બાજુ પર જોઈ ગઈ.

મને તરત ખ્યાલ આવ્યો કે અમે શાંતિથી જમી શકીએ એ માટે એના સહકારની સૌથી વધુ જરૂર હતી.

'સૉરી', મેં કહ્યું.

માએ નાક નસીક્યું.

ડાઇનિંગ ટેબલ તરફ પ્લેટ્સ લઈને આવતી રિયાએ મારી સામે સ્મિત વેર્યું. જવાબમાં મેં પણ સ્મિત આપ્યું.

'મેં સૉરી કહ્યું તો ખરું, મા' રિયા રસોડામાં ચાલી ગઈ પછી મેં માને કહ્યું. માએ મારી તરફ જોયું.

'મેં જીવનમાં ઘણી તકલીફો જોઈ છે. તું એમાં વધારો નહીં કરતો.' એ બોલી.

'હું નથી કરતો', હું બોલ્યો, 'અરે, તેં સ્ટીવ જોબ્સનું નામ સાંભળ્યું છે ?'

મેં એને જોયેલા વિડીયોની વાત કહી. એનાથી મને કેવી રીતે ફાયદો થઈ રહ્યો છે અને રિયાએ કેવી ટેક્નિક્સ શીખવાડી છે એ પણ કહ્યું.

'મારે ઇંગ્લિશમાં જ વિચારવું પડે છે મા, ઉચ્ચવર્ગના લોકોની જેમ. એ લોકોનું ઇંગ્લિશ કેવું જુદું પડે છે નહીં ?'

'આપણે કંઈ એવા મધ્યમ વર્ગનાં નથી હં', મા બોલી.

'જમવાનું તૈયાર છે' ડાઇનિંગ રૂમમાં આવીને તાળીઓ વગાડીને રિયાએ જાહેર કર્યું.

પ્રમાણમાં અમે શાંતિથી જમ્યાં. એવા કોઈ ખાસ ઉત્તર-પ્રત્યુત્તર કે કટાક્ષવાળી વાતો થઈ નહીં. જ્યારે બે સ્ત્રીઓ એકસરખા માનસિક સ્તર પર ન હોય ત્યારે શાંતિથી ગાળેલો એ કલાક મારા માટે ચમત્કાર જ હતો.

'મેં બહુ ખાઈ લીધું', રિયા બોલી અને પોતાના પેટ પર હાથ મૂક્યો. 'અત્યાર સુધી મેં ખાધેલા ખાણામાંથી સર્વશ્રેષ્ઠ ખાણું હતું આ.'

'અમે આવું રોજ જ ખાઈએ છીએ.' મા બોલી અને ઊભી થઈને ચાલી ગઈ.



૨૮

'મારે એક કબૂલાત કરવાની છે.' રિયા બોલી. દિલ્હીના રાતના આકાશથી કંઈ કેટલાય વધુ તારામઢ્યા આકાશ નીચે હવેલીની છત પર વાંસના ખાટલામાં અમે બેઠાં હતાં. 'તે બિહાર વિષે અને એની સરળતા - સાદગી વિષે કૉલેજમાં મને જે કહ્યું હતું એનો સંબંધ મારા નોકરી સ્વીકારવા સાથે છે.'

'સાચે ?' મેં પૂછ્યું, 'અને તને આશા હતી કે હું તને ભટકાઈ જઈશ ?'

'હા, સાચું', એ હસી પડી, એટલે મને ખ્યાલ ન આવ્યો કે સાચું કહેતી હતી કે કટાક્ષમાં બોલી હતી.

'મારી માની ચિંતા ન કરીશ', મેં કહ્યું.

'હું નથી કરતી. મારે શા માટે કરવી જોઈએ ?' એ બોલી અને મારી સામે હસી, 'મને લાગે છે કે બધી માઓ સરખી જ હોય છે.'

'એટલે ?'

'એટલે કંઈ નહીં. એ રાણીસાહેબા છે. ખરા અર્થમાં આ મહેલનાં રાણી છે એ. એમને જે કહેવું હોય એ કહેવાની છૂટ છે.'

'એ દિલથી ખરેખર સારી છે.' મેં કહ્યું.

'હું જાણું છું. એમણે મારા વિષે કંઈ કહ્યું જ્યારે હું રસોડામાં ગઈ ત્યારે ?'

'ના, કંઈ નહીં, કેમ ?'

'મારાં કપડાં, મારા છૂટાછેડા, કંઈ પણ ?'

'ખાસ કંઈ નહીં', હું બોલ્યો, મારું ધ્યાન વાતમાં ઓછું હતું અને સ્વાભાવિકતાથી એનો હાથ કઈ રીતે પકડી લેવો એમાં વધારે હતું. મેં જ્યારે હિંમત કરી ત્યારે મારો હાથ આગળ વધાર્યો અને અચાનક એનો હાથ પકડી લીધો. એ સાચે જ કોમળ ચાલ નહોતી.

'સંભાળીને', એ બોલી.

'શું ?'

'મારું ડાબું કાંડું, એ જરાક નાજુક છે.'

'કઈ રીતે ?'

'પહેલાં વાગ્યું હતું.'

'બાસ્કેટ બોલ ?'

એણે થોડા ખચકાટ સાથે હા-ના જેમ ડોકું ધુણાવ્યું. મેં એનો ડાબો હાથ છોડી દીધો અને

જમણો હાથ પકડી લીધો.

'મા નીચે જ છે', એ બોલી.

મને એના શબ્દોએ ખાસું પ્રોત્સાહન પૂરું પાડ્યું. એણે મેં હાથ પકડીને કંઇ ખોટું કર્યું છે એવું કંઈ ન કહ્યું, એને બદલે એણે માનો ઉલ્લેખ કર્યો.

'એ સૂઈ ગઈ છે', મેં કહ્યું.

મેં એના હાથમી આંગળીઓમાં મારી આંગળીઓથી અંકોડા ભરાવ્યા. એણે વિરોધ ન કર્યો.

મેં મારો ચહેરો એની તરફ ફેરવ્યો. એણે પોતાનો હાથ છોડાવી લીધો અને થોડી દૂર જઈને બેઠી.

'અરે, તારે તારી સ્પીચનું રિહર્સલ કરવું છે ? આ એના માટે સારી જગ્યા છે', એણે કહ્યું. છોકરીઓની આ ખાસિયત હોય છે, સિફતથી અને સાહજિકતાથી એ લોકો પરિસ્થિતિ અને વાતનો વિષય બદલી નાખે છે.

'અત્યારે નહીં, હું થાકી ગયો છું', મેં કહ્યું.

'તો આપણે નીચે જઈએ ?' રિયાએ નિર્દોષતાથી પૂછ્યું.

મેં એની આંખોમાં જોયું. એ નજર રિયા સમજી ગઈ. વર્ષો પહેલાં કૉલેજમાં આ નજરનો રિયા અને મેં અનુભવ કર્યો હતો.

હું આગળ નમ્યો. મારા હોઠ એના હોઠથી થોડા દૂર હતા.

'ના માધવ, નહીં' એણે કહ્યું અને કોમળતાથી એનો હાથ મારી છાતી પર મૂક્યો. એણે મને ધક્કો ન માર્યો. એની આંગળીઓ બરાબર મારા હૃદય પર હતી, હું થોડું પાછળ ગયો.

'કેમ નહીં ?' મેં પૂછ્યું.

'આપણે નક્કી કર્યું છે કે આપણે ફક્ત દોસ્ત રહીશું, વધુ કંઈ નહીં.'

'પણ કેમ નહીં ?'

'મને એક જ સવાલ બે વાર નહીં પૂછ.'

'હું પ્રયત્ન તો બીજી વાર કરી શકું ને ?'

હું ફરી આગળ નમ્યો, આ વખતે એણે મને ધક્કો માર્યો.

'આમ નહીં કર, પ્લીઝ.'

એની આંખો ભીની હતી. હું પાછો હટી ગયો.

'આપણે વાતો કરી શકીએ ?' મેં કહ્યું. હારી જનારા છોકરાઓએ છોકરીઓની વાતોથી જ સંતોષ માનવો પડે, એમના નસીબમાં ચુંબન નથી હોતાં.

'આપણે વાતો તો કરીએ છીએ.'

'તને તારા ડેડની ચિંતા છે ?'

'બીજી બધી વાતોની સાથે એની પણ ચિંતા છે.'

'અને બીજી બધી વાતો તો તું મને કહીશ નહીં, હેં ને ?'

'માધવ, તું સારો છોકરો છે, અદ્દભુત છોકરો છે, ઓ કે ?'

‘હા, તું કહેતી હોય તો હોઈશ.’ મેં કહ્યું.

‘પણ...’

‘હમેશાં પણ તો હોય જ છે.’

‘આપણે આ બધું ન કરીએ તો ?’

‘અત્યારે નહીં’, હું સંમત થઈ ગયો, ‘પણ પછી ક્યારેક ?’

‘માધવ’, એ બોલી. ‘હું તને કોઈ આશાઓ આપવા નથી માગતી, એટલે ‘પછી ક્યારેક’ પણ નહીં.’

‘કેમ ? મેં કૉલેજમાં જે કંઈ કર્યું એટલા માટે ?’

‘તું ગાંડો છે ? તું એમ માને છે કે વર્ષો પહેલાં થયેલી વાતને હું પકડીને બેસી રહું ?’

‘તો વાત શું છે ? હું તારા માટે યોગ્ય નથી ?’, મેં પૂછ્યું.

એ મારી સામે જોઈને હસી.

‘શું ?’

‘હમણાં તો મેં કહ્યું કે તું અદ્ભુત માણસ છે.’

‘ગિવ અસ એ શોટ, રિયા’ મેં ઇંગ્લિશ ઝાડ્યું.

‘શોટ ? વાઉં. ઇંગ્લિશ સ્લેંગ પણ આવડી ગઈ તને.’

‘તક, મોકો, જે પણ હોય....ઓ કે, ફ્રેન્ડ્ઝ, બરાબર ?’

મને ખ્યાલ આવી ગયો કે મેં એ ક્ષણને ગુમાવી દીધી હતી. એને ચુંબન કરવાના નિષ્ફળ પ્રયત્નને અહીં જ છોડી દેવાનો હતો, એનું ચર્ચામાં રૂપાંતર કરવાનો અર્થ નહોતો.

અમે થોડી ક્ષણો માટે ચૂપચાપ બેસી રહ્યાં.

‘મારા ડેડ મૃત્યુ પામી રહ્યા છે’, એ બોલી. ‘મને ખબર જ નથી પડતી કે મને કેવી લાગણી થવી જોઈએ.’

‘એ તારા પિતા છે.’

‘હં, હું આશા રાખું કે એ ઠીક થઈ જાય.’

‘હું તારા વિના નહીં રહી શકું, રિયા’, હું બોલ્યો, અથવા કહો કે મારાથી બોલાઈ જવાયુ.

એ મારી તરફ ફરી.

‘ફરીવાર નહીં.’

‘સૉરી’, હું બોલ્યો.

હું બીજી તરફ જોઈ રહ્યો. છોકરીઓને ખબર જ નથી પડતી કે જ્યારે અમારા પ્રેમને નકારવામાં આવે ત્યારે અમને કેટલી પીડા થતી હોય છે ? છતાં પુરુષોએ દરેક વખતે પ્રયત્ન જ કરતા રહેવો પડે છે.

એણે મારો હાથ પકડ્યો. મેં પાછો ખેંચી લીધો. મરદની જેમ વર્તવું જોઈએ એમ બધા કહેતા હોય છે, પણ એવી રીતે વર્તવામાં ક્યારેક મુશ્કેલીઓય થઈ જાય છે.

‘બસ, હવે રિસાવાનું છોડો, રાજકુમાર.’ એ બોલી.

'એક કિસ', મેં કહ્યું.

'શું ?'

'માત્ર એક કિસ, બસ, એની પછી હું વચન આપું છું કે આપણે દોસ્તો બનીને રહીશું. માત્ર દોસ્ત.'

'એ કઈ રીતે ?'

'મને ખબર નથી પણ આ એક કિસ હું મારા મનમાંથી બહાર કાઢી શકતો જ નથી. મને એવી ખાતરીની જરૂર છે કે હું તારા માટે કંઈક ખાસ છું. હું તારી સ્થિતિ સમજું છું - છૂટાછેડા, ડેડની તબિયત, તારી નોકરી - મને તારી પાસેથી કોઈ અપેક્ષા નથી. તું જેમ અને જેવી છે એ જ રહેજે. હું તારો દોસ્ત રહીશ અને તને પણ એ જ રીતે મૂલવીશ. પણ, માત્ર એક કિસ.'

એણે તાળીઓ પાડી.

'શું થયું ?'

'તું બધેબધું ઇંગ્લિશમાં બોલ્યો, માધવ. ઓહ માય ગૉડ.'

એક ક્ષણ માટે હું કિસની વાત ભૂલી ગયો અને મેં મેળવેલી સિદ્ધિ વિશે વિચારવા માંડ્યો.

'હું ખરેખર બોલ્યો', આશ્ચર્યથી મેં કહ્યું.

'અદ્ભુત', એ બોલી.

હું વાસ્તવિકતામાં પાછો ફર્યો.

'તો, એક કિસ...'

'પણ...'

'શ...' મેં કહ્યું અને મારો હાથ એના મોં પર મૂક્યો. હું આગળ આવ્યો. મારા હોઠ એના હોઠ પર રહેલી મારી આંગળીઓને અડ્યા. એની આંખની પાંપણો આશ્ચર્યથી ઝપકી.

મેં મારી આંગળીઓ લઈ લીધી. મારા હોઠ એના હોઠને અડ્યા. બરાબર ત્રણ વર્ષ, ચાર મહિના અને ૧૧ દિવસ પહેલાં મેં એને ચુંબન કર્યું હતું. એણે પોતાની સમતુલા જાળવવા માટે એના હાથ મારી ફરતે વીંટાળ્યા. પહેલાં તો ચુંબન હળવું હતું પણ પછી એની તીવ્રતા વધી. દેડકાઓ ડ્રાઉં ડ્રાઉં કરી ઊઠ્યા, તમરાંઓ તીણા અવાજમાં કોલાહલ કરી રહ્યા અને ઠંડો પવન વાઈ રહ્યો કેમ કે ડુમરાઉંની રાતનું આકાશ વિશ્વના નહીં તો બિહારના શ્રેષ્ઠ ચુંબનનું સાક્ષી બન્યું હતું.

એણે પોતાનું માથું મારા ખભા પર ઢાળી દીધું. ચુંબન કરતાંય એ માત્ર આલિંગનમાં જકડાઈ રહેવા માગતી હતી એમ મને લાગ્યું. કદાચ કેટલાય વખતથી એને આ રીતે આલિંગન નહીં મળ્યું હોય.

મેં એને કસીને પકડી અને ચુંબનો કરતો રહ્યો. ચહેરા પર, ડોક પર, હોઠ પર...એકાદ ક્ષણ પછી કે કદાચ એકાદ કલાક પછી, એ હલી.

'બાસ્સું લાબું ચાલ્યું આ', એ બોલી.

'તોય કહેવાય તો એક જ કિસ. કેવી હતી ?' મેં પૂછ્યું.

'માધવ.'

'શું ?'

'તેં કહ્યું કે ચુંબન. હવે એક ચુંબનથી જાણે પૂરું ન થયું હોય એમ ઊંડાણપૂર્વક ચર્ચા- ચુંબનની ગુણવત્તા વિષે અથવા એના અર્થ વિષે અથવા એ આપણે ફરી કરી શકીએ કે નહીં ? - મેં ફક્ત તને ચુંબન એટલા માટે કરવા દીધું કે તને એમ થાય તું મારા માટે કંઈક ખાસ છું, બસ. પણ, મહેરબાની કરીને આનો ફરી ઉલ્લેખ પણ કરતો નહીં કે એના વિષે ચર્ચા પણ કરતો નહીં.'

હું એની સામે આઘાતથી જોઈ રહ્યો. પ્રાથમિક સમીક્ષા વગર તમે આ રાજ્યના, કદાચ વિશ્વના શ્રેષ્ઠતમ ચુંબનને કઈ રીતે બાજુ પર ધકેલી દઈ શકો ? છતાં મેં કહ્યું 'સારું.'

'ઊભો થા.' એ બોલી. એ પલાંઠી વાળીને ખાટલા પર બેઠી. હું એની તરફ ફરીને બેઠો પણ થોડે દૂર જેથી એને હું ફરી એની તરફ આક્રમણ કરીશ એવો ડર ન રહે.

એ મારી સામે જોઈને હસી.

'શું થયું ?'

'એ સારું હતું', એ બોલી.

'શું સારું હતું ?

'આપણે હમણાં જે કર્યું એ.'

'આપણે પલાંઠી વાળીને બેઠાં છીએ, એ સારું છે ?' મેં પૂછ્યું.

'હા', એ બોલી અને હસી પડી. 'આપણે જે રીતે બેઠાં છીએ એ કેટલું અદ્ભુત છે. અને વાઉ, તું તો સુંદર રીતે બેસે છે.'

'આપણે આ રીતે પહેલાં બેઠાં છીએ.'

'એ જુદી વાત હતી. મને લાગે છે સમજદારી અને ઠાવકાઈને કારણે પુરુષ વધુ સારી રીતે...' એ બોલી, 'અં....બેસી શકે છે.'

અમે હસી પડ્યાં. મારે એનો સ્પર્શ કરવો હતો, પણ એવું મેં ન કર્યું, મને વિશ્વાસ જ નહોતો પડતો કે અમે ફરી કિસ કરી હતી. અમે અમારા કૉલેજના જૂના મિત્રો સાથે વાત કરી, મોટાભાગના લોકો સાથે સંપર્ક નહોતો રહ્યો, છતાં હતી એટલી માહિતી અમે એકબીજાને આપવાનો પ્રયત્ન કર્યો.

વીસ મિનિટ પછી એને ઉધરસ આવી. એક વાર, બે વાર અને પછી પાંચ વાર.

'તું ઠીક તો છે ને ?'

'હા, અહીં થોડી ઠંડી છે', એ બોલી અને ફરી એને ઉધરસ આવી.

'હું પાણી લઈ આવું.'

હું નીચે મારા રૂમમાં ગયો. પાણીની બોટલ લઈને જ્યારે હું ઉપર આવ્યો ત્યારે ખાટલા પર રિયા આડી પડી હતી અને એનો જમણો હાથ એના કપાળ પર હતો.

'તારી તબિયત બરાબર નથી, રિયા', મેં કહ્યું. એણે ફરી ઉધરસ ખાધી, બેઠી થઈ અને થોડું પાણી પીધું.

મેં એના કપાળને સ્પર્શ કર્યો.

'તને તાવ તો નથી, રિયા' મેં કહ્યું.

'મને લાગે છે હું થાકી ગઈ છું.'

'મેં તને બહુ થકવી નાખી નહીં ?' મને હવે રહી રહીને એને ચુંબન કરવા માટે અપરાધભાવ અનુભવાતો હતો.

'ના ના, મારે હવે આરામ કરવો જોઈએ.'

એને ફરી ઉધરસનો હુમલો આવ્યો અને આ વખતે તો વધુ તીવ્રતાથી

મેં એને ઊભા થવામાં મદદ કરી અને ગેસ્ટરૂમ સુધી લઈ ગયો.

'તું ઠીક તો છે ને ? તારે અહીં કોઈની જરૂર છે ?' મેં પૂછ્યું.

'પ્રયત્ન સારો છે, પણ હું ઠીક છું' એણે કહ્યું.

'મારો એ મતલબ નહોતો. હું માને ઉઠાડું.' મેં કહ્યું.

'ના ના, મારે સારી ઊંઘની જરૂર છે, બસ એટલું જ. આપણે કાલે સ્કૂલે જવાનાં છીએ ને ?'

'જો તને ઠીક હોય તો.'

'હું ઠીક થઈ જઈશ, ગુડનાઇટ, માધવ,' એ બોલી.


'ગુડનાઇટ, રિયા' મેં કહ્યું પણ મારે જવું નહોતું.

'મારી સંભાળ લેવા બદલ થેંક્સ' એનો ઊંઘરેટો અવાજ આવ્યો.

એણે બારણું બંધ કર્યું. હું મારા કમરામાં આવ્યો. પથારીમાં પડીને મેં મારા હોઠને સ્પર્શ કર્યો. તારાઓની નીચે કરેલા એ ચુંબનને હું વાગોળતો રહ્યો.

'આઈ લવ યુ, રિયા સોમાણી', નીંદરમાં સરી પડતાં પહેલાં હું બબડી ઊઠ્યો.





‘તો આ છે એ પ્રખ્યાત ડુમરાઉં રોયલ સ્કૂલ.’ સ્કૂલની આસપાસ મધમાખીઓની જેમ મંડરાતાં કંઈ કેટલાંય બાળકોને જોઈને એ બોલી ઊઠી.

‘આમાં રોયલ જેવું કંઈ નથી’, મેં કહ્યું.

‘અં...મેં સાંભળ્યું છે કે કોઈ રાજકુમાર આ સ્કૂલ ચલાવે છે.’ એ બોલી.

એ મારી સામે જોઈને હસી. મેં એની સામે જોયું. એ નજરમાં એ સાફ વાંચી શકી કે ગઈકાલે રાતે વચ્ચે શું થયું હતું. જોકે કંઈ ખાસ નહોતું થયું, પણ તો ય ચુંબન એટલે ચુંબન.

‘આપણે નક્કી કરેલું કે એ વિષે વાત નહીં કરીએ’, એ બોલી.

‘અરે, પણ હું તો કંઈ બોલ્યો જ નથી.’

‘તો પછી તારી આંખોને શાંત રહેવાનું કહે, એ બહુ બોલબોલ કરે છે.’

હું હસી પડ્યો. ‘તારી ઉધરસ કેમ છે હવે ?’

‘ઠીક છે’, એ બોલી.

અમે ૯ વાગે સ્કૂલે પહોંચ્યાં હતાં, માના પહોંચ્યા પછી બે કલાકે. રિયા ઊંઘતી હતી અને એને સ્કૂલનો રસ્તો ખબર નહોતો એટલે હું રિયા માટે રોકાયો હતો. એણે સ્કર્ટ અને ટોપ પહેર્યાં હતાં પણ પછી મેં એને સલવાર કમીઝ પહેરવાનું સૂચન કર્યું હતું. બાળકોને એનાથી કોઈ ફરક નહોતો પડવાનો પણ આચાર્ય કે પછી રાણીસાહેબાને ચોક્કસ પડવાનો હતો. એમણે પહેરવેશને મંજૂર કરવાનો હતો. રિયાએ ચિકનના વ્હાઇટ સલવાર કમીઝ પહેરી લીધાં હતાં.

અમે સ્ટાફરૂમમાં પ્રવેશ્યાં.

‘આખરે તમે આવ્યાં ખરાં, આવો.’ માએ કહ્યું. એના શબ્દોમાં રહેલા ટોણાને મેં અવગણ્યો. રિયા અને મેં માનું અભિવાદન કર્યું પણ એણે તો નોટબુકમાંથી માથુંય ઊંચું કર્યા વગર માત્ર ડોકું હલાવ્યું.

મેં સ્ટાફ સાથે રિયાની ઓળખાણ કરાવી. તારાચંદજીએ બેલ વગાડ્યો. મા ઊભી થઈ ગઈ.

‘તું ક્યાં જાય છે મા, મારો પિરિયડ છે.’

‘તું આજે કામ કરવાનો છે ?’ એણે પૂછ્યું.

‘હા, હા, ચોક્કસ વળી.’

‘સારું, કારણ કે મારે આમેય સો નોટ તપાસવાની બાકી છે.’

એ ફરી બેસી ગઈ.

'રિયા અહીં બેસે તો વાંધો નથી ને ?' મેં પૂછ્યું.

'અરે, હું તો અહીં આમતેમ ફરીશ', રિયા બોલી.

'હા, વાંધો નહીં,' મા બોલી.

'અથવા તો હું તમને મદદ કરી શકું.' રિયા બોલી.

માએ ઊંચું જોયું અને વાંચવાના ચશ્મા નીચા કરીને પૂછ્યું, 'મદદ ?'

'થોડી નોટબુક્સ હું તપાસી આપું ? આ નોટબુક્સ હું લઉં ?'

માએ ધીરેથી એક થપ્પો રિયા તરફ સેરવ્યો.

મારા ચહેરા પર સ્મિત આવ્યું. રાણીસાહેબાનું હૃદય પણ પીગળી શકે છે. ગેટ્સ તરફથી ગ્રાન્ટ મળ્યા પછી અમે ત્રણેય અહીં સ્કૂલમાં હોઈએ એવી મેં સુખદ કલ્પના કરવા માંડી, જ્યારે તમે કલ્પના કરતા હો ત્યારે એમાં હંમેશા સંપૂર્ણ ચિત્ર જ હોય છે એટલે અહીં રિયા, હું ને મા હસતાં અને નોટબુક તપાસતાં હોઈએ, હું ને રિયા બાળકોને ફૂટબોલ શીખવાડતાં હોઈએ એવાં સ્વપ્ના જોવા માંડ્યાં.

'માધવ', માએ મારા દિવાસ્વપ્નોમાં વિક્ષેપ પડ્યો.

'હં ?'

'ક્લાસ ?'

'બસ, હું જતો જ હતો', મેં કહ્યું.

*

'પેલી દીદી કોણ છે ?' ધોરણ ૩ ની નાનકડી છોકરીએ મને પૂછ્યું.

હું ધોરણ ૩, ૪ અને ૫ ને સાથે ભણાવતો હતો. અમારી પાસે વધારાના વર્ગખંડ પણ નહોતા કે નહોતા શિક્ષકો, એટલે મેં નવી રીત શોધી કાઢી હતી. મેં બ્લેકબોર્ડને ત્રણ ભાગમાં વહેંચી નાખ્યું હતું.

દરેક વર્ગ પાસે એક તૃતીયાંશ ભાગનું કાળું પાટિયું હતું. એક ધોરણને હું સિદ્ધાંત સમજાવતો પછી એમને દાખલા ગણવા આપતો. એ લોકો દાખલા ગણે ત્યાં સુધી હું પછીના ધોરણનું કામ હાથમાં લેતો. શીખવાડવાની આ શ્રેષ્ઠ રીત હતી તો નહીં પણ છતાં બાળકો એનાથી ટેવાઈ ગયાં હતાં.

'એ દિલ્હી મારી સાથે કૉલેજમાં ભણતી હતી. જે રીતે અત્યારે તમે સ્કૂલમાં સાથે ભણો છો ને, એ રીતે.'

'કેટલી ખૂબસૂરત છે ?' ધોરણ ૩ ની બીજી છોકરી શબનમ બોલી, 'બધી દિલ્હીની છોકરીઓ આટલી રૂપાળી જ હોય ?'

હું હસ્યો.

'હા, જે રીતે ડુમરાઉંની બધી છોકરીઓ રૂપાળી હોય છે ને, એ રીતે.'

'દિલ્હીની બધી છોકરીઓ ઊંચી હોય ?' શબનમે ફરી પૂછ્યું.

'ના, ખાલી એ છોકરીઓ જ ઊંચી હોય જેમને નવનો ઘડિયો લખતાં આવડતો હોય.'

છોકરીઓ હસી પડી અને વર્ગકામ કરવા લાગી.

હું ધોરણ ૪ તરફ ગયો અને પછી ધોરણ ૫ તરફ. ચાલીસ મિનિટના આ પિરિયડમાં ત્રણેય ધોરણના છોકરાઓને કામ આપીને હું થાક ખાવા બેઠો.

'માધવ સર', શબનમની બાજુમાં બેઠેલી પોની-ટેઈલવાળી છોકરી બોલી.

'શું ?'

'તમારી દોસ્તને અહીં ક્લાસમાં લઈ આવો ને !'

'કેમ ?'

'પ્લીઝ...'

'ના, આ ભણવાનો સમય છે.'

થોડી છોકરીઓ વાતમાં જોડાઈ ગઈ અને બધાં સાથે મળીને 'પ્લીઝ'નું રટણ કરવા માંડી. આગલા અઠવાડિયે જ મેં એમને રીતભાત શીખવાડી હતી, અને અત્યારે એ લોકો એનો પ્રયોગ મારી ઉપર કરતાં હતાં.

'સારું, હું એને લઈ આવું.' મેં કહ્યું, 'પણ જો તમે એકદમ શાંત રહેવાનાં હો ને પોતાનું કામ કરવાનાં હો તો.'

દરેક જણે હા પાડી ને પોતાના મોં પર આંગળી મૂકી. હું ક્લાસરૂમની બહાર નીકળ્યો. તરત જ ક્લાસમાંથી ઘોંઘાટ અને કોલાહલ સંભળાવા માંડ્યા.

મા અને રિયા ચૂપચાપ બેસીને નોટબુક્સ તપાસી રહ્યાં હતાં.

'રિયા, વિદ્યાર્થીઓ તને મળવા માંગે છે.'

'મને ? કેમ ?' રિયાએ ઊંચું જોતાં આશ્ચર્યથી પૂછ્યું.

'બસ કુતૂહલ, બીજું કંઈ નહીં.'

રિયાએ મા સામે જોયું. માએ કોઈ પ્રતિભાવ ન આપ્યો. મેં રિયાનો હાથ ખેંચ્યો.

'આવ ને !' મેં કહ્યું.

હું ને રિયા સ્ટાફરૂમની બહાર નીકળ્યાં.

'કેવું ચાલે છે મા સાથે ?' મેં પૂછ્યું.

'તું શું કામ પૂછે છે ?'

'એ સારી છે હેં ને, આમ ઉપરથી કઠોર દેખાય, પણ બહુ નરમ દિલની છે.'

'તું આ બધું મને શું કામ કહે છે, માધવ ?' રિયાએ પૂછ્યું.

'અમસ્તા જ '

અમે ક્લાસરૂમમાં પહોંચ્યાં. છોકરાઓએ તાળી પાડી.

'હાય, હું રિયા છું', રિયાએ કહ્યું. એ બાળકો સાથે વાત કરવા નીચી નમી.

'તમે બહુ સુંદર છો', શબનમે શરમાતાં કહ્યું.

રિયાએ શબનમનું નાક પકડીને હલાવ્યું, 'તું પણ બહુ સુંદર છે' એ બોલી.

શબનમ શરમાઈ ગઈ.

રિયાએ શબનમની બાજુમાં બેઠેલી છોકરીને પૂછ્યું, 'તું મોટી થઈને શું બનીશ ?'

એ છોકરીએ શરમાઈને શબનમના ખોળામાં પોતાનો ચહેરો ઢાંકી દીધો.

રિયા હસી પડી. આ જ પ્રશ્ન એણે બીજી છોકરીને પૂછ્યો.

'મા, હું મોટી થઈને મા બનીશ.' છોકરીએ જવાબ આપ્યો.

'અને ?' રિયાએ પૂછ્યું.

'અને શું ?' છોકરીએ સામું પૂછ્યું.

'ડૉક્ટર ? એન્જિનિયર ? ડાન્સર ?'

નાની છોકરીએ થોડી વાર વિચાર કર્યો.

'ટીચર', એ બોલી.

'સરસ', રિયાએ એની પીઠ થાબડી.

હું અને રિયા પાછાં સ્ટાફરૂમમાં આવ્યાં. મા અને બીજા શિક્ષકો વર્ગખંડમાં ચાલ્યાં ગયાં હતાં.

સ્ટાફરૂમમાં માત્ર હું અને રિયા જ હતાં. અમે લાંબા ટેબલ પર બેઠાં. એને ઉધરસ આવી.

મેં કહ્યું, 'તારી તબિયત ખરેખર ખરાબ છે, રિયા.'

'હું ઠીક છું, ચિંતા ન કર.' રિયા બોલી અને એને ફરી ઉધરસ આવી.

'ચાલ, અહીં ડૉક્ટર પાસે જઈએ' મેં કહ્યું.

'હું પટનામાં જઈ આવીશ ડૉક્ટર પાસે.'

રિયા બહાર નીકળીને આસપાસ જોવા લાગી.

'અહીં ટોઇલેટ નથી. છોકરાઓ ખૂણામાં કે સામેનાં ખુલ્લાં ખેતરોમાં જઈ આવે છે.' મેં એની પાછળ બહાર આવતાં કહ્યું.

રિયા મેદાન તરફ ચાલી ગઈ. એને હજુ ઉધરસ આવતી હતી. એટલે દૂરથીય એનું આખુંય શરીર ઉધરસને કારણે હલતું હું જોઈ શકતો હતો. હું એની પાસે દોડતો પહોંચ્યો. એ પાછળ ફરી અને મારી સામે હસી.

'હું ઠીક જ છું, બસ, મારે જરા થૂકવું હતું.'

'કફ બહાર કાઢી નાખ.'

'સૉરી, હું જરા અશિષ્ટ લાગીશ તને.'

'ઓ' મેં વ્યંગથી હસતાં કહ્યું.

'મારે પાછાં જવું જોઈએ', એ બોલી.

'એકલાં ? ચાલ, હું તને મૂકી જઉં.'

રિયા હસી પડી અને એણે મારો ખભો થપથપાવ્યો.

'તું બહુ સ્વીટ છે, પણ એની કંઈ જરૂર નથી. એલર્જીને કારણે આવું થયું છે.'

'મારે તારી સાથે આવવું જોઈએ.' મેં કહ્યું.

એણે મારા ખભા પકડ્યા અને ઊંધો ફેરવ્યો.

‘તારે ક્લાસ છે. હવે અંદર જાઓ, મિસ્ટર, નહીં તો બધી નાની છોકરીઓ તને શોધતી બહાર આવી જશે.’



૩૦

'મોટેથી માધવ, તું તો ઉંદર જેમ ચૂં ચૂં કરતો હોય એમ બોલે છે.' મારા નરમ અવાજથી સાવ વિરોધી એવા મોટા અવાજે રિયાએ બૂમ પાડી.

એ ચીડિયલ થઈ ગઈ હતી, કદાચ એટલા માટે કે છેલ્લા રિહર્સલમાં મેં છ ભૂલો કરી હતી. એ મારી સામે ઊભી હતી અને પગ પછાડ્યા હતા. એણે મોટું - ખૂલતું પર્પલ ટીશર્ટ અને બરમુડા શોર્ટ્સ પહેર્યાં હતાં. પર્પલ રંગ એને જચે છે મેં વિચાર્યું, જો કે કંઈ પણ પહેરે એને સારું જ લાગે છે.

'તને ખ્યાલ છે ને કે પરમદિવસે તારે ભાષણ આપવાનું છે ?' એણે પૂછ્યું.

'તું મારી ચિંતા વધારે છે, રિયા.' મેં કહ્યું.

'સરસ', એણે હતાશ થઈ હવામાં હાથ વીંઝ્યા. 'ચિંતા કરવી જ નહીં, હું મજામાં છું, તું મજામાં છે.' એણે મારા મૂડને ઠીક કરવા કહ્યું.

'હું બધી ગડબડ કરી નાખું છું,' મેં કહ્યું. હું એના ડબલ ગાદલાવાળા દીવાન પર બેસી ગયો.

રવિવારની સાંજ હતી. હું ફાઇનલ રિહર્સલ માટે રિયાને ઘેર આવ્યો હતો. બિલ ગેટ્સ રવિવારે આવવાના હતા. આવતીકાલે મારે ડુમરાઉં જવા માટે નીકળી જવાનું હતું.

'આ બધું પહેલેથી નક્કી કરાયેલું લાગશે. એમને ખબર પડી જશે કે હું આ બાબતમાં જરાય સારો નથી.' મેં કહ્યું.

'રિલેક્સ માધવ, આઈ એમ સૉરી કે મેં તારા પર બૂમ પાડી.'

એ મારી બાજુમાં બેઠી અને મારો હાથ પકડ્યો. એણે ઉધરસ ખાધી.

હવે બૂમ પાડવાનો મારો વારો હતો. 'આ કોણ મૂરખ જેવો ડૉક્ટર છે જે હજુ સુધી તારી ઉધરસ મટાડી નથી શક્યો ?'

'ખબર નથી, એલર્જીને કારણે ઉધરસ થઈ છે. કંઈક એવું હવામાં છે, પણ ખબર નથી પડતી કે એ શું છે જેને કારણે ઉધરસ વધી જાય છે !'

'દિલ્હીના ડૉક્ટર શું કહે છે ?'

ગયા મહિને રિયા દિલ્હી ગઈ હતી. રિયાને એના ડેડને છેલ્લી વાર મળી લેવા ઘરવાળાઓએ બોલાવી હતી. એ ત્યાં હતી એ દરમ્યાન જ ડેડ ચાલ્યા ગયા હતા. અગ્નિસંસ્કાર અને બીજી પૂજા તેમજ રીતરિવાજ પૂરા કરવા રિયા બે અઠવાડિયાં દિલ્હીમાં રોકાઈ હતી અને એ દરમ્યાન જ એની ઉધરસ માટે એ સ્પેશિયાલિસ્ટને પણ તબિયત દેખાડવા ગઈ હતી.

'એ જ, એવું શોધી કાઢ કે શેના કારણે એલર્જી થાય છે ? તને એવું લાગે છે કે મને તારી

એલર્જી હશે ?' પોતે ઠીક છે એ દેખાડવા એણે મારી સામે આંખ મારી. મેં રિયા તરફ લાલ રંગનું ઓશીકું ફેંક્યું.

'ઘરે બધું ઠીક તો છે ને, રિયા ?'

એના ડેડના અવસાન અંગે રિયાએ કોઈ પ્રતિક્રિયા નહોતી આપી. દિલ્હીથી આવીને રિયા એ રીતે મને વળગી પડી હતી જાણે છોડશે જ નહીં. મેં એને બધું ભૂલી જવા અંગે તૂટક તૂટક વાક્યોમાં કંઈક કહ્યું હતું. મેં કંઈ પૂછ્યું પણ નહોતું. એની ઇચ્છા થશે અને એને જ્યારે કહેવું હશે ત્યારે એ કહેશે.

'હા, મારા ભાઈઓ બિઝનેસ સંભાળી રહ્યા છે. મોમ સાથે છેલ્લીવાર વાત કરી ત્યારે એ ઠીક જ લાગતી હતી.' આટલું કહ્યા પછી પાછી એ તાળીઓ પાડીને મને અત્યારની પરિસ્થિતિમાં પાછી લઈ આવી.

'અને હવે આપણી સામે આવી રહ્યા છે, માધવ જહા, ડુમરાઉં રોયલ સ્કૂલ.'

એના લિવિંગ રૂમની વચ્ચોવચ્ચ હું ઊભો રહ્યો.

'માનનીય મિસ્ટર ગેટ્સ, મિસ માયર્સ, ગેટ્સ પ્રતિનિધિમંડળના અન્ય સભ્યો, એમએલએ ઓઝા, ડુમરાઉંના પ્રતિષ્ઠિત ગામવાસીઓ, ડુમરાઉં રોયલ સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો....'

'તને ખબર છે ?' રિયાએ વચ્ચોવચ્ચ જ રોક્યો મને.

'શું ?'

'તું બધાનું અભિવાદન કરે છે એ વધુ પડતું લાબું થઈ જાય છે, એને ટૂંકું કરવું જોઇએ.'

'રિયા, તું અત્યારે સ્ક્રીપ્ટ બદલવાની વાત કરે છે ?'

'થોડું જ બદલવાનું છે.'

અમે મારી નોટમાં થોડું ઘણું બદલીને લખ્યું. મેં ફરી શરૂઆત કરી. આ વખતે એને એણે મને રોક્યો નહીં. હું દસ મિનિટ સુધી બોલ્યો.

'બસ, આટલું જ કહેવું હતું મારે, થેંક્યુ', મેં કહ્યું.

રિયાએ તાળીઓ પાડી.

'કેટલી ભૂલ થઈ ?' મેં પૂછ્યું.

'પાંચ.'

'પાંચ ?'

'હા, પણ નાની નાની, એનાથી વાક્યનો અર્થ નથી બદલાઈ જતો.'

'તું મને ચિંતા ન થાય એટલા માટે આવું કહે છે ને ? હં ને ?'

રિયા હસી. 'ચાલ જમી લઈએ. વધારે પડતું રિહર્સલ કરવાનો કોઈ અર્થ નથી. બધું બરાબર છે. ચિંતા ન કરીશ.' એ બોલી.

'સાચે ?'

'હા હવે સાંભળ, મેં દાળ બનાવી છે, પણ રોટલીને થોડો સમય લાગશે. હું ભાત બનાવી દઉં ? દાળ-ભાત ચાલશે ?'

'ચાલશે', મેં કહ્યું, 'ચલ, હું તને મદદ કરું.'

અમે એના રસોડામાં ગયાં. એણે ભાત રાંધ્યો અને મેં ટમેટાં કાકડીનું કચુંબર બનાવી ઉપર લીબું, મીઠું, મરી નાખીને તૈયાર કરી નાખ્યું. એ રસોઈ કરે ત્યાં સુધીમાં મેં ટેબલ પણ તૈયાર કરી નાખ્યું.

ડાઇનિંગ ટેબલ પર એકમેકની સાથે અમે બેઠાં.

'તું ડુમરાઉં ક્યારે આવીશ ?' દાળ અને ભાતને પ્લેટમાં ભેગાં કરતાં મેં પૂછ્યું.

'હું ત્યાં આવીશ તો તું બહેકી તો નહીં જાય ને ?'

'તું ગાંડી છે ? કાલે સવારે મારી સાથે જ આવ ને !'

'ના, ના, શક્ય જ નથી. મારે બહુ કામ છે.'

'તો ક્યારે ?' મેં પૂછ્યું.

'ફાઉન્ડેશનના માણસો સાથે મંગળવારે સવારે જ આવીશ. તેં એ લોકોને મારા વિશે કહ્યું છે ને ?'

'હા' મેં કહ્યું. મે રિયાને સામંથાનો ફોન નંબર આપી દીધો હતો. રિયાની કાર ફાઉન્ડેશનના સભ્યોની પાછળ પાછળ જ આવશે અને એ બધા સાથે જ પહોંચશે એમ નક્કી થયું હતું.

'સલાડ સરસ બન્યું છે', એ બોલી.

'આમાં બનાવવા જેવું શું છે ? સાવ સાદું છે.' મેં કહ્યું.

'સાદું અને સરસ. મને ગમ્યું. મને સાદું અને સરસ પસંદ છે, માધવ.'

શું એ મને પણ એ રીતે જ જોતી હશે ? સાદો અને સરસ. કે પછી હું વધુ પડતો સાદો છું કે વધુ પડતો સરસ ?

*

ડિનર પછી, અમે રસોડું સાફ કરી નાખ્યું અને વાસણ ધોઈ નાખ્યાં. લિવિંગરૂમમાં અમે પાછાં આવ્યાં. રિયાએ દીવાન પર લંબાવ્યું, 'હું બહુ થાકી ગઈ છું.'

મેં ઘડિયાળ જોઈ. રાતના દસ વાગ્યા હતા.

'મારે નીકળવું જોઈએ', મેં કહ્યું.

રિયાને ફરી ઉધરસ આવી. મેં એને હુંફાળું પાણી આપ્યું.

'આ સ્પીચ પતી જાય પછી, તારી ટ્રીટમેન્ટ જ આપણી માટે સૌથી મહત્ત્વની વાત છે. આપણે એ એલર્જી કરે એવાને કે કંઈ પણ શોધી કાઢીએ.'

'હું ઠીક છું, જો, હવે નથી આવતી ઉધરસ ', એ બોલી.

એણે આંખો બંધ કરી અને ગાદલા પર હાથ થપકારીને મને એની બાજુમાં બેસવાનો ઇશારો કર્યો. મારા બેઠા પછી એણે મારા ખોળામાં માથું મૂકી દીધું અને મારી તરફ પડખું ફરી. એની આંખો બંધ હતી, ઘસઘસાટ ઊંઘી રહી હોય એ રીતે જાણે.

'તારે અહીં સૂવું છે ?'

કોઈ જવાબ નહીં.

હું જઈને એના બેડરૂમમાંથી ચાદર અને ઓશીકું લઈ આવ્યો. મેં એના માથા નીચે ઓશીકું ગોઠવ્યું અને ચાદર ઓઢાડી.

નાની ખુશખુશાલ બાળકીની જેમ જ બંધ આંખે એ હસી.

'હું જઉં છું', ધીરેથી એના કાન પાસે મોં લઈ જઈને મેં કહ્યું.

એણે માથું હલાવ્યું.

શું ? મને નવાઈ લાગી. એને જોઈએ છે શું ?

મેં ખસવાનો પ્રયત્ન કર્યો તો એણે મને પકડી રાખ્યો.

'હું અહીં રોકાઈ જઉં ?' મેં પૂછ્યું.

એણે કોઈ જવાબ ન આપ્યો. છોકરીઓ આવું જ કરે છે. જ્યારે પણ કોઈ નિર્ણયાત્મક ક્ષણ આવે ત્યારે સીધો જવાબ ન આપે. પુરુષ બિચારો શું કરે ?

'હું થોડી વાર માટે રોકાઉં ?' મેં પૂછ્યું. એણે ડોકું હલાવી હા પાડી.

ભગવાનનો આભાર માન કે કંઈક નિર્દેશ તો મળ્યો.

'ઓ કે, પણ હુંય થાકી ગયો છું. મારે થોડી વાર માટે હજુ રોકાવાનું હોય તો મારે પણ લાંબા થવું એટલું જ જરૂરી છે.'

એ બાજુ પર ખસી. એની આંખો હજુ બંધ હતી. એણે મારા માટે જગ્યા કરી. મને આઘાત લાગ્યો. રિયા ખરેખર ઇચ્છતી હતી કે હું એની બાજુમાં સૂઈ જઉં.

હું એની બાજુમાં બને એટલી શાંતિથી સુતો. કદાચ એ જાગી જાય અને સંપૂર્ણ સાનભાનમાં આવી જાય તો ?

'સૂઈ ગઈ છે ?' મેં વિચિત્ર રીતે એને આલિંગન આપતાં પૂછ્યું.

એણે ડોકું ધુણાવી હા પાડી. મૂરખ છોકરીઓ. જો એ સૂતી હોય તો જવાબ કઈ રીતે આપે ?

'હું પણ', મેં કહ્યું. મને લાગે છે કે સ્ત્રીપુરુષનું બાજુબાજુમાં સૂઈ જવું સ્વીકાર્ય જ નહીં, જરૂરી પણ છે જ.

એ પડખું ફરી અને એનો હાથ એણે મારી ઉપર મૂક્યો. જો કે એ થોડું એ રીતે ટૂંટિયું વાળીને સૂતી જેથી છાતી મારી નજીક ન આવે, પણ એના હાથ અને ઘૂંટણ મારા શરીરની પાસે રહે.

છોકરીઓ આ બધી બાબતોમાં બહુ હોશિયાર હોય છે. ઊંઘમાં પણ એ અમુક પ્રકારની શારીરિક નિકટતા ન વધે એનું ધ્યાન રાખી શકે.

મેં મારી આંખો બંધ કરી. પણ હું સૂઈ તો ન જ શક્યો. મારે એને નજીક લેવી હતી. મારે એને ચુંબન કરવું હતું. મેં મારો હાથ એની ફરતે વીંટાળ્યો. છોકરીઓ એવું માની લેતી હશે કે બીજા, આડાઅવળા કોઈ વિચાર વિના છોકરાઓ એમની પર હાથ મૂકી શકે.

બીજું કંઈ પણ કરવાની મારી હિંમત જ નહોતી. કદાચ એ મારી સાથે અનુકૂળ થઈ ગઈ છે, મારા મને કહ્યું .ઉતાવળ શું કામ કરવાની ? શાંતિ રાખ, માધવ શાંતિ રાખ.

એનું એ જ મન બીજી ધારણા સાથે થોડી ક્ષણો પછી દલીલ કરવા માંડ્યું. એ કદાચ એવું ઈચ્છતી હોય કે તું કંઇક કરે તો ? એણે બધું ગોઠવી દીધું, હવે તું જો એની ઈચ્છા પ્રમાણે

ન વર્તે તો એ એવું માની બેશસે કે તું ડરપોક છે તો ? કંઇક કર, માધવ, આમ શાંત બેસી ન રહે.

મારા મનમાં ચાલતા બંને પ્રકારના વિચારોને કારણે હું બેચેન બની ગયો. રિયાના મારી પર મુકાયેલા સુંવાળા હાથને કારણે મારી સ્થિતિ વધુ ખરાબ બની ગઈ હતી. હું આમ તેમ પાસાં ફરતો રહ્યો અને એ દરમ્યાન એ ઊંઘતી રહી.

બે કલાક પછી રિયાએ આંખો ખોલી. મેં અનિચ્છાએ એના ખભાને ધક્કો માર્યો હતો. મારી આસપાસ જાણે સોય અને ટાંકણીઓ હોય એ રીતે હું હલી નહોતો શકતો.

‘શું છે ?’ એણે ઊંઘરેટા અવાજે પૂછ્યું.

‘તું જાગે છે ?’ મેં ઉત્સાહથી પૂછ્યું.

‘તેં મને જગાડી દીધી’, એ બોલી.

‘સૉરી’, હું બોલ્યો અને એનો ખભો થપથપાવ્યો, ‘ફરી સૂઈ જા.’

‘તું ચિંતામાં છે?’

મારી પીઠમાં જાણે ઝણઝણાટી થઈ. એ ને કઈ રીતે ખબર પડી? સ્ત્રીઓને ન જાણે કેટલી ઇન્દ્રિયો ભગવાને આપી છે!

‘થોડો ઘણો.’

‘ચિંતા નહીં કર. તું સરસ જ કરીશ.’

‘હં? શું?' મેં પૂછ્યું. એ શું કહી રહી છે? થોડી વાર પછી મને સમજાયું એ સ્પીચની વાત કરી રહી છે.

‘હં, હા, મેં તો મારાથી બનતા ઉત્તમ પ્રયત્નો કર્યાં છે. હવે બધો આધાર મિસ્ટર ગેટ્સ પર છે.’

‘એ જ તો કહું છું, હવે સૂઈ જા’ એ બોલી અને એણે આંખો બંધ કરી.

‘રિયા.’

‘હં.’

‘મારે કંઈક કહેવું છે રિયા.’

‘શ...’ બંધ આંખે એ બોલી. એણે મારા હોઠ પર આંગળી મૂકી.

‘જે કહેવું હોય એ પહેલાં બિલ ગેટ્સને કહેજે’ એ બોલી અને પાછી ઊંઘમાં સરી પડી.

*

‘ત્રીસ મિનિટ? અમારો કાર્યક્રમ કલાક ચાલશે.’ મારા અવાજમાં ગુસ્સો હતો.

સામંથાએ સોમવારે સવારે મને ફોન કર્યો હતો. બીજે દિવસે બિલ ગેટ્સ મુલાકાત માટે આવવાના હતા.

‘આઈ એમ સૉરી, માધવ. બહુ જ વ્યસ્ત કાર્યક્રમો છે મિસ્ટર ગેટ્સના. કદાચ તમે લોકો કાર્યક્રમ ટૂંકો કરી શકો તો...’

‘પણ બાળકો મહિનાથી આ માટે તૈયારી કરી રહ્યાં છે.’

‘મને માફ કરી દે પણ વિશ્વાસ રાખ, કેટલીક મુલાકાતો તો અમે રદ જ કરી દીધી છે,

પણ તારી સ્કૂલની મુલાકાત રદ કરાય એમ હતું જ નહીં.'

'સારું, કેટલા વાગે?'

'બરાબર ૧૦.૩૦ વાગે.'

તારાચંદજી ખાલી મેદાનોમાં બનાવવામાં આવેલા પાર્કિંગ એરિયાને તપાસી રહ્યા હતા. હું એમની જોડે ગયો. દૂરથી આવકારગીત માટે પ્રેક્ટિસ કરતાં બાળકોનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

વાર્ષિક દિનની તૈયારી માટે આજકાલ ભણાવવાનું બંધ હતું. બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર કર્યો હતો. સ્કૂલની જમીન અને દીવાલો ઘસી ઘસીને સાફ કર્યાં હતાં. નવાં ચિત્રો દોર્યાં હતાં અને સ્ટેજ તૈયાર કર્યું હતું. હું સ્ટાફરૂમમાં ગયો અને મુલાકાત ટૂંકી થવા વિશે માને ખબર આપ્યા.

મા બોલી, 'એક તો એ ધૂની ગોરાઓને સ્કૂલની મુલાકાતે બોલાવવાનો વિચાર જ વાહિયાત હતો. અહીં આપણે છેલ્લા કેટલાય વખતથી એમના માટે ગાંડા થઈ ગયાં છીએ અને હવે જુઓ, શું થયું?'



૩૧

મંગળવારે સવારે સવા દસે, મારો ફોન રણકી ઊઠ્યો.

'અમે ડુમરાઉમાં પ્રવેશી ગયાં છીએ. બસ, વધુ દસ મિનિટ.' સામંથાએ કહ્યું.

હું સ્કૂલના ઝાંપા પાસે ભાગ્યો. વીસ બાળકો ઝાંપાની બન્ને બાજુ એકબીજા સામે મોં કરીને મહેમાનોને આવકારવા હારબંધ ઊભાં હતાં. બધાના હાથમાં ગુલાબની કળીઓ

અને પાંખડીઓ ભરેલી થાળી હતી. મહેમાનોની ઉપર ફૂલોની પાંખડીઓ નાખવાની હતી અને ધોરણ ૫ ની એક છોકરી તિલક કરવાની હતી.

વાલીઓ ક્યારનાં આવી ગયાં હતાં. લગભગ હજારથી વધારે મહેમાનો આ પ્રસંગ માટે બનાવવામાં આવેલ માંચડા નીચે લાલ પ્લાસ્ટિકની ખુરશીમાં બેઠા હતા. અધિકારીઓ અને ખાસ મહેમાનો આગળની વીઆઈપી હરોળમાં બેઠા હતા.

દૂરથી આઠ ગાડીઓનો કાફલો દેખાયો. આવકારવા માટે ઊભા રહેલાં બાળકો ઉત્સાહમાં આવીને જઈને એકબીજા પર ફૂલોની પાંખડીઓ ફેંકવા લાગ્યાં.

'બંધ કરો આ,' મેં કહ્યું.

મિસ્ટર ગેટ્સ કારમાંથી નીચે ઊતર્યા. મિડિયાના માણસો એમને ઘેરી વળ્યા. એ લોકો સતત ફોટા પાડી રહ્યા હતા. સામંથા સાથે કુલ દસ અમેરિકન્સ અને પાંચ ભારતીયો મિસ્ટર ગેટસની પાછળ ઊભા હતા.

'હાય' , રિયાનો અવાજ મને ચોંકાવી ગયો. હું એની તરફ ફર્યો. એણે રૂપેરી ટિક્કીવાળી આછી ગુલાબી સાડી પહેરી હતી. બાળકોની થાળીમાં રહેલા ગુલાબની કળી જેવી એ લાગતી હતી.

'સાડી?' મેં પૂછ્યું.

એણે એના હાથ પહોળા કર્યાં. એનું સુરેખ - પાતળું શરીર, કોમળ વળાંકો અને પિંક શિફોન સાડી જોઈને મને જગતના સૌથી શ્રીમંત વ્યક્તિ હોવાનો અહેસાસ થઈ રહ્યો હતો. મારી રાહ જોઈ રહ્યા હતા એવા સૌથી શ્રીમંત વ્યક્તિથીય વધારે.

'હું કેવી લાગી રહી છું?' એણે પૂછ્યું.

'મિસ ઇન્ડિયા જેવી.' મેં કહ્યું. એ હસી પડી.

'હવે તારા મહેમાનોને સાચવ. હું ક્યાંક અંદર જગ્યા શોધી લઉં.'

'પણ રિયા...'

'શ... એ લોકો તરફ ધ્યાન આપ. ઓલ ધ બેસ્ટ.'

ઉતાવળે એણે મને આલિંગન આપ્યું અને અંદર ચાલી ગઈ.

'મિ. ગેટ્સ આ છે માધવ. આ સ્કૂલના એક સ્થાપક. તેઓ રાજવી કુટુંબના છે.' સામંથા બોલી, 'માધવ, મિ. ગેટ્સ...'

જગતની સૌથી શ્રીમંત વ્યક્તિ સાથે મેં હસ્તધૂનન કર્યું. લોકો કહે છે કે મિ. ગેટ્સ એટલા શ્રીમંત છે કે રોડ પર પડેલી સો ડૉલરની નોટ ઊંચકવા પણ વાંકા ન વળે, કારણ કે એટલા સમયમાં એ સો ડૉલરથી કંઈ કેટલાય વધુ પૈસા કમાઈ શકે છે. એ માણસે મારી સાથે લગભગ પાંચ સેકંડ સુધી હાથ મેળવ્યો. હું વિચારતો હતો કે આ પાંચ સેકંડમાં એ કેટલા હજારો ડૉલર્સ કમાઈ શક્યા હોત?

'તને મળીને આનંદ થયો, માધવ' મિ. ગેટ્સ બોલ્યા. જાણે જૂનો દોસ્ત મળ્યો હોય એમ એ વાત કરતા હતા. બાળકોએ એમની પર ફૂલોની પાંખડીઓ ફેંકી. સામંથાએ અમે કાર્યક્રમ તરત શરૂ કરીએ એવો ઇશારો કર્યો.

સ્ટેજ પર નાની એવી ભાગદોડ મચી ગઈ. આવકારગીત ગાવાવાળાં બાળકો નૃત્ય કરનારાં બાળકોને અથડાઈ પડ્યાં. એ લોકોનો કાર્યક્રમ ભેળસેળ કરી નાખ્યો હતો એવી એમને ખબર નહોતી. આવકારગીત - સરસ્વતી વંદના હજુ તો પૂરું નહોતું થયું ત્યાં બોલિવુડ મ્યુઝિક વાગવા માંડ્યું. આ બન્ને અવાજો વિચિત્ર લાગતા હતા પણ પ્રેક્ષકોએ ઉત્સાહથી તાળીઓ પાડી.

આગળની હરોળમાં હું માની ડાબી બાજુ બેઠો હતો. મારી આંખો રિયાને શોધતી હતી. એ મારાથી દસ જગ્યા દૂર ડાબી બાજુ બેઠી હતી. મેં એને મારી બાજુમાં આવીને બેસવાનો ઇશારો કર્યો. એ હસી અને ત્યાંથી જ ના પાડી દીધી.

સલમાનખાનના 'ઓ ઓ જાને જાના' પર બાળકોના નૃત્ય સાથે એ કાર્યક્રમ પૂરો થયો. મા ઊભી થઈને સ્ટેજ પર ગઈ. મ્યુઝિક ધીરેથી બંધ થયું. એ હિંદીમાં બોલી, 'થેંક્યુ બાળકો, આપણે બધાં આ બાળકો માટે એકવાર તાળીઓ વગાડીશું, પ્લીઝ!'

ટોળાએ વધુ જોરથી તાળીઓ પાડી.

'આપણે ત્યાં અમેરિકાથી આવેલ મહેમાન મિ. ગેટ્સ અને એમની ટીમનું આપણે સ્વાગત કરીએ.' એણે કહ્યું. ટોળાએ ચિચિયારીઓ અને તાળીઓથી મહેમાનોને વધાવી લીધા. મિ. ગેટ્સ ઊંધા ફરીને લોકો સમક્ષ હાથ હલાવ્યો.

'અને હવે હું જાણું છું આપણી પાસે બહુ થોડો સમય છે. હું રાજકુમાર માધવ જહાને અહીં વક્તવ્ય માટે આવકારું છું.

ટોળાએ ચિચિયારીઓ કરી. મારું દિલ જોરજોરથી ધડકવા લાગ્યું. હું ઊભો થયો અને સ્ટેજ પર જવા માટે રિયા પાસેથી પસાર થયો. રિયાએ અંગૂઠો ઊંચો કરીને થમ્સ અપની નિશાની કરી. હું કૂદકો મારીને સ્ટેજ પર ચડી ગયો.

*

ડાબેથી જમણે સુધી બેઠેલા લગભગ હજારેક લોકો પર મેં ડાબેથી જમણે ને જમણેથી ડાબે નજર ફેરવી. ટોળાએ તાળીઓ પાડવી બંધ કરી હતી અને હવે હું બોલું એની રાહ જોઈ રહ્યા હતા.

મેં માઇક હાથમાં લીધું. મારી નર્વસનેસને કારણે હથેળીઓમાં પરસેવો થઈ ગયો હતો. માઇક હાથમાંથી થોડું લપસ્યું.

મારા મોંમાંથી એક પણ શબ્દ ન નીકળ્યો. કંઈ કરતાં કંઈ જ નહીં. મેં લોકોનો મહેરામણ

જોયો. મેં ભાષણની પ્રેક્ટિસ લાખેકવાર કરી હશે, પણ હું કંઈ બોલી જ શક્યો. લોકોના ચહેરા પર મૂંઝવણ દેખાતી હતી. એમને લાગતું હતું કે માઇકમાં ગડબડ છે. આગલી હરોળના ખૂણે મેં રિયાને બેઠેલી જોઈ. એની આંખો મારી ઉપર જ હતી. એ ધીરેથી ઊભી થઈ. હું વ્યાકુળ થઈ ગયો. લોકો શું વિચારશે? જો કે એ ઊભી થઈને આગલી હરોળમાં જ બરાબર મારી સામે બેઠી. એના હોઠને હલતા જોઈને હું પામી શક્યો કે એ શું કહી રહી છે?

'એક સમયે એક જ વાક્ય, ધીરે ધીરે બોલ.' એ બોલી. એની હાજરીથી જ મને જાણે જોશ આવી ગયું. મેં બોલવાનું શરૂ કર્યું.

'બિલગેટસ ફાઉન્ડેશનના માનવંતા મહેમાનો, માનનીય મહેમાનો, મારા વ્હાલા વિદ્યાર્થીઓ અને વાલીઓ, ડુમરાઉં રોયલ સ્કૂલ આપને આવકારે છે.'

ટોળાએ હર્ષોલ્લાસ કર્યો. મોટા ભાગનાને ઇંગ્લિશમાં ખબર નહોતી પડતી પણ ડુમરાઉંનો ઉલ્લેખ એમના માટે પૂરતો હતો. ફાઉન્ડેશનના સભ્યો મારી તરફ ધ્યાનથી જોવા લાગ્યા.

હું આ કરી શકું છું. મેં મારી જાતને કહ્યું રિયા સાથે રિહર્સલ કર્યાં હતાં એમ જ. એવું જ વિચાર કે અહીં માત્ર રિયા જ છે.

મેં રિયા સામે જોયું. એણે મારી સામે ડોકું હલાવ્યું અને સરસ સ્મિત આપ્યું. ઉત્સાહમાં આવીને હું આગળ બોલ્યો.

'આપણી સાથે અત્યારે અહીં બિલ ગેટ્સ છે. એ જગતના સૌથી શ્રીમંત વ્યક્તિ છે. મને ખાતરી છે આ એકની એક વાત દર વખતે સાંભળીને એમને પણ નહીં જ ગમતું હોય.'

દૂરથી મેં જોયું કે બિલ ગેટ્સના ચહેરા પર સ્મિત આવ્યું. એ મને સાંભળી રહ્યા છે, મેં વિચાર્યું.

'સર, તમને કદાચ ખ્યાલ જ હશે કે પૈસેટકે શ્રીમંત હોવાથી વૈભવશાળી જીવન મળતું નથી. બિહાર, મને અતિપ્રિય છે છતાં મારું બિહાર વિશ્વની સૌથી પછાત જગ્યાઓમાંનું એક છે.'

રિયા વાક્યે વાક્યે ડોકું ધુણાવતી હતી. 'અને આવા બિહારમાં આવી એક અસામાન્ય સ્કૂલ છે. સાતસો બાળકો, ત્રણ શિક્ષકો, મામૂલી ફી, ન પૂરતા વર્ગખંડ કે ન ટોઇલેટ, ન સરકારી સહાય છતાં અહીં ઘણું ઐશ્વર્ય છે.'

રિયાએ બંને હાથના અંગૂઠા ઊંચા કરીને નિશાની કરી. ઓ. કે. અત્યાર સુધી કોઈ ભૂલ થઈ નથી.

'ખરું ઐશ્વર્ય તો આ બાળકો છે. આમ તો મારે એમને ભણાવવાનાં હોય છે, પણ એ લોકો મને ઘણું શીખવાડે છે. આપણે મોટાઓ ફરિયાદ કરીએ છીએ કે સ્કૂલમાં આ નથી, તે નથી પણ આ બાળકો ક્યારેય ફરિયાદ નથી કરતાં. કોઈ પણ સમયે સ્કૂલે આવો, એમની પાસેથી એક જ વસ્તુ સાંભળવા મળે - એમનું હાસ્ય.'

આગલી હરોળમાં બેઠેલા લોકોમાંથી જે લોકો મને સમજ્યા એમણે તાળીઓ પાડી. એકાદ મિનિટ પછી પોતે પણ સમજ્યા છે એવું દેખાડવા પાછલી હરોળવાળાઓએ પણ તાળીઓ પાડી.

'જો તમે આ બાળકોને પૂછશો તો કહેશે કે આ સ્કૂલ વિશ્વમાં સૌથી ઉત્તમ છે. એમને એમના મિત્રો ગમે છે. એ લોકો જે કંઈ પણ શીખે છે એ બધું એમને ગમે છે. પણ હું જાણું છું.

આ સ્કૂલ એમને વધુ આપી શકે એમ છે. આ બાળકો હજુ વધુ મેળવવાને હકદાર છે.'

રિયાની ભ્રમર જોઈને મને તરત ખ્યાલ આવ્યો કે છેલ્લા વાક્યમાં ઇંગ્લિશ ગ્રામરમાં મેં ગડબડ કરી નાખી હતી.'

હું વ્યગ્ર થઈ ગયો. રિયાએ મને શ્વાસ લેવાનો ઇશારો કર્યો. મેં ઊંડો શ્વાસ લીધો અને ધીરેથી છોડ્યો. સ્વસ્થ થઈને મેં વાત આગળ વધારી, 'આ બાળકો હજુ વધુ મેળવવાને હક્કદાર છે, કારણ કે મને ખબર છે સારું શિક્ષણ ઘણું બધું જીવનમાં ઉમેરે છે. ફક્ત સારી નોકરી મળે એ માટે નહીં, જ્ઞાન અને નવી વસ્તુઓ તમે જાણી શકો એ માટે નહીં, પરંતુ સારું શિક્ષણ આત્મવિશ્વાસ આપે એ માટે જરૂરી છે.'

મેં ફરી વિરામ લીધો, નોટ પર નજર નાખી, ઉપર જોયું અને ફરી બોલ્યો.

'આજે હું તમારી સાથે ઇંગ્લિશમાં વાત કરું છું. હું આ ભાષા બરાબર જાણતો નહોતો. મને ડર લાગતો હતો અને શરમ પણ આવતી હતી. લોકો મારી મજાક ઉડાવતા હતા. કૉલેજમાં આખો દિવસ હું લઘુતાગ્રંથિ અનુભવતો હતો. આ બાળકો સાથે એવું થાય એમ હું ઇચ્છતો નથી. કોઈ આ બાળકોને કહી જાય કે એ લોકો કંઈ કામના નથી એમ હું ઇચ્છતો નથી.'

લોકોએ તાળીઓ પાડી. એ લોકોને ખબર પડી હતી કે નહીં એની મને ખબર નહોતી પડતી. કદાચ મારા અવાજમાં રહેલી લાગણી એમને સ્પર્શી ગઈ હતી.

'એ માટે મારે સંસાધનની જરૂર છે. મારે સારા શિક્ષકોની જરૂર છે. જો કે સારા શિક્ષકો એવી સ્કૂલમાં ન આવે જ્યાં પ્રાથમિક સુવિધા પણ ન હોય. વ્યવસ્થિત ક્લાસરૂમ સિવાય વિદ્યાર્થીઓ ભણી પણ ન શકે. ટોઇલેટ્સ વગરની સ્કૂલ હોઈ પણ ન શકે.'

રિયાની આંખો મારી પર જ હતી, એ કારણે જ હું બોલતો રહ્યો.

'હું સરકાર પાસેથી ભીખ માગતો નથી, સાચ્ચે જ. પૈસા અગત્યના નથી મારે માટે. મેં મલ્ટીનેશનલ બેંકની નોકરી માત્ર અહીં આવવા માટે છોડી દીધી. દુઃખની વાત એ છે કે જીવનમાં સારા કામ કરવા માટેય પૈસાની જરૂર પડે જ છે.'

રિયાએ સ્પીચ પૂરી કરવાનો ઇશારો કર્યો. અહીં ભાષણ પૂરું કરવાનું હતું. છતાં મેં બોલવાનું ચાલુ રાખ્યું, પ્રેક્ટિસ કર્યાં વગર અને પહેલેથી વિચાર્યા વગર.

'મિ. ગેટ્સ લોકો તમને કહેતા હશે કે તમે નસીબદાર છો, કે તમારી પાસે આટલા પૈસા છે. તમને કદાચ અકળામણ પણ થઈ આવતી હશે. કેમ કે તમે જે કંઈ મેળવ્યું છે એ માત્ર નસીબના આધારે નથી મેળવ્યું. તમે જે પણ કમાયા છો એની પાછળ તમારી સર્જનશીલતા, દૃષ્ટિ અને કઠોર પરિશ્રમ છે. તમે હક્કદાર છો. આ બધું મેળવવા માટે. છતાં મને કહેવા દો કે એક વાત એવી છે જેમાં તમને નસીબે સાથ આપ્યો છે.'

રિયા મારી સામે આઘાતથી જોઈ રહી હતી. આ બધું મેં ક્યારે તૈયાર કરાવ્યું? કદાચ એ એવું વિચારી રહી હતી.

મેં મારી વાત આગળ વધારી, 'એ વાત એ છે કે તમારો જન્મ અમેરિકામાં થયો. એવા દેશમાં જન્મ લેવો જ્યાં દરેકને એકસરખી તક મળે એ નસીબની વાત છે. મારા કોઈ બાળકમાં પણ તમારી કંપની જેવી વૈશ્વિક કંપની સ્થાપવાની ક્ષમતા હશે, પણ એને તક નહીં મળે. મિ. ગેટ્સ, તમને તક મળી એ માટે તમે નસીબદાર છો. આજે અમે સ્કૂલ ચલાવીએ છીએ એ પ્રસિદ્ધિ કે પૈસાની આશા સાથે નથી કરતા, અમે અહીં એવો પ્રયત્ન કરવા માગીએ છીએ કે

અમારી સ્કૂલના દરેક બાળકને એક સરખી તક મળે. થેંક્યુ.'

જોરદાર તાળીઓ પડી. બિલ ગેટ્સ અને રિયા સહિત કેટલાક લોકો ઊભા થઈ ગયા. તરત જ, બીજા બધા લોકો પણ તાળીઓ પાડતા ઊભા થઈ ગયા. મને સ્ટેન્ડિંગ ઓવેશન મળી રહ્યું હતું. મને વિશ્વાસ નહોતો પડતો કે જે સ્પીચ માટે મેં કેટલાય મહિનાઓથી પાગલની જેમ મહેનત કરી હતી એ મેં સફળતાપૂર્વક આપી હતી. મને વિશ્વાસ નહોતો પડતો કે મેં મારા મોટામાં મોટા દુશમન ઇંગ્લિશ પર વિજય મેળવ્યો હતો. મેં સૌને નમસ્કાર કર્યા અને સ્ટેજ પરથી નીચે ઊતર્યો.

હું મારી જગ્યા પર જઈને બેઠો. મા મારી તરફ ફરી.

'તું આટલું બધું ઇંગ્લિશ શીખી ગયો?' એણે ધીરા અવાજે મારા કાનમાં કહ્યું.

'એણે શીખવાડ્યું.' મેં રિયા તરફ ઇશારો કર્યો.

મા અને રિયાએ એકબીજા સામે નમ્રતાભર્યું સ્મિત કર્યું.

બાળકોએ ફરી સ્ટેજનો કબજો લઈ લીધો. માખણચોર બાળકૃષ્ણ પર એમણે નૃત્યનાટિકા રજૂ કરી. બીજા ધોરણની સૌથી નાની દેખાતી છોકરી કરુણાએ કૃષ્ણનું પાત્ર ભજવ્યું. એણે પોતાના માથા પર મોરના પીંછા સાથે પટ્ટો પહેર્યો હતો. નૃત્યનાટિકા પૂરી થયા બાદ મા ફરી સ્ટેજ પર ગઈ અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો.

ગેટ્સ ફાઉન્ડેશન વતી સામંથા મારી પાસે આવી.

'બિલને જવું પડશે, નહીં તો અમે મોડા પડીશું.' એણે ધીરેથી મારા કાનમાં કહ્યું પણ એના અવાજમાં ઉતાવળ હતી.

'એ સ્પીચ નહીં આપે?' મેં પૂછ્યું.

'એ ક્યારેય ભાષણ નથી આપતા.'

મારું હૃદય બેસી ગયું. મારે પૂછવું હતું કે હું કેવું બોલ્યો પણ મારી સ્પીચ કદાચ તનાવને લીધે એના ધ્યાનમાં આવી નહોતી અથવા એને પરવા નહોતી.

'હું બિલ ગેટ્સને બે શબ્દો કહેવા માટે મંચ પર આવવા આમંત્રણ આપું છું.' મા બોલી. મિ. ગેટ્સ સ્મિત આપ્યું અને ના પાડવાની મુદ્રામાં હાથ જોડ્યા.

હું સ્ટેજ તરફ દોડ્યો. માને આશ્ચર્ય થયું. મેં માઇક હાથમાં લીધું અને બોલ્યો, 'મિ. ગેટ્સને જવું પડે એમ છે. જો એમને વાંધો ન હોય તો હું એમને થોડી ક્ષણો માટે સ્ટેજ પર બોલાવીશ જેથી અમે એમને નાનકડી ભેટ આપી શકીએ.'

મિ. ગેટ્સ અમારી ભાવનાને સમજીને સ્ટેજ પર આવ્યા. એમની સાથે ફાઉન્ડેશનના બીજા બે સભ્યો પણ હતા. ધોરણ ૫ ની વિદ્યાર્થિની ભેટ લઈને આવી. હાથેથી ચીતરેલું માટીનું કુંડું હતું એ. ઘણા વિદ્યાર્થીઓએ એની પર ફૂલો દોર્યાં હતાં. એની અંદર ફૂલોવાળો છોડ પણ હતો.

'બહુ સુંદર છે.' મિ.ગેટ્સ ભેટ સ્વીકારતાં કહ્યું.

મેં એમની તરફ સ્મિત કર્યું.

'સરસ સ્પીચ.' એમણે કહ્યું.

'થેંક્યુ સર.' મેં કહ્યું. મેં બીજા બે પ્રતિનિધિઓ સાથે હાથ મેળવ્યા. એક ફિલ હતો અને

બીજો હતો. રોજર - મિ. ગેટ્સનો યુવાન સહાયક.

‘ફિલ, તું કરીશ?’ મિ. ગેટ્સ પૂછ્યું.

‘હા, ચોક્કસ' ફિલ બોલ્યો.

કરશે? શું કરશે? મને આશ્ચર્ય થયું.





હું માઇક લઈ શકું?' ફિલે પૂછ્યું.

મેં એને માઇક આપ્યું.

'નમસ્તે' ફિલ બોલ્યો. હિંદીમાં બોલાયેલો એ એક શબ્દ. પ્રેક્ષકો જાણે આનંદથી બેહોશ થઈ ગયા. આપણે ભારતીયો આવા જ છીએ. કોઈ પણ ગોરી વ્યક્તિ એક શબ્દ પણ આપણી ભાષામાં બોલે તો આપણે એમને ચાહવા લાગીએ છીએ.

'કેમ છો?' એણે ફરી હિંદીમાં પૂછ્યું. ટોળાએ ઉત્સાહથી બૂમો પાડી.

'અમને કાર્યક્રમ બહુ ગમ્યો. બધા વિદ્યાર્થીઓને અભિનંદન.' એ બોલ્યો. તાળીઓ ગુંજી ઊઠી.

'અમે જોયું કે અહીંના વિદ્યાર્થીઓ બહુ જ પ્રતિભાશાળી એમને શીખવા માટેની વધુ તક મળવી જોઈએ. અમે નક્કી કર્યું કોમ્પ્યુટર્સ આપવાં જેમાં પહેલેથી સોફ્ટવેર નાખેલા હશે.'

ફરી તાળીઓ પડી. મેં પણ પાડી. જો કે હું વિચારી રહ્યો હતો કે વીજળી વગર અમે કોમ્પ્યુટર્સનું કરીશું શું? કદાચ એની સાથે અમને કોમ્પ્યુટર ટેબલ પણ આપે. અમે એ ટેબલ ઉપયોગમાં લઈ શકીએ. ફિલ આગળ બોલ્યો, 'જોકે સ્કૂલને સૌથી પહેલાં તો પાયાની સગવડોની જરૂર છે,એ વગર કોમ્પ્યુટર સ્કૂલ માટે નકામાં બની રહેશે, માટે ગેટ્સ ફાઉન્ડેશન સ્કૂલને ૫૦૦૦૦ ડૉલર્સની સહાય કરશે. અને પછી વ્યવસ્થિત ચકાસણી બાદ પાંચ વર્ષ માટે દર વર્ષે ૧૦૦૦૦ ડૉલર્સ આપશે.'

મારા હૃદય પરથી ભાર હટી ગયો. મને મારી આસપાસ ચાલતી પ્રવૃત્તિઓ. ધૂંધળી દેખાવા માંડી. રિયાએ કુદકો માર્યો. એ ખરેખર ઊભી થઈ અને કૂદી. બાકીનું બધું મને ઝાંખું દેખાતું હતું. મિડિયાના લોકો તરત જ સક્રિય બની ગયા. ફોટોગ્રાફર્સ પહેલી હરોળની આગળ પહોંચીને ધડાધડ ફોટા પાડવા માંડ્યા. મારી મા એનો ઉત્સાહ છુપાવી ન શકી. એ સ્ટેજ પર આવી અને ફિલે ઇંગ્લિશમાં કરેલી જાહેરાતનો હિંદી અનુવાદ એણે લોકોને સંભળાવ્યો. એટલું જ નહીં ડૉલર્સને રૂપિયામાં પરિવર્તિત કરીને એણે રકમ પણ કહી.

'અત્યારે વીસ લાખ રૂપિયા અને પછી પાંચ વર્ષો સુધી દર વર્ષે ચાર લાખ રૂપિયા, અમે ચોક્કસ આ સ્કૂલને બિહારની શ્રેષ્ઠ સ્કૂલ બનાવીને રહીશું,' મા બોલી. લોકો ઊભા થઈ ગયા અને સતત તાળીઓ પાડતા રહ્યા. એમએલએ ઓઝા દરેક ફોટામાં પોતાનો ચહેરો દેખાય એની કોશિશ કરતા રહ્યા.

મારી માએ મને આલિંગન આપ્યું. સામંથા આવી અને મારા કાનમાં કહ્યું, 'કોન્ગ્રેચ્યુલેશન્સ માધવ. તેં કરી બતાડ્યું. આપણે પછી વાત કરીશું. ઓકે? અત્યારે મારે નીકળવું પડશે. હું ફોન કરીશ.'

‘હા, થેંક્યુ સામંથા, થેંક્યુ સો મચ.’

‘આ મારું કાર્ડ છે’, ફિલે મારા હાથમાં એનું કાર્ડ આપ્યું. ‘તારા કામે અમને પ્રભાવિત કર્યા છે. હું સેન્ટ સ્ટીફન વિષે જાણું છું. પોતાની કારકિર્દી છોડી દેવી અને અહીં આવીને કામ કરવું એ ખરેખર આદરને પાત્ર છે.’

હું ઇચ્છતો હતો કે રિયા પણ આ સાંભળે. મેં ચારે બાજુ નજર ફેરવી પણ એ ક્યાંય દેખાઈ નહી.

ગામવાસીઓ સ્ટેજ પર આવી ચડ્યા. સિક્યોરિટીના માણસો ગેટ્સ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓને કાર્યક્રમના સ્થળેથી કાર સુધી દોરી ગયા.

‘થેંક્યુ. રાજકુમાર સાહેબ’ એક ગામવાસીએ મારા ચરણસ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો.

‘તમે જ અમારા ઉદ્ધારક છો.’ બીજાએ કહ્યું.

મારે રિયાને સ્ટેજ પર લઈ આવવી હતી. પણ લોકો મને નીચે ઊતરવા નહોતા દેતા. એ લોકોએ મને ઊંચકી લીધો. જો કે એ મારા માટે સારું હતું કેમ કે એટલે ઊંચેથી રિયાને શોધવી સરળ બની જતું હતું.

‘રાજકુમાર માધવ’, એક જણ બોલ્યું.

‘ઝિંદાબાદ’, બીજા લોકોએ પ્રતિભાવ આપ્યો.

મને ઘણી ખાલી ખુરશીઓ દેખાતી હતી. એ ક્યાં ચાલી ગઈ? મને વિચાર આવ્યો. લોકો મને ઉપર નીચે કરતા હતા.

મેં પાગલની જેમ ચારે બાજુ જોયું. રિયાની કોઈ એંધાણી નહોતી. મિડિયાના લોકોને ઇન્ટરવ્યૂ જોઈતો હતો. મને યાદ છે, એણે એવું કહેલું કે આ એક અદ્ભુત ઘટના હતી જે ડુમરાઉંના હજારો બાળકોનું જીવન બદલી નાખશે.

‘તમે ખુશ છો?’ એક રિપોર્ટરે પૂછ્યું.

‘હું હા..’ મેં કહ્યું. હું ખુશ હતો એટલે કે ખુશ હોવો જોઈતો હતો. મેં મારી જાતને કહ્યું રિયા ક્યાં છે?

મા મારી પાસે આવી. મિડિયાના પ્રતિનિધિઓ એની તરફ ફર્યા.

‘મા, તે રિયાને જોઈ?’ મેં પૂછ્યું. ‘કોણ?’

‘મારી દોસ્ત. એ આગળની હરોળમાં જ બેઠી હતી. એ ક્યાં ગઈ?’

માએ ખબર નથી એવા ભાવમાં ડોકું હલાવ્યું. એ રિપોર્ટર્સ તરફ ધરી.

મેં ટોળાથી મારી જાતને અલગ કરી. એમએલએ ઓઝા મારી પાસે આવ્યા. ‘અભિનંદન, રાજકુમારજી, ઘણા રૂપિયા મળ્યા નહીં?’

‘આપનો આભાર ઓઝાજી, આ તક આપવા માટે.’

‘ઠીક છે, હવે આપણે એને વહેંચી લઈશું ને?’ એમણે પૂછ્યું.

મેં એમની તરફ અને એમની લુચ્ચી આંખો તરફ જોયું. એમણે મારા ચહેરા પર આઘાતના ભાવ જોયા. એ જોરથી હસી પડ્યા. ‘મજાક કરું છું રાજકુમારજી. કાયમ ગંભીર ન બની જાઓ. મને ખબર છે આ રૂપિયા સ્કૂલ માટે છે.’

હું હસ્યો અને ત્યાંથી જવા માટે રજા માગી. લગભગ વીસ મિનિટમાં ટોળું વિખેરાઈ ગયું.

મોટાભાગના વાલીઓ અને વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા. સ્કૂલ સ્ટાફે રિયાને ક્યાંય જોઈ કે નહીં એવું મેં પૂછ્યું.

'એ આગળની હરોળમાં જ હતાં. જ્યારે પેલા ગોરા લોકો પૈસાની જાહેરાત કરતા હતા ત્યારે મેં એમને ઊભા થતાં જોયાં હતાં.' તારાચંદજીએ કહ્યું.

હું કામચલાઉ બનાવવામાં આવેલા પાર્કિંગ એરિયા તરફ ગયો. કોઈ કાર નહોતી. ફાઉન્ડેશનના સભ્યોની કાર જઈ ચૂકી હતી. રિયાની કાર પણ નહોતી.

મેં રિયાને ફોન કર્યો. કોઈએ ઉપાડ્યો નહિ., મેં ફરી પ્રયત્ન કર્યો. બે વાર, ત્રણ વાર, કોઈ જવાબ નહીં, મેં રિયાના ડ્રાઇવરને ફોન કર્યો.

'હું તો રજા પર છું. મેડમે કોઈ બીજા ડ્રાઇવરને બોલાવ્યો હશે.' એ બોલ્યો. મેં ફોન મૂકી દીધો.

હું વિચારતો રહ્યો કે હવે શું કરવું. એ ક્યાં ગઈ હશે? એને ઘેરથી કોઈ એવો ફોન મૂકી દીધો? ઑફિસ? એ ક્યાં હોઈ શકે?

'માધવ સર', એક નાનકડી છોકરીના અવાજે મારા વિચારો અટક્યા.

એ શબનમ હતી, ધોરણ ૩ ની વિદ્યાર્થિની. કૃષ્ણની નૃત્યનાટિકામાં ગામવાસીનું પાત્ર ભજવ્યું હોવાના કારણે એણે ધોતી અને કુર્તો પહેર્યાં હતાં. એનાં માતા-પિતા એની પાછળ ઊભાં હતાં.

મેં એમનું અભિવાદન કરવા માટે હાથ જોડ્યા. કાર્યક્રમ માટે એમણે મને અભિનંદન આપ્યાં.

'માધવ સર, દીદી તમારા માટે કંઈક આપીને ગયાં છે.' શબનમે મારા હાથમાં ખાખી કવર મૂક્યું. 'રીયાદીદીએ કાર્યક્રમ પૂરો થયા પછી આ તમને આપવાનું કહ્યું હતું. તમે સ્ટેજ પર હતા ત્યારે જ એ જતાં રહ્યાં હતાં.'

'એણે કંઈ કહ્યું ખરું એ ક્યાં જાય છે?'

શબનમે ડોકું હલાવીને ના પાડી અને પોતાનાં માતાપિતા સાથે ચાલી ગઈ. મેં કવર ખોલ્યુ.

'ક્યાં છે તું?' દૂરથી માએ બૂમ પાડી.

'અહીં જ છું', મેં કહ્યું અને કવર ખિસ્સામાં સેરવી દીધું.

'ઘણા બધા મહેમાન ઉજવણીના ભાગરૂપે ઘેર જમવા માટે આવે છે. ચાલ જઈએ.'



૩૩

અમારા માનવંતા મહેમાનો હવેલી પર લંચ માટે આવ્યા.

'તારો દીકરો કેટલો હોશિયાર છે?' માની બાળપણની મિત્ર કાન્તા આન્ટી બોલી.

'એ રાજા થવાને જ લાયક છે. આ જ આપણો અસલી રાજકુમાર છે.' બેલાકાકી બોલી. બેલાકાકી માની દૂરની પિતરાઈ પણ થતી હતી.

મેં દરેક આન્ટીઓનો એમની પ્રશંસા માટે આભાર માન્યો.

'મા, હું ઉપર મારા કમરામાં જઉં છું.'

'કેમ, અને જમવાનું શું?'

'હું થાકી ગયો છું, પછી જમી લઈશ.'

હું ઉપર તરફ દોડ્યો અને કમરાનું બારણું બંધ કરી દીધું. મેં ખિસ્સામાંથી કવર બહાર કાઢ્યું. અંદર કોમપ્યુટર પ્રિન્ટઆઉટવાળો પત્ર હતો.

પ્રિય માધવ,

તું ઈચ્છું કે આ પત્ર વાંચતી વખતે તું શાંત રહે, અને શક્ય હોય તો પછી પણ શાંત જ રહેશે. આ કાગળ હું તને કઈંક ખાસ કહેવા માટે લખી રહી છું. હું પટના છોડી રહી છું.

મારી તબિયત ઠીક નથી, માધવ. તેં છેલ્લા મહિના દરમ્યાન મારી ઉધરસ જોઈ છે. એ એલર્જી નથી. ઓન્કોલોજિસ્ટના કહેવા પ્રમાણે એ લંગ કાર્સીનોમા છે – ફેફસાનું કેન્સર. મને ખબર નથી કઈ રીતે થયું. તને તો ખબર છે હું સ્મોક નથી કરતી, પણ કોઈ કોઈ વાર ધૂમ્રપાન ન કરતાં હોય એમને પણ આ થાય છે, અને હું એ લોકોમાંની એક છું.

મને ખબર નથી કે મારા જીવનમાં જ બધી ઘટનાઓ શું કામ બની છે? ખરેખર, અને કદાચ એટલે જ મને લાગે છે કે આ પણ ઈશ્વરે મારા માટે ઘડેલી ગાંડીઘેલી યોજનાનો એક ભાગ જ હશે. લગ્ન, છૂટાછેડા અને રોગ – બધું જ માત્ર ત્રણ વર્ષના ગાળામાં.

મજાની વાત તો એ છે કે તું પણ મારા જીવનમાં વિવિધ તબક્કે જ આવ્યો છે. જો કે આપણે એ માટે નહોતાં બન્યાં.

મને ફરી વાર મિત્ર તરીકે સ્વીકારવા તારો આભાર, માધવ. હું દિશા ખોઈ ચૂકી હતી. મેં ભૂલો કરી હતી, મેં તારાથી ઘણું બધું છુપાવી રાખ્યું હતું છતાં તેં મારી મદદ કરી, મારી સંભાળ લીધી. મને ખબર હતી તને ઘણું વધુ જોઈતું હતું પણ હું એ આપી શકું એમ જ નહોતી. પહેલી વાર, એ યોગ્ય સમય નહોતો અને બીજી વાર, મારી પાસે સમય નહોતો.

પટનામાં વિતાવેલા છેલ્લા બે મહિનાથી વધુ સારો સમય મારા માટે હોઈ જ ન શકે. તારી સ્પીચ તૈયાર કરવામાં તને મદદ કરવી એ મારા જીવનનો વિશિષ્ટ અને અદ્ભુત સમય હતો.

આખીય વાતમાં ઉત્તમ વસ્તુ એ હતી કે તકલીફો છતાંય તેં વાત છોડી નહીં.

ગઈકાલે રાત્રે મેં તને રોકાવા માટે કહ્યું, મારો કોઈ હક નહોતો તો પણ. હું બદલામાં તને કંઈ નહીં આપી શકું એ હું જાણતી હોવા છતાં મને એમ થતું હતું કે તું મારી સંભાળ લે.

હું તારા માટે શું છું એ જાણું છું. જો હું તને મારી સંભાળ લેવાનું કહું ને બદલામાં તારે માટે કંઈ જ ન કરી શકું તોય તું મારી સંભાળ લેશે જ એવી મને ખાતરી છે. એટલે જ મેં જવાનો નિર્ણય કર્યો. હું આ નિર્ણયને અઘરો બનાવવા નહોતી માગતી.

હું બહુ વિગતોમાં પડવા નથી માગતી. ફક્ત એટલું પૂરતું થઈ પડશે કે મારી પાસે ત્રણ મહિનાથી થોડો જ વધુ સમય બચ્યો છે. છેલ્લો મહિનો તો ભયંકર હશે. હું પેલા રક્તમય હિસ્સાને ચૂકાવી દઈશ, પણ વિશ્વાસ રાખજે, તારે એ જાણવાની જરૂર નથી.

તારી જિંદગીમાં કંઈક અર્થપૂર્ણ બની રહ્યું છે. તારી સ્કૂલ બહુ સુંદર છે, અને જો બિલગેટ્સ એ કરશે, જે હું જાણું છું કરશે જ, તો તું તારી સ્કૂલને વધુ બહેતર બનાવી શકીશ. જો એમ થાય તો હું તારું ધ્યાન બીજે ક્યાંય પણ દોરાય એમ નથી ઈચ્છતી. મેં તારો પ્રેમ જોયો છે, પણ મારે તારી દયા નથી જોવી. હું બાસ્કેટબૉલ ગર્લ છું. એ જ રીતે તું મને યાદ રાખે એમ હું ઈચ્છું છું.. તારી બાસ્કેટબૉલ ગર્લ.

મારે તને તારી સ્કૂલ અને તારી માં પાસે છોડવો જ રહ્યો. દરમ્યાન, મારી પાસે જે થોડો અમથો સમય છે અને એ હું મનફાવે ત્યાં પ્રવાસમાં ગાળવા માંગું છું. છેલ્લા મહિનામાં હું આ જગતમાં એવો કોઈ ખૂણો શોધી લઈશ જ્યાં હું કોઈને હેરાન ન કરું. પછી જગતમાંથી ચાલી જઈશ. તને એક વાત કહું? જીવનના છેલ્લા દિવસે હું તને યાદ કરતી જઈશ.

મારા પટના છોડી જવાના નિર્ણયને કારણે એક સારી વાત બની છે. હું તને કંઈ પણ કહી શકીશ. હવે મારે કંઈ છુપાવવાની જરૂર નહીં પડે. જેમ કે, તું જ મારા ઘરે ગઈકાલે રાત્રે સુતો નહોતો એમ નહોતું. હું પણ સુતી નહોતી.મને વારંવાર એ જ વિચાર આવતો હતો કે તને છોડીને જવું કેટલું અઘરું પડશે ? મજાની વાત કહું ? જગત છોડવાની વાતથી મને તકલીફ નથી પણ તને છોડીને જવું ખરેખર અઘરું છે.

તો, રડવાનું નહીં, મને શોધવાની નહીં, દેવદાસ બનવાનું નહીં. તું સરસ દેખાય છે, પ્રેમાળ છે, તને સરસ છોકરી મળશે, કોઈ એવી કે જે મારા જેવી અવ્યવસ્થિત નહીં હોય, કોઈ એવી ચોક્તી જે તને મળવો જોઈએ એથીય વધુ પ્રેમ કરે.

હું કાલની રાહ જોઉં છું. મને વિશ્વાસ છે કે તું સ્ટેજ ગજવીશ.

હું એ કહીને આ પત્ર પૂરો કરીશ જે હું જીવનમાં કમ સે કામ કોઈને પણ એકવાર કહેવા માંગતી હતી, એ છે-

હું તને પ્રેમ કરું છું, માધવ જહા. હું સંપૂર્ણપણે ચોક્કસપણે તને ચાહું છું અને જીવનના અંત સુધી તને ચાહતી રહીશ.

બાય માધવ, તારું ધ્યાન રાખજે.

રિયા.

મારી આંખો છલકાઈ ગઈ હતી. ગાલ પરથી આંસુ સરી રહ્યાં હતાં. મારા પગ અચાનકઅશક્ત બની ગયા હતા. મને ઊભા રહેવામાંય તકલીફ પડતી હતી. મારા હાથમાંથી પત્રપડી ગયો. મેં પત્ર ઊંચક્યો અને ફરી વાંચ્યો. રિયાની કારમાં હું બેઠો હતો એ યાદ આવી

ગયું મને. મારા મનમાં ચિત્રો આવવા લાગ્યાં. એની ફેન્સી કંકોત્રીનું બૉક્સ, ગ્લુકોઝ બિસ્કિટ અને એનું ચાલ્યા જવું. એ વખતે એ લગ્ન કરવા માટે અદશ્ય થઈ ગઈ હતી અને હવે મરવા માટે. બન્ને ઘટનાઓમાં એણે એકપક્ષી નિર્ણયો જ લીધા હતા.

મેં ફરી એને ફોન જોડ્યો. આ વખતે ફોન સ્વિચ ઓફ હતો. કદાચ એ પટના તરફ જઈ રહી હશે અને નેટવર્ક નહીં પકડાતું હોય અથવા તો એણે પોતાનું સીમકાર્ડ કાઢીને ફેંકી દીધું હશે.

હું મૂઢ બની ગયો હતો. જાણે મારા માથામાં કોઈએ હથોડો માર્યો હોય એવું લાગતું હતું.

મારા માટે કંઈ જ અગત્યનું નહોતું. ઘરમાં રહેલ મહેમાનો, ગેટ્સ ફાઉન્ડેશનનું અનુદાન - કંઈ કરતા કંઈ નહીં. રિયાને ફેફસાંનું કેન્સર હતું અને એણે કહ્યું પણ નહોતું. એ આવું મારી સાથે કઈ રીતે કરી શકે?

'પટના, પટના જા' મેં મારી જાતને કહ્યું. એ ચોક્કસ પોતાના ઘેર જ પહેલાં જશે.

હું નીચે દોડ્યો. ત્યાં નાનકડી મંડળી જામી હતી.

'અભિનંદન, માધવભાઈ, તમે બહુ સરસ બોલ્યા.' સરપંચે કહ્યું. એ હિંદીમાં બોલતા હતા અને કદાચ ઇંગ્લિશનો એક શબ્દ પણ નહોતો આવડતો.

'હેલ્લો સર, હું દૈનિક ભાસ્કરમાંથી આવ્યો છું. રવિવારની પૂર્તિમાં અમારે તમારા વિષે છાપવું છે.' એક પત્રકારે કહ્યું.

મેં માને શોધી કાઢી.

'પટના? અત્યારે?' એણે પૂછ્યું.

'ફાઉન્ડેશનના લોકો મારી પાસે કેટલાક કાગળો પર સહી કરાવવા માગે છે.'

'પણ મને તો એમ હતું કે બીજા કાર્યક્રમ માટે એ લોકો ગયા તરફ ગયા છે.'

'કેટલાક લોકો ગયા છે. હવે એમણે સહાયની જાહેરાત કરી છે તો મારે કેટલાક દસ્તાવેજ પર સહી કરવાની છે.'

'જમીને જજે. અત્યારે મહેમાનોય ઘણા છે.'

'મા, મારે અત્યારે જ જવું પડશે.' મેં કહ્યું.

મારી માને કંઈક ખોટું હોવાની ગંધ આવી.

'પેલી તારી છૂટાછેડાવાળી દોસ્ત ક્યાં છે?' માએ પૂછ્યું, 'સાડી ને બધું શું શું પહેરી આવી હતી. આજે?'

'એનું નામ રિયા છે મા, છૂટાછેડાવાળી છોકરી નહીં.' ચિડાઈને મેં કહ્યું.

'મેં કંઈ એને છૂટાછેડા નથી લેવડાવ્યા.'

'મા, એ મરી રહી છે.'

'શું?'

મેં માને રિયાની માંદગીની વાત કરી.

'બિચારી છોકરી, હજુ તો ઘણી નાની છે.'

'મારે પટના જવું પડશે.'

'તું મને કહી રહ્યો છે કે મારી રજા માગી રહ્યો છે?'

'હું તને ફોન કરીશ.' મેં કહ્યું અને નીકળી ગયો.

*

તાળું - રિયાનું ઘર બંધ હતું. પડોશીઓને કંઈ ખબર નહોતી.

'મેડમ બહુ વિચિત્ર છે. મારી જિંદગીમાં આવા ગ્રાહક મેં ક્યારેય જોયા નથી.' મેં જ્યારે દલાલ હેમંતને એ કદાચ જાણતો હોય તો પૂછવા ફોન કર્યો ત્યારે એણે આમ કહેલું.

'શું થયું?' મેં પૂછ્યું.

'તમે ક્યાં છો?' એણે સામે પૂછ્યું.

'એના એપાર્ટમેન્ટ પાસે ઊભો છું. ઘર બંધ છે. તાળું મારેલું છે.'

'ઊભા રહો. મારે ત્યાં જ આવવું પડશે.'

હેમંત વીસ મિનિટમાં આવી પહોંચ્યો.

'એમણે કાલે રાતે જ મને ફોન કર્યો હતો. કહ્યું હતું કે ચાવીઓ લેટરબૉક્સમાં હશે.'

'ચાવીઓ?'

હેમંત અને હું લેટરબૉક્સ માટે બિલ્ડિંગ કમ્પાઉન્ડમાં ગયા. એણે પોતાનો હાથ અંદર સેરવ્યો અને ચાવીનો ઝૂડો બહાર કાઢ્યો.

'જ્યારે મેડમે ગઈકાલે મને ફોન કર્યો ત્યારે એમણે કહ્યું કે એ શહેર છોડીને જઈ રહ્યાં છે અને એટલે ઘર પાછું સોંપી દેવા માગે છે.' દાદર ચડતાં ચડતાં થોડું હાંફતાં હેમંત બોલ્યો.

'પાછું સોંપી દેવા?' મૂરખની જેમ મેં એ જ શબ્દો પૂછ્યા.

'મેં એમને કહ્યું કે નોટિસ પિરિયડ હોય, એમણે સિક્યોરિટી માટે આપેલી ડિપોઝિટ બાતલ જશે.'

'અને?'

'એમણે કહ્યું કે કંઈ વાંધો નહીં. મકાનમાલિક ભલે એ ડિપોઝિટ રાખી લે.'

એણે તાળું ખોલ્યું. અમે અંદર ગયા. ફર્નિચર, ટી.વી. બધું હતું અંદર. હું રસોડામાં ગયો. દરેક વસ્તુ એની જગ્યાએ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. વાસણો, ગેસનો ચૂલો બધું જેમનું તેમ હતું. હું બેડરૂમમાં ગયો. માત્ર એનો કપડાંનો કબાટ ખાલી હતો.

'એ મોટાભાગની વસ્તુઓ અહીં મૂકીને ગયાં છે.' હેમંત બોલ્યો, 'એમણે કહ્યું કે હું એ વેચી દઈ શકું છું.'

'એમણે કહ્યું?'

'સાચ્ચે, એમણે કહ્યું.' હેમંત બોલ્યો. એને કદાચ ડર લાગ્યો કે, હું આ બધા પર મારો હક્ક આગળ ધરીશ. 'મેડમે કહ્યું કે કોન્ટ્રાક્ટ તોડવાને કારણે કે નવા ભાડૂઆત મળવામાં મકાનમાલિકને જે નુકસાન થાય એની ભરપાઈ કરવા માટે જે વેચવું હોય એ વેચી દેજો.'

'એણે બીજું શું શું કહ્યું?' મેં પૂછ્યું.

'સર, હું આ બધી વસ્તુઓ રાખી શકું?'

'હેમંત, મને એ કહે કે એણે બીજું શું કહ્યું? એણે એમ કહ્યું કે એ ક્યાં જઈ રહી છે?'

'ના સર, હું ટી.વી. પણ રાખી શકું ને?'

'હેમંત' મેં એને ખભેથી પકડી લીધો, 'એણે બીજું શું કહ્યું તને?'

'એમણે કહ્યું કે એ હવે પાછાં નહીં આવે, કારણ કે એમણે નોકરી છોડી દીધી છે.'

'એમણે કહ્યું એ ક્યાં જાય છે?' મેં હેમંતના ખભા હલાવીને પૂછ્યું.

'ના સર.' હેમંતે થોડા ગભરાઈને જવાબ આપ્યો. 'સર, તમારે આમાંથી કોઈ વસ્તુઓ જોઈએ છે? સાચું કહું છું, હું એવા પ્રકારનો માણસ નથી. એમણે જ મને કહ્યું હતું રાખી લેવા માટે.'

મેં એની વાત પર ધ્યાન ન આપ્યું. હું બાલ્કનીમાં ગયો. મેં ખિસ્સામાંથી એનો પત્ર કાઢ્યો ને ફરી વાંચ્યો.

'હું તને પ્રેમ કરું છું.' પત્રના અંતે લખ્યું હતું. આ વાક્ય પટના આવતાં આવતાં મેં લગભગ સો વાર વાંચ્યું હશે.

'આ તેં ઠીક નથી કર્યું, રિયા' હું બોલી ઊઠ્યો, 'ઠીક નથી કર્યું.'

'સર !' હેમંત બાલ્કનીમાં આવ્યો.

'જો તને એમના વિષે કંઈ પણ ખબર પડે, એમની કંપની, એમના દોસ્ત કે કોઈપણ પાસેથી તો મને કહેજે.' મેં કહ્યું.

'ચોક્કસ સર, હું આ બધી ચીજવસ્તુઓને ગોડાઉનમાં મુકાવી દઉં છું. કદાચ કોઈ આવી ચડે તો? વેચતા પહેલાં હું રાહ જોઈશ.'

'તારે જે કરવું હોય તે કરજે.' મેં કહ્યું.



૩૪

ચેતન ભગતનો રૂમ.

ચાણક્ય હોટલ, પટના.

'તું ઠીક છે?' મેં પૂછ્યું.

આંસુ લૂછવા માટે એ રોકાયો હતો. મેં એને એનો સમય લેવા દીધો. એણે એનો હોઠ દાંત નીચે દબાવી સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો પણ ફાવ્યો જ નહીં. થોડી જ વારમાં એ ઊંચો એવો છોકરો બે વર્ષના બાળકની જેમ ખુરશીમાં ઢગલો થઈને ઘૂસકે ઘૂસકે રડવા લાગ્યો.

'હું નથી જાણતો હું કેમ રહું છું. બહુ વખતે હું રડું છું.' ડૂસકાંની વચ્ચે માધવ બોલ્યો.

'કેટલો વખત?'

'બે વર્ષ અને ત્રણ મહિના. હકીકતે સાડા ત્રણ મહિના.'

'એ ગઈ ત્યારથી?'

'હા.'

એક્સક્યુઝમી કહીને એ ઊભો થયો અને ટોઇલેટમાં ગયો. મેં બે કપ ગ્રીન ટી બનાવી. ચાનો પહેલો કપ અમે ક્યારનો ય પૂરો કરી ચૂક્યા હતા. થોડી મિનિટમાં જ એ બહાર આવ્યો. એણે એનો ચહેરો ધોઈ નાખ્યો હતો.

'સૉરી', એ બોલ્યો, 'હું ભાન ગુમાવી બેઠો હતો.'

'આ લે, ચા પી.'

મેં એને ચાનો કપ આપ્યો. એણે એક ઘુંટ ભર્યો.

'આ કેવી ચા છે?'

'ગ્રીન ટી.'

'ખાંડ નહી? દૂધ નહીં?' એણે પૂછ્યું અને મારી સામે એવી રીતે જોયું જાણે હું કોઈ શાકાહારી દૈત્ય હોઉં.

'તારા માટે સારી છે,' મેં કહ્યું.

'એવું છે? થેંક્સ', એ બોલ્યો.

'તો માધવ, પછી શું થયું? તું દલાલને મળ્યો હતો. તે એનું ખાલી ઘર જોયું. પછી? તે એને શોધવાનો પ્રયત્ન કર્યો હતો?'

એણે ડોકુ હલાવ્યું.

'મેં કર્યો હતો. મેં એની કંપનીમાં ફોન કર્યો હતો. એ લોકોએ કહ્યું હતું કે એણે રાજીનામું

આપ્યું હતું અને ચાલી ગઈ હતી. નોટિસ આપ્યા વગર ટૂંકા ગાળામાં રાજીનામું આપવાથી એને મળનારા લાભ પણ એણે જતા કર્યા હતા.'

'એણે રાજીનામું ક્યારે આપેલું?'

'મને કાગળ લખ્યાના અઠવાડિયા પહેલાં.'

'એટલે એ જાણતી હતી કે એ જવાની છે.' મેં કહ્યું.

'હા, તે દિવસે રાત્રે જ્યારે એણે મને રોકાવાનું કહ્યું હતું ત્યારે એને ખબર હતી કે એ રાત અમારી છેલ્લી રાત હતી. એણે બધું ગોઠવી રાખેલું.'

એ ફરી ઉદાસ થઈ ગયો.

'તે બીજું શું કર્યું?'

'મેં કંપની પાસેથી એમણે નિયુક્ત કરેલા ડોક્ટર્સનું લિસ્ટ લીધેલું. હું એમને મળેલો. એ લોકોએ કહેલું કે રિયા માત્ર એક વાર જ આવેલી, જ્યારે એને પહેલી વાર ઉધરસ થયેલી એ પછી એ એના ફેમિલી ડૉક્ટરને મળવાની હતી.'

'દિલ્હીમાં?'

'હા, હું દિલ્હી ગયેલો.'

'એને શોધવા?'

'મારે ત્યાં આમેય ગ્રાન્ટ માટે કેટલાક કાગળો તૈયાર કરવા જવાનું હતું. હું એના ઘરે ગયેલો. એ ત્યાં નહોતી.'

'તું એનાં માતા-પિતાને મળેલો?'

'એની મમ્મીને. એના ડેડ મહિના પહેલાં જ અવસાન પામ્યાં હતાં.'

એણે ચાનો ઘૂંટ ભર્યો અને ફરી શાંત થઈ ગયો.

'એની મમ્મીને કંઈ ખબર હતી?' મેં પૂછ્યું.

'ના, એ તો મારાથી પણ ઓછું જાણતી હતી. એમના કહેવા મુજબ રિયાએ એમને ફોન કરીને કહેલું કે એ કોઈ યોગ-ધ્યાનનો કોર્સ કરવા જાય છે. એટલે જ એનો ફોન લાગતો નથી. એવું એમણે કહેલું.'

'તેં એમને રિયાના કેન્સરની વાત કરી?'

'હું કહી ન શક્યો. મારામાં એ તાકાત જ નહોતી. મેં એમની આગળ એમના પતિના મૃત્યુ અંગે દિલસોજી વ્યક્ત કરી અને નીકળી ગયો.'

'અને તું, બિહાર પાછો આવી ગયો?'

'આમ તો હા, પણ એ પહેલાં મેં દિલ્હીની તમામ શ્રેષ્ઠ હૉસ્પિટલમાં ફોન કરીને રિયા અંગે પૂછ્યું હતું. કોઈ નહોતું જાણતું કે એ ક્યાં છે? મેં એમના ફેમિલી ડૉક્ટરનો સંપર્ક કરેલો, એમને તો રિયા વર્ષોથી મળી જ નહોતી. કૉલેજના રિયાના દોસ્તોને ફોન કરેલો, એ લોકો રિયા સાથેનો સંપર્ક ખોઈ બેઠેલાં. મેં ઇન્ટરનેટ પર શોધેલું. એ ફેસબુક કે બીજી કોઈ સાઇટ પર નહોતી. મેં ફોન કંપનીઓ પાસેથી એનો પત્તો મેળવવાની કોશિશ કરેલી. દેશના જાણીતા તમામ યોગાશ્રમમાં ફોન કરેલા - પણ કંઈ મળ્યું નહોતું.'

એનો ચહેરો પડી ગયો હતો. મને દેખાઈ રહ્યું હતું કે આ વાત કરવામાં એને તકલીફ

પડતી હતી.

'મેં ત્રણ મહિના માટે પ્રયત્ન કર્યો. મને આશા હતી કે એ આ જગત છોડીને જતી હશે ત્યારે એક વાર તો મને ફોન કરશે જ, પણ એણે ન કર્યો ફોન.'

'હવે તું બરાબર છે?'

'હું બરાબર હતો, જ્યાં સુધી આ ડાયરી ન મળી આવી. છેલ્લાં બે વર્ષથી મેં મારું ધ્યાન માત્ર સ્કૂલ પર જ કેન્દ્રિત કર્યું છે. ગ્રાન્ટને કારણે અમારી સ્કૂલ આખા ય વિસ્તારની શ્રેષ્ઠ સ્કૂલ બની છે. ચેતન સર, તમારે જોવા આવવું જોઈએ.'

'હું આવીશ, માધવ, તું એને બહુ પ્રેમ કરતો હતો નહીં?'

'એ એક માત્ર છોકરી હતી જેને મેં ચાહી હતી. બહુથી વધુ કે ઓછું એ હું નથી કહી શકતો, પણ હા, એક વાત હું ચોક્કસ કહી શકું છું.'

'કંઈ'

'હું બીજી વાર ક્યારેય પ્રેમ નહીં કરી શકું.'

'કેમ?'

'મારી અંદર કંઈક તૂટી ગયું છે. મારી પાસે એવું કોઈ સાધન નથી કે નથી તાર જેનાથી એ તૂટેલું સંધાય અને હું ફરી પ્રેમમાં પડું.'

હું મારી ખુરશીમાંથી ઊભો થયો અને પલંગ પાસે રહેલા ટેબલ પાસે ગયો. એ આ દરમ્યાન બોલતો રહ્યો.

'મારી પાસે સ્કૂલ છે, મારી પાસે મા છે. બસ, આ જ મારી જિંદગી છે.'

મેં ટેબલ પર પડેલી ડાયરી ઉપાડી, અને માધવ પાસે લઈને આવ્યો.

'તો આ બધી ડાયરી તને કઈ રીતે મળી?'

'હેમંતનો ફોન આવેલો. રિયાની બધી ચીજવસ્તુઓ એ વેચવા માટે ગોડાઉનમાં લઈ ગયેલો. એ વખતે રસોડાની અભરાઈ પર દૂર પડેલું લાકડાનું એક ખોખું એ ભૂલી ગયેલો. એ અભરાઈ રસોડામાં જરૂરી એવી સૂકી ચીજવસ્તુઓ રાખવા વાપરતી. રિયાના ગયા પછી એક કંપનીએ એ ઘર ભાડે લીધેલું અને એ એપાર્ટમેન્ટ ગેસ્ટહાઉસ તરીકે વપરાતું. એ લોકોને રસોડાની જરૂર ક્યારેય પડતી નહીં. બે વર્ષ પછી કંપનીએ એ ઘર ખાલી કર્યું હતું અને ચાર જણનો પરિવાર ત્યાં ભાડે રહેવા આવેલો. એ પરિવારની સ્ત્રીને આ લાકડાનું ખોખું મળી આવેલું અને એણે હેમંતને સોંપેલું. હેમંતે મને ફોન કરેલો અને આ બધી ડાયરી સાથે ખોખું આપેલું.

મેં માધવના ખોળામાં ડાયરી મૂકી.

'આ', મેં કહ્યું, 'લઈ જા.'

'કેમ? મેં કહ્યું ને મને નથી જોઈતી. હું નહીં વાંચી શકું.'

'તું એ લઈ જા', મેં મક્કમ અવાજે કહ્યું.

એણે એના ખોળામાં પડેલી નોટબુક્સ પર હાથ મૂક્યો.

'મેં એમાં લખાયેલી છ વાંચવા લાયક નોંધ પર નિશાની કરી છે, તારે એ વાંચવું જ જોઈએ, દોસ્ત', મેં કહ્યું.

'ના, ના, ના', એ બોલ્યો અને એણે ડાયરી ડાઇનિંગ ટેબલ પર પાછી મૂકી દીધી. 'મેં તમને કહ્યું તો ખરું, હું નહીં વાંચી શકું. આ છેલ્લાં બે વર્ષમાં હું માંડ માંડ એમાંથી બહાર આવ્યો છું. જો હું વાંચીશ તો એ બધા પર પાણી ફરી જશે.'

'મારી પર વિશ્વાસ રાખ, માધવ, તારે વાંચવું જ જોઈએ.'

રિયાની ડાયરી :

વાંચવા યોગ્ય નોંધ # 1

૧ નવેમ્બર,૨૦૦૨

આ ડાયરી મેં જ મને આપેલી બર્થડે ગીફ્ટ છે. આજે મારી પંદરમી બર્થ દે છે. હેપ્પી બર્થ ડે ટુ મી. બર્થ ડે ઊજવવી થોડું વિચિત્ર લાગે છે હવે. હું એટલી મોટી નથી થઈ ગઈ, પણ હું બાળકેય ક્યાં રહી છું હવે?

લોકો કહે છે ડાયરીમાં ખાનગી વાત લખવાની હોય. મારે પણ એકાદી લખવી જોઈએ ?

એ લોકો ખે છે, હું બહુ શાંત છું, ચૂપચાપ રિયા, રહસ્યમય રિયા, શરમાળ રિયા.

હું જવાબ નથી આપતી. હું માત્ર એટલું કહેવા માંગુ છું કે કોઈ ફૂલને ખીલતાં પહેલાં તમે કચડી નાખો, તો શું એ ફૂલ ખીલશે ખરું?

બાળક તરીકે હું જરાય શાંત નહોતી. હું શાંત હવે થઈ ગઈ છું. ડેડને ખબર છે હું બદલાઈ ગઈ છું. ડેડને એ પણ ખબર છે કે મને બધ્ધેબધ્ધું યાદ છે. છતાંય એ એમ જ વર્તે છે કે જાણે કંઈ બન્યું જ નથી. હું પણ એવું જ કરું છું.

છેલ્લાં ત્રણ વર્ષથી મને એમણે સ્પર્શ કરવાની હિંમત નથી કરી.

મને એ ખબર નથી પડતી કે મેં મોમને કહ્યું કે નહીં. કદાચ એ વખતે એ સાચું છે કે ખોટું એ મને ખબર નહોતી. આમેય એ કરી પણ શું શકત ?

આજે ડેડ મને ગોલ્ડ નેકલેસ આપ્યો. મેં પાછો આપી દીધો. મને એમની સાથે વાત કરવામાં પણ તકલીફ થાય છે. એ મારા સુધી પહોચવાનો પ્રયત્ન કરે છે, પણ હું અવગણું છું. એ ખે છે હું હજી પણ એમની દીકરી જ છું.

મને ડાયરી લખવી ગમે છે. હું અ વાતો કહી શકું છું જે કદાચ હું ક્યારેય ન કહી શકત.

મારો ભાઈ મૂરખ છે. એ જ રીતે કાકા અને મોટા કાકાના છોકરાઓ પણ એવાં જ છે. બગડેલા છે બધાય. એ લૂકો છોકરાઓ છે એટલે એમેને કોઈ નથી કહેતું કે શું કરવું. મને આવા દંભી માણસોથી બહુ ત્રાસ થાય છે.

હા, આ ડાયરી મેન મારી લાગણીઓ ઢાલવવાણી તક આપે છે. ગુડનાઈટ, ડાયરી.

વાંચવા યોગ્ય નોંધ # 2

૧૫ ડીસેમ્બર, ૨૦૦૫

બધું પૂરું થઈ ગયું છે. આમે છૂટાં પડી ગયાં છીએ.

જોકે મારી અને માધવ વચ્ચે કંઈ હતું નહીં, પણ જે પણ હતું એ પૂરું થઈ ગયું છે. એણે મને હું બહુ સસ્તી છું એવી લાગણી કરાવી. બધું હિંદીમાં, ગમાર બિહારી હિંદી. એ વિકૃત છે, મારે પહેલેથી જાણી લેવું જોઈતું હતું. હું શું વિચારતી હતી?

હું એની સાથે છેલ્લા એક વર્ષથી રખડું છું. મેં એને ચુંબન કરવા દીધું. છી... મારા દોસ્તો મને સાચું કહેતા હતા. એ મૂરખ, ગમાર છે. મને જ ગાંડપણ ઊપડ્યું હશે. નહીં તો હું એની સાથે વાત પણ શું કામ કરું?

કદાચ એ નકલી નહોતો જણાતો એટલે.

પણ એણે મારી સાથે પ્રેમ કરવામાં જ રસ હતો. ખરેખર, આ બહુ ચીતરી ચડે એવું લાગે છે પણ હકીકત એ જ હતી, અને વિચારો તો આવું તમને કોઇ હિંદીમાં કહે.

તો મિસ્ટર, હું ચાલતી પકડું છું. તારી હિંમત કઈ રીતે થઈ આવું કહેવાની? ઈચ્છા તો એવી થઇ આવે છે કે બાસ્કેટબૉલ કોર્ટમાં એનું માથું ફોડી નાખું.

મેં એને કહ્યું કે મારે સમય જોઇશે, ઘણો બધો, પણ એને તો સમય વેડફવો જ નહોતો, કેમ કે એને શરીરમાં જ રસ હતો, એટલે એ પોતાના દોસ્તોને કહી શકે કે એક પૈસાદાર છોકરીને એણે ભોગવી લીધી છે.

તો, ચાલતી પકડ, એવું આ પૈસાદાર છોકરી કહી રહી છે.

વાંચવા યોગ્ય નોંધ # ૩

૪ સપ્ટેમ્બર, ૨૦૦૬

મેં રોહનને હા પાડી દીધી. મહિના પહેલાં આ વાત આવી ત્યારે મને સૌથી વધુ અજીબ વિચાર લાગ્યો હતો. હું ને રોહન ભૈયા ? મારી મોમનું ખસી ગયું છે કે શું ? ભગવાનને ખાતર, એ તો મારો ભાઈ છે. હું એને રાખડી બાંધું છું. કહેવાની જરૂર નથી કે હું તો હજુ ઓગણીસ વર્ષની હવે થઈશ અને કૉલેજમાં ભણું છું.

પણ આજે મેં હા પાડી દીધી. આ મહિને ઘણી બધી ઘટનાઓ બનતી રહી છે. પહેલી તો, દર અઠવાડિયે લંડનથી ભેટોનું આવવું. લુઇ વિતોનની હેન્ડબેગ્સ, શનાલના પરફ્યુમ્સ, ઓમેગાની ઘડિયાળો - રોહન મને મોકલતો હતો. માત્ર મારા માટે નહીં, આખાય કુટુંબ માટે.

મારાં માતા-પિતાને લાગ્યું કે રિયા માટે આનાથી વધુ સારો છોકરો હોઈ જ ન શકે. મોમે કહ્યું રોહનનું કુટુંબ બહુ પૈસાદાર છે એટલે મારે આગળ ભણવાનીય જરૂર નથી.

છતાં ગઈકાલ રાત સુધી હું આ વિચાર સાથે સહમત નહોતી.

ગઈકાલે, રોહન લંડનથી દિલ્હી આવ્યો. થોડા કલાકો માટે, માત્ર મને મળવા માટે. અમારા બંનેમાંથી કોઈના ઘેર ખબર નહોતી કે રોહન આવ્યો છે. એ સ્ટીફન કૉલેજ પર બેન્ટલી લઈને આવ્યો. રોહન એની બેન્ટલી કાર ઇન્ડિયામાં જ રાખે છે. અમે લોંગ ડ્રાઈવ પર ગયાં. એણે કહ્યું કે એને ફરવું બહુ ગમે છે અને જીવન અને પ્રવાસ, બંનેમાં હું એની શ્રેષ્ઠ જીવનસાથી બની શકું એમ છું. એણે એમ પણ કહ્યું કે એને ખ્યાલ આવે છે કે હું હજી નાની છું અને મારે ભણવું હોય તો હું લંડનમાં ભણી શકીશ. એને મોમ પાસેથી એવીય ખબર પડેલી કે મારે મ્યુઝિક ભણવું હતું. એ લંડનની ટોપ મ્યુઝિક સ્કૂલ્સનું લિસ્ટ લઈ આવેલો મારે માટે.

અંતે, એ એના ગોઠણ પર બેસી ગયો. ખિસ્સામાંથી બ્લ્યુ કલરનું ટાઈફેનીનું બૉક્સ કાઢ્યું. અંદર મોટા, ત્રણ કેરેટના હીરાવાળી વીંટી હતી.

'તું તારો નિર્ણય લઈ શકે છે,' એ બોલ્યો. એણે વીંટી પાછી બૉક્સમાં મૂકી દીધી અને મને આપી. છેલ્લે એ બોલ્યો, 'રિયા સોમાણી, આ વિશ્વની સૌથી ખૂબસૂરત વ્યક્તિ, દેખાવથી અને અંતરથી પણ, શું તું મારી સાથે લગ્ન કરશે ?'

તો પ્રિય ડાયરી, એક છોકરી શું કરે ?

એ રાતે મેં બ્લ્યુ બૉક્સમાંથી વીંટી કાઢીને પહેરી લીધી. મેં મોમને વીંટી દેખાડી. એ હજુ રોહનની મોમ સાથે ફોન પર વાત કરે છે, લાગે છે આનંદથી ગાંડી થઈ ગઈ છે.

મને લાગે છે ઉતાવળ થઈ રહી છે, પણ આ વખતે સારું થઈ રહ્યું છે.

વાંચવાયોગ્ય નોંધ # 4 (આમાં લંડનની ઘણી બધી નોંધોનો સમાવેશ થાય છે.)

૪ એપ્રિલ, ૨૦૦૭

મ્યુઝિક સ્કૂલમાં જવા માટે થઈને હું મારુ ભણવાનું અડધું છોડીને આવી છું. વળી એડ્મિશન મળવું પણ અઘરું છે. મારે તૈયારીઓ કરવી પડશે, એપ્લાય કરવું પડશે, પરીક્ષા આપવી પડશે અને એ બધાંમાં ઓછામાં ઓછા ૮ મહિના નીકળી જશે.

રોહનની મમ્મી ઇચ્છે છે કે આજે હું ડિનર માટે એમની કેટલીક ફ્રેન્ડ્સને મળું. રોજ કોઈને ને કોઈને મળવાનું થાય જ છે. આ લોકો ખાસ્સાં એવાં સામાજિક વર્તુળોમાં આવે જાય છે. મેં એમને કહ્યું પણ ખરું કે રોહન શહેરમાં નથી તો હું ઘરે રહું પણ એમણે કહ્યું કે મારે જવું જ પડશે.

તો, પાછી આજે સાંજે એક પાર્ટી. કંટાળાજનક.

૧૦ જુલાઈ, ૨૦૦૭

રોહન આખો વખત બહાર ફરતો રહે છે અને એય લાંબા સમય સુધી. એનો પ્રવાસ એણે બે અઠવાડિયાં માટે લંબાવી દીધો છે. હું બે દિવસ માટે એની સાથે જોડાઈ હતી અને મેં થોડું ઘણું ઇસ્તંબુલ જોયું. જોકે એ તો આખો દિવસ મિટિંગમાં જ હોય છે. અને આખો દિવસ એકલા રખડવું મને જરાય ગમતું નથી. વળી, રોહનની મમ્મીએ મને પાછી બોલાવી છે. એમણે પાર્ટી રાખી છે અને નવી પરણેલી પુત્રવધૂએ ત્યાં હોવું જરૂરી છે.

'બહુ સુંદર છે.' મમ્મીની એક બહેનપણીએ કહ્યું હતું.

'સારું થયું તમે ઇન્ડિયાથી વહુ લાવ્યાં, તમારું સાંભળે તો ખરી' બીજી બહેનપણીએ કહ્યું હતું.

૬ સપ્ટેમ્બર, ૨૦૦૭

એ આજે પીને ઘરે આવ્યો, એણે મને મારવાની કોશિશ પણ કરી.

'તું મારો ફોન કેમ નથી ઉપાડતી ?' એણે ચીસ પાડી.

હું મ્યુઝિક ક્લાસમાં હતી. મેં એને કહ્યું હતું. મેં એને તરત મેસેજ પણ કર્યો હતો. 'મધરાત થઈ ગઈ છે, રોહન. એવી તે કેવી બિઝનેસ મિટિંગ હોય છે. રાત્રે ?'

'મોં બંધ કર, હરામજાદી, તને કામ વિષે શું ખબર પડે ?'

'તું મારી સાથે આ રીતે વાત નહીં કર.'

હું પાછી ફરીને ચાલવા લાગી.

'તું આ રીતે ચાલી ન જઈ શકે.'

'પહેલાં વાત કરતાં શીખ તો હું ઊભી રહીશ..'

'મેં પીધું નથી' એ લડખડાતા અવાજમાં બોલ્યો.

હું એની તરફ ફરી. 'તારી જાણ માટે કહી દઉં કે, હું વીસ વર્ષની છું. હું કૉલેજમાં ભણતી હતી. તારી સાથે લગ્ન કરવા માટે મેં એ બધું છોડ્યું'

તેં રાણીની જેમ રહેવા માટે એ બધું છોડ્યું છે.'

'રોહન', હું બોલી અને મારી જાતને સ્વસ્થ કરવા માટે અટકી, 'હું ઇન્ડિયામાં પણ સારી રીતે જ જીવતી હતી.'

'ત્રણ ભાઈઓ વચ્ચે વહેંચાયેલા સોમાણી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સરખામણી તું મારા બિઝનેસ સાથે કઈ રીતે કરી શકે, છોકરી?'

'હું કોઈ સરખામણી નથી કરતી. હું ફક્ત તને એટલું કહેવા માગું છું કે મને આ રીતે પૈસા-ટકા-સોના પાછળ દોડવામાં કોઈ રસ નથી.'

એ ડગમગ્યો અને પછી ડ્રોઈંગરૂમમાં આવેલા વિશાળ વિચિત્ર પ્રકારના સોફા પર બેઠો.

'બેસ.', મને બાજુમાં બેસવાનો ઈશારો કરતાં કહ્યું.

મેં એની આજ્ઞાનું પાલન કર્યું.

'મમ્મી કહેતી હતી કે આજે જ્યારે તું બહાર જતી હતી ત્યારે તેં એની સાથે બરાબર રીતે વાત ન કરી.'

'બરાબર રીતે જ કરી હતી.'

'તો એ જૂઠું બોલે છે ?'

'મને ક્લાસમાં જવાનું મોડું થતું હતું. એમણે મને એમની સાથે સલૂનમાં જવા કહ્યું. મે કહ્યું આપણે કાલે જઈશું.'

'આવું તું મારી મમ્મીને નહીં જ કહે, ક્યારેય નહીં..'

'મારે ક્લાસ હતા, રોહન.'

'શેના ક્લાસ ? તને હજુ કૉલેજમાં એડ્મિશન પણ નથી મળ્યું.'

'હા, આવતા વર્ષે મળશે, પણ મેં એની તૈયારી માટે મ્યુઝિક ક્લાસમાં એડ્મિશન લીધું છે. મ્યુઝિક કૉલેજમાં એડ્મિશન લેવું સહેલું નથી. મેં આ વિષે પહેલાં પણ તને કહ્યું છે.'

રોહન ઊભો થઈને બહાર તરફ ગયો. એણે હાથમાં બોટલ લીધી.

'રહેવા દે.' મેં કહ્યું અને એના હાથમાંથી બોટલ લઈ લેવાનો પ્રયત્ન કર્યો.

'શું નાટક છે ?' રોહન બોલ્યો, 'છોડી દે, હમણાં જ.'

એણે મને જોરથી ધક્કો માર્યો. મારું સમતુલન ગયું અને હું લપસી પડી. એ મારી ઉપર નમ્યો.

'મને અડીશ નહીં,' મેં કહ્યું અને એને દૂર કર્યો.

મને ઘર યાદ આવે છે, મને કૉલેજ યાદ આવે છે. કોઈની મમ્મી સાથે કેવી રીતે વાત કરવી એવું મને કોઈ ન કહેતું હોય એ યાદ આવે છે.

ગુડનાઈટ, ડાયરી, સારું છે તું પરણી નથી.

૭ સપ્ટેમ્બર, ૨૦૦૭

એણે માફી માગી. એણે કહ્યું એનાં પર કામનો બહુ બોજો છે. 'મારે ઘણું બધું આગળ વધવાનું છે રિયા. હોટલ ઇન્ડસ્ટ્રીના માંધાતાઓ સામે હું કંઈ જ નથી.'

'તારે માંધાતા થવું છે શું કામ ?' મેં પૂછ્યું

પણ એણે તો એની મમ્મી વિષે વાત કરવા માંડી. 'એણે જિંદગીમાં બહુ સહન કર્યું છે. મારો બાપ મારી મમ્મી સાથે બહુ ખરાબ રીતે વર્તન કરતો હતો. હું એની પડખે રહેવા માગું છું.'

હેંગઓવર માણસોને સેન્ટી બનાવી મૂકે છે.

૧૪ જાન્યુઆરી, ૨૦૦૮

ભારતીય પોશાક જ પહેરવાના. તું માની શકે છે આ વાત ? આજે રોહનની મમ્મીએ મને આવું કહ્યું

'જો આનાથી એ ખુશ થતી હોય તો પહેરને. શો ફર્ક પડે છે ?' રોહને પોતાના બે ડઝન શૂઝની જોડમાંથી શૂઝ પસંદ કરતાં મને કહ્યું હતું.

'કેમ ?' મેં પૂછ્યું. એવું નથી કે મને ભારતીય પોશાક નથી ગમતા. પણ મુદ્દો એ છે કે મારે ક્યાં કપડાં પહેરવાં એવું એ કઇ રીતે નક્કી કરી શકે ?'

તું શ્રેષ્ઠ ઇન્ડિયન ડિઝાઇનર કપડાં ખરીદી લે ને. હું હોટલથી માણસ મોકલું ? એ તને જુદા જુદા બુટિકમાં લઈ જશે.'

'વાત એ નથી રોહન', મેં કહ્યું

'કકળાટ કરવાનું બંધ કર. એની બહેનપણીઓને પણ એની વહુ પાસેથી કંઈક અપેક્ષા હોય. તું તો ગઈ કાલે ટૂંકો ડ્રેસ પહેરીને લફડફફડ કરતી આવી ચડી હતી.'

'એ' સામાન્ય ડ્રેસ જ હતો, ગોઠણ સુધી લાંબો હતો. એ ટૂંકો હોત તોય શું ?'

એણે મારી સામે જોઈ ચપટી વગાડી.

'જેમ કહ્યું એમ કર. દલીલો નહીં જોઈએ.'

આને જ કદાચ લગ્નજીવનનો આનંદ કહેતા હશે ?

૧૮ માર્ચ, ૨૦૦૮

મેં ભૂલ કરી નાખી છે. મોટી, બહુ જ મોટી ભૂલ. મારો અસ્વીકાર હવે નહીં થવો જોઈએ. મેં રોહન સાથે લગ્ન કરીને બહુ મોટી ભૂલ કરી છે.

૧૧ જૂન, ૨૦૦૮

એની મમ્મી સામે એણે મને થપ્પડ મારી. ત્રણ વાર. મમ્મીએ એને રોક્યો પણ નહીં. એમને જાણે આ ગમતું હતું. એણે મારા વાળ પણ ખેંચ્યા.

મારે વિગતો કહેવી જોઈએ ? મને નથી લાગતું. અર્થ શું છે એનો ? પીધેલો પતિ અને સદાય ભૂલ શોધવા તત્પર રહેતી સાસુ. આ વખતે એમણે મને પાંચ વાર બોલાવી છતાં મેં ન સાંભળ્યું એ મુદ્દો હતો. (મેં હેડફોન્સ પહેર્યા હતા અને મારી મ્યુઝિક ટેપ્સ સાંભળી રહી હતી.) મા અને દીકરાએ મળીને રોહન મારા પપ્પાથી વીસ ગણો પૈસાદાર હોવાથી હું કેટલી નસીબદાર છું એનું લેક્ચર આપ્યું. જો હું બરાબર નહીં વર્તું તો પરિણામો સારાં નહીં આવે એમ પણ કહ્યું

પણ ખરેખરા સમાચાર તો હવે આવે છે. રાત્રે ત્રણ વાગે રોહનનો ફોન વાગ્યો. એ ઊઠ્યો નહીં, ફરી ફોન વાગ્યો. મને ડર લાગ્યો કે જો એ ઊઠી જશે તો મારી સાથે ફરી ઝઘડો કરશે. હું રાતની શાંતિ ઇચ્છતી હતી, એટલે હું એની પથારીની બાજુના ટેબલ તરફ ગઈ. ફોન સાયલન્ટ પર મૂકવા મેં હાથમાં લીધો. ફોન ફરી રણક્યો. વોટસએપ મેસેજનું નોટિફિકેશન આવ્યું. કોઈ ક્રિસ્ટિનનો મેસેજ હતો : હું તને, તારા શરીરને બહુ જ મિસ કરુ છું, કાશ, આજે રાતે તું મારી સાથે હોત.

ક્રિસ્ટીને પોતાના શરીરના ફોટોગ્રાફ્સ પણ મૂક્યા હતા.

હું મારી પથારીમાં પાછી આવી. મને ખરાબ નહોતું લાગ્યું. હકીકતે તો હું હળવી થઇ ગઇ. મારે નિર્ણય લેવાનો હતો અને હવે આ અઘરો નિર્ણય લેવાઈ જવાનો હતો.

વાંચવા યોગ્ય નોંધ # 5

૧૩ જૂન. ૨૦૦૮

મારાં લગ્ન પૂરાં થઈ ગયાં છે.

હું કોઈને કહ્યા વિના લંડન છોડીને ઘરે આવતી રહી. આજે સવારે હું દિલ્હી એરપોર્ટ પર ઊતરી. મેં જ્યારે મોમને બધું કહ્યું ત્યારે એમણે મને બીજી જ ફ્લાઇટ પકડીને પાછા લંડન જતા રહેવા માટે કહ્યું. એણે ડેડને ફોન કર્યો. મેં એને કહી દીધું કે ડેડ કંઈ પણ કહે તોય હું લંડન પાછી નહીં જવાનો નિર્ણય કરી ચૂકી છું.

'એ આમ તો સારો લાગતો હતો.' રાત્રે જમતી વખતે ડેડે મારી તરફ જોયા વગર કહ્યું.

મેં એમને રોહન વિષે કહ્યું. રોહનને જીતવું ગમે છે. પછી એ હોટલ, મિલકત હોય કે પત્ની, એને કંઈ પણ વસ્તુ મેળવવાની હોડ લગાવવી ગમે છે.

'મેં એને ના પાડી હતી. એ મને મેળવવા જ ઇચ્છતો હતો. એકવાર મેં હા પાડી, પછી એને પરવા નહોતી.' મેં કહ્યું.

કેટલીક વાતો મેં કહેવાની ટાળી. એ પીધેલો હોય ત્યારે મારી સાથે કઈ રીતે વર્તતો એ મેં ન કહ્યું. એની મમ્મી દર વખતે મને પાઠ ભણાવવા ઇચ્છતી એ મેં ન કહ્યું. મેં ક્રિસ્ટિન વિષે ન કહ્યું.

'રોહનની મમ્મી જેમ કહે એમ જ થાય છે, અને એમને હું નથી ગમતી.' મેં એટલું જ કહ્યું.

'સ્ત્રીઓએ તો ગોઠવાતાં શીખી જવાનું હોય, બેટા' મોમે કહ્યું.

'ગોઠવાવાનું ? અને એ પણ માર-પીટ સાથે ?'

મેં ડાબા હાથ પર આવેલો સોજો દેખાડ્યો. રોહને મને ધક્કો માર્યો હતો અને મારું કાંડું તૂટી ગયું હતું.

'લોકો શું કહેશે ?' મોમથી બોલાઈ જવાયું.

જોઈએ.

વાંચવા યોગ્ય નોંધ # 6

૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૯

ઘણીવાર સાનભાન પાછાં મળે એ માટે તમારા મગજ પર ટકોરા પડવા જરૂરી હોય છે. ખબર નહીં, ગઈકાલે મને શું થઈ ગયું ? મેં હવેલીની છત પર માધવને ચુંબન કર્યું. હું વાસ્તવિક્તા ભૂલી અને સપનાં જોવા લાગી.

અને સપનાં કેટલી ખરાબ રીતે તૂટ્યાં ? જ્યારે 'આ બધું બરાબર થઈ રહ્યું છે' એવી લાગણી મને અંદરથી થઈ રહી હતી, એ જ સમયે રાણીસાહેબાએ કઠોર વાસ્તવિક્તાનું ભાન કરાવ્યું.

એની એંધાણી તો મળી જ ચૂકી હતી. હું એમની નજરમા દેખાતી નારાજગી કઈ રીતે ભૂલી ગઈ ? મેંય એમની સાથે વાત કરવાની ને બધું કહી દેવાની મુર્ખામી શું કામ કરી ? એ માધવનાં મા હતાં એટલે મારે એવું ધારી લેવાની શું જરૂર હતી કે એ પણ મારો ભૂતકાળ સ્વીકારી જ લેશે ? એમણે મને લિટ્ટી-ચોખા જરૂર ખવડાવ્યા, પણ એનો અર્થ એ નહીં કે એ મને પસંદ કરે છે.

'તું એ જ છોકરી છે જે માધવને કૉલેજમાં બહુ ગમતી હતી ?' આજે સ્કૂલ સ્ટાફરૂમમાં એમણે પૂછ્યું હતું. માધવ એ સમયે ક્લાસ લેવા ગયો હતો. શું કહેવું એની મને ખબર નહોતી પડી. મને એય ખબર નહોતી કે માધવે એમને મારા વિષે શું કહ્યું હશે ?

'અમે સારાં મિત્રો હતાં', મેં કહ્યું.

'અને હવે ?' એમણે પૂછ્યું.

'માત્ર મિત્રો જ. બીજું કંઈ નહીં આન્ટી', મેં અવાજમાં કંપ સાથે કહ્યું હતું.

'હું મારા દીકરાને જાણું છું. એ ફરી તારામાં મોહી પડશે.'

'આન્ટી, અમે બન્ને એકબીજાને પસંદ કરીએ છીએ પણ...'

'એની જિંદગીથી દૂર રહેજે.' એમણે ટૂંકમાં જ કહ્યું.

'પણ આન્ટી...'

એમણે મારી સામે જોયું.

'તારા છૂટાછેડા થઈ ચૂક્યા છે. તને બીજા પુરુષની જરૂર હશે એ સમજી શકાય છે. મારો દીકરો દેખાવડો છે અને વળી અહીંનો કુંવર છે. મને તારી ચાલ સમજાય છે.'

'ચાલ ?'

'આવું બધું તમારા જેવા માટે બહુ સહેલું હોય છે. એક પુરુષથી કામ ન ચાલ્યું એને છોડી દો અને બીજા પાસે જતાં રહો.'

જો એ માધવનાં; મા ન હોત તો મેં તરત રોકડું પરખાવી દીધું હોત. મેં મારી જાત પર સંયમ રાખ્યો.

'મારે કંઈ જોઈતું નથી.' મેં કહ્યું.

'તો છોડી દે એને. એ તારા માટે બહુ કૂણી લાગણી ધરાવે છે.'

'મને કશાયની આશા નથી,' મેં કહ્યું. એમણે મારી આંખમાં આંસુ જોઈ મારી તરફ રૂમાલ લંબાવ્યો.

'એ આશા રાખે છે.'

રાણીસાહેબાએ હાથ જોડ્યા.

'મારી પાસે જે છે તે માધવ જ છે. જો તું અહીં રહીશ, તો એ ક્યારેય આગળ નહીં વધી શકે. તું દિલ્હીમાં બહુ મોટી વ્યક્તિ ગણાતી હોઈશ પણ ડુમરાઉંનો રાજકુમાર છૂટાછેડા લીધેલી મારવાડી છોકરી સાથે ક્યારેય ન હોઈ શકે. સમાજમાં માન જેવુંય કંઈ હોય ને ?' એ બોલ્યાં.

મને લાગ્યું કે હું માન મેળવવાને લાયક નથી.

'હું શું કરું એમ તમે ઈચ્છો છો ? એને મળવાનું છોડી દઉં ?'

'એટલું પૂરતું નહીં થાય. એ તારી પાછળ પાછળ આવતો રહેશે. તેં એના પર માયાજાળ પાથરી છે.'

હું કંઈ જવાબ આપું એ પહેલાં માધવ આવી ચડ્યો અને મારો હાથ ખેંચીને મને એના ક્લાસરૂમમાં લઈ ગયો.

માયાજળ, ભ્રમણાની જળ... વાહ, રાણીસાહેબા.

૫ માર્ચ, ૨૦૦૯

હું દિલ્હીમાં છું. ડેડ ગઈ કાલે રાતે અવસાન પામ્યા. ગઈકાલે બપોરે હું એમને આઈસીયુમાં મળી હતી. એ માંડ માંડ બોલી શકતા હતા. એમણે કહ્યું કે મારે એમના લોયર ગુપ્તા અંકલને મળવાનું છે.

હું ગુપ્તા અંકલની ઑફિસે ગઈ. એમણે કહ્યું કે ડેડે મારા માટે સિક્રેટ અકાઉન્ટમાં થોડા રૂપિયા છુપાવી રાખ્યા છે.

'તારા ભાઈઓને કે ઘરમાં કોઈને કહીશ નહીં.'

એ લોકો કદાચ દાવો કરે તો વર્ષો સુધી કોર્ટમાં કેસ અટવાયેલો રહેશે,' ગુપ્તા અંકલે કહ્યું હતું.

મેં કાગળ પર સહી કરી દીધી. અગ્નિદાહ વખતે હું શાંત રહી.

મારું મન બે હિસ્સામાં વહેંચાઈ ગયું હતું. મને ખબર હતી કે ડેડે મને આ રૂપિયા કેમ આપ્યા હતા. એ રૂપિયા મારે ચૂપ રહેવા માટેના હતા. એમના મતમાંથી, એમના અંતરાત્મામાંથી, એમની અપરાધભાવનામાંથી હું નીકળી જાઉં એ માટેના હતા. પણ હું વ્યવહારિક બનવા માગતી હતી. આ રૂપિયામાંથી મારે જ્યાં જવું છે ત્યાં હું જઈ શકીશ.

કદાચ, એવું પણ હોય કે હું બધું ભૂલી જવા માંગતી હતી અને આગળ વધવા માંગતી હતી. ના, માફ કરવા નહીં, માત્ર ભૂલવા.

૧૪ એપ્રિલ, ૨૦૦૯

હું ત્રણ દિવસમાં જતી રહીશ. કોઈ નાટક નહીં અને કોઈ છોકરાની મા સાથે પનારો પાડવાનો નહીં. મારે કોઈની દયા પણ નથી જોઈતી. મેં છૂટાછેડા લીધા છે. એ વાતથી હું કલંકિની બની જતી હોઉં તો ભલે.

હું રાણીસાહેબાથી નારાજ નથી. પટના હું એકલા રહેવા માટે જ આવી હતી. અને માધવ મળી ગયો. માધવ સારો છોકરો છે. હું એ પણ જણું છું કે એ મને ચાહે છે અને મારી તરફ વધુ ને વધુ ઢળી રહ્યો છે. મને પણ એ ગમે છે. એટલા માટે જ મેં પટનામાં નોકરીની હા પાડી હતી ને ? મને એને ફરી મળી જવાની આશા હતી ? હા, કદાચ હતી.

તમે કોઈને પ્રેમ કરો અને કોઈ તમને પ્રેમ કરે, એ વાત જ મજની છે. અત્યારે તો જો કે, મને પ્રેમ કરતાં માનસિક શાંતિની વધુ જરૂરિયાત છે.

માધવ આ બધું નહીં સમજે. હું જો આ બધું એને કહીશ તો એ મને નહીં જવા દે. હું આ બધાંમાંથી પસાર થઈ ચૂકી છું; એ નથી થયો. એ મને સતત પાછળ પડીને સમજાવવાની કોશિશ કરશે. સહેલામાં સહેલો રસ્તો એ છે કે માધવ એમ જ માની લે કે હવે હું છું જ નહીં.

ડુમરાઉંમાં; હતી ત્યારે મને નાનકડું ઇન્ફેક્શન થયું હતું. અત્યાર સુધી મેં એવો જ દેખાવ કર્યો છે કે મને સંપૂર્ણપણે મટ્યું નથી. એટલે હવે હું જ્યારે ચાલી જાઉં ત્યારે એ માનવાલાયક વાત બનશે. એ ચોક્કસ ઉદાસ થઈ જશે, પણ ધીરે ધીરે ઘટનામાંથી બહાર આવશે અને વહેલામોડા કોઈ સરસ રાજકુમારીને પરણી જશે. એવી રાજકુમારી જેની પાસે ભૂતકાળ ન હોય, એવી રાજકુમારી જેની પાસે ગૂઢ રહસ્યો ન હોય.

આ લખતી વખતેય મારાં આંગળાં ધ્રૂજે છે. મારે હિંમત રાખવી પડશે. મારે છૂટા પડતી વખતનો પત્ર પણ લખવાનો છે. મારે માંદગીની જૂઠી વાત લખવાની છે પણ કમ સે કમ હું માધવ માટે જે મારા દિલમાં અનુભવું છું એ તો પ્રમાણિક્તાથી સાચેસાચુ લખી શકું ને ?

આજે ફાઇનલ રિહર્સલ માટે એ ઘરે આવવાનો છે. આજે છેલ્લી રાત હશે. જો હું એને અહીં રોકાવાનું કહું તો કંઈ ખોટું ગણાશે ?





ચાણક્ય હોટલ, પટના.

વાંચી લીધા પછી કેટલીય વાર સુધી માધવ ડાયરીના છેલ્લા પાનાને તાકતો રહ્યો. એના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ હતી.

'શું?' એટલું બોલીને શાંત થઈ ગયો.

ડાયરી પરથી નજર ઉઠાવીને એણે મારી સામે જોયું.

'આ શું છે, ચેતન સર?' એણે પૂછ્યું.

'તારી દોસ્તની ડાયરી, યાદ છે ને?' મેં કહ્યું.

એણે જોરથી ડાયરી બંધ કરી અને જોરજોરથી ટૂંકા શ્વાસ લેવા લાગ્યો. એણે પોતાનો ચહેરો બન્ને હાથમાં છુપાવી દીધો અને પોતાના ગાઢા, ઓળ્યા વગરના વાળમાં હાથ ફેરવ્યો. મેં જ્યાં સુધી એના ખભાથી પકડીને એને હલાવ્યો નહીં ત્યાં સુધી એ સ્થિર જ બેસી રહ્યો.

'તું ઠીક છે?' મેં પૂછ્યું.

એણે મારી તરફ આશ્ચર્યથી જોયું. એનો ચહેરો તાંબાવરણો બની ગયો હતો.

'એ જીવે છે,' માધવ બબડ્યો.

'એવું જ લાગે છે,' મેં કહ્યું.

'એ જીવે છે.' એનું શરીર કંપવા લાગ્યું.

'હવે તને ખબર પડી મેં તને કેમ બોલાવ્યો? તેં કહ્યું એ ગુજરી ગઈ છે. તારે બધી ડાયરીઓ ફેંકી દેવી હતી.'

'એ ખોટું કઈ રીતે બોલી શકે? આટલું મોટું જૂઠાણું હરામજાદી...'

એણે આંખનાં આંસુ ખાળવાનો પ્રયત્ન કર્યો.

'માધવ, તેં કહ્યું તું એને પ્રેમ કરતો હતો. આ કેવી ભાષા વાપરે છે તું?'

'હું...હું ...' એ બોલ્યો અને અટકી ગયો. વાક્ય કે વિચાર એ બોલી નહોતો શકતો.

'તને આઘાત લાગ્યો છે.'

'એ હંમેશાં આવું કરે છે. ભાગી છૂટે છે. પ્રશ્નો જયારે જ્યારે આવે ત્યારે ભાગી જઈને જ જવાબો શોધવાની કોશિશ કરે છે.'

એ ફરી ભાંગી પડ્યો. આંસુઓ આંખમાં ટીંગાઈ રહ્યાં.

'વર્ષો લાગ્યાં છે મને બહાર આવતાં. હજુ સુધી મને પીડા થાય છે. એ કઈ રીતે..' એ જાત સાથે વાતો કરતો હતો.

'એ પોતાની જાતનું રક્ષણ કરવા માગતી હતી, અને તારું પણ...'

'મારું? એણે કઈ રીતે મને સુરક્ષા આપી?'

'એ તારી જિંદગી પર બોજ બનવા નહોતી માગતી.'

'રિયા ક્યારેય બોજ બની શકે જ નહીં, એ મારી જિંદગી હતી.' માધવે હકીકત બયાન કરતો હોય એ રીતે કહ્યું.

મેં એને ટિશ્યુ આપ્યો. એણે આંખ લૂછવાને બદલે કાગળને હાથમાં જ કચડી નાખ્યો.

'તું ખુશ નથી થયો? રિયા જીવે છે.'

'મારે થવું જોઈએ, પણ અત્યારે તો મને ગુસ્સો આવે છે.'

'હું સમજી શકું છું.'

'બે વર્ષ. એક પણ દિવસ એવો નથી ગયો જ્યારે મેં એને યાદ ન કરી હોય.'

'હવે તું શું કરીશ, માધવ?' મેં પૂછ્યું.

એણે મારો પ્રશ્ન અવગણ્યો.

'એ જ્યારે મને છોડીને ચાલી ગઈ ત્યારે મને માનસિક સારવારની જરૂર પડે એવો હું થઈ ગયો હતો.' એ લગભગ પોતાની જાતને કહેતો હતો.

'તે ઘણું સહન કર્યું છે.'

'ચેતન સર, એણે જે કર્યું એ તમને ઠીક લાગે છે?'

'આમ તો નહીં, પણ જીવન ઘણી વાર બહુ ગૂંચવાડાભર્યું હોય છે. એની પાસે એનાં પોતાનાં કારણો હશે.'

'મારી મા? એ પ્રશ્ન હોઈ જ કઈ રીતે શકે? હકીકતમાં તો મારી મા જ કહે છે કે રિયાને કારણે જ હું આટલો જીવંત લાગતો હતો.'

'રિયાને બરાબર અનુભવ થઈ ચૂક્યો હતો. એકવાર માર ખાધો હતો અને એવું બધુ.'

'હું રોહન નથી.'

દર વખતની જેમ જ હું આ પરિસ્થિતિમાં પણ વધુ પડતું ઊંડો ઊતરી ગયો હતો. મારે ઘેર જવું હતું. માધવ જહાને ભલે હવે શું કરવું એની ખબર ન હોય, મને તો હતી.

એ વિચારોમાં ખોવાયેલો લાગતો હતો. હું બેગ પેક કરવા ઊભો થયો.

'હું થોડો વખત અહીં રોકાઈ શકું?' એણે પૂછ્યું.

'હા, ચોક્કસ.' ખભા ઉછાળતાં મેં કહ્યું. એ રૂમના ખૂણામાં જઈને ફોન કરવા લાગ્યો. મેં સૂટકેસ બંધ કરી. થોડી ક્ષણો પછી એ પાછો આવ્યો.

'મેં એના ઘેર દિલ્હી ફોન કર્યો. એની મોમ કહે છે કે વર્ષોથી એમણે રિયાના કોઈ સમાચાર નથી સાંભળ્યા,' માધવે કહ્યું.

'એ ખરેખર બધેથી ગાયબ થઈ ગઈ છે,' મેં કહ્યું.

મેં પલંગ પરથી મારી બેગ ઊંચકી અને જમીન પર મૂકી. મેં સ્ટ્રોલીનો હાથો ખેંચ્યો.

'આઈ એમ સૉરી. આજની બોમ્બેની આ એક જ ફ્લાઈટ છે.'

‘તમે જે કંઈ પણ કર્યું છે એ માટે તમારો આભાર.’

‘મેં કંઈ નથી કર્યું.’

‘હું એરપોર્ટ સુધી તમારી સાથે આવી શકું?’

*

અમે કારમાં ચૂપચાપ બેઠા હતા. બે ટ્રાફિક સિગ્નલ પસાર થયા પછી એ બોલ્યો.

‘હું એને શોધી કાઢીશ.’ શાંત પણ નિર્ણયાત્મક સૂરમાં એ બોલ્યો.

‘તું ગંભીરતાથી આ વાત કહે છે?’

‘હા.’

‘એ ક્યાં હોઈ શકે?’

‘મને કોને ખબર અંદરથી એવું થાય છે. એ હંમેશા પોતાના સપનાની વાત કરતી. ન્યુયોર્કના નાનકડા બારમાં સિંગર થવાનું સપનું હતું એનું.’

‘તો?’

‘જો એણે આખા જગતથી સંપર્કો કાપી નાખ્યા હોય તો એ પોતાનું સપનું પૂરું કરવા વિષે ન વિચારે?’

‘તું આટલી ખાતરીથી કઈ રીતે કહી શકે? ન્યુયોર્કમાં ક્યાં? એને કોઈ બીજું શહેર મળી ગયું હોય તો? અથવા તો એ કંઈ બીજું કરતી હોય તો?’ મેં પૂછ્યું.

‘તો તમે એમ કહેવા માગો છો કે મારે તપાસ ન કરવી જોઈએ?’

‘હું માત્ર વાસ્તવિકતા સમજાવવાનો પ્રયત્ન કરું છું. મારો ઇરાદો તને નિરાશ કરવાનો નહોતો, સૉરી.’

બાકીનો આખોય સમય અમે શાંત રહ્યા. અમે લોકનાયક જયપ્રકાશ એરપોર્ટ પહોંચ્યા. એણે ટ્રોલી પર મને બેગ મૂકવામાં મદદ કરી. મેં આખીય પરિસ્થિતિથી મારી જાતને અલગ કરવા કોશિશ કરી પણ હું ન કરી શક્યો.

‘સંપર્કમાં રહેજે.’ મેં કહ્યું. દરવાજા પર સિક્યોરિટી ગાર્ડ મારું ફોટો આઈડી અને ટિકિટ તપાસી રહ્યો હતો.

‘ચોક્કસ રહીશ, સર.’

‘તું ખરેખર એની તપાસ કરવા જઈશ?’


‘હા, સર.’

‘કદાચ એ તને ક્યાંય ન મળે અને તને વધુ દર્દ, વધુ પીડા મળે તો પણ?’

એણે ડોકું ધુણાવ્યું.

‘હું હવે આ વાત છોડી ન શકું સર, છોડી દેવું અમારા લોહીમાં નથી.’





ચેતન ભગતના ગયા પછી હું થોડો સમય પટનામાં રહ્યો. રિયાને ઓળખતા લોકોમાંથી શક્ય એટલા લોકોને હું મળ્યો.

પહેલાં તો, હું એની જૂની ઑફિસ ગયો.

'એણે રાજીનામું તો આપી દીધું પણ શું કરવાની છે, ક્યાં જવાની છે, કંઈ કહ્યું નહીં.' નેસ્લેની એની સહકર્મચારી મોહિનીએ કહ્યું.

'એ માંદી લાગતી હતી?'

'ના, જરાય નહીં,' મોહિનીએ કહ્યું.

નેસ્લેનો સ્ટાફ જે ટ્રાવેલ એજન્સી દ્વારા પોતાનું કામ કરાવતો, તે ઈસ્ટ ઇન્ડિયા ટ્રાવેલ્સની ઑફિસમાં હું ગયો.

'તમને રિયા સોમાણી યાદ છે? એ બે વર્ષ પહેલાં પટનાની નેસ્લે ઑફિસમાં કામ કરતી હતી.' મેં કહ્યું.

'ખૂબસૂરત હતી?' ટ્રાવેલ એજન્સીના યુવાન છોકરા અજયે પૂછ્યું.

'બેહદ ખૂબસૂરત' મેં એને સુધારતાં કહ્યું.

'હા, મેડમે અહીંથી ટિકિટ કરાવી હતી. એમના ડેડ માંદા હતા. દિલ્હી આવવાજવાની ટિકિટ લીધી હતી, બરાબર?'

'હા બરાબર, એ પછી?' મેં પૂછ્યું.

અજયે એના કીબોર્ડ પર પ્રહાર કર્યો. કેટલીય વાર પછી એણે ડોકુ ધુણાવ્યું.

'કંઈ મળ્યું?'

'પ્રયત્ન કરું છું' અજયે કહ્યું અને પછી એક મિનિટ પછી બોલ્યો, 'એક માહિતી મળી છે. મેડમે ખાલી દિલ્હી જવાની ટિકિટ એ પછી બુક કરાવી હતી. ૧૭ એપ્રિલ ૨૦૦૯ના રોજ.'

મેં કોમ્પ્યુટર સ્ક્રીન જોયો. બિલ ગેટ્સ જે દિવસે આવેલા એ જ દિવસ હતો એ.

કાર ભાડે આપતી કંપનીમાં ગયો, જો કે એ લોકો પાસે જૂના રેકોર્ડ નહોતા એટલે ત્યાંથી કંઈ ન મળ્યું.

હું કોટક મહિન્દ્રા બેંકમાં ગયો. રિયાનો પગાર એ બેંકમાં જમા થતો હતો. હું એ બ્રાંચના મેનેજર રોશન જોષીને મળ્યો.

'કોઈ પણ ગ્રાહકની વિગતો ખાનગી રાખવામાં આવે છે, સર' એ બોલ્યો.

'એ અદશ્ય થઈ ગઈ છે. હું એને શોધવાનો પ્રયત્ન કરી રહ્યો છું.'

'એટલે? ગુમ થઈ ગયાં છે? તમારી પાસે પોલીસ રિપોર્ટ છે? તો અમે મદદ કરી શકીએ.'

'એ પોતાની રીતે ચાલી ગઈ છે.'

'સર, હું કોઈના બેંક અકાઉન્ટ્સની વિગતો કઈ રીતે આપી શકું?'

મને આવું કરવું જરાય ગમતું નથી પણ તોય મેં એમએલએ ઓઝાને બ્રાંચ મૅનેજરની ઑફિસમાંથી જ ફોન કર્યો. ઓઝાને આવી મદદ કરવી બહુ ગમે જેથી કરીને એ પણ બદલામાં મદદ માંગી શકે. એમણે પટના શહેરના એમએલએને રોશનને ફોન કરવા કહ્યું.

પાંચ મિનિટ પછી, મને રિયાના અકાઉન્ટની વિગતો મળી ગઈ.

'સૉરી સર, મને ખબર જ નહીં તમે આપણા એમએલએને ઓળખતા હશો…' રોશને કહ્યું.

મેં સ્ટેટમેન્ટ્સ જોયાં. ૧૪ એપ્રિલ ૨૦૦૯ના દિવસે રિયાએ એના ખાતામાં રહેલી બધેબધી – લગભગ સાડા ત્રણ લાખ રૂપિયાની રકમ ઉપાડી લીધી હતી.

બાજુમાં FX લખ્યું હતું.

'આ FX એટલે શું?' મેં પૂછ્યું.

રોશને સ્ટેટમેન્ટ તરફ જોયું.

'ફોરેન એકસચેન્જ કન્વર્ઝન. એમણે પોતાની રકમ કોઈ બીજી કરન્સીમાં ઉપાડી છે.'

'કઈ કરન્સી?'

'યુ એસ ડૉલર્સ.'

'યુ એસ જવા માટે?' મેં પૂછ્યું. મને આશાનું એક કિરણ દેખાયું.

'એવી ખબર નથી. ઘણીવાર ભારતીયો કરન્સી યુ એસ ડૉલર્સમાં જ લે અને પછી જે દેશમાં જાય, ત્યાં જઈને વટાવે.'

'એ પરદેશ ગઈ હશે, બરાબર ને?'

'એ શક્ય છે.'

હું બેંકની બહાર નીકળ્યો અને ઈસ્ટ ઇન્ડિયા ટ્રાવેલ્સના અજયને ફોન કર્યો.

'અજય, માધવ જહા બોલું છું, એક દિલ્હીની ફ્લાઈટની ટિકિટ બુક કરજે ને પ્લીઝ.'

*

'આહ, લકી ગર્લ, લકી ગર્લ,' સામંથા બોલી.

'ખરેખર નસીબદાર કહેવાય? મેં પૂછ્યું. '૧૯ વર્ષે લગ્ન, ૨૦મા વર્ષ છૂટાછેડા.'

સામંથા અને હું દિલ્હીમાં આવેલા ઇન્ડિયન હેબિટેટ સેન્ટરના અમેરિકન ડાઇનરમાં બેઠાં હતાં. હું એને રિયાની વાત કહેતો હતો એ દરમ્યાન એ ઓરેન્જ જ્યુસમાં સ્ટ્રો હલાવી રહી હતી.

'આ ખરેખર દુ:ખદ ઘટના છે,' એ બોલી, 'પણ તારો પ્રેમ મેળવવા જેવી ભાગ્યશાળી પણ છે.'

હું હસ્યો.

'માધવ, મોટા ભાગની છોકરીઓ તારા જેવો પ્રેમી મેળવવા માટે મરી પડે. હું પણ.' સામંથા બોલી.

'થેંક્સ.' મેં કહ્યું.

એણે ઊંડો શ્વાસ લીધો. વેઇટર અમારા માટે ચિકન બર્ગર અને પોટેટો ચિપ્સ લઈને આવ્યો.

'બોલ, હું તારા માટે શું કરી શકું?' એક ચિપ્સ હાથમાં લેતાં એણે પૂછ્યું.

'મારે એને શોધવી છે. કોઈ જાણતું નથી કે એ ક્યાં છે?'

'શરૂઆત એ રીતે તો થાય જ નહીં. કોઈ કડી, કોઈ સંકેત ખરો?'

'મને અંદરથી એવું લાગે છે કે...'

'એટલે અંતરજ્ઞાન?'

'હા, એટલે આમ કહો તો ધારણા, ગણતરી કરેલી ધારણા કે એ ન્યૂયોર્કમાં હોઈ શકે.'

'એમ, સાચે? એ મારું શહેર છે.'

'મને ખાતરી નથી, પણ મારે યુએસમાં તપાસ કરવી પડે.'

'કઈ રીતે?'

'યુએસ કોન્સ્યુલેટમાં તપાસ કરવી પડે કે એ લોકોએ રિયા સોમાણીને વિઝા આપ્યો છે કે નહીં? અહીંના અમેરિકન સર્કલને કારણે તારે જો કોન્સ્યુલેટમાં ઓળખાણ હોય તો ખબર પડે.'

'ઓળખાણ તો છે, પણ આવી માહિતી ખાનગી રાખવાની હોય છે.'

'મારે વિગતોની જરૂર નથી. માત્ર એટલું જાણવું છે કે રિયાને વિઝા મળ્યો કે નહીં.'
'એ... અઘરું છે.'

'એટલે તો હું તારી પાસે આવ્યો છું.'

એણે મારી વિનંતી સ્વીકારી લીધી એટલે એકેએક ફ્રાય. એણે આરામથી ખાધી. એણે એનો ફોન કાઢ્યો અને એમાં રહેલા કોન્ટેક્ટ જોવા લાગી.

'એન્જેલા યુએસ કોન્સ્યુલેટમાં છે. અમે ક્યારેક ક્યારેક સાથે બહાર જઈએ છીએ, છતાં હું ખાતરી ન આપી શકું.'

'વાંધો નહીં, જેટલું પણ જાણવા મળે, ચાલશે.'

*

'બિહારની શ્રેષ્ઠ સ્કૂલ. આ અદ્ભુત સમાચાર છે, માધવ. સીએમ આવું બોલ્યા એના કોઈ પુરાવા, કોઈ દસ્તાવેજ છે તારી પાસે?' ગેટ્સ ફાઉન્ડેશન, ઇન્ડિયાના સીઈઓ માઈકલ યંગે મને પૂછ્યું.

હું એની હવા ઉજાસથી પ્રકાશિત ઑફિસમાં બેઠો હતો. અહીંથી લોધી રોડ પરનાં વૃક્ષોની હરિયાળી દેખાતી હતી. છેલ્લાં બે વર્ષમાં મારે અને માઈકલને ઘણી બધી વાર વાતો થતી રહેતી હતી. સ્કૂલમાં એમના પ્રતિનિધિમંડળને પણ હું આવકારતો.

'મારી પાસે સ્થાનિક ભાષામાં છપાયેલો લેખ છે. હું સ્ટેકન કરીને મોકલી આપીશ.' મેં કહ્યું.

'એ બહુ સારું થશે. ન્યૂયોર્કમાં બેઠેલા મારા સાહેબો આગળ મારું થોડું સારું દેખાશે.' એણે કહ્યું અને મારી સામે આંખ મારી. અમેરિકન્સ તમને એવું લગાડી શકે કે આખીય

દુનિયામાં તમે જ એના શ્રેષ્ઠ દોસ્ત છો.'

'મારે એક મદદની જરૂર છે, માઈકલ', મેં કહ્યું.

'ચોક્કસ.'

'મારે ન્યુયોર્કમાં થોડો વખત રહેવું પડે એમ છે. ફાઉન્ડેશન મને નોકરી કે ઈન્ટર્નશીપ જેવું થોડા મહિના માટે આપી શકે?'

માઈકલે ભ્રમર ઊંચી કરી. 'સાચ્ચે?'

'હા, હું ગમે તેમ કરીને જઈશ પણ જો મને ત્યાં સ્થાન મળે અને થોડી ઘણી આવક થઈ જાય તો બહુ સારું.'

'બિહારથી ન્યુયોર્ક. બધું બરાબર તો છે ને? તું તારી સ્કૂલ માટે ખાસ્સો મહત્ત્વાકાંક્ષી છે, નહીં?'

'હું છું જ. મારે ન્યુયોર્કમાં એક વ્યક્તિને શોધવાની છે, બસ, એટલું જ. જો ઇન્ટર્નશિપ મળી જાય તો બહુ સારું થાય.'

માઈકલે નીચલો હોઠ દબાવ્યો.

'હું તને યુએસના કેટલાક લોકો સાથે ઓળખાણ કરાવી આપીશ.'' માઈકલે કહ્યું, 'અને તારા વિષે કહીશ પણ ખરો.'

'થેંક્સ માઈકલ.' મેં કહ્યું અને હાથ મેળવ્યો.

'નો પ્રોબલેમ. પેલી સ્કેન કરેલી કોપી મને મોકલવાનું ભૂલતો નહીં, એણે કહ્યું.

*

'તું મારી પાસે શું શું કરાવે છે?' સામંથા બોલી. એણે મને એક કાગળ આપ્યો. એની ઑફિસની બાજુમાં આવેલ લોદી ગાર્ડન પાસે અમે વહેલી સવારે ઊભાં હતાં. વહેલી સવારે ચાલવાવાળાઓ અમારી બાજુમાંથી પસાર થતા હતા.

મેં કાગળમાં જોયું. યુએસ વિઝાની કોપી હતી. એ.

'એણે અરજી કરી હતી અને કોન્સ્યુલેટે એને ૫ એપ્રિલે વિઝા આપ્યા હતા.'

'થેંક્સ સામંથા.'

'મારી દોસ્ત આ કામ કરવા બદલ તકલીફમાં મુકાઈ શકે. હ...'

'હું તારો આભારી છું.'

એણે એની ગહેરી ભૂખરી આંખોથી મારી સામે જોયું. 'ના, આભાર ન માનીશ. હું આશા રાખું કે આ તને ઉપયોગી થાય.'

'આ કાગળ કહે છે કે મારું દિલ જે કહે છે એ વાત સાચી હોઈ શકે.'

'પણ આ કાગળ એ નથી કહેતો કે એ કયા શહેરમાં ગઈ, અથવા એ ગઈ કે નહીં?'

'ન્યુયોર્ક, એ હંમેશા ત્યાં જવા ઈચ્છતી હતી.'

'ઓ... હવે મને નવાઈ નથી લાગતી. માઈકલ કહેતો હતો કે તેં ત્યાં ઇન્ટર્નશિપ માટે અરજી કરી છે.'



અંક ત્રીજો
ન્યુ યોર્ક

૩૭

'નામ?' ઈમિગ્રેશન કાઉન્ટર પરના અધિકારીએ પૂછ્યું.

'માધવ જહા,' મને નવાઈ લાગતી હતી, એણે પાસપોર્ટ પર મારું નામ નહીં વાંચ્યું હોય?'

'મિ. જહા, યુનાઇટેડ સ્ટેટ્સ આવવાનો તમારો હેતુ શું છે?'

એણે મારા પાસપોર્ટનાં પાનાં ઉથલાવ્યાં. મારા યુએસના વિઝા સિવાય એ કોરો હતો.

મારી જિંદગી, મારા પ્રેમને શોધવાનો, મારે કહેવું હતું.

'હું ન્યુયોર્કમાં ગેટ્સ ફાઉન્ડેશનમાં ઇન્ટર્નશિપ માટે આવ્યો છું.'

'ડોક્યુમેન્ટ્સ, પ્લીઝ.'

મેં મારી પીઠ પરના થેલામાંથી પ્લાસ્ટિકનું ફોલ્ડર કાઢ્યું. એમાં ઇન્ટર્નશિપ ઓફર લેટર, મહિને ત્રણ હજાર ડૉલરનું સ્ટાઇપેન્ડ મળશે એનો કાગળ, માઇકલની ઑફિસેથી લીધેલું સર્ટિફિકેટ, ફાઉન્ડેશને અગાઉથી આપેલ રકમનો કાગળ અને વિઝાનાં કાગળિયાં હતાં.

ઈમિગ્રેશન ઑફિસરે મારી ફાઈલ તપાસી.

'તમે ન્યુયોર્કમાં ક્યાં રહેશો, સર?'

'દોસ્તો સાથે, સ્ટ્રીટ નંબર ૮૩, થર્ડ એવન્યુ, અપર ઈસ્ટ સાઈડ.'

મારા પાસપોર્ટને થોડી ક્ષણો સુધી ફેરવી ફેરવીને જોયા પછી એણે સ્ટેમ્પ ઉપાડ્યો.

'ધમ' અવાજ મને બંદૂકની ગોળીના અવાજ જેવો લાગ્યો. રિયાને શોધવાની મારી દોડ શરૂ થતી હતી.

*

મેં જેએફકે એરપોર્ટથી મેનહટ્ટન જવા પીળી ટૅક્સી પકડી. મેનહટ્ટન મુખ્ય ટાપુ છે જ્યાં ન્યુયોર્ક વિસ્તર્યું છે. ઈન્ડિયા બહાર મારો પહેલો પ્રવાસ હતો અને જે પહેલી ચીજે મારું ધ્યાન ખેંચ્યું એ હતો - આકાશનો રંગ - ચોખ્ખો, ચમકીલો ભૂરો રંગ, આવું આકાશ ભારતમાં ક્યારેય જોવા મળતું નથી. ઇન્ડિયામાં ધૂળ બહુ છે સમજ્યા, પણ આપણે ત્યાં આકાશનો રંગ આછો ભૂરો કેમ હોય છે કે પછી ધૂળને કારણે આવો ભૂરો રંગ આપણે જોઈ શકતા નથી?

બીજી ચીજે ધ્યાન ખેંચ્યું એ હતી શાંતિ - ટૅક્સી ટ્રાફિકથી ભરચક રસ્તા પર સડસડાટ દોડી રહી હતી છતાં કોઈ હોર્ન નહોતું વગાડતું, ટ્રાફિક સિગ્નલ પર પણ નહીં. શાંતિને કારણે મારા કાનમાં જાણે દુ:ખવા આવ્યું.

શરૂશરૂમાં તો નાના રો-હાઉસીસ અને ઈંટ જેવા લાલ રંગના વેરહાઉસીસ જ દેખાયાં, જેવું મેં ધાર્યું હતું એવું અભિભૂત કરી દે એવું કશું નહોતું, પણ એરપોર્ટ છોડ્યાને ત્રીસેક મિનિટ થઈ હશે ને ટૅક્સી હડસન નદી પર આવેલા બ્રુકલિન બ્રિજ પર પહોંચી. આ પુલ પસાર કરીને

મેનહટ્ટન પહોંચી શકાય. આ બ્રિજ જોતાં મને ટી.વી.માં જોયેલો કલકત્તાનો હાવરાબ્રિજ યાદ આવતો હતો. ફક્ત વધારે મોટો હતો અને વધારે ચોખ્ખો હતો. બીજી તરફ હજજારો ઊંચાં ઊંચાં મકાનો ઝળૂંબી રહ્યાં હતાં.

એકની પાછળ એક એમ અસંખ્ય ઊંચા મકાનો દેખાઈ રહ્યા હતા. અમે બ્રિજ પસાર કર્યો અને મેનહટ્ટનમાં પ્રવેશ્યા.

'વેલકમ ટુ ધ બીગ એપલ' ન્યુયોર્કના લાડકા નામને સંબોધતાં અમેરિકન ઇંગ્લિશમાં ટૅક્સી ડ્રાઇવરે કહ્યું.

'તમે અહીંના જ છો ?' મેં પૂછ્યું.

'અત્યારે હા, મૂળ અમૃતસરનો છું' એણે કહ્યું.

મેં ટૅક્સી ડ્રાઇવરનું નામ વાંચ્યું. 'બલવિન્દરસિંગ'. મેં ધાર્યું હતું એવું વિદેશી નામ નહોતું.

મેનહટ્ટનમાં મેં વ્યસ્ત માણસોને જોયા. મોર્નિંગ વોકર્સ, સવારે સૂટ પહેરીને ઑફિસ જતા માણસો, બાળકોને સ્કૂલે જતાં જોયાં. આખુંય શહેર આડીઅવળી શેરી અને રસ્તાઓને કારણે એક ભુલભુલામણી જેવું લાગતું હતું. જો અહીં કોઈ ખોવાઈ જાય તો એને બહાર નીકળતા વર્ષો થઈ જાય.

'બધું એક જ માળખામાં ગોઠવાયેલું છે, તમારે અપર ઈસ્ટ જવું છે ને ?'

'હા, પ્લીઝ', મેં કહ્યું અને ડ્રાઇવરને એડ્રેસ આપ્યું.

*

'માધવ જહા, તું આવ્યો ખરો.' બારણું ખોલતાં જ શૈલેષે આનંદથી બૂમ પાડી.

મેં મારો શ્વાસ હેઠો બેસે એની રાહ જોઈ. ભારે સૂટકેસ અને ખભા પરના થેલા સાથે હું ત્રણ દાદરા ચડ્યો હતો.

'આ બધાં યુદ્ધ પહેલાં બનેલાં મકાનો છે.' શૈલેષે કહ્યું. એણે મારી સૂટકેસ ખેંચીને એપાર્ટમેન્ટમાં લીધી. 'બીજા વિશ્વયુદ્ધ પહેલાંનાં. અહીં છત ઊંચી હોય, વિશેષતા પણ હોય. જોકે દર અઠવાડિયે લિફ્ટ ખરાબ થઈ જાય છે.'

ત્રણ બેડરૂમના એપાર્ટમેન્ટમાં આવેલા ગેસ્ટરૂમમાં એ મને લઈ ગયો. કમરો ઉચ્ચ પ્રકારની અને ભારતીય ચીજવસ્તુઓથી સજાવેલો હતો. પિત્તળના ગણેશજી હતા અને દીવાલો પર મધુબાની શૈલીમાં બનેલા કૃષ્ણનાં ચિત્રો. શૈલેષે સ્ટીફન્સમાંથી ભણી લીધા પછી હાવર્ડમાં એમબીએ કર્યું હતું અને વોલસ્ટ્રીટની શ્રેષ્ઠ ગણાતી ગોલ્ડમેન સેક્સ નામની ઈન્વેસ્ટમેન્ટ બેંકમાં જોડાયો હતો. અહીં એ પોતાની ગર્લફ્રેન્ડ જયોતિ સાથે રહેતો હતો. એ જ્યોતિને હાવર્ડમાં જ મળ્યો હતો. જ્યોતિ મોર્ગન સ્ટેનલીમાં કામ કરતી હતી, એ પણ બીજી વોલસ્ટ્રીટ ઇન્વેસ્ટમેન્ટ બેંક હતી. એપાર્ટમેન્ટની વિશાળતા જોઈને ખ્યાલ આવતો હતો કે બંનેને બેંક સારો પગાર આપતી હશે. શૈલેષની આંખ નીચે કાળાં કુંડાળાં જોઈને મને થયું કે બેંક મહેનત પણ ખાસ્સી કરાવતી હશે.

'એમ એન્ડ એ, મર્જર્સ એન્ડ એકવિઝિશન્સ' શૈલેષ એના કામ વિશે કહી રહ્યો હતો. અમે એના લીવીંગરૂમમાં બેઠા હતા. હું શૈલેષને ત્યાં વહેલી સવારે ૬-૩૦ પહોંચી ગયો હતો. શૈલેષ કામ પર જવા માટે તૈયાર હતો, એણે ગ્રે સૂટ અને ડાર્ક બ્લ્યુ સિલ્ક ટાઈ પહેર્યાં હતાં. એના હાથમાં દૂધ અને બ્રેકફાસ્ટ સિરીયલ હતાં અને પગમાં ચામડાનાં જૂતાં સાથે એ તૈયાર હતો.

'સૉરી, હું ઉતાવળમાં છું,' શૈલેષે કહ્યું. 'જ્યોતિ અને હું સવારના સાત વાગ્યાની સબ વે પકડીને કામે જઈએ છીએ. સાંજે મળીએ. ઓ કે?'

'નો પ્રોબલેમ,' મેં કહ્યું. 'મારે પણ આરામ કરવો છે. હું આમેય થાકેલો છું.'

'જાગવાનો પ્રયત્ન કરજે. એને કારણે તને જેટલેગ ઓછો નડશે.' શૈલેષે કહ્યું.

બંને દેશોના દસ કલાકના અંતરના કારણે મારું શરીર આરામ માગતું હતું જ્યારે એ જ સમયે ન્યુયોર્ક શહેર જાગ્યું હતું.

'જયોતિ', શૈલેષે બૂમ પાડી.

'આવી', અમેરિકન છાંટવાળો થોડો ઘેરો સ્ત્રીઅવાજ એક બેડરૂમ તરફથી આવ્યો. 'શેલેષ, જો તું મને કોઈ રિયલ એસ્ટેટ બ્રોકર સાથે મેળવી દે તો...' મેં કહેવાનું શરૂ કર્યું.

એણે મને વચ્ચે જ રોક્યો, 'તું ગાંડો થઈ ગયો છે? થોડા વખત માટે તો તું અહીં આવ્યો છે. આ ઇન્ટર્નશિપ છે, બરાબર?'

'ત્રણ મહિના, હું એટલું લાંબુ અહીં ન રહી શકું.'

'કેમ નહીં? જો, અત્યારે આરામ કર. કાલે મારે લંડન જવાનું છે, પણ આપણે રાત્રે ચોક્કસ મળીએ છીએ.'

શૈલેષે બ્રેકફાસ્ટ પૂરો કર્યો અને પ્લેટ લઈને રસોડામાં ગયો.

'તું બહુ બદલાઈ ગયો છે, શૈલેષ. આપણે સ્ટીફન્સમાં આખો દિવસ ચડ્ડાઓ પહેરીને અડ્ડો જમાવતા હતા, અને અત્યારે ઉચ્ચકક્ષાની બેકરની જિંદગી, સૂટ, ન્યુયોર્ક શહેર' મેં કહ્યું. એ હસી પડ્યો.

'સમય બદલાય છે, જિંદગી બદલાય છે, તમારે આગળ વધી જવું પડે છે.'

હું શૈલેષના કહેવા પર વિચાર કરતો રહ્યો. સંપૂર્ણ સહમત ન હોવા છતાં મેં ડોકું હલાવ્યું.

પાતળી, પાંચ ફૂટ ૬ ઇંચ ઊંચી છોકરી – જ્યોતિ બહાર આવી. એણે ફોર્મલ શર્ટ અને સ્કર્ટ જેકેટ સાથે પહેર્યાં હતાં.

'હાય, માધવ, તારા વિષે બહુ સાંભળ્યું છે.' જયોતિએ કહ્યું અને હાથ લંબાવ્યો. એને સાંભળતાં સામંથા યાદ આવતી હતી, ફર્ક એટલો હતો કે જ્યોતિ ઘઉંવર્ણી હતી અને કાળી આંખો હતી.

'મેં પણ. હું એપાર્ટમેન્ટ શોધી ન લઉં ત્યાં સુધી તમને તકલીફ આપી રહ્યો છું.'

'તારે જેટલું રહેવું હોય એટલું રહે. અમે બન્ને કામમાં બહુ વ્યસ્ત રહીએ છીએ. કમ સે કમ કોઈ તો આ ઘરનો ઉપયોગ કરશે.' જ્યોતિ બોલી અને શૈલેષ તરફ ફરી.

'તૈયાર છે ને?'

શૈલેષે ડોકું ધુણાવ્યું.

મેં ગેસ્ટ રૂમમાં બેગ ખોલીને કપડાં ગોઠવ્યાં.

દરમ્યાન આવનારા થોડા દિવસો માટે મારે યોજના બનાવવાની હતી. પરમદિવસે ઇન્ટર્નશિપ શરૂ થવાની હતી. અત્યારે કોઈ લાઇવ મ્યુઝિકવાળા બાર ખુલ્લા હશે કે કેમ એવો મને વિચાર આવતો હતો.

હું પાંચ મિનિટ માટે આડો પડ્યો અને પાંચ કલાક પછી જાગ્યો. મને કંઈ ખ્યાલ નહોતો

આવતો. જેટલેગને કારણે હું સમય અને સ્થળનું ભાન ભૂલી ગયો હતો. મારે લોકલ સિમકાર્ડની જરૂર હતી. મેં મારા વોલેટમાં ડૉલર્સ ચેક કર્યા, ઘરની ચાવીઓ લીધી અને નીકળી ગયો.

*

મેનહટ્ટનનું માળખું આડી ઊભી જાળ જેવું છે. ઉત્તરથી દક્ષિણ સુધી હારબંધ નંબરવાળી શેરીઓ છે. થોડા પહોળા માર્ગ પૂર્વથી પશ્ચિમ સુધી છે. શૈલેષનું ઘર થર્ડ એવન્યુ અને ૮૩ સ્ટ્રીટ પર હતું, બાજુમાં જ સેન્ટ્રલ પાર્ક હતો જેની પૂર્વ બાજુ ફિફ્થ એવન્યુ પર હતી.

પાર્ક એ આ શહેરનું સીમાચિહ્ન ગણાય છે. એનો વિસ્તાર સાડા ત્રણ સ્ક્વેર કિલોમીટર છે. દક્ષિણે આવેલી સિક્સ્થ સ્ટ્રીટથી લઈને ઉત્તરમાં આવેલી વનટ્વેન્ટિથ સ્ટ્રીટ સુધી અને પૂર્વના ફિફ્થ એવન્યુથી પશ્ચિમના નાઈન્થ એવન્યુ સુધી આ પાર્ક વિસ્તરેલો છે.

પાર્કને કારણે મને થોડું ઘણું દિશાભાન થયું. એની દક્ષિણે દુકાનો આવેલી છે, જ્યાંથી હું ત્યાંનું સિમકાર્ડ ખરીદી શકું.

હું પશ્ચિમે આવેલા ત્રીજાથી પાંચમા માર્ગ સુધી ચાલ્યો, પછી દક્ષિણ તરફ ત્રેવીસ બ્લોક્સ એટલે કે ત્ર્યાશીમી શેરીથી સાઈઠમી શેરી સુધી ચાલ્યો. વીસ મિનિટમાં જ હું પાર્કની દક્ષિણના ખૂણા તરફ પહોંચી ગયો. અહીં હારબંધ દુકાનો હતી, જ્યાં એક દુકાન હતી 'ટી-મોબાઈલ.' ટી-મોબાઈલના દુકાનદારે મને ૩જી ડેટાપ્લાન સાથેની સીમકાર્ડ દેખાડ્યું.

'જો તમે બે વર્ષનો કોન્ટ્રાક્ટ કરો, તો હું તમને મફત આઈ ફોન પણ આપું.'

'હું એટલા લાંબા સમય માટે અહીં નથી આવ્યો', મેં કહ્યું.

મેં વોઈસ અને ડેટા પ્લાન સાથેનો એક ટચ સ્કીન ફોન પસંદ કર્યો.

'આને એક્ટિવેટ થતાં વીસ મિનિટ થશે.' દુકાનદારે કહ્યું. હું દુકાનમાંથી નીકળ્યો અને પાછો ઉત્તરે સેન્ટ્રલ પાર્ક તરફ ચાલવા લાગ્યો. કલાકોથી મેં કંઈ ખાધું નહોતું. મારી નજર જુદા જુદા કાફે અને ખાવાનું વેચતી દુકાનો પર પડતી હતી. દરેક જગ્યાએ બહાર લંચમાં સ્પેશિયલ શું છે એ લખ્યું હતું. મોટા ભાગની વાનગીઓ દસ ડૉલરની આસપાસના ભાવની હતી. સેન્ટ્રલ પાર્કની બહાર ઊભેલી એક વાન બેગલ્સ વેચતી હતી - ડોનટ આકારની બ્રેડ જેમાં ક્રીમ, ચીઝ કે અન્ય વસ્તુઓ ભરેલી હોય. એના ખાલી ત્રણ ડૉલર હતા. વળી, એમાં સાથે કોલ્ડિંક પણ મળતું હતું.

મેં ક્રીમ ચીઝ, ટામેટાં અને ડુંગળીવાળું બેગલ લીધું, સાથે મોટી સાઇઝની કોક મળી.

સેન્ટ્રલ પાર્કની બહાર પડેલી ખાલી બેંચ પર હું બેઠો અને આવતા-જતા રાહદારીઓને જોઈ રહ્યો. ન્યુયોર્ક શહેર સુંદર અને ચોખ્ખું હતું. ઇન્ડિયાથી અહીં વિકસિત દેશમાં આવ્યા પછી પહેલો દિવસ તમને ગોઠવાતાં થાય. મોટા ઠાઠમાઠવાળાં બિલ્ડિંગ્સ, પહોળા, સુંવાળા રસ્તાઓ, ચમકતી દુકાનો અને નહિવત્ અવાજ - (કારણ વગર હોન વાગે જ નહીં) તમને એવું લાગે જાણે તમે પરીકથાઓના વિશ્વમાં આવી ગયા છો. અહીં કશું ખોટું થઈ જ ન શકે એવો ભાવ જાગે. પાર્કની બેન્ચ પર બેસીને મેં મારું લંચ લીધું.

મારા ફોનના ખૂણા પર દેખાતી ૩જી ની નિશાનીને કારણે મને ખ્યાલ આવ્યો કે અહીં નેટવર્ક પકડાય છે. મેં પહેલું ગૂગલ સર્ચ કર્યું, ન્યુયોર્ક શહેરનાં એવાં સ્થળો જ્યાં સંગીતના કાર્યક્રમો થતા હોય.

ઇન્ટરનેટ બરાબર ચાલતું હતું, પણ જે પરિણામો મળતાં હતાં એ બરાબર નહોતાં.

લગભગ હજાર જેટલાં સ્થળો મારા ફોનમાં ઊભરાયા. પહેલી લિંક તો ટાઈમ્સ આઉટ મેગેઝીનની સાઈટ ખૂલી. એ સાઈટ પોતે ન્યુયોર્કના શ્રેષ્ઠ સંગીત પીરસતા સો સ્થળોની સૂચિ સાથે તૈયાર હતી. પટનામાં એકાદી આવી જગ્યા મળે તો ય તમે નસીબદાર ગણાઓ. ને ડુમરાઉંમાં તો વળી બારમાં સંગીત તો જ સાંભળવા મળે. જો તમે પોતે જ ગાઓ. ન્યુયોર્કમાં તો આવી અગણ્ય જગ્યાઓ હતી. હું બેંચ પર બેસી રહ્યો અને આસપાસ દેખાતાં ઊંચાં મકાનો જોવા લાગ્યો. અચાનક મને મારી જાત નાની અને તુચ્છ લાગવા માંડી.

એક શેરમાં થતો સંગીતનો લાઇવ પ્રોગ્રામ, એમાં તો શું મુશ્કેલી પાડે ? અહીં આવતા પહેલાં મેં મારી જાતને કહ્યું હતું. હવે અત્યારે એ જરાય સહેલું નહોતું લાગતું.

મેં ગૂગલ મેપ જોયો. હું અત્યારે ૫૯ શેરી અને છઠ્ઠા માર્ગ પર હતો. શૈલેષના ઘરથી હું ત્રણ કિલોમીટર દૂર હતો. ઠંડો પવન મારા બિહારી સ્વેટરનાં કાણાંઓમાંથી મને ધ્રુજાવી રહ્યો હતો. મેં અદબ વાળીને હાથ છાતી પાસે રાખ્યા.

તું મુરખ છે, માધવ, મેં મારી જાતને કહ્યું. હું પાંચમા માર્ગથી ઉત્તર તરફ જઈ રહ્યો હતો. ફક્ત એક ધૂન સવાર થઈ હતી મારી ઉપર અને હું બેગ બિસ્તરા લઈને અહીં આવી ગયો હતો - આ ઠંડા શહેરમાં. ઠંડકને કારણે મારો ચહેરો સુન્ન બની ગયો હતો.

‘હું આ નહીં કરી શકું,’ હું બોલ્યો.

મેં ઊંડા શ્વાસ લીધા. મેં મારી જાતને જ બાસ્કેટબૉલ મૅચની યાદ અપાવી, જે હું મારી તીવ્ર ઇચ્છાશક્તિને કારણે જ જીતી ગયો હતો.

એક સ્ટ્રીટ, એક ઍવન્યુ અને એક બાર, માધવ.



૩૮

‘તેં ગેટ્સ ફાઉન્ડેશનની ગ્રાન્ટ મેળવી ! અદ્ભુત !’ જ્યોતિએ કહ્યું. ન્યૂયોર્કની મારી પહેલી રાત્રે શૈલેષના ઘરે અમે રોટી અને ચનામસાલાનું ડિનર લઈ રહ્યાં હતાં.

‘મારી સ્કૂલને મળી છે. ત્યાં જે સારું કામ થયું છે એ ટીમને ગમી ગયું હતું.’ મેં કહ્યું.

‘આ જ છે’ શૈલેષ બોલ્યો. ‘એણે જ બંધ કર્યું. બિલ ગેટ્સે પોતે સ્કૂલ જોઈ અને ગ્રાન્ટ મંજૂર કરી છે.’

‘આ ઇન્ટર્નશિપથી ન્યુયોર્કમાં ફુલ ટાઈમ જોબ મળી શકે.’ જ્યોતિએ પૂછ્યું.

‘મારે નોકરી નથી જોઈતી' મેં કહ્યું.

‘તો તું ખાલી અનુભવ મેળવવા આ કરે છે ?’ શૈલેષે પૂછ્યું.

‘આ હું.... બીજું કારણ છે,’ મેં કહ્યું અને શાંત થઈ ગયો. મેં જ્યોતિ સામે જોયું.

શૈલેષ મારો ખચકાટ સમજી ગયો.

‘તારે પછી કહેવું છે મને ?’ એણે પૂછ્યું.

‘દોસ્તોની ખાનગી વાત, એમ ?’ જયોતિ હસી. હું સામે હસ્યો. એ રસોડામાં જવા ઊભી થઈ.

‘તું મને જે કંઈ પણ કહીશ, હું અંતે તો એને કહીશ જ.’ શૈલેષે કહ્યું અને એની તરફ જોયું. જ્યોતિએ દૂરથી એના તરફ ચુંબન ફેંક્યું.

‘તો ઠીક છે, બેસ જ્યોતિ’, મેં કહ્યું.

જયોતિ ફરી બેઠી, આ વખતે એનું સંપૂર્ણ ધ્યાન મારી તરફ હતું.

‘હું અહીં કોઈને શોધવા આવ્યો છું' શૈલેષે કહ્યું.

‘શોધવા ?’ જ્યોતિએ પૂછ્યું, ‘તારી પાસે માણસનો સંપર્ક થાય એવું કંઈ નથી ?’

‘એ છોકરીનો. ના નથી. મને એ પણ ખબર નથી એ અહીં છે કે નહીં.’

‘છોકરી... છોકરીને શોધવા આવ્યો છે ?’ જ્યોતિએ પૂછ્યું.

‘કોણ’ શૈલેષે પૂછ્યું.

‘રિયા.’

‘રિયા ? કોણ ? રિયા સોમાણી ?’ શૈલેષે પૂછ્યું.

‘હા’ મેં કહ્યું.

શૈલેષે ધીરેથી સીટી વગાડી.

'શું વાત કરે છે ?' શૈલેષ બોલ્યો. 'સાચ્ચે ? તું અહીં ન્યુયોર્કમાં રિયાને શોધવા આવ્યો છે ?'

એ હસવા લાગ્યો.

'રિયા સોમાણી કોણ છે ? લાગે છે અહીં વાતાવરણમાં આ નામને કારણે ઉત્તેજના આવી ગઈ છે.'

'એની...અં. કઈ રીતે કહું ? જો કે કહેવું હોય તો કહેવાય કે એક્સ ગર્લફ્રેન્ડ, હેં ને ?'

'હાફ ગર્લફ્રેન્ડ. એક્સ હાફ ગર્લફ્રેન્ડ.'

'વર્ષો પહેલાં આવું હતું', શૈલેષે કહ્યું, એ થોડો મૂંઝાયેલો લાગતો હતો. 'એણે તો લંડનમાં એના કઝીન કે કોઈની સાથે લગ્ન નહોતાં કરી લીધાં ? એણે કૉલેજ છોડી દીધી હતી, હે ને ?'

'એ એનો કઝીન નહોતો. રોહન હતો. ફેમિલી ફ્રેન્ડ અને રાખી બ્રધર. કઝીન નહોતો.'

કૉલેજની અફવાઓ હદ બહાર ફેલાઈ જાય એની એની મને બહુ ચીડ છે.

'સૉરી, મને વિગતો યાદ નથી. એણે તારી જોડે ગડબડ કરી અને પછી પરણીને લંડન ચાલી ગઈ.' શૈલેષ બોલ્યો.

હું હસ્યો.

'જો કે વાતમાં ઘણું છે. ઘણું વધારે. સાંભળવી છે ?' મેં પૂછ્યું.

જ્યોતિ અને શૈલેષે ડીકું ધુણાવ્યું. એ લોકો એકદમ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

મેં એમને બધું જ કહ્યું. રાત્રે દસ વાગે મેં મારી વાત પૂરી કરી.

જ્યોતિ શૈલેષ તરફ ફરી.

'મને ખ્યાલ જ નહોતો કે ઇન્ડિયન છોકરાઓ આટલા રોમૅન્ટિક હોઈ શકે.' એ બોલી.

'તું કહેવા શું માંગે છે ?' શૈલેષે પૂછ્યું, એ ઘવાયો હતો.

'સબવેના સ્ટોપથી તું મારી ઑફિસ સુધીય ચાલતો આવતો નથી, અને એક આ છે જે દુનિયાના બીજા છેડેથી એના પ્રેમને શોધવા અહીં આવ્યો છે.'

'બસ જ્યોતિ, દરેક વાતમાં સંભળાવવું જરૂરી નથી,' શૈલેષે કહ્યું અને મારી તરફ ફર્યો, 'પણ બોસ, તું ગજબ છે. હજુ સુધી એ છોકરીની પાછળ પાછળ ફરે છે ? સાત વરસ પછી પણ ?'

'કેટલું રોમૅન્ટિક ?' જ્યોતિ સપનામાં હોય એમ બોલી.

'અરે મૂર્ખામી કહેવાય,' શૈલેષે કહ્યું.

'શૈલેષ !' જ્યોતિ બોલી.

'હું માત્ર મારા દોસ્તને બચાવવા માગું છું.'

'એ સાચું કહે છે,' શૈલેષની વાતમાં હું વચ્ચે જ બોલી ઊઠ્યો., 'હું મૂર્ખામી કરી રહ્યો છું. પણ મારા હાથમાં નથી. રિયા મારા માટે સર્વસ્વ છે.'

'સર્વસ્વ ? તેં તો માન્યું હતું કે એ અવસાન પામી છે. તોય તું જીવતો રહ્યો બરાબર?' શૈલેષે પૂછ્યું.

'જીવતો રહ્યો — હા, જીવ્યો – ના...'

જ્યોતિએ નિ:શ્વાસ નાખ્યો. શૈલેષે વાત છોડી દીધી. એ અમારા માટે ડેડ વાઇનની બોટલ અને ત્રણ ગ્લાસ લઈ આવ્યો. 'તમારે વહેલા ઊઠવાનું છે.' વાઇનનો ઘૂંટ લેતાં મેં કહ્યું 'તમારે સૂઈ જવું હોય તો સૂઈ જજો.'

'ચિંતા ન કરીશ,' શૈલેષે કહ્યું, 'હવે તું શું કરીશ ?'

'હવે હું બહાર જઈશ.'

'અત્યારે ?' જ્યોતિ વાઇનનો ઘૂંટ ગળા નીચે ઉતારતાં બોલી.

'અપર ઈસ્ટ સાઈડમાં અત્યારે જ્યાં જ્યાં લાઇવ સંગીતના કાર્યક્રમ થતા હોય ત્યાં.'

'આટલા મોડા ?' જ્યોતિએ પૂછ્યું.

'આમેય દસ વાગ્યા પહેલાં કંઈ શરૂ નથી થતું,' મેં કહ્યું.

મેં મારો ગ્લાસ પૂરો કર્યો અને ઊભો થયો.

'આ ન્યૂયોર્ક શહેર છે, દરેક બ્લોકમાં બાર અને સંગીત હશે,' શૈલેષે કહ્યું.

'મારે દરેક બ્લોકમાં જવું પડશે', મેં કહ્યું.

'તું ગાંડો થઈ ગયો છે,' શૈલેષે કહ્યું.

'તું આખીય વાતને કઈ રીતે જુએ છે એની પર આધાર છે.' મેં કહ્યું.

'એનો અર્થ શું ?'

'તું સવારે ૬ વાગે ઊઠે છે અને સૂટ-બૂટ પહેરીને તૈયાર થઈ જાય છે. સાડા સાત વાગે સવારે ઑફિસ પહોંચી જાય છે, દિવસે ૧૩ કલાક કામ કરે છે. કેટલાકને એવું પણ લાગે કે તું ગાંડો થઈ ગયો છે ?'

'મને એના માટે વળતર મળે છે ભાઈ, એ પણ ડૉલર્સમાં.'

'રિયા એ મારા માટે સર્વશ્રેષ્ઠ વળતર છે.' મેં કહ્યું. શૈલેષ પાસે જવાબ નહોતો.

'તારે થોડું વધુ ગરમ જૅકેટ જોઈશે, ઊભો રહે,' જ્યોતિ બોલી. એણે કબાટ ફંફોસ્યું અને એક લેધર જૅકેટ કાઢી આપ્યું.

'થેક્સ.' મેં કહ્યું. હું એપાર્ટમેન્ટની બહાર નીકળ્યો અને મારી પાછળ બારણું બંધ કર્યું. અંદર, શૈલેષ જે બોલ્યો એ મને સંભળાયું. 'તને એમ લાગે છે કે એને સારા માનસશાસ્ત્રીની જરૂર છે ?'

*

ગૂગલ મેપ ગાંડા પ્રેમીઓની કદી આલોચના નથી કરતું, એણે મને મારી નજીકના એવા બાર દેખાડ્યા જ્યાં લાઇવ સંગીત માણી શકાતું હોય. પહેલું સૂચન બ્રાન્ડીસ પિયાનો બારનું હતું. બીજા અને ત્રીજા માર્ગ વચ્ચે ૮૪ નંબરની ગલીમાં, ફક્ત પાંચ મિનિટમાં ચાલતા ત્યાં પહોંચી શકાય એમ હતું.

હું બ્રાન્ડીસ પિયાનો બારમાં પહોંચ્યો. જો કોઈ ધ્યાનથી ન જોતું હોત તો નજરે પણ ન ચડે એટલી નાની જગ્યા હતી. ઓછામાં ઓછા બે ડ્રિંક્સનો ઑર્ડર આપવો પડે એવો નિયમ હતો. મારી પીવાની કોઈ ઇચ્છા નહોતી. મારે ફક્ત મેનેજરને મળવું હતું અને ત્યાં આવતા ગાયકોનું લિસ્ટ જોઈતું હતું.

'સર, તમારે બે ડ્રિંકનો ઑર્ડર આપવો પડશે.' ચ્યુંઇંગમ ખાતાં ખાતાં વેઇટ્રેસ બોલી. મને ખ્યાલ આવ્યો કે મારે વધુ સારી રીતે આ કામ કરવું પડશે. અત્યારે તો, મારે સસ્તામાં સસ્તુ શું છે એ શોધવાનું હતું.

'બે બડવાઈઝર બિયર, પ્લીઝ.'

એક કામચલાઉ સ્ટેજ પર પિયાનો હતો. હું આવ્યો એ દરમ્યાન બ્રેક હતો. દસ મિનિટ પછી, મેટ્ટ નામનો ગાયક આવ્યો અને એણે પોતાની જગ્યા લીધી.

'હાય, તમને બધાને ફરી અહીં જોઈને આનંદ થયો. એરોસ્મિથથી શરૂઆત કરીએ.' મેટ્ટે કહ્યું.

ટોળાએ ચિચિયારીઓ કરી. મને લાગ્યું કે એરોસ્મિથ બહુ જાણીતું બેન્ડ હશે.

મેટ્ટે ધીરેથી, સ્પષ્ટ અવાજમાં ગાયું. મારી ઇંગ્લિશની પ્રેક્ટિસને કારણે થોડા શબ્દો હું જાણી શક્યો. એનો અર્થ કંઈક આવો થતો હતો. તારા શ્વાસ સાંભળવા માટે હું આખી રાત જાગી શકું છું, ઊંઘમાં તું હસતી હોય એ હું જોઈ શકું છું.

લોકો પોતાનું ડોકું આમથી તેમ હલાવતા હતા. મેટ્ટ ગાતો હતો અને સાથે સાથે પિયાનો પણ વગાડતો હતો. મારે આંખ બંધ કરવી નથી,મારે સૂવું નથી, નહીં તો હું ચૂકી જઈશ અને મારે એક પણ વસ્તુ ચૂકવી નથી.

મારે પણ સૂવું નહોતું. આખીય રાત મારે જાગવું હતું અને શક્ય એટલા બારમાં રિયાની તપાસ કરવી હતી. મેં ગૂગલ મેપની એપ ફરી ખોલી. મેનહટ્ટનની ગલીઓ ફોન સ્ક્રીન પર તો નિયંત્રણમાં હોય એવી લાગતી હતી પણ હકીકતે તો આ મહાનગરમાં લાખ્ખો ગલીઓ હતી.

કદાચ એ ન્યુયોર્કમાં હોય પણ નહીં.

મારા દિલમાંથી ફરી એક કોમળ અવાજ આવ્યો. એક માત્ર સંવેદનશીલ અવાજ જેને મેં અવગણ્યો હતો. દર વખતની જેમ આ વખતે પણ મેં ધ્યાન ન આપ્યું. મેં સંગીત પર ધ્યાન આપ્યું. મને પ્રેમિકાની એક પણ વાત ચૂકી ન જવાય એ માટે ન ઊંઘનારા પ્રેમીની વેદના સમજાઈ રહી હતી.

હું કેશિયર પાસે ગયો અને મેનેજર માટે પૂછ્યું. મેનેજરને મેં મારા નક્કી કરી રાખેલા પ્રશ્નો પૂછવા માંડ્યા.

'હું ઇન્ડિયાથી એક ખોવાયેલ દોસ્તની તપાસ માટે આવ્યો છું મને માત્ર એટલી જ ખબર છે કે એ કદાચ ન્યૂયોર્કના કોઈ બારમાં સિંગર હોઈ શકે. તમે મને કહી શકો અહીં કોણ કોણ સિંગર છે ?'

'ઘણા બધા છે, દોસ્ત, આખુંય શિડ્યુલ નોટિસબોર્ડ પર લગાવેલું છે. તમને નામ ખબર છે ?' મેનેજરે પૂછ્યું.

'એનું સાચું નામ રિયા છે.'

'આવું તો કોઈ નામ નથી એવું હું ખાતરી સાથે કહી શકું.'

'એણે સ્ટેજ માટે કદાચ બદલ્યું પણ હોય.' મેં કહ્યું.

'તો તો અઘરું છે.'

'એ ઊંચી છે, પાતળી છે, અને ખૂબસૂરત છે. લાંબા વાળ છે, એટલે હું જ્યારે છેલ્લે મળ્યો ત્યારે હતા.'

'આ શહેર જ ઊંચા, પાતળા અને ખૂબસૂરત લોકોનું છે.'

'ભારતીય છે. ન્યૂયોર્કના બારમાં ભારતીય ગાયક છે ?'

'એ બોલિવુડ સોંગસ ગાય છે ? તો હું ઇન્ડિયન રેસ્ટોરન્ટમાં તપાસ કરી જોઉં.'

'કદાચ નહીં. એને વેસ્ટર્ન મ્યુઝિક જ પસંદ હતું. તમે આવા કોઈ બારમાં ઇન્ડિયન સિંગર જોઈ હોય એવું તમને યાદ છે ?'

મેનેજરે થોડીવાર માટે વિચાર કર્યો, પછી એણે ડોકુ હલાવ્યું.

'સૉરી, ત્યાં નોટિસબોર્ડ પર જોઈ લો. કદાચ કંઈ જડી જાય.'

હું નોટિસબોર્ડ તરફ ગયો. મેં આખાય મહિનાનું જુદી જુદી સંગીતમય પ્રસ્તુતિઓનું ટાઇમટેબલ જોયું. કોઈ ગાયકનું વર્ણન રિયાને મળતું નહોતું આવતું.

વેઈટ્રસ બે બિયરનું બિલ લઈ આવી. એણે બિલમાં વીસ ટકા ટીપ ઉમેરી હતી.

''૨૦% ?'

'આ ન્યૂયોર્ક છે', ચમકતા ચહેરે એ બોલી. મને પછી ખબર પડી કે ન્યૂયોર્કમાં ટીપ આપવી ફરજિયાત છે.

હું બ્રાન્ડીસ પિયાનો બારમાંથી નીકળ્યો અને નજીકમાં આવેલા બીજા કેટલાક બારમાં ગયો. બીજા માર્ગ પર ૮૭મી ગલીમાં માર્ટી ઓબ્રાયન્સ બાર હતો, પણ ત્યાં સિંગર કરતાં બેન્ડ વધુ હતાં. અપટાઉન રેસ્ટોરન્ટ અને લોનજ ૮૮મી ગલીમાં હતી. એણે સમયપત્રક બહાર જ ચોંટાડી રાખ્યું હતું. ત્યાં ફક્ત બે ગાયિકાઓ હતી. ચોકીદારે કહ્યું કે એ બંને અમેરિકન હતી.

૭૬મી સ્ટ્રીટમાં વૈભવશાળી કાર્લાઈલ હોટલ હતી. એમાં બેમલમેન્સ બાર હતો. ડ્રિંકનો ભાવ ટીપ ન ગણતાં પણ ૧૫ ડૉલર હતો. હું બારના ખૂણામાં આવેલ નાનકડા સોફા પર બેઠો જેથી વેઇટરની નજર મારી પર ન પડે અને હું ઑર્ડર આપવામાંથી બચી જઉં.

ઊંચી, ગોરી, ૬ ફૂટ ઊંચાઈ ધરાવતી રૂપાળી અમેરિકન છોકરી પ્રેમગીત ગાઈ રહી હતી. હું હજાર વર્ષથી તેને પ્રેમ કરું છું. હું હજાર વર્ષ સુધી તને પ્રેમ કરતી રહીશ.

મારો ઑર્ડર લેવા માટે વેઇટર આવ્યો. મેં કહ્યું કે મારે અગત્યના કામ માટે જવું પડે એમ છે. હું ઊભો થયો.

'અરે, તમારે ત્યાં કોઈ બીજી ફિમેલ સિંગર છે ?' મેં સહજતાથી પૂછતો હોઉં એ રીતે પૂછ્યું.

'ઘણી છે. એ બધી વારાફરતી આવતી હોય છે.'

'કોઈ ઇન્ડિયન છે ?'

'હું કહી ન શકું, સર.' અમેરિકન્સ જે વાત ન જાણતા હોય એવા પ્રશ્નોના જવાબ આપવામાં આપણા ઇન્ડિયન્સની જેમ કૂદી નથી પડતા. આપણે તો બધા વિષે બધું જ જાણતાં હોઈએ એમ વર્તીએ છીએ.

'ઊંચી, ખૂબસૂરત છોકરી જે ઇન્ડિયન લાગતી હોય ?'

'નો સર, બે બ્લેક સિંગર છે અને બે કોકેશિયન.'

મધરાત થઈ હતી છતાં ચાલુ દિવસે પણ જગ્યા ભરાયેલી હતી. મારી આસપાસની તમામ વ્યક્તિઓ સખત આનંદમાં લાગતી હતી. ગ્લાસનો ખણખણાટ સંભળાઈ રહ્યો હતો,

જોક્સ પર એ બધા ખડખડાટ હસતા હતા. એમને તો કદાચ બિહારના અસ્તિત્વ વિષે પણ ખબર નહીં હોય, એમને એ પણ ખબર નહીં હોય કે જેમ પેલી સિંગરે ગાયું હતું એમ કોઈને હજાર વર્ષ ચાહવાનું એટલે શું ? મને ખબર હતી એટલે શું ?





યુનાઈટેડ સ્ટેટ્સમાં ગેટ્સ ફાઉન્ડેશનની ઑફિસ સિઆટલમાં આવેલી છે. માઇક્રોસોફ્ટ પણ અહીં જ છે અને બિલ ગેટ્સ રહે પણ અહીં જ છે. આ સિવાય એમની ઈસ્ટ કોસ્ટ ઑફિસ વોશિંગટનમાં પણ છે. ન્યૂયોર્કમાં એ લોકો જુદા-જુદા પ્રોજેક્ટ પર વિવિધ પાર્ટનર્સ સાથે કામ કરે છે. મેં ન્યૂયોર્કનો જ આગ્રહ રાખ્યો હતો એટલે માઇકલે મને યુનાઇટેડ નેશન્સ સાથેના ગેટ્સ ફાઉન્ડેશનના પ્રોજેક્ટમાં ગોઠવ્યો હતો. ન્યૂયોર્કની મધ્યમાં યુએનનું વર્લ્ડ હેડક્વાર્ટર આવેલું હતું. કામના પહેલા દિવસે, હું લેક્સિંગ્ટન ઍવન્યુ પર આવેલા ૮૬મી સ્ટ્રીટ સ્ટેશન પર પહોંચ્યો. ચાર નંબરની ટ્રેન પકડી અને ૪૨મી સ્ટ્રીટ પર આવેલા ગ્રાન્ટ સેન્ટ્રલ સ્ટેશન પર ઊતર્યો. અહીંથી અડધો એક માઈલ દૂર જ વિશાળ યુનાઇટેડ નેશન્સ પ્લાઝા કોમ્પ્લેક્સ આવેલું છે. ત્રણ-ત્રણ જગ્યાએ સિક્યોરિટી-ચેકિંગની પ્રક્રિયા પૂરી કર્યા પછી હું યુએનએફપીએની ઑફિસે પહોંચ્યો. યુનાઇટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ.

'મિ. જહા, વેલકમ, અંદર આવો.' ચાલીસેક વર્ષના, મારાથી બમણા પહોળા એવા એક અશ્વેત માણસે મને રિસેપ્શન એરિયામાં આવકાર્યો.

ચોપડીઓ અને જુદા જુદા રિપોર્ટ્સથી ભરેલી એક કેબિનમાં હું દાખલ થયો.

'ઓલારા લોક્રીસ-યુગાન્ડા. પોપ્યુલેશન ફંડ સાથે દસ વર્ષથી કામ કરું છું. હંએ તારો સલાહકાર છું.'

ગેટ્સ ફાઉન્ડેશને યુએનએફપીએને યુવાનોને HIV/AIDS થી કઈ રીતે બચી શકાય એનું શિક્ષણ આપવા માટે આફ્રિકન દેશોમાં ૫૭ મિલિયન યુએસ ડૉલર્સનું અનુદાન આપ્યું છે. આ પ્રોજેક્ટની પ્રગતિ વિષેનો મારે રિપોર્ટ બનાવવાનો હતો. મને બેમાંથી એકેયનો અનુભવ નહોતો. આફ્રિકાનોય નહીં અને રિપોર્ટ બનાવવાનોય નહીં.

'હું બિહારમાં સ્કૂલ ચલાવું છું. સૉરી, પણ આ આફ્રિકા ને આ રિપોર્ટ બનાવવા, એ બધું મારી પહોંચ બહાર છે.'

ઓલારાએ મારી સામે સ્મિત કર્યું. એના ચહેરા પર એના દાંત ચમકી રહ્યા હતા.

'ચિંતા ન કરીશ. ખરેખરી સ્કૂલ ચલાવવા કરતાં રિપોર્ટ્સ બનાવવા વધુ સહેલું કામ છે.'

ઓલારાએ બાકીને બપોર આખીય આ પ્રોજેક્ટની જુદી જુદી માહિતીઓ કઈ રીતે ક્યાં સંગ્રહાયેલી છે એ સમજાવવામાં કાઢી.

'ઘાના, યુગાન્ડા, ટાન્ઝાનિયા અને બોટસ્વાના એ ચાર મુખ્ય ધ્યાન આપવા લાયક શહેરો છે.' એમણે કહ્યું. મારી ઇન્ટર્નશિપને લગતા કેટલાક તાર્કિક અને પ્રશાસનિક મુદ્દાઓ વિષે પણ એમણે મને કહ્યું. એમણે મને એમ પણ કહ્યું કે મારા કામના કલાકો સવારના નવથી સાંજના પાંચના રહેશે અને વચ્ચે લંચ માટે બ્રેક રહેશે.

'ન્યૂયોર્કમાં પહેલીવાર આવ્યો છે ?' ઓલારાએ પૂછ્યું.

'હા.'

'સરસ, કામ પત્યા પછી હું તને ડ્રિંક માટે લઈ જઈશ.'

'ચોક્કસ...'

'કોઈ ખાસ પસંદ ?'

'કોઈ પણ એવી જગ્યા જ્યાં લાઇવ મ્યુઝિક હોય', મેં કહ્યું.

*

એક મહિના પછી.

'દોસ્ત, ના, પ્લીઝ, હું આ ન લઈ શકું', શૈલેષે કહ્યું. એણે કવર મારા તરફ પાછું ખસેડ્યું.

મેં કવરની અંદર એક હજાર ડૉલર મૂક્યા હતા.

'એક મહિનો થયો, શૈલેષ, મને તું આવું કરે એ નથી ગમતું.' મેં કહ્યું.

'હું ડુમરાઉં આવું તો મારી પાસેથી ભાડું લે ?' એણે પૂછ્યું.

'ના, પણ તું અહીં ભાડું ચૂકવે છે. મને પણ એમાં યોગદાન આપવા દે ને.'

'મૂરખ જેવી વાત ન કર. તું ભાગ્યે જ ઘરમાં રહે છે. રોજ રાત્રે ૩ વાગે ઘેર આવે છે. સવારે ૮ વાગે નીકળી જાય છે. અમને તો ઘરમાં તારી હાજરી વર્તાતી જ નથી.'

શૈલેષની વાત સાચી હતી. આખુંય અઠવાડિયું એક જ ઘરમાં રહેવા છતાં અમે મળ્યા નહોતા.

'કામ કેવું ચાલે છે ?' એણે પૂછ્યું. 'તારો પ્રોજેક્ટ છે શું ?'

'બોટસ્વાનામાં ચાલી રહેલા ઍઇડ્સ અવેરનેસ કાર્યક્રમની વખતોવખત પ્રગતિ ચકાસવી.'

'હં, ઉમદા કામ લાગે છે.'

'મને ઉમદા કે મહાન વિષે કંઈ નથી ખબર. ખબર મને માત્ર એટલી છે કે હવે મારી પાસે બે જ મહિના બચ્યા છે અને રિયાનો કોઈ પત્તો નથી.'

શૈલેષે સિરિયલનું બૉક્સ નમાવ્યું. બૉક્સ પર લેબલ હતું. 'સિનેમન ટોસ્ટ કંચ' નાના ગળ્યા ચોરસ ટુકડા એના દૂધમાં પડ્યા.

'તું એક ભ્રમણાની પાછળ દોડી રહ્યો છે', એણે કહ્યું.

'હોઈ શકે.'

'ગયા મહિને કેટલા બારની તેં મુલાકાત લીધી ?'

જે નોટબુકમાં મેં મુલાકાત લીધેલા બારની વિગતો લખી હતી તે નોટબુક ઉથલાવી.

'૧૦૦થી ય વધુ, લગભગ બસો', મેં કહ્યું.

રૂબરૂ જઈને લીધેલી મુલાકાતો સિવાય મેં લગભગ ૫૦૦ જેટલાં સ્થળોએ ફોન કરેલો. કોઈને પણ રિયા નામની ગાયક વિષે ખ્યાલ નહોતો.

શૈલેષ ચોંકી ગયો. એણે એના મોઢા પર હાથ દાબી દીધો જેથી ખાવાનું બહાર નીકળી ન

જાય. બોલતા પહેલાં એણે ચાવવા માટે થોડો વિરામ લીધો.

'માધવ, એક દોસ્ત તરીકે મને તારા માટે લાગણી છે. એટલે હું કહું છું, તારે આ બધું બંધ કરવું જોઈએ. એ ચાલી ગઈ છે. એ જયાં છે ત્યાં ખુશ રહે એવું તારે ઇચ્છવું જોઈએ, બસ. તું પણ જીવનમાં આગળ વધી જા.'

'હું વધી જઈશ, પણ મારાથી બનતા બધા પ્રયત્નો મેં કરી લીધા છે એવી ખાતરી થયા બાદ. બે મહિના પછી.'

'હું તો કહીશ અત્યારે જ માની લે એવું, અને બે મહિના પછી પાછા શું કામ જવું છે ? યુએનમાં પૂરા સમયનું કામ મળે એવી કોઈ તક નથી ?'

'મને ખબર નથી. મેં ક્યારેય એમાં રસ નથી દેખાડ્યો.'

'ભૂતકાળમાં જીવવાનું છોડી દે. નવા જીવનની શરૂઆત કર. અહીં કામ શોધવાનો પ્રયત્ન કર. નવા નવા લોકોને મળવાનો પ્રયત્ન કર.'

હું હસ્યો અને ડોકું હલાવ્યું. એની વાત સમજણભરી હતી. મને સમજણમાં કોઈ રસ નહોતો. એણે બ્રેકફાસ્ટ પૂરો કર્યો. શૂઝમાં પગ નાખતાં નાખતાં એ બોલ્યો, 'કોઈ વાર અમારી સાથે બહાર આવને, જ્યોતિની ઘણી બહેનપણીઓ કુંવારી છે.'

'ચોક્કસ, જો સંગીત વગાડતા હોય એવા સ્થળે તમે જવાનાં હો તો મને કહેજો.'

શૈલેષે મારી તરફ જોયું અને હસ્યો, 'તું ગાંડો છે', એ બોલ્યો, 'ચલ હવે હું જઉં, નહીં તો ટ્રેન ચૂકી જઈશ.'

*

યુએનમાં મારે એક કલાકનો લંચ બ્રેક હતો. મોટાભાગે બહાર આવેલી સબ વે કે સ્ટારબક્સમાંથી હું સેન્ડવિચ ખાઈ લેતો હતો. જ્યારથી શૈલેષે ભાડું લેવાની ના પાડી ત્યારથી મારી પાસે કાપુચીનો પીવા માટે પણ પૈસા રહેતા હતા. સ્ટારબક્સમાં એક ખૂણાની જગ્યા મેં શોધી કાઢી હતી જ્યાં બેઠોબેઠો હું ફોન કરી શકું.

'હાય, શું આ વેસ્ટ વિલેજ ટેન્ટહાઉસ છે ?' મેં પૂછ્યું.

'જી હા', એક ઘરડી સ્ત્રીનો અમેરિકન છાંટવાળો અવાજ આવ્યો.

'હું મેનેજર સાથે વાત કરી શકું ?'

'હું પૂછી શકું શેના અંગે આપને વાત કરવી છે ?'

'હું એક ગાયકની તપાસમાં છું.'

'અમારી પાસે ઘણા બધા ગાયકો છે. તમે અમારી વેબસાઇટ જોઈ છે ?'

'જી હા, જોઈ છે. જો કે હું એક ચોક્કસ વ્યક્તિની શોધમાં છું, જેનું કદાચ લિસ્ટમાં નામ ન પણ હોય.'

'મને ખ્યાલ નથી આવતો હની, તું શું કહેવા માગે છે ?'

'એ એક છોકરી છે. ભારતીય. લગભગ પચીસેક વર્ષની. એનું અસલી નામ રિયા છે. મને લાગતું નથી સ્ટેજ માટે એણે એનું આ જ નામ રાખ્યું હોય.'


'આટલી જ માહિતી સાથે મને નથી લાગતું કે હું કંઈ મદદ કરી શકું. તમે એને ક્યાંય કાર્યક્રમ આપતાં જોઈ છે ?'

'અં...ના, એટલે એ મારી જૂની દોસ્ત છે. હું એને શોધવાનો પ્રયાસ કરી રહ્યો છું.'

'માફ કરજો હં, બીજો ફોન આવી રહ્યો છે. બાય.'

એણે ફોન મૂકી દીધો. મેં મારા મોટા કપમાંથી કૉફીનો ઘૂંટ પીધો. વેન્ટી સાઇઝ કપમાં કૉફી લગભગ અડધો લિટર આવતી હશે. અમેરિકન્સ સાઇઝમાં, કદમાં બહુ માને છે, પછી ભલે ને એ કાર હોય, શરીર હોય કે પછી ખોરાક હોય. લંચ બ્રેક પૂરો થવાને દસ મિનિટની વાર હતી. મેં બીજા કેટલાક બારમાં ફોન કર્યો અને એક ટેલેન્ટ એજન્સીમાં. આખરે, સાંજ માટેની યોજના બની ગઈ. ટ્રિબેકા વિસ્તારની આસપાસ આવેલા છ બારમાં મારે સાંજે મુલાકાત લેવાની હતી.





‘અહીં કોઈ ઇન્ડિયન સિંગર નથી, સૉરી’, એ બોલી.

હું ટ્રિબેકા નેશન નામના નાનકડા બારમાં આવ્યો હતો. અહીં ત્રીસેક જેટલી બેઠકો હતી અને ફક્ત એક વ્યક્તિ ઊભી રહીને ગાઈ શકે એવું સ્ટેજ હતું. ગાયિકાએ પોતાનું ગીત હમણાં જ પૂરું કર્યું હતું.

હું એની પાસે ગયો હતો અને કહ્યું હતું કે મને એનો અવાજ બહુ ગમ્યો હતો. મેં એને થોડીવાર એ મારી સાથે બેસી શકે કે કેમ પૂછ્યું હતું. એણે મારી સામે શંકાથી જોયું હતું.

‘મારે ખાલી થોડા સવાલ જ પૂછવા છે, બીજું કંઇ નહીં’, મેં એને કહ્યું હતું.

એણે જેક ડેનિયલ વ્હીસ્કી અને ડાયેટ કોક મંગાવ્યાં હતાં અને મને પણ એ ચાખવાનો આગ્રહ કર્યો હતો.

એરિકા બાવીસ વર્ષની હતી. એ રહોડ્ આયર્લૅન્ડની હતી, ન્યૂયોર્કથી ઉત્તરે આવેલા રાજ્યની. એને બ્રોડવે નાટકોમાં કામ કરવું હતું. એટલે દિવસે એ ઓડિશન્સ આપતી અને આવી રીતે સંગીતના કાર્યક્રમો આપીને કમાઈ લેતી.

‘મેં હાઈસ્કૂલ પૂરી કરી અને અહીં આવી ગઈ.’

મેં એની સામે જોયું.

‘કૉલેજ નથી કરી, સૉરી’ એણે પહોળું સ્મિત કર્યું. છેલ્લાં કેટલાંક અઠવાડિયાંઓથી હું એવું શીખ્યો હતો કે અમેરિકન્સ કોઈ વસ્તુ મેળવવા ઇચ્છે તો એની પાછળ પડી જાય. જોખમો વિષે એ લોકો બહુ વિચારતા નથી. મને વિચાર આવ્યો કે કયાં ભારતીય માબાપ પોતાની દીકરીને બારમા ધોરણ પછી રાત્રે બારમાં ગાવાની છૂટ આપે ?

‘આ છોકરી શોધવી ખરેખર જરૂરી છે.’ મેં કહ્યું. બે વ્હિસ્કી પેગ પેટમાં ગયા પછી હું વધારે વાતો કરવા માંડ્યો હતો.

‘પ્રેમ ક્યારેક આપણી પાસે ગાંડપણ કરાવડાવે છે’, એ બોલી.

‘હા, હું થોડો વધારે જ ગાંડો છું.’

‘પ્રેમ’, એ હસી, ‘કમ સે કમ આ પ્રેમને કારણે જ અમને સિંગર્સને કામ મળ્યા કરે છે.’

મેં એને રિયાનું વર્ણન કહ્યું.

‘તમે કોઈ એજન્ટ સાથે વાત કરી ?’

‘શક્ય એટલા એજન્ટ સાથે કરી, પણ કંઈ મળ્યું નથી.’

‘એણે જો સ્ટેજનું નામ બીજું રાખ્યું હોય તો વાત મુશ્કેલ બની જાય.’

'એ ભારતીય છે. મને એવી આશા છે કે કોઈકને તો એ યાદ રહી જ હશે. મારી પાસે હવે બે મહિના બચ્યા છે.'

'મને કોઈ એવું દેખાશે તો હું તને ફોન કરીશ.'

'એ બહુ ઉપયોગી થશે.'

'મારી પાસે તારો નંબર જ નથી.'

અમે એકબીજાને અમારા ફોન નંબર આપ્યા. એણે મને બીજા કેટલાક બાર સૂચવ્યા.

'આ લો', એણે જે ટિસ્યુ પેપર પર ગરબડિયા અક્ષરે નામો લખ્યાં હતાં તેં મારી તરફ પસાર કર્યું. 'આ કેટલીક જગ્યાઓ છે જે નવા ગાયકોને તક આપે છે.'

'થૅંક્સ', મેં કહ્યું.

'નસીબદાર છે એ છોકરી', એરિકાએ કહ્યું.

'અત્યારે તો નસીબની જરૂરત મને વધારે છે' મેં કહ્યું.

*

દોઢ મહિના પછી

'૭ મી સ્ટ્રીટ અને ફર્સ્ટ ઍવન્યુ. રાત્રે આઠ વાગે, પિલોસ રેસ્ટોરન્ટ', શૈલેષે ફોન પૂરો કર્યો.

ઈસ્ટ વિલેજમાં આવેલી પિલોસ ઉચ્ચ કક્ષાની ગ્રીક રેસ્ટોરન્ટ છે. ટેરાકોટાના બનેલા માટીના ઘડા છત પરથી લટકાવવામાં આવ્યા છે, જેમાંથી પ્રકાશ પથરાય છે. બિહારમાં કોઈ માની શકે નહીં કે માટીના ઘડા આટલી સુંદર રીતે વાપરી શકાય.

શૈલેષ અને જ્યોતિએ મને ડિનર માટે બોલાવ્યો હતો. જ્યોતિ મને ચેતવ્યા વગર જ પોતાની દોસ્ત પ્રિયાને પણ લઈ આવી હતી.

'પ્રિયા ન્યૂયોર્કમાં અલજઝીરાની રિપોર્ટર છે. અમે હાઈસ્કૂલમાં સાથે હતાં' જ્યોતિએ કહ્યું. પ્રિયા પણ ૨૪-૨૫ વર્ષની હશે. ફેશનેબલ ચશ્મા, પાતળું શરીર અને આકર્ષક. એણે નેવીબ્લ્યુ ટોપ અને વ્હાઇટ સાંકડું સ્કર્ટ પહેર્યાં હતાં. ગળામાં સિલ્વર ચેઇન હતી જે એના ટોપમાંથી દેખાઈ જતી નાભિ સુધી લટકતી હતી.

'આ માધવ છે. યુનાઇટેડ નેશન્સના પ્રોજેક્ટ માટે અહીં આવ્યો છે', શૈલેષે કહ્યું. મારે અને પ્રિયાને એકબીજા સામે સ્મિત કરવાની ને હાથ મેળવવાની આ નિશાની હતી.

હું ઇન્ડિયામાં શું કરું છું એ વિષે અને અહીંની મારી ઇન્ટર્નશિપ વિષે મેં પ્રિયાને કહ્યું.

'તમે ગામડામાં સ્કૂલ ચલાવો છો ? બહુ સરસ કહેવાય', એ બોલી.

'થૅંક્સ', મેં કહ્યું.

અમે ગ્રીકવાઇનની બોટલ મંગાવી. સાથે સાથે મુસાકા નામની વાનગી પણ મંગાવી. સાંતળેલાં રિંગણ અને ટમેટાં પર નાખેલાં ડુંગળી, બીજા મસાલા અને ચીઝ સોસથી બનેલી. નાનકડા પર્વત જેવી શાકભાજીઓથી ભરેલી ડિશ અમારા ટેબલ પર આવી.

મેં ચમચી ભરીને ચાખ્યા.

'આ અમારા લિટ્ટી ચોખા જેવું છે', હું બોલ્યો.

'લિટ્ટી ચોખા ?', પ્રિયાએ પૂછ્યું.

'એ બિહારની બહુ જાણીતી વાનગી છે. તમે ઇન્ડિયામાં ક્યાંના છો ?'

'હું મિનેસોટાની છું.' એ બોલી. મને ખ્યાલ આવ્યો કે યુએસમાં જન્મેલા એનઆરઆઈને કોઈ ઇન્ડિયન ગણે એ પસંદ નથી.

'ઓહ', મેં કહ્યું, 'કંઈ વાંધો નહીં, આ અમારી સ્થાનિક વાનગીને ઘણી મળતી આવ છે.'

'મારાં પેરન્ટ્સ આંધ્રપ્રદેશનાં છે', એ બોલી.

શૈલેષે મારા વાઇનનો ગ્લાસ ફરી ભર્યો.

જ્યોતિએ વધુ વાનગીઓનો ઑર્ડર આપ્યો. ત્રણ ગ્રીક ડીપ-જાડા દહીંમાંથી બનેલું ઝાત્ઝિકી, માછલીના ઈંડામાંથી બનેલું ટારામસાલાટા અને તંદૂરમાં શેકેલાં રિંગણ અને એક્સ્ટ્રા વર્જિન ગ્રીક ઓલિવ ઑઇલ સાથે બનેલું મેલિત્ઝાનોસોલાય- આવ્યાં. સાથે પીતા બ્રેડ પણ આવી.

'મને માફ કરશો, પણ આ બ્રેડ પણ અમારી રોટી જેવી છે', મેં કહ્યું.

'હા, ચોક્કસ. આ બધી ચપટી બ્રેડ છે. ગ્રીસ અને ટર્કીથી લઈને મિડલ ઈસ્ટ અને સાઉથ એશિયા સુધી આવી બ્રેડ પ્રખ્યાત છે' પ્રિયા બોલી.

'આ વિકીપિડિયા છે ?' શૈલેષે પ્રિયા તરફ ઇશારો કરતાં જ્યોતિને પૂછ્યું અને અમે બધાં હસી પડ્યાં.

'એ છે જ. એ તો સારું છે ગ્રીકની આર્થિક સમસ્યા વિષે ચર્ચા કરવા નથી માંડી નહીં તો ગ્રીક જગ્યા પર આવ્યા છીએ તો પ્રિયા એવું પણ કરે' જ્યોતિ બોલી.

'ના હોં પ્લીઝ, બૅંકમાં હું પૂરતા ઇકોનોમિક રિપોર્ટ્સ વાંચી લઉં છું' શૈલેષે કહ્યું.

'હે ય, હું બેવકૂફ છું અને મને ગર્વ પણ છે એનો', બોલતાં બોલતાં પ્રિયાએ પોતાનો ગ્લાસ ઊંચો કર્યો. અમે ત્રણેએ પણ પોતાનો ગ્લાસ ઊંચો કર્યો.

'ચિંતા ન કરીશ, યુએન બોય, હું મારા ડહાપણ સાથે તને વધુ કંટાળો નહીં આપું', પ્રિયાએ કહ્યું અને પોતાનો ગ્લાસ મારા ગ્લાસ સાથે ટકરાવ્યો.

બંને છોકરીઓ ભેગી થઈને વોશરૂમ તરફ ગઈ. આવી દરેક પ્રવૃત્તિ માટે એ લોકો સાથે શું કામ જતાં હશે ?

'તને ગમી ?' બંને જણ ગયા પછી શૈલેષે પૂછ્યું.

'હં ?'

'પ્રિયા. એનું ધ્યાન તારામાં જ છે. પ્રિયા હોટ નથી ?'

'શું ?'

'તું બરાબર વર્તન કરે તો એ તારી થઈ જાય.'

મેં માથું ધુણાવ્યું.

'હું મજાક નથી કરતો', શૈલેષે કહ્યું.

'મને કોઈ રસ નથી.'

'હું તને એની સાથે લગ્ન કરવાનું કહેતો જ નથી. એને બહાર લઈ જા, મજા બજા કર, જરા તારી જાતને બહેકવા દે.'

'શું મજાક કરે છે યાર? મારી પાસે આમેય ન્યૂયોર્કમાં બહુ ઝાઝો સમય બચ્યો છે. માંડ બે અઠવાડિયાં.'

'એ તો વધુ સારું કારણ છે. રોમાન્સ કર્યા વગર કે મજા કર્યા વગર પાછા થોડા જવાય ?' શૈલેષે મારી સામે આંખ મારી.

'મારે ફાઇનલ રિપોર્ટ પૂરો કરવાનો છે. હજુ તો મેં પેકિંગ પણ શરૂ નથી કર્યું અને ઘણા બધા બારમાં જવાનું બાકી છે.'

'તું આ રિયાવાળી મૂર્ખામી નથી છોડવાનો ?'

હું શાંત રહ્યો અને વાઇનનો ત્રીજો ગ્લાસ મેં પૂરો કર્યો.

'તેં લગભગ હજાર જગ્યાની કાં તો મુલાકાત લીધી છે કાં તો ફોન કર્યા છે.'

'બે અઠવાડિયાંમાં આમેય બધું પૂરું થઈ જશે. હુંય થાક્યો છું, પણ મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયત્નો કરવા માંગું છું.'

'તું મૂરખ છે' શૈલેષ બોલ્યો.

વોશરૂમમાંથી પાછી ફરી રહેલી છોકરીઓના ખિખિયાટ અમને સંભળાયા.

'મારી દોસ્ત કહે છે કે તું જરા વધારે પડતો ગંભીર છે, પણ આમ વિચારીએ તો હોટ છે.' જ્યોતિએ જાહેર કર્યું.

પ્રિયાએ જ્યોતિને કોણી મારી.

'ચૂપ રહે, આપણી ખાનગી વાતોને તું જાહેર ન કરી શકે.' શરમાઈને બેસતાં પ્રિયા બોલી.

શૈલેષે મને ટેબલ નીચેથી લાત મારી કંઈક કર, દોસ્ત, એને કહેવું હતું.

'ડેઝર્ટ માટે હું કહીશ કે તમે અમારું ગ્રીક દહીં લો. એમાં ફ્રેશ ચેરી, અજમાની સુગંધવાળું ગ્રીક મધ અને અખરોટ હોય છે', વેઇટરે સૂચવ્યું. આ મીઠી વાનગીના વર્ણનથી જ છોકરીઓ જાણે બેહોશ થઈ ગઈ અને એમણે બે ડીશનો ઑર્ડર આપી દીધો.

'આપણે હવે ક્યાં જઈએ છીએ ?' પ્રિયાએ પૂછ્યું.

'જુઓ ભઈ, અમે તો બોરિંગ બૅંકર કપલ છીએ.' અમારે સવારે વહેલાં ઊઠવાનું હોય છે, 'શૈલેષ બોલ્યો, 'એટલે અમે ઘેર જઈશું. તું અને માધવ અહીં આસપાસની જગ્યાઓ જોવા જાઓ તો ?'

'મારે હકીકતે બીજી જગ્યાઓએ જવાનું જ છે.' મેં કહ્યું. મારા લિસ્ટમાં આજ રાત માટે પાંચ જગ્યાઓ હતી જ.

'માધવ, છોકરીને બહાર જવું છે.' શૈલેષે કહ્યું અને ફરી ટેબલ નીચેથી પગને લાત મારી.

'મને લાત મારવાનું બંધ કર.' મેં કહ્યું. વાઇને મારો આત્મવિશ્વાસ વધારવાનું કામ કર્યું હતું.

મારા ઊંચા થયેલા અવાજથી જ્યોતિ ડઘાઈ ગઈ.

'મારે જવું પડશે. ડિનર માટે થૅંક્સ. મારે ભાગે કેટલા રૂપિયા આપવાના આવે છે ?' હું ઊભો થયો.

મારું માથું ભારે લાગતું હતું. હું બહુ પી ગયો હતો.

'બેસી જા માધવ, અમે તને મદદ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ.' શૈલેષે કહ્યું.

'હું કોણ છું ? કોઈ દર્દી છું, જેને મદદની જરૂર હોય ?'

મારા હાથમાંથી વાઇન ગ્લાસ સરકીને જમીન પર પડ્યો. આખી જમીન પર કાચ કાચ થઈ ગયો.

'તને મદદની જરૂર છે માધવ, તું ખોટા રસ્તે જઈ રહ્યો છે.' શૈલેષે કહ્યું.

બીજા ટેબલ પર બેઠેલા લોકો અમારી તરફ જોઈ રહ્યા હતા. વેઇટર કાચના ટુકડા લેવા આવ્યો.

'આપણે જવું જોઈએ શૈલેષ, તેં બિલ ચૂકવી દીધું ?' જ્યોતિએ પૂછ્યું.

'મારાથી કંઈ ખોટું બોલાઈ ગયું ?' પ્રિયાએ પૂછ્યું.

'ના', જ્યોતિએ પ્રિયાને કહ્યું.

'તો થયું શું ?'

'આ લોકોનું તો આવું જ રહેવાનું. એ બંને પોતાની રીતે જ વાત કરે છે. ચિંતા નહીં કર.'

શૈલેષ મારું બાવડું પકડ્યું. એ મને રેસ્ટોરન્ટની બહાર લઈ આવ્યો. ડિસેમ્બરની ઠંડી હવા અમને વીંટળાઈ વળી.

'તું પીધેલો છે', શૈલેષ જાણીને ધીરેથી શાંત અવાજે બોલ્યો. 'આપણે કેબ પકડીને ઘેર જ જઈએ. રસ્તામાં પ્રિયાને ઉતારી દઈશું.'

'હું પીધેલો નથી', ભલે મને ઊભા રહેવામાં ય સમતુલન નહોતું રહેતું તોય હું બોલ્યો.

'તેં પાણીની જેમ વાઇન પીધો છે' શૈલેષ બોલ્યો.

અમારી બાજુમાં પીળા રંગની ટૅક્સી આવીને ઊભી રહી. છોકરીઓ અંદર ગોઠવાઈ ગઈ. શૈલેષે મને આગળની સીટમાં બેસાડ્યો એ પાછળની સીટમાં ગોઠવાઈ ગયો.

'૮૩ અને ૩, વચ્ચે ૩૭ પર રોકાઈશું' જ્યોતિ બોલી.

'મારે હજુ પાંચ બારમાં જવાનું છે.' હું બોલ્યો અને બારણું ખોલીને બહાર આવ્યો.

પ્રિયાએ જ્યોતિ સામે મૂંઝવણથી જોયું.

'તું બહુ પી ગયો છે. અંદર આવી જ એટલે આપણે જઈએ. બહાર આમેય બહુ ઠંડી છે.' શૈલેષે નારાજ છતાં મક્કમ અવાજે કહ્યું.

'હું પીધેલો નથી' મેં બૂમ પાડી ને એ સાથે જ હું જમીન પર ગબડી પડ્યો. મારો જમણો ઘૂંટણ થોડો મચકોડાયો અને મને સખત દુ:ખવા લાગ્યું.

'નાટક બંધ કર અને અંદર આવ', શૈલેષે કહ્યું. છોકરીઓએ મારા દર્દનાક ઉદ્ગારો સાંભળ્યા અને શૈલેષની પાછળ બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો.

'તું આવે છે કે નહીં, હવે મારી ધીરજ ખૂટી રહી છે હં માધવ', એણે કહ્યું.

'મારે હજુ પાંચ બારમાં જવાનું છે' મેં હજુ પણ મને પગમાં થતા દુખાવાને કારણે દર્દભર્યા અવાજમાં કહ્યું.

'ગાળ' શૈલેષે જોરથી બૂમ પાડી અને કેબનું બારણું ધડામ કરતું બંધ કર્યું. કેબ ઊપડી ગઈ. મારા ચહેરા પર ઠંડા છાંટાઓ પડ્યા. મેં ઉપર જોયું. નાના સફેદ બરફના કણો ચારેકોર

પડી રહ્યા હતા. એક બેઘર માણસે મારો હાથ પકડીને મને ઊભા થવામાં મદદ કરી. એક દુ:ખી વ્યક્તિ જ બીજી દુ:ખી અને નિરાશ વ્યક્તિને મદદ કરી શકે.

'મારે હજુ પાંચ બારમાં જવાનું છે' મેં એ બેઘર વ્યક્તિને કહ્યું.



૪૧

'મને એટલી તો શરમ આવે છે, હું તમારી સામે આંખ મેળવીને જોઈ પણ શકતો નથી.' હું ડાઇનિંગ ટેબલ પર શૈલેષના ઘરમાં બેઠો હતો. હું મફીન, બેગલ્સ, ક્રીમ ચીઝ, ફ્રેશ ઓરેન્જ જયૂસ, કૉફી અને ફ્રૂટ્સ લઈ આવ્યો હતો. નજીકમાં જ આવેલી ડીન એન્ડ ડેલ્યુકા નામની દુકાનમાં હું સવાર સવારમાં જઈ ચડેલો.

શૈલેષે કંઈ પ્રતિભાવ ન આપ્યો.

'તું પાછો ક્યારે આવ્યો અને આટલું બધું ખાવાનું ક્યારે લઈ આવ્યો ?' જયોતિએ પૂછ્યું.

'હું સવારે ૬ વાગે આવ્યો. મેં સૂવાનો પ્રયત્ન કર્યો પણ અપરાધભાવને કારણે સૂઈ ન શક્યો. એટલે હું બહાર ગયો અને બ્રેકફાસ્ટ લઈ આવ્યો.'

જ્યોતિ બોલી, 'એવું કરવાની કંઈ જરૂર નહોતી. ઊલટાનું અમને રાત્રે તારી ચિંતા બહુ થતી હતી.'

'ના, મને નહોતી થતી', શૈલેષે જ્યોતિની વાત કાપી નાખી.

મેં જ્યોતિને કહ્યું, 'સૉરી જ્યોતિ, હું એક મૂરખની જેમ તારી દોસ્ત સામે વર્ત્યો. મેં તમને બંનેને ક્ષોભજનક પરિસ્થિતિમાં મૂકી દીધાં. સદ્નસીબે, થોડા વખતમાં હું જતો રહીશ.'

શૈલેષ કંઈ જ બોલ્યો નહીં. બસ, કંઈ બોલ્યા વિના એ મારી તરફ જોતો રહ્યો.

'શૈલેષ, આઈ એમ સૉરી, મેં બહુ વાઇન પી લીધેલો. મને ખબર નહોતી કે ગ્રીક વાઇનમાં આટલી તાકાત હશે.'

'પ્રશ્ન એ નથી માધવ. આપણને બધાંને દારૂ ચડે છે અને મજા કરીએ છીએ, પણ તેં અમારું અપમાન કર્યું. પ્રિયાને બહુ ખરાબ લાગ્યું. તેં એક વિશિષ્ટ, ખાસ સાંજ બગાડી નાખી.'

'તું સાચો છે. આઈ એમ સૉરી.'

'તેં તારી જાતને જોઈ હતી ? રોડ પર લડખડાતો હતો અને બૂમો પાડતો હતો, "હજુ પાંચ બાર" તને થઈ શું ગયું છે ?'

'મારું દિલ બેસી જાય છે શૈલેષ. હું કદાચ રિયાને ફરી ક્યારેય નહીં મળી શકું. મને ભાન થઈ રહ્યું છે કે મારા પ્રયત્નો ફોગટ જઈ રહ્યા છે. આ બધું ગઈકાલે મારી પર સવાર થઈ ગયું.'

'તું હજી બધી જગ્યાઓએ જાય છે. હજુ પાંચ બાર, હજુ પાંચ બાર, એવું તું કહેતો રહે છે. આ શું ગાંડપણ છે, માધવ ?'

'હું નહોતો ગયો. જઈ નહોતો શક્યો.'

'તો પછી તું ઘેર કઈ રીતે આવ્યો ? જ્યોતિએ પૂછ્યું.

'જાગ્યો ત્યારે હું બસસ્ટેન્ડની પાસે ઠંડીમાં ઠરતો પડી રહ્યો હતો. મેં કેબ પકડી અને ઘેર આવ્યો.'

જ્યોતિ અને શૈલેષે એકબીજા સામે જોયું.

'તું સાચો છે શૈલેષ. મને કદાચ માનસશાસ્ત્રીની જરૂર છે', મેં કહ્યું.

શૈલેષના ચહેરા પર કટાક્ષભર્યું સ્મિત આવ્યું.

જ્યોતિએ ક્રીમ ચીઝ લીધું અને ત્રણ બેગલ્સ પર લગાડવા લાગી. મેં બ્લેક કૉફીનો ઘૂંટ ભર્યો.

'દોસ્તો, મેં સંયમ ખોયો એ માટે હું માફી માગું છું. મેં તમને બહુ દુઃખ પહોંચાડ્યું, તમે મારે માટે આટલું કર્યું હોવા છતાં પણ હવે બહુ થયું, લાઇવ મ્યુઝિકવાળી જગ્યાઓએ જવાનું બંધ.'

'સાચ્ચે ? પ્રોમિસ ?' શૈલેષ એના બેગલને બટકું ભરતાં પૂછ્યું.

'હા, મારે મારો ફાઇનલ રિપોર્ટ પૂરો કરવો છે. મારે થોડું ન્યૂયોર્ક પણ જોવું છે, પછી ભલે ને બરફ પડતો હોય ને ઠંડી પડતી હોય, ને સૌથી અગત્યનું એ છે કે મારે મારો બચેલો સમય તમારા બંને સાથે ગાળવો છે. કોને ખબર, ભવિષ્યમાં આપણે ક્યારે મળીશું ?'

જ્યોતિએ સ્મિત કર્યું. એણે શૈલેષની સામે જોઈને મને માફ કરી દે એવા પ્રકારનો ઇશારો કર્યો.

'અને જો પ્રિયામાં હજુ એક વાર મને મળવાની હિંમત હોય તો હું એની પણ માફી માગીશ.'

શૈલેષ ઊભો થયો, મારી પાસે આવ્યો અને વહાલભર્યું આલિંગન આપ્યું.

'બરાબર છે ? હવે તો કંઈક બોલ ?' મેં એને પૂછ્યું.

'તું મૂરખ છે, બીજું શું કહું ?' શૈલેષ હસ્યો.

બાય, રિયા સોમાણી — મેં મનમાં જ કહ્યું.

*

'કઈ સાઇઝ ? જરા મોટેથી બોલ મા, મને સંભળાતું નથી.' હું માને ફોન પર કહી રહ્યો હતો.

ઘરે બધા માટે ભેટ લઈ જવા માટે હું સેન્ચ્યુઆરી ૨૧ નામની દુકાનમાં આવ્યો હતો.

'બટનવાળું મોટી સાઇઝનું સ્વટર લેજે મારા માટે', એણે કહ્યું હતું.

આખીય સ્કૂલનાં બાળકો માટે મેં કેન્ડી લીધી હતી. જોકે એ જરાય સ્માર્ટ આઇડિયા નહોતો. મારે નવી સુટકેસ ખરીદવી પડે એવી જરૂરિયાત ઊભી થઈ હતી.

'સ્વેટર લેવાઈ ગયું છે. તારે બીજું કંઈ જોઈએ છે ?'

'મારે થોડી મોટી બ્રા જોઈએ છે. મેં સાંભળ્યું છે ત્યાં બહુ સારી બ્રા મળે છે.'

'બાય, મા.'

*

ઇન્ટર્નશિપ પૂરી થવાના એક અઠવાડિયા પહેલાં મેં મારો ફાઇનલ રિપોર્ટ ઓલારાને

સોંપ્યો.

'થૅંક્યુ માધવ, હું તારા કામ વિષે વાંચવા આતુર છું.'

'થૅંક્સ ઓલારા, આ છેલ્લા કેટલાક મહિનાઓમાં તમે શ્રેષ્ઠ માર્ગદર્શક રહ્યાં છો.'

'તું તેજસ્વી છોકરો છે. તેં કાયમ રહેવા માટે અરજી કરી કે નહીં ?'

'આવતા રવિવારે હું ઇન્ડિયા જવા નીકળી જઈશ.'

ઓલારાએ હસીને મારી પીઠ થાબડી.

હું મારા ટેબલ પર પાછો આવ્યો. મારા ફોનમાં મિસ્ડ કોલ હતો. એમાં વંચાતું હતું 'એરિકા, ટ્રિબેકા નેશનલ સિંગર'.

મેં એને વળતો ફોન કર્યો.

'હાય', એણે ફોન ઉપાડતાવેત હું બોલ્યો.

'હાય, મા... માદવ, રાઇટ ?' એણે પૂછ્યું.

'હા, એ જ ઇન્ડિયન છોકરો જે તેને ટ્રિબેક નેશનમાં મળ્યો હતો.'

'કેમ છે તું ? તું કોઈને શોધતો હતો, રાઇટ ?'

મને આખાય શરીરમાં ગરમાવો આવી ગયો. મેં મારી જાતને શાંત રહેવા કહ્યું. મેં શૈલેષને વચન આપ્યું હતું કે હું છોડી દઈશ.

'હા, શોધતો હતો.'

'મળી ?'

'ના.'

'ઓ કે, મારી પાસેય કંઈ ખાસ નથી. હું તને જે કહીશ એ કદાચ તને વધુ મૂંઝવી નાખે એવુંય બને. પણ એક ઊંચી ઇન્ડિયન છોકરી ગાય છે એવી વાત મળી છે.'

'તું કહેવા શું માગે છે ?'

'મેં એવી વાત સાંભળી છે.'

'કોની પાસેથી ?'

'અહીં બારમાં ગ્રાહકો વાત કરતા હતા. એ લોકો એક રૂપાળી ગાયિકા વિષે ચર્ચા કરતા હતા અને એ ક્યાંની હોઈ શકે એ શોધવાનો પ્રયત્ન કરતા હતા. એના ફિચર્સ ઇન્ડિયન હતા પણ એનો વર્ણ ગૌર હતો એવું એમણે કહ્યું. એટલે મને તું યાદ આવ્યો.'

'અને ? એ લોકોએ બીજું કંઈ કહ્યું ?'

'એમણે કહ્યું કે એ જાઝ અને થોડું ઘણું રોક પણ બહુ સારું ગાતી હતી.'

'શું ? ના, ના, આઈ મીન ક્યાં ? એ લોકોએ ક્યાં સાંભળી એને ? તેં પૂછ્યું ?

'અં, હા... એમણે કહ્યું એ મુજબ ૧૪મી સ્ટ્રીટ પર યુનિયન સ્કવેર ફાર્મર્સ માર્કેટમાં.'

'આ બાર છે ?'

'ના, ફાર્મર્સ માર્કેટ એટલે શેરીમાં મેળો ભરાય એવું. ત્યાં ઓર્ગેનિક ફૂડ વેચતી દુકાનો હોય અને ક્યારેક ક્યારેક આવા સંગીતના કાર્યક્રમો થતા હોય.'

‘તો હું શું કરું ?’

‘મને ખબર નથી. સૉરી, એ લોકોનેય વધુ કંઈ ખબર નહોતી.’

‘આ મેળો જેણે યોજ્યો હોય એમને ખબર હોય ?’

‘મને શંકા છે કદાચ ન પણ હોય. આ બહુ મોટી જગ્યા છે, પણ છતાં તું તપાસ કરી શકે છે. ટ્રેન નંબર ૪ પકડીને યુનિયન સ્કવેર પહોંચી જા.’

‘ઓ કે’, મેં કહ્યું.

‘સૉરી, મા... માદવ, મેં કહ્યું કે હું તને ગૂંચવી નાખીશ. પણ તેં દિવસે તું કહેતો હતો ને કે એ કદાચ અહીં હોય પણ નહીં ? હવે કદાચ એ અહીં હોય એવું પણ બને.’

‘થૅંક્સ, એરિકા.’



૪૨

યુનિયન સ્કવેરની મારી મુલાકાત નિષ્ફળ રહી. મારી પાસે નહોતી એ કાર્યક્રમની તારીખ કે નહોતું એ દુકાનનું ચોક્કસ ઠેકાણું.

યુનિયન સ્કવેરના વિશાળ ચોરસ મેદાનમાં ફાર્મર્સ માર્કેટ આવેલી છે. ફૂટબોલ મેદાન જેટલા વિશાળ માર્કેટમાં નેચરલ અને ઇકો ફ્રેન્ડલી વસ્તુઓ વેચતા નાના મોટા સ્ટોલ્સ છે. કેટલાક સ્ટોલમાં જાદુથી લઈને આવા સંગીતના કાર્યક્રમો થતા હતા. ઓર્ગેનિક મધ અને ફળોમાંથી બનેલા સાબુની દુકાન વટાવતો હું મેળાની ઑફિસે પહોંચ્યો.

'એજન્ટ્સ સ્ટોલનું બુકિંગ કરે, અને પછી એ લોકો જ સંગીતકાર બોલાવે. અમારે માટે તો એમને શોધવા બહુ અઘરા પડે.' ઑફિસમાં બેઠેલી એક મહિલાએ મને કહ્યું.

હું સબ વે પકડીને પાછો ઘેર આવ્યો. મને મારી મૂર્ખામી પર ચીડ આવતી હતી. જે સાંજ હું દોસ્તો સાથે ગાળી શક્યો હોત એ સાંજ વેડફાઈ ગઈ એ માટે મને ગુસ્સો આવતો હતો. હું ૮૬મી ગલીના સ્ટેન્ડ પર પહોંચ્યો. શેરીઓમાં બરફ છવાયેલો હતો. ઠંડી હતી અને અંધારું હતું. છતાં નિયોન લાઇટ્સના પ્રકાશમાં ગગનચુંબી ઇમારતોવાળું ન્યૂયોર્ક સુંદર લાગતું હતું. હું ઘર તરફ ચાલી રહ્યો હતો. ઘણા નાનકડા હૂંફાળા રેસ્ટોરન્ટ્સ પાસેથી હું પસાર થઈ રહ્યો હતો. અંદર લોકો જમતા હતા. વાતો કરતા હતા, ખડખડાટ હસતા હતા. મને વારંવાર એવો વિચાર આવતો હતો કે હું કદીય, જીવનમાં એક દિવસ પૂરતો પણ, અંદર બેઠેલા લોકો જેવો નિશ્ચિંત થઈ શકીશ ખરો ?

*

ન્યૂયોર્કમાં મારા છેલ્લા શનિવારે મેં કેટલાક ટૂરિસ્ટ સ્પોટની મુલાકાતે જવાનું નક્કી કર્યું. સવારે મેં રોકફેલર સેન્ટરની એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ અને સ્ટેચ્યું ઑફ લિબર્ટીની મુલાકાત લીધી. બપોરે મેં દિલથી પૈસા ખર્ચવાનું નક્કી કર્યું. હું નેશનલ બાસ્કેટબૉલ ઍસોસિયેશનની ગૅમ જોવા ગયો.

'મે નિક્સ ગૅમની એક ટિકિટ આપશો, પ્લીઝ', મેં ટિકિટ કાઉન્ટર પર કહ્યું.

ન્યૂયોર્ક શહેરની વચ્ચે મેનહટ્ટનમાં આવેલું મેડિસન સ્કવેર ગાર્ડન, એમએસજી કે ફક્ત ગાર્ડન તરીકે પણ ઓળખાય છે. અહીં દરેક પ્રકારની રમત માટે ઇન્ડોર સ્ટેડિયમ આવેલાં છે. ૩૧થી ૩૩ સ્ટ્રીટમાં ૭ મા અને ૮ મા ઍવન્યુ વચ્ચે પેન્સુલવેનિયા સ્ટેશન છે. હું અહીં ન્યૂયોર્ક નિક્સ અને એલએ લેકર્સની પ્લે ઑફ ગૅમ જોવા આવ્યો હતો.

આ ગાર્ડનનું નિર્માણ કરવામાં અબજો ડૉલર્સ ખર્ચાયા હશે. જગતનું સૌથી મોંઘું સ્ટેડિયમ છે. આ. હું અંદર ગયો અને ત્યાં જે જોયું એ જોઈને દંગ થઈ ગયો. વિશ્વની શ્રેષ્ઠ બાસ્કેટબૉલ કોર્ટ અને પ્રેક્ષકોનું સ્ટેડિયમ મેં મારી જિંદગીમાં પહેલી વાર જોયાં હતાં.

ટીમના ખેલાડીઓ સખત ઊંચા હતા. કેટલાકની ઊંચાઈ તો સાડા છ ફૂટથીય વધારે હતી. ધ લેકર્સે યલો ટીશર્ટ પહેર્યાં હતાં અને બાજુ પર પર્પલ પટ્ટી હતી. નિક્સ ટીમે બ્લ્યુ જર્સી પહેરી હતી જેમાં ઓરેન્જ બોર્ડર હતી.

મેં મારી જગ્યા લીધી. આખુંય સ્ટેડિયમ ડાબેથી જમણે જોતાં મને આખી મિનિટ લાગી. મને ગૂંચવાડાભર્યા સ્કોરબોર્ડ પણ દેખાયા. લગભગ વીસ હજારનું ટોળું હતું જે દરેક પોઇન્ટ સ્કોર થતો હતો એની સાથે ચિચિયારીઓ કરતું હતું.

હું ન્યૂયોર્કમાં હતો, છતાં હું એલએ લેકર્સેની ટીમની તરફેણમાં હતો. એ ટીમમાં વિશ્વનો શ્રેષ્ઠ બાસ્કેટબૉલ ખેલાડી, મારો પ્રિય એવો કોબ બ્રાયન્ટ હતો. એણે આ ગૅમમાં સૌથી વધારે, ચાલીસથી ય વધુ પોઇન્ટ્સ કર્યા. મને એવો વિચાર આવતો હતો કે ક્યારેય કોઈ ભારતીય ખેલાડી એનબીએની રમતમાં જોડાઈ શકશે નહીં ?

લેકર્સે રમતને આરામથી જીતી લીધી. ટોળું રમત અને સ્ટેડિયમનું વાતાવરણ બંનેથી આનંદિત થઈને ધીરે ધીરે સ્ટેડિયમની બહાર નીકળ્યું. હું પણ બહાર નીકળ્યો.

*

જેવો હું એમએસજીની બહાર આવ્યો કે મેં કેટલાક મોટી ઉંમરના માણસોને ન્યૂયોર્ક સિટી ટૂરિઝમના લોગોવાળા જૅકેટ પહેરેલા જોયા. એક મોટી ઉંમરની મહિલા ધીરેથી ચાલતી મારી તરફ આવી.

‘ટૂરિસ્ટ ?’ એણે પૂછ્યું.

‘અં, હા, આમ તો કહેવાઉં ટૂરિસ્ટ જ, મેં કહ્યું.

‘તમારી યાત્રા કેવી ચાલી રહી છે ? હું ડેઇઝી, એનવાયસી ટૂરિઝમના સિનિયર સિટિઝન્સ તરફથી. સૉરી, મારું ઇંગ્લિશ બહુ સારું નથી. હું મૂળ મેક્સિકોની છું.’ ભાંગ્યાતૂટ્યા ઇંગ્લિશમાં એણે કહ્યું.

‘મારી યાત્રા સુખદ રહી છે, થૅંક્યુ’ મેં કહ્યું, ‘અને તમારું ઇંગ્લિશ સરસ જ છે.’

મને વિશ્વાસ નહોતો આવતો કે મેં બીજા કોઈના ઇંગ્લિશ પર ટિપ્પણી આપી હતી. એના હાથમાં કેટલાક બ્રોશર્સનો ઢગલો હતો.

‘હું તમને એક વિનંતી કરું ? તમે મને પાંચ મિનિટ માટે ઇંગ્લિશ શીખવાડશો ?’ ડેઇઝીએ પૂછ્યું.

મારે ઘરે જવાનું હતું અને પેકિંગ કરવાનું હતું. આ એક અસ્વાભાવિક વિનંતી હતી.

‘ઇંગ્લિશ શીખવા માટે હું એક એડલ્ટ સ્કૂલમાં પણ જઉં છું. પ્રેક્ટિસ થાય એ માટે હું અહીં ટૂરિઝમ ડિપાર્ટમેન્ટમાં સેવા આપું છું.’ ડેઇઝીએ પોતાની વાત દૃઢતાથી કહી.

‘મારે ઘેર જવું પડે એમ છે.’

એની સાથેનો ઘરડો માણસ મને બાજુ પર લઈ ગયો.

‘હાય, મારું નામ ડગ છે. હું સિનિયર સિટિઝન્સ ફોર એનવાયસી વોલન્ટિયર પ્રોગ્રામનો સુપરવાઇઝર છું.’

મેં એમની સાથે હાથ મેળવ્યો.

‘પ્લીઝ એને માટે પાંચ મિનિટ ફાળવો. એ એકલી રહે છે. એને ઇંગ્લિશની પ્રેક્ટિસ થાય એ બહુ જરૂરી છે.’ ડગે કહ્યું.

'સર, મારું ઇંગ્લિશ બહુ સારું નથી. હું ઇન્ડિયાથી આવ્યો છું.'

'ઇન્ડિયન્સ તો સારું ઇંગ્લિશ બોલતા હોય છે.'

'જરાય નહીં સર, હું પણ શીખી રહ્યો છું.'

'તમે અત્યારે તો સરસ ઇંગ્લિશ બોલો છો.'

'વેલ, થૅંક્યુ, સર.'

'કોઈએ તમને પણ શીખવ્યું હશે.'

મેં નિશ્વાસ નાખ્યો.

'પાંચ મિનિટ', ડગે કહ્યું.

મેં ડીકું ધુણાવ્યું.

ડગ મને ડેઇઝી સાથે ત્યાં મૂકીને ચાલ્યો ગયો.

'હલ્લો મેડમ ડેઇઝી, તમને શેના વિષે વાત કરવી ગમશે ?'

'તમારે બ્રોશર જોઈએ છે ? આ શનિ-રવિમાં ક્યાં ફરવા જવું એ નક્કી કરવું છે ?'

'હકીકત કહું તો મારે જરૂર નથી. હું બહુ જલદી અહીંથી...'

એણે મને વચ્ચે જ રોક્યો.

'ફી જ છે. જુઓ તો ખરા. બધામાં ડિસ્કાઉન્ટ છે. બ્રોડવે શો, ફૂડ ફેસ્ટિવલ અને જાઝ અને મ્યુઝિક ફેસ્ટિવલ બધું જ...'

'હું તમને સુધારું, એવું કહેવાનું, 'આ તો ફ્રી છે, તમે જોઈ તો જુઓ' ' મેં કહ્યું.

'હા, હા, એવું જ કહ્યું.'

'હું તો સોમવારે જઉં છું. હું આમાંનું કંઈ કરી શકું એમ નથી', મેં કહ્યું.

એ નિરાશ જણાઈ. મને ખ્યાલ આવ્યો કે આખરે એણે પણ ટૂરિઝમની નોકરી કરવાની હતી. કદાચ એણે એની પાસે રહેલા બ્રોશરના જથ્થામાંથી દરરોજ નિયત સંખ્યા લોકોમાં વેચવાની હતી.

'ઓ કે, હું લઈ જઈશ, મને આપો.'

'ઓહ, થૅંક્યુ', એનો ચહેરો ફરી ચમકી ઊઠ્યો.

'આમાં નાનકડી પ્રશ્નાવલિ છે. મારે માટે થઈને ભરી આપશો, પ્લીઝ ? બે મિનિટ થશે.'

મેં બ્રોશર મારા જૅકેટના પોકેટમાં મૂક્યા. એણે મારી સામે ફોર્મ ધર્યું જેમાં મારે મારી મુલાકાત વિષે અને મારા વિષે પ્રાથમિક જવાબો આપવાના હતા.

'હવે હું જઈ શકું, મેડમ ?' મેં શક્ય એટલી નમ્રતાથી પૂછ્યું.

'બાકીનો તમારો સમય શુભ હો' એણે કહ્યું.

'હા, હા, થૅંક્યુ.'

એમએસજી કમ્પાઉન્ડથી નીકળીને હું રસ્તા પર આવ્યો. અત્યારે, આ પિક અવરમાં કેબ પકડવાનો અર્થ હતો કલાકો ટ્રાફિકમાં વિતાવી દેવા. મેં ઘડિયાળ જોઈ. સાંજના ૭ વાગ્યા હતા. મેં મેડિસન સ્કવેર ગાર્ડનથી શૈલેષના ઘરનું ૪ કિમીનું અંતર ચાલતાં પસાર કરવાનું નક્કી કરી

લીધું.



૪૩

'સરપ્રાઈઝ !'

જેવો હું શૈલેષના ઘરમાં દાખલ થયો કે લોકોના ટોળાએ બૂમ પાડી. જ્યોતિએ મારી જાણ બહાર મારી સરપ્રાઇઝ ફેરવેલ પાર્ટી ગોઠવી દીધી હતી.

'વાઉ', જેવો હું એપાર્ટમેન્ટમાં અંદર દાખલ થયો કે મારાથી બોલાઈ જવાયું. વીસેક જેટલા મહેમાનો, શૈલેષ અને જ્યોતિના દોસ્તો મારી રાહ જોતાં હતાં.

'પ્રિયા, તને મળીને સારું લાગ્યું' મને ડર હતો કે ક્યાંક એ મને થપ્પડ ન મારી દે.

'હાય' એણે કહ્યું.

'તેં રાત માટે હું ખરેખર માફી માગું છું.'

'બધું ભૂલી જા.' એ બોલી અને હસી. હું પણ એની સામે હસ્યો. પ્રિયા ખરેખર આકર્ષક હતી. પાર્ટીના ઘણા પુરુષોની નજર પ્રિયા પર હતી.

એક અશ્વેત માણસ મારી પાસે આવ્યો.

'ઓલારા' હું બોલ્યો અને એમને ભેટ્યો.

'તારા દોસ્તો બહુ સારા છે. એમણે ગમે તેમ કરીને મારો નંબર શોધી લીધો અને મને પાર્ટીનું આમંત્રણ આપ્યું.'

'મને આનંદ થયો કે તમે આવ્યા પણ ખરા.'

જ્યોતિ ઓલારા પાસેથી મને નાનકડી સ્પીચ આપવા માટે ખેંચી ગઈ.

'મારે જ્યોતિ અને શૈલેષનો આભાર માનવો છે, જેમણે મને એમના ઘરમાં આવકાર્યો મહેમાન તરીકે, પણ કુટુંબની જેમ રાખ્યો છે.' મેં કહ્યું.

'આ બધું મૂકને, ચલ પાર્ટી કરીએ' શૈલેષ વચ્ચે જ બોલ્યો. એણે દરેકને ટકીલા શોટ્સ આપ્યા અને મ્યુઝિક પ્લેયરનું વોલ્યુમ વધાર્યું. વાતો કરતા લોકોને હવે બૂમો પાડવી પડે એવી સ્થિતિ થઈ ગઈ. હવે શું બોનસ મળશે એવી ચર્ચામાં પુરુષ બૅંકર્સ જોડાયા. છોકરીઓએ પોતાનું અલગ ગ્રુપ બનાવીને મેનહટ્ટનમાં નેટફ્લિક્સ પર કે સન્ડે બ્રન્ચમાં ક્યાં સૌથી વધુ સારી ઑફર્સ મળે છે એ વિષે ચર્ચા કરવા માંડી. મેં કેટલાક લોકો સાથે વાત કરી.

'ગેટ્સ ફાઉન્ડેશન, બહુ વિશાળ છે, યાર' એક બૅંકરે મને કહ્યું.

'હું તો એમના ફંડથી માત્ર નાની શાળા ચલાવું છું.' મેં કહ્યું.

'મારે પણ ગેટ્સ ફાઉન્ડેશનની ગ્રાન્ટ જોઈએ છે. એ લોકો બૅંકર્સને મેનહટ્ટનમાં ઘર ખરીદવા માટે દાન આપે છે ?', એક જણે પૂછ્યું. બધા જોરથી હસી પડ્યા.

મેં ઘણા બધા સાથે વાત કરી પણ બહુ ઓછા સાથે હું જોડાઈ શક્યો. ટોળાથી દૂર જઈને હું સોફા પર બેઠો. મેં મારો ફોન કાઢ્યો અને દિવસ દરમિયાન પાડેલા ફોટોગ્રાફ્સ જોવા માંડ્યો. એમએસજીમાં મેં કેટલાક પાડ્યા હતા.

'તું નિક્સ ગૅમ જોવા ગયો હતો ? મેં પાછળથી પ્રિયાનો અવાજ સાંભળ્યો.

હું એની તરફ ફર્યો.

'હા, હું આજે ગયો હતો.'

'સરસ ફોટોગ્રાફ્સ છે. હું જોઉં ?'

એ મારી બાજુમાં બેઠી. મેં એને ફોટોગ્રાફ્સ બતાવ્યા.

મારો ફોન ધ્રૂજ્યો. એરિકા, ટ્રિબેક નેશન સિંગરનો મેસેજ હતો. જાઝ અને મ્યુઝિક ફેસ્ટિવલ વિષે તપાસ કરી ? નોટિફિકેશનમાં મેસેજ દેખાયો અને અદૃશ્ય થઈ ગયો. ફોન સ્ક્રીન પર ફરી ફોટોગ્રાફ્સ દેખાવા લાગ્યા.

'હવે ?' પ્રિયાએ પૂછ્યું. એક ક્ષણ માટે હું મારા ફોનને અડ્યો નહીં.

'પ્રિયા, એક મિનિટ હં, હું મેસેજનો રિપ્લાય આપી દઉં.'

'ઓહ, હા, હા, હું ડ્રિંક લેતી આવું. જોકે તારા માટે નહીં હં', એ મારી સામે અંગૂઠો દેખાડતી હતી. મેં પણ વળતું સ્મિત કર્યું.

મે એરિકાને મેસેજ લખ્યો – હું સોમવારે જઉં છું. બધી તૈયારી થઈ ગઈ છે. અત્યારે હું મારી ફેરવેલ પાટીમાં છું. થૅંક્સ. એનો જવાબ આવ્યો – પ્રવાસ માટે શુભેચ્છા. ફરી મળીશું

મેં ઉપર જોયું પ્રિયા કોઈ સાથે વાતોમાં ગૂંથાયેલી હતી. મેં ફોન ખિસ્સામાં મૂક્યો. એ વખતે મને ખ્યાલ આવ્યો ડેઇઝી નામની મહિલાએ એમએસજી આગળ મળીને આપેલા બ્રોશર હજુ મારા જૅકેટના ખિસ્સામાં હતાં. મેં એક પછી એક વાંચવા માંડ્યા.

'CATS - બ્રોડવે મ્યુઝિકલનો લાંબામાં લાંબો ફેસ્ટિવલ' પહેલા બ્રોશરમાં લખ્યું હતું. 'બલ્યુમેન કોમેડી શો-મ્યુઝિક, ટેક્નોલોજી અને કોમેડીનું સંમિશ્રણ' બીજામાં લખ્યું હતું.

એક બ્રોશર ૧૬ પાના જેટલું જાડું હતું. એ-૫ની સાઇઝની બુકલેટ હતી. 'ન્યૂયોર્ક મ્યુઝિક એન્ડ જાઝ ફેસ્ટિવલ વિકએન્ડ'.

રૂમની લાઇટ આછી થઈ ગઈ તી, મને વાંચવામાં તકલીફ પડતી હતી. કૉફી ટેબલ પર રહેલી કેન્ડલ પાસે હું ખસ્યો. '૧૨૩ કલાકારો, ૨૫ સ્થળો, ૩ દિવસ, ૧ શહેર' બુકલેટના કવર પર લખ્યું હતું.

બુકલેટ ખોલતાં જ બંને પાના પર આખુંય સમયપત્રક આપેલું હતું. સમયપત્રક ત્રણ દિવસમાં વહેંચાયેલું હતું, શુક્રવાર, શનિવાર અને રવિવાર. દરેક દિવસની નીચે એ દિવસના કાર્યક્રમના જુદા જુદા સમય હારબંધ આપેલા હતા અને મથાળે ગાયક કલાકાર, સ્થળ અને સંગીતનો પ્રકાર તેમ જ ટિકિટના ભાવ લખેલા હતા. પછીનાં બે પાનાં પર દરેક સ્થળની વિગતો લખી હતી. બાકીના પાના પર દરેક ગાયક કલાકારની વિગતો ટૂંકમાં આપેલી હતી. મેં પહેલા કલાકાર વિષે વાંચ્યું.

અબીગેઈલ, બોસ્ટનમાં ઉછેર અને જાઝ મ્યુઝીકમાં ડિગ્રી, શરૂઆત ઈશુ ચરિત્ર ગાયક તરીકે કારી. બોસ્ટનમાં બે વર્ષ વિતાવ્યા બાદ એ ન્યૂયોર્ક આવી ગઈ. બોસ્ટન ગ્લોબ એના અવાજને મખમલી કહે છે, જે તમારા આત્માને શાંતિ પહોંચાડી શકે છે.

મેં સમય પસાર કરવા ખાતર મોટા ભાગનાં નામ વાંચ્યાં. મારી પોતાની પાર્ટીમાં હું ક્યાંય હતો જ નહીં.

મેં આલ્ફાબેટિકલી આપેલા તમામ સિંગર્સ વિષે વાંચી લીધું. પુરુષ ગાયકોને મેં અવગણ્યા. વીસ મિનિટ પછી હું આર (R) પર પહોંચ્યો.

રે-ન્યૂયોર્કનો નવો શાનદાર ચમકતો અવાજ છે, એમ વિલેજ વોઈસ કહે છે. રે ક્યાંથી આવી છે અને ક્યાં જવા માગે છે એની વાત કરે છે. આ ઊંચી રૂપાળી છોકરી જેટલી ખૂબસૂરત દેખાય છે એટલું જ ખૂબસૂરત ગાય છે એમ ડેઈલી ન્યૂઝ કહે છે.

રે વિષે વાંચીને હું અટકી ગયો. મેં ત્રણ વાર વાંચ્યું. રે નો કાર્યક્રમ ક્યારે છે એ જાણવા મેં આગળનાં પાનાં ઉથલાવ્યાં. શનિવાર એટલે કે આજે રે નો કાર્યક્રમ હતો. સમયપત્રક પર મારી આંગળી ફરવા લાગી.

'બ્લેલ્યુસ, સોલ એન્ડ કન્ટેમપરરી-રાત્રે ૧૦થી ૧૨. સ્ટીફની, રોજર એન્ડ રે... કાફે વહા ? એન્ટ્રી ૮ ડૉલર અને ઓછામાં ઓછા બે ડ્રિંક.'

મેં કાફે વ્હા વિષે વાંચવા પાનું ફેરવ્યું અને ઝીણા અક્ષરોમાં લખાયેલું મુશ્કેલીથી વાંચી શક્યો.

કાફે વહા ? ન્યૂયોર્કનો જૂનામાં જૂનો બાર જ્યાં ઘણા દિગ્ગજ સંગીતકારો અને ગાયકો એમના સંઘર્ષના દિવસોમાં કાર્યક્રમ આપી ચૂક્યા છે. મેક્સિકન અને અમેરિકન ફૂડ વચ્ચે પસંદગીની તક મળે છે. ૧૧૫, મેકડગલ સ્ટ્રીટ, વેસ્ટ વિલેજ, સબ વે ૪, ૫ અને ૬. બ્લિકર સ્ટ્રીટ એફ, વેસ્ટ ૪ સ્ટ્રીટ.

'તું શું કરે છે, દોસ્ત ?' શૈલેષે મારો ખભો જોરથી દબાવતાં પૂછ્યું.

'હં ?' ચોંકી જઈને મેં પૂછ્યું.

'આ તારી પાર્ટી છે ને અહીં બેઠો બેઠો તું શું વાંચે છે ?'

મેં બ્રોશર બાજુ પર મૂક્યું અને હસ્યો.

'કંઈ નહીં, આ ટૂરિઝમનાં કાગળિયાં ફેરવતો હતો.' મેં કહ્યું.

'તું પીતો નથી?' એણે પૂછ્યું. એ મ્યુઝિક સાથે પોતાની જાંઘ પર થાપ મારી રહ્યો હતો.

'ના, મારો અને આલ્કોહોલનો સંબંધ તું જાણે છે.'

'ઘરમાં તો હું તને સાચવી શકું છું. ઊભો રહે, હું તારા માટે ડ્રિંક લઈ આવું છું.'

શૈલેષ બાર તરફ ગયો. મેં ફોનમાં સમય જોયો. રાતના અગિયાર ને પાંચ. ૧૧.૦૫ પી.એમ.

મેં કાફે વ્હાનો નંબર ગૂગલ પરથી શોધ્યો અને ડાયલ કર્યો.

ફોન ઉપાડતાં ત્રીસ સેકંડ થઈ. મને એક કલાક જેટલો સમય લાગ્યો 'હલ્લો, કાફે વ્હા ?' મેં આનંદિત પુરુષ અવાજ સાંભળ્યો, જો કે પાછળથી આવતા સંગીતના મોટા અવાજને કારણે હું ભાગ્યે જ સાંભળી શકતો હતો.

'હાય, મને આજ રાતના મ્યુઝિક અને જાઝ ફેસ્ટ પરફોર્મન્સમાં રસ છે.

'જી. કાર્યક્રમ ચાલુ જ છે. સર, આઠ ડૉલરની ટિકિટ છે અને ઓછામાં ઓછા બે ડ્રિંક ખરીદવા પડશે એવી શરત છે.' ફોન પર રહેલો માણસ ગોખેલું બોલી ગયો.

'મારે એ જાણવું હતું કે આજે રાત્રે રે નામની ગાયિકાનો કાર્યક્રમ છે ?'

'જોઈ લઉં સર, હા, આજે પણ કલાકારો છે. એનો કાર્યક્રમ છેલ્લો છે. હવે ગમે ત્યારે શરૂ થશે. સર, મારે ફોન મૂકવો પડશે. અહીં ઘણી ભીડ છે અને અમે કામ કરનારા સેવક ઓછા છીએ.'

'સૉરી, એક જ પ્રશ્ન, એ ત્યાં છે ? તમે જોઈ શકો છો એને ?'

'હં !' એ મૂંઝાયો. 'હું સિંગર્સને સ્ટેજ નજીક જોઈ શકું છું. મને લાગે છે એ ત્યાં છે.'

'એ કેવી દેખાય છે ?'

'સૉરી સર, તમને કદાચ હું તોછડો લાગીશ પણ તમારે રિઝર્વેશન કરાવવાનું છે ? એ સિવાય હું કંઈ ખાસ કરી શકું એમ નથી.'

'હા, બસ એક છેલ્લો પ્રશ્ન. એ ઇન્ડિયન લાગે છે ? જુઓ આ પ્રશ્ન બહુ અગત્યનો છે.'

'ચાલુ રાખો' સેવકનો અવાજ ફરી સંભળાયો.

મેં ફોન પકડી રાખ્યો હતો એ દરમિયાન શૈલેષ ત્યાં આવ્યો. એણે મને શેમ્પેઇનનો ગ્લાસ આપ્યો. મેં થૅંક્સનો ઇશારો કર્યો. એણે મૂંઝાઈને મારી તરફ જોયું અને હું કોની સાથે આટલા મોડા વાત કરતો હોઈશ ?

આ ઇન્તેજાર ક્યારેય પૂરો ન થાય એવો લાગતો હતો મને.

'કંઈ નહીં', જેણે મારી રિટર્ન ટિકિટ બુક કરી એ ટ્રાવેલ એજન્સી છે.' મેં શૈલેષના કાનમાં ધીરેથી કહ્યું. અત્યારે મને જે સૂઝે છે એ કહેવું જરૂરી હતું.

'પણ આટલા મોડા ?' એણે આશ્ચર્યથી પૂછ્યું. મેં ખભા ઉછાળ્યા અને એક ડગલું દૂર ગયો.

'સર, તમે ફોન પર છો ?'

'હા, હા, હું અહીં જ છું.'

'એ કોકેશિયન વ્હાઇટ નથી પણ બ્લેક પણ નથી. એ ઇન્ડિયન હોઈ શકે છે. પણ મને ખ્યાલ નથી આવતો. આમ એની ત્વચાનો રંગ ખાસ્સો ઊજળો છે. કદાચ સ્પેનીશ હોઈ શકે અથવા મિશ્રિત જાતિ... સૉરી, હું કંઈ...'

મેં એને વચ્ચે જ રોક્યો.

'થૅંક્સ, એટલું પૂરતું છે. હું આવું છું. તમે એક જગ્યા રાખી શકો ? હું માધવ છું.'

'મા... શું ?'

'ખાલી મિસ્ટર એમ. એટલું લખો. હું આવું છું.'

'તમે જલદી આવી જાઓ તો સારું. બાર વાગ્યે તો કાર્યક્રમ પૂરો થશે.'

શૈલેષ બરાબર મારી સામે ઊભો હતો.

'તારી ટિકિટ બરાબર તો છે ને ?' એણે પૂછ્યું.

'હા, બરાબર છે.' મેં કહ્યું અને પછી બોલતાં પહેલાં હું અટક્યો, 'શૈલેષ, મારે બહાર જવું પડશે.'

'શું ?'

‘હા, જવું પડશે.’

‘પણ ક્યાં ?’

‘મને તાજી હવાની જરૂર છે.’

‘બહાર બરફ પડે છે એ જોયું છે તેં ? તું જાય છે ક્યાં ?

એણે બાલ્કની તરફ આંગળી કરી. છજા પર બરફ જામેલો હતો. એપાર્ટમેન્ટની બહાર ધીરી પણ એકસરખી ગતિથી બરફની કણિકાઓ રાતના આકાશમાંથી વરસી રહી હતી.


‘મારી પાસે જૅકેટ છે’ મેં કહ્યું.

મારી અચાનક બહાર જવાની ઇચ્છાથી શૈલેષ ડઘાઈ ગયો હતો.

‘માધવ, હું મહેમાનોને શું જવાબ આપું ?’

‘એમને ખબર પણ નહીં પડે.’ મેં જવાબ આપ્યો અને નીકળી ગયો.





મેં એપાર્ટમેન્ટની બહાર પગ મૂક્યો. મારા ચહેરા પર ઠંડો પવન અથડાયો. મારા ફોનમાં રાતના ૧૧:૧૨ વાગ્યા હતા. બહારનું તાપમાન ૨૦ ડિગ્રી ફેરનહીટ અથવા-૬. ૬ ડિગ્રી સેલ્સિયસ હતું. લોકો મોજાં, કેપ અને જૅકેટમાં ઢંકાયેલાં હતાં. ચાર મિત્રોનું ટોળું મારી આગળ ૮૬ સ્ટ્રીટ સબવે પર ચાલી રહ્યું હતું.

સતત પડતા બરફને કારણે ફૂટપાથ પર સફેદ પાવડર છાંટ્યો હોય એવું લાગતું હતું. એ ચાર દોસ્તો અને હું સબ વે સ્ટોપ પર પહોંચ્યા. મેટ્રો માટે અમે પગથિયાં ઊતર્યાં. કેટલાક આફ્રિકન પગથિયાં ચડી રહ્યા હતા.

'હો... હો, ટ્રેન નથી આવતી, આજે ટ્રેન જ નથી.' એક જણે શરાબી અવાજમાં કહ્યું.

'હું બ્રુકલિન સાલ્લું પહોંચીશ કઈ રીતે ?' એના દોસ્તે પૂછ્યું.

'૧૦૦ ડૉલરની કેબ રાઇડ લઈ લે. તારાવાળી માટે એટલું બરોબર છે.' બીજા દોસ્તે કહ્યું. બધા મોટેમોટેથી હસ્યા.

હું કસ્ટમર સર્વિસ સેન્ટર પહોંચ્યો. મેટ્રોપોલિટન ટ્રાન્સિટ ઓથોરિટી અથવા એમેટીએસની એક જાડી આફ્રિકન-અમેરિકન મહિલા અધિકારી અંદર બેઠી હતી. એ માઇક્રોફોનમાં એનાઉન્સમેન્ટ કરી રહી હતી.

'લેડિઝ એન્ડ જેન્ટલમેન, ભારે બરફવર્ષાને કારણે, બધી જ ટ્રેન મોડી છે. એક ટ્રેન ગ્રાન્ડ સેન્ટ્રલ પાસે અટકી ગઈ છે. અમે આ પ્રશ્નનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. અમે આપને વૈકલ્પિક વાહનવ્યવસ્થા લેવા માટે સૂચન કરીએ છીએ.'

મેં સ્ટેશનની ઘડિયાળ જોઈ ૧૧:૧૯ રાતના.

ગૂગલ મેપના કહેવા પ્રમાણે સબ વે મને બ્લીકર સ્ટ્રીટ ૧૭ મિનિટમાં પહોંચાડત. ત્યાંથી કાફે સુધી ચાલતાં ૭ મિનિટ થાત.

'કેટલું મોડું થાય એમ છે ?' મેં કસ્ટમર સર્વિસ ઑફિસરને પૂછ્યું.

'કોને ખબર, ડાર્લિંગ ? એ બોલી, 'બરફ પડે છે. અડધો કલાક, કલાક, બે કલાક, તું જ વિચારી લે.'

હું દોડીને પગથિયાં ચડી ગયો અને સ્ટેશનની બહાર આવી ગયો. ઠંડી હવા જૅકેટના કૉલરમાં થઈને ગરદન સુધી પહોંચી ગઈ. રોડ પર બહુ ઓછો ટ્રાફિક હતો. મેં રાહ પણ જોઈ પણ કોઈ ખાલી કેબ પસાર ન થઈ.

મેં રસ્તે ચાલતાં એક જણને પૂછ્યું, 'મારે વેસ્ટ વિલેજ તાત્કાલિક પહોંચવું પડે એમ છે. મને કેબ ક્યાંથી મળે ?'

'મારે મારા માટે જ કેબ જોઈએ છે.'

મેં ઘડિયાળ જોઈ ૧૧:૨૫ રાતના.

'પાંચમા માળથી પશ્ચિમ તરફ ચાલશો તો સેન્ટ્રલ પાર્ક આવશે. ત્યાં પ્રયત્ન કરો.' કોઈ બોલ્યું.

મેં મોટીમોટી છલાંગો ભરીને પાંચમા માર્ગ તરફ ચાલવા માંડ્યું. હું મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટ પાસે સેન્ટ્રલ પાર્કના બહારના હિસ્સા સુધી પહોંચી ગયો. મ્યુઝિયમ બિલ્ડિંગ અંબર લાઇટથી ઝગમગી રહ્યું હતું. વરસી રહેલી બરફકણિકાઓને કારણે બિલ્ડિંગ થોડું ધૂંધળું અને રૂપાળું લાગતું હતું.

સમય ૧૧:૩૩ રાતના.

જો મને કેબ ન મળે તો હું વેસ્ટવિલેજ ૧૨ વાગ્યા પહેલાં ન પહોંચું. આસપાસ ક્યાંય ટૅક્સી દેખાતી નહોતી. મેં પ્રાર્થના કરવા માટે આકાશ તરફ જોયું. મારા ચહેરા પર બરફના કણો પડ્યા.

ભગવાન, પ્લીઝ, પ્લીઝ... મેં કહ્યું.

મેં આસપાસ જોયું. ઓછામાં ઓછા છ માણસો ટૅક્સીની રાહમાં હતા. મારું હૃદય બેસી ગયું. મને રડવાની ઇચ્છા થઈ આવી.

ફક્ત એક ટૅક્સી, બસ ચમત્કાર થવાની રાહ જોતો હું ઊભો રહ્યો.

કોઈ ટૅક્સી દેખાઈ નહીં.

સમય ૧૧:૩૪ રાતના.

મેં ફરી ગૂગલ મેપ ખોલ્યો. હું મેટ મ્યુઝિયમ પાસે ઊભો હતો, ત્યાંથી કાફે વ્હા? ચાલતા જઈએ તો થતું અંતર અને સમય મારે ચકાસવાં હતાં.

જવાબ હતો, અંતર : ૪ માઈલ સમય : ૧ કલાક ૧૦ મિનિટ.

રસ્તો સરળ હતો. પાંચમા માર્ગ પર મારે દક્ષિણ તરફ જમાંથી ૩.૮ માઈલ સીધા જ જવાનું હતું અને પછી ડાબી તરફ વળવાનું હતું.

'ચાર માઈલ, ૬.૪ કિલોમીટર' મેં મારી જાતને કહ્યું.

એક કલાક અને દસ મિનિટ ચાલતાં થાય, મેં વિચાર્યું. જો હું દોડું તો આ સમય ઓછો થાય. જો હું એવા ગાંડા કૂતરાની માફક દોડું જેની પાછળ શિકારી કૂતરાઓ પાડ્યા હોય તો સમય એથી પણ ઓછો થાય.

'માધવ જહા', મેં મને જ કહ્યું, 'દોડ.'

મેં બાસ્કેટબૉલની રમતને યાદ કરી. મેદાન પર અને સતત દોડતા અમે કૂદતા રહેતા હતા.

બાસ્કેટબૉલ કોર્ટ અને સાડા ૬ કિલોમીટરની દોડ, એ પણ માઈનસ ૬ ડિગ્રી ટેમ્પરેચરમાં, સરખામણી શક્ય જ નથી. મારા હજુ સુધી સમજદાર રહેલા દિમાગે મજાક ઉડાવતાં કહ્યું.

'વિચારીશ નહીં, સમજદારીને સાંભળીશ નહીં, બસ દોડ'. મેં મારી જાતને કહ્યું અને દોડવાનું શરૂ કર્યું.

હું એટલું ઝડપથી દોડતો હતો કે આજુબાજુનું બધું જ ધૂંધળું દેખાતું હતું. જમણી બાજુ

સેન્ટ્રલ પાર્ક અને ડાબી બાજુ અપર ઈસ્ટ વિસ્તારનાં આલીશાન ઘરો પસાર થયાં. ઠંડીને કારણે મારો ચહેરો સુન્ન થઈ ગયો હતો. જૅકેટમાં બરફના કણો જમા થતા જતા હોવાને કારણે મને ભાર લાગતો હતો.

મેં આખો દિવસ ચાલતાં જ પસાર કર્યો હતો. શોપિંગમાં, મેડિસન સ્કવેર ગાર્ડનમાં કે પછી શૈલેષના ઘેર પહોંચવામાં હું ચાલ્યો જ હતો. આખો દિવસ મેં ખાસ કંઈ ખાધુંય નહોતું. મારા પગ દુ:ખવા માંડ્યા હતા.

'કમ ઓન માધવ' મેં મારી જાતને પાનો ચડાવ્યો. 'કમ ઓન.'

કોઈ વાર, જ્યારે તમારી આસપાસ કોઈ ન હોય ત્યારે તમે પોતે જ તમારી જાતને પ્રોત્સાહન આપનારી ટુકડીનું કામ કરવા માંડો છો. હું કાલ્પનિક બૉલને આગળ તરફ લઈ જતો હોઉં એમ દોડ્યો.

મેં રસ્તા પર લખેલી નિશાની વાંચી. ૬૭ મી સ્ટ્રીટ કાફે વ્હા ? ચોથી સ્ટ્રીટ પર હતું.

'શેરીઓમાં લગાડેલી નિશાનીઓ તરફ જોઈશ નહીં, માધવ, બસ, દોડ' મેં મોટેથી કહ્યું.

૬૦મી સ્ટ્રીટ પર મેં ડાબી તરફ એક હોટલ પસાર કરી. એના મુખ્ય વરંડા ઉપર ભારતીય ધ્વજ લહેરાતો હતો.

'ધ પિયરઃ તાજ હોટલ' એમ વંચાયું મને.

ભારતીય ધ્વજને કારણે મારામાં નવો ઉત્સાહ જાગ્યો.

'દોડ માધવ, તું કરી શકીશ.' હું બોલ્યો.

પાંચમાં ઍવન્યુના સૌથી પ્રખ્યાત વિસ્તારમાં હવે હું પહોંચ્યો હતો. બંને બાજુઓ જાણીતા ડિઝાઇનર સ્ટોર્સ હતા. ટાઇફેની ૫૭મી સ્ટ્રીટ પર, લુઈ વિત્તોન ૫૧મી સ્ટ્રીટ પર. રિયાની ડાયરીમાં આ બંને બ્રાન્ડનો ઉલ્લેખ હતો.

૫૦ મી સ્ટ્રીટ પર પહોંચતાં મને પેટમાં વિચિત્ર રીતે દુ:ખવા માંડ્યું. મારે રોકાવું પડે એમ હતું. હું એક પાળી પર બેસી ગયો અને ઊંડા શ્વાસ લેવા લાગ્યો.

સમય ૧૧:૪૪ રાતના

'ધત, સમય જ નથી. દુ:ખનો વિચાર પછી કરજે', મેં મારી જાતને કહ્યું.

હું હલી શકતો નહોતો. મેં રસ્તા પર કેબ માટે જોયું. કંઈ નહોતું. હું દર્દથી ચિત્કારી ઊઠ્યો.

મારી જમણી બાજુ એનબીએનો સ્ટોર હતો. અત્યારે સ્ટોર બંધ હતો. બહારના એના શટર પર કોબ બ્રાયન્ટનું મોટું પોસ્ટર હતું. 'એનબીએ - જ્યાં આશ્ચર્યો સર્જાય છે.' એવું લખ્યું હતું એની ઉપર.

'કમ ઓન માધવ કંઈક આશ્ચર્યજનક કરી બતાવ.'

હું ઊભો થયો અને કંઈ વિચાર્યા વગર ફરી દોડવા લાગ્યો.

મારા પગ અને પેટ સખત દુ:ખી રહ્યા હતા. મારું નાક બરફ થઈ ગયું હતું.

પણ, મારા માથામાં જાણે અગ્નિની જ્વાળા પ્રગટી હતી. હું દોડતો હતો, લગભગ કૂદકા જ મારતો હતો અને સામે જ જોઈ રહ્યો હતો. હવે મારા શૂઝમાં પણ બરફ આવી ગયો હતો અને મારા પગ ઠંડા અને ભીના થઈ ગયા હતા.

'દોડ, દોડ, દોડ', દરેક શ્વાસ સાથે હું બોલતો હતો. વોશિંગ્ટન સ્કવેર પાર્ક પાસે રસ્તો પૂરો થઈ જતો હતો ત્યાં હું પહોંચ્યો.

'હું નજીક છું, હવે અહીંથી જમણી બાજુ.'

સમય ૧૧:૫૬ રાતના.

મારે એક ક્ષણ માટે આરામ કરવો હતો.


'અત્યારે આરામ નહીં', મેં મારી જાતને ખખડાવી.

હું જમણી બાજુ વળ્યો અને દોડતો રહ્યો.

સંગીતનો ઘોંઘાટ અને બહાર ટોળું જોઈને હું અટકી ગયો.

કાફે વ્હા ? - પ્રકાશિત પીળા અક્ષરોએ લખાયેલા બોર્ડે મારું સ્વાગત કર્યું. મેં મારી મુઠ્ઠીઓ છોડી.





મેં મારી કોણી પ્રવેશદ્વાર પાસેના ટેબલ પર ધબ દઈને પછાડી. મેં બોલવાની કોશિશ કરી. મારા મોંમાંથી માત્ર બરફ બહાર આવતો હતો.

'એમ', - મેં શ્વાસ લેવાનો પ્રયત્ન કરતાં હાંફતાં હાંફતાં કહ્યું, 'મેં મિસ્ટર એમ માટે જગ્યા રિઝર્વ કરાવી છે.'

હું ઉધરસ ખાવા નમ્યો. મારું શરીર હલવાથી થોડો બરફ પડ્યો.

'આરામથી, મિસ્ટર એમ, તમે ઠીક તો છો ને ?'

મેં હા પાડતાં ડોકું હલાવ્યું.

'તમારા હોઠ ભૂરા પડી ગયા છે, એ પડી પણ જાય', પ્રવેશ આપનારે કહ્યું.

મેં હાથ ઘસ્યા અને મોં પર મૂક્યા. ઠંડા હાથને કારણે એથીય વધુ ઠંડા મોં ને થોડો અમથો ગરમાવો મળ્યો.

પ્રવેશ આપનાર માણસ પોતાનું રજિસ્ટર જોવા લાગ્યો.

'મિસ્ટર એમ, હા બુકિંગ તો છે પણ શો પૂરો થવાની તૈયારીમાં છે. મધરાત થવા આવી છે. કદાચ છેલ્લું ગીત હશે.'

સમય ૧૨:૦૧ રાતના.

'સિંગર તો હજુ ત્યાં જ છે ને ?' બોલતાં બોલતાં હું હજી હાંફી રહ્યો હતો.

'હું, હા, હા... કદાચ વધારાનું ગીત ગાય છે. એન્ટ્રી ૮ ડૉલર્સ, બે ડ્રિંક્સ ફરજિયાત, બરાબર ને ?'

મેં એના ટેબલ પર વીસ ડૉલરની નોટ મૂકી અને અંદર ગયો. જ્યાં બાર હતો ત્યાં હું પહોંચ્યો.

'તમારાં બે ડ્રિંક્સ, સર ?' કાઉન્ટર પર એક છોકરી બાર ટેન્ડર હતી.

'પાણી અને પાણી.'

એણે મને પાણીની બે બોટલ આપી. હું ઘટક ઘટક કરતો પાણી પીવા મંડ્યો.

'પરફોર્મન્સ ક્યાં થાય છે ?' મેં પૂછ્યું.

'કોન્સર્ટ એરિયાની ડાબી તરફ સીધા, સંગીત વાગે છે એ તરફ જાઓ.'

હું આગળ ચાલ્યો. મારા પગે જવાબ દઈ દીધો હતો. મારે બાર સ્ટલ અને ખુરશીઓનો સહારો લેવો પડતો હતો જેથી હું પડી ન જઉં.

કોન્સર્ટ એરિયા આછો પ્રકાશિત માણસોથી ભરાયેલો રૂમ હતો. મારી આગળ ટોળાને

કારણે હું સ્ટેજ જોઈ નહોતો શકતો.

કોણી મારીને, ધક્કા મારીને હું આગળ સુધી પહોંચ્યો.

મેં એક છોકરીનો અવાજ સાંભળ્યો.

'તું સુંદર છે, તું સુંદર છે,

તું સુંદર છે, એ સત્ય છે.

અંધારા રૂમમાં ગાયિકા પર પડતો પ્રકાશના ધોધ જેવો મોટો શેરડી-સ્પોટલાઇટ-અજબ વિરોધાભાસ ઊભો કરતી હતી. ગાયિકાને શોધતાં મને થોડીવાર લાગી.

એ જ હતી.

રિયા.

મારા હાથમાંથી પાણીની બોટલ પડી ગઈ. સંપૂર્ણ એકાગ્રતાથી આંખો બંધ કરીને એ ગાતી હતી. ચમકતા સિતારા જડેલા પગ સુધી પહોંચતા બ્લેક ગાઉનમાં રિયા એટલે હદે ખૂબસૂરત લાગતી હતી કે જેને ખુદ ભગવાન પણ ખૂબસૂરતીનો પર્યાય ગણે.

યસ, રિયા સોમાણી, મેં તને શોધી કાઢી.

એના હાથમાં એકોસ્ટિક ગિટાર હતી. સ્ટેજ પર એક અમેરિકન છોકરો પિયાનો પર એને સાથ આપી રહ્યો હતો. એ ગાઈ રહી હતી.

ભીડમાં મેં તારો ચહેરો જોયો.

અને મને ખબર ન પડી હું શું કરું.

કારણકે કે હું ક્યારેય તારી સાથે નહીં હોઉં.

મારો થાક ઊડી ગયો. કોઈ દર્દ નહીં, કોઈ પીડા નહીં. મારા શરીરમાં ફરી લોહી વહેવા લાગ્યું જે મારા ચહેરા પર એક મિનિટ પહેલાં થીજવી નાખતી ઠંડી હતી એ મારા ચહેરા પર ગરમાવો અને લાલિમા આવી ગયાં.

એ દિલથી ગાઈ રહી હતી. ટોળાને ગમતું હતું અને એને વધાવી રહ્યા હતા. બે લીટી ગાવાની વચ્ચે એ આંખો ખોલતી હતી અને લોકો સામે જોઈને સ્મિત આપતી હતી. એણે હજુ મને જોયો નહોતો.

મેં મારું જૅકેટ કાઢીને ટેબલ પર મૂકી દીધું. હું સીધો જ સ્ટેજ તરફ ગયો અને એની બરોબર સામે જઈને ઊભો રહ્યો.

તું સુંદર છે, તું સુંદર છે

તું સુંદર છે, એ...

જેવી એની આંખ મારી સાથે મળી, એનો અવાજ બંધ પડી ગયો. પિયાનો વગાડતા છોકરાએ આશ્ચર્યથી એની સામે જોયું. રિયા કેમ ગીતની લીટી ભૂલી ગઈ એવું એને થતું હતું.

રિયા ઊભી થઈ. એના હાથમાં ગિટાર હલતી હતી.

પિયાનો વગાડનારે અધૂરા ગીતને સંગીતથી પૂરવાનો પ્રયત્ન કર્યો.

રિયાએ ગિટાર ધીરેથી બાજુ પર મૂકી દીધી. હું સતત એની સામે જ જોઈ રહ્યો હતો.

અમે એકએકની સામે શાંત અને સ્થિર બનીને ઊભાં રહ્યાં હતાં. ટોળું ધીમો ગણગણાટ

કરી રહ્યું હતું. એમને ખ્યાલ નહોતો આવતો કે શું થઈ રહ્યું છે.

પિયાનો વગાડનારને ખ્યાલ આવ્યો કે કંઈક ખૂટે છે. એણે હાથમાં માઇક લીધું અને ગીત શરૂ કર્યું.

તું સુંદર છે, એ સત્ય છે.

હું સતત એની સામે જોઈ રહ્યો.

તારા કારણે મારે શું શું કરવું પડ્યું રિયા સોમાણી. મારી આંખો બોલતી હતી.

આઈ એમ સૉરી. એની આંખોએ કહ્યું. એના ગાલ પરથી એક આંસુ સરી પડ્યું. મારી આંખમાંથી પણ.

મને એમ હતું કે હું એને મળીશ ત્યારે મારી પાસે એને કહેવા માટે ઘણું બધું હશે. મેં મનમાં ને મનમાં ઘણુંય વિચારી રાખ્યું હતું. કંઈ કેટલીય વાર પ્રેક્ટિસ કરી રાખી હતી. હું પહેલાં તો ગુસ્સો કરીશ એની ઉપર, બૂમો પાડીશ, કહીશ એને કે એને કારણે મારે શું શું સહન કરવું પડ્યું છે હું એને કહીશ કે એ મારે માટે શું છે? હું કઈ રીતે રોહન જેવો મૂર્ખ નથી એવું કહીશ. બીજા બધા ભલે એને ઉતારી પાડતા હોય, હું ક્યારેય એવું નહીં કરું એ કહીશ. મારી મા તો જ ખુશ રહી શકે, જો હું ખુશ હોઉં એમ પણ કહીશ. મેં આખીય સ્પીચ તૈયાર કરી રાખી હતી પણ અમારા બંનેમાંથી કોઈ એક શબ્દ પણ બોલ્યું નહીં.

અમે બંને એકબીજાની સામું જોઈને માત્ર રડતાં રહ્યાં. થોડી ક્ષણો પછી એ એક ડગલું આગળ આવી. રિયા સોમાણી માત્ર એટલું જ કરે. એ તમને નાનકડો સંકેત આપે કે એ તૈયાર છે. તમારે એ ક્ષણ ઝડપી લેવા માટે સાવધાન રહેવું પડે. મેં મારા હાથ પહોળા કર્યા. એ નજીક આવી, મારા હાથ ધ્રુજવા લાગ્યા. મેં એને મારા આલિંગનમાં લઈ લીધી.

'આઈ... આઈ એમ સૉરી', એ બોલી.

'શ...' મેં કહ્યું 'યાદ છે ને છેલ્લે તેં શરત મૂકેલી ? કોઈ પ્રશ્ન બે વાર નહીં પૂછવાના ? મારી પણ એક શરત છે.'

'કઈ ?' ધીરેથી કોમળ અવાજે એણે પૂછ્યું.

'કોઈ પ્રશ્ન નહીં. બની શકે તો, એક શબ્દ પણ નહીં.'

એણે પોતાનો ચહેરો મારી છાતીમાં છુપાવી દીધો. મેં ધીરેથી એનો ચહેરો ઊંચો કર્યો.

'રિયા સોમાણી, હું તને ચાહું છું, હંમેશાં ચાહતો આવ્યો છું અને હંમેશા ચાહીશ. પ્લીઝ, ક્યારેય, ક્યારેય મને છોડીને ન જઈશ.'

એણે માથું ધુણાવ્યું, 'ક્યારેય નહીં.'

મેં આગળ કહ્યું 'શ..., કારણ કે બીજી વાર હું તને શોધીશ તો મારી જ નાખીશ.'


એ હસતાં હસતાં રડી પડી. ટોળામાંથી કેટલાક લોકોએ ચિચિયારીઓ પાડી, જો કે એમને હજુય ખબર નહોતી કે શું ચાલી રહ્યું છે ? પિયાનોવાળા છોકરાએ ગીત પૂરું કર્યું. રેસ્ટોરન્ટના સ્ટાફે કોન્સર્ટ રૂમની લાઇટ્સ ચાલુ કરી. લોકો ધીરે ધીરે વિખરાવા લાગ્યા. મેં હજુ એને પકડી રાખી હતી.

'સૉરી, હું ચાલી આવી, કારણ કે હું ગભરાઈ ગઈ હતી' એ બોલી.

'મને ખબર છે.'

‘પણ તને કઈ રીતે....?’ એણે પૂછ્યું.
‘મેં કહ્યું ને, કોઈ પ્રશ્ન નહીં.’
‘બસ એક છેલ્લો.’
‘શું ?’
‘તારું શર્ટ આટલું ભીનું ને ઠંડું કેમ છે ?’
હું હસી પડ્યો.
‘શું થયું ?’
‘કંઈ નહીં.’





‘અપર વેસ્ટ, ૭૦ મો રસ્તો, છઠ્ઠી ગલી’ એ બોલી.

ગાયક કલાકારો માટે રાખવામાં આવેલી બ્લેક લિંકન કારમાં અમે બેઠાં. સેન્ટ્રલ પાર્કની પશ્ચિમે આવેલા અપર વેસ્ટ સાઇડમાં આવેલા એના એપાર્ટમેન્ટ તરફ અમે જઈ રહ્યાં હતાં. મને એ મુસાફરી જરાય યાદ નથી રહી, યાદ રહ્યો છે તો એનો ચહેરો અને એની પર પડતા બદલાતી લાઇટ્સના રંગો. એ રાત્રે છેલ્લા ત્રણ મહિનામાં એ શહેર સૌથી વધુ સુંદર લાગતું હતું. મારા હાથમાં એનો હાથ મેં કસીને પકડી રાખ્યો હતો અને સીટને ટેકો દઈને બેઠાં બેઠાં માત્ર એનો ચહેરો જોતો રહ્યો હતો.

*

એણે ચાવી ફેરવીને બારણું ખોલ્યું. અમે એના એપાર્ટમેન્ટમાં પ્રવેશ્યાં. દીવાલો પર સંગીતનાં પોસ્ટર્સ હતાં. બારીની બહાર અત્યારે અંધારો પાર્ક દેખાતો હતો. સ્ટ્રીટલાઇટનું અજવાળું ફેલાયેલું હતું. એ બેડરૂમમાં પોતાનો મેકઅપ સાફ કરવા ગઈ.

બાથરૂમમાં મેં મારાં કપડાં ઉતાર્યાં ત્યારે મને મારા પગ પર પડેલા ઘા અને છાલાં દેખાયાં. મારા નાક અને કાન ઠંડા અને લાલ થઈ ગયાં. મેં ગરમ પાણીનો શાવર લીધો. મને જાણે ફ્રોઝન વટાણાનું પેકેટ ગરમ પાણીથી પીગળીને સામાન્ય થઈ રહ્યું હોય એવું લાગતું હતું.

નહાયા પછી મને ખ્યાલ આવ્યો કે મારી પાસે પહેરવા માટે બીજી જોડ કપડાં જ નહોતાં. બાથરૂમમાં મોટી સાઇઝનું, ડોરા કાર્ટૂનવાળું પિંક કલરનું ટીશર્ટ લટકતું હતું. કદાચ રિયા નાઇટ ડ્રેસ તરીકે એને વાપરતી હશે. મેં ટીશર્ટ પહેર્યું. કમર પર ટોવેલ વિંટાળ્યો અને બહાર નીકળ્યો.

છોકરીના ટીશર્ટમાં મને જોઈને રિયા હસી પડી.

‘સૉરી, મારી પાસે...’ મેં કહ્યું.

એણે ચુંબનથી મને ચૂપ કરી દીધો. એના હોઠ ગરમ અને કોમળ હતા. મારો ચહેરો એના હાથમાં લઈને એણે લાંબા સમય સુધી પ્રગાઢ ચુંબન કર્યું. અમારી જીભ કોમળતાથી સ્પર્શી. મેં મારો ડાબો હાથ એના ગાલ પર મૂક્યો. મારા જમણા હાથે મેં કમર પરનો ટોવેલ પકડ્યો હતો.

એણે મારા જમણા હાથને એની પીઠ પર સેરવ્યો. એનો ગાઉન બેક્લેસ હતો. એની લીસી ત્વચાનો મને સ્પર્શ થયો.

એણે મારું પિંક ટીશર્ટ કાઢી નાખ્યું, મેં એનો ગાઉન કાઢવાનો પ્રયાસ કર્યો પણ એ ડ્રેસ સમજવો મારે માટે બહુ અઘરું હતું. મેં પ્રયત્ન કર્યો પણ પછી છોડી દીધો.

ગાઉનની પડખે રહેલી ઝિપ એણે ખોલી નાખી અને ગાઉન સરકી પડ્યો.

અમે એકમેકને ભેટ્યાં, ચુંબન કર્યાં, સ્પર્શ કર્યો, અમે પલંગ સુધી પહોંચ્યાં. અમારા હોઠ સતત ચુંબન કરતા રહ્યા. અમારા હાથ સતત એકમેકને ભિડાયેલા રહ્યા.

પ્રેમની એક એક ક્ષણ ખાસ હતી. અમે એકમેકમાં સંપૂર્ણ ઓગળી ગયાં, ખોવાઈ ગયાં. એક ક્ષણ માટે અમારી આંખો મળી. અમને બંનેને એ ક્ષણે જ શક્તિશાળી અને કમજોર હોવાનો અહેસાસ થયો. મેં એની આંખમાં આંસુ જોયાં.

'તું ઠીક છે ?' મેં પૂછ્યું.

એણે ડોકું હલાવ્યું. એ એનો ચહેરો મારા કાન પાસે લઈ આવી.

'ઠીકથીય વધારે, હું બહુ જ ખુશ છું.' એણે કહ્યું, 'અને તું ?'

'ખુશથીય વધારે' મેં કહ્યું.

અમે એકમેકને વળગીને પડ્યાં રહ્યાં. એ સૂઈ ગઈ. હું ન સૂતો. મેં આખીય રાત એને જોયા કરી. સવારનો પ્રકાશ બારીમાંથી ડોકાયો ત્યારે મને આ વાતનો ખ્યાલ આવ્યો. હું એની તરફ ફર્યો. સવારના કુમળા સૂર્યપ્રકાશમાં એની ત્વચા ચમકતી હતી. એની ભ્રમર હજુ એટલી જ સંપૂર્ણ અને આકર્ષક હતી. એની આંખો બંધ હતી.

'તું સૂઈ ગઈ છે ?' મેં એને પૂછ્યું.

એણે ડોકું હલાવી હા પાડી.



ઉપસંહાર

સાડા ત્રણ વર્ષ પછી -

'મેં જોયેલી સ્કૂલ્સમાં આ સ્કૂલ સ્વાભાવિક રીતે જ શ્રેષ્ઠ છે.' મેં કહ્યું.

'સાત વર્ષ પહેલાં આ સ્કૂલ આવી નહોતી', માધવે કહ્યું.

મેં ડુમરાઉં રોયલ સ્કૂલની મુલાકાત લીધી. માધવે મને એમના વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપ્યું હતું.

હું મ્યુઝિક ક્લાસ પાસેથી પસાર થયો. અંદરથી સંગીતના ઊંચા સ્વર સંભળાઈ રહ્યા હતા. માધવે દરવાજો ખોલ્યો.

'રિયા, ચેતન સર', માધવે ધીરેથી કહ્યું.

'પ્લીઝ, મને સર ન કહેશો', મેં કહ્યું.

'સૉરી', માધવ બોલ્યો.

રિયા બહાર આવી. એના દેખાવ વિષે માધવે જરાય ખોટું નહોતું કહ્યું. એનાં નાકનકશો ઉત્કૃષ્ટ હતાં અને સુંદર વર્તાવ હતો.

'આખરે ચેતન સર, તમને મળી શકાયું. માધવે તમારા વિષે કેટલી બધી વાતો કરી છે.' રિયાએ કહ્યું.

'સર નહીં, અને મારી વાત માનજે. માધવે તારા વિષે પણ મને ઘણું બધું કહ્યું છે.' મેં કહ્યું.

એ હસી પડી. માધવે રિયાને ક્લાસ પૂરા કરીને બહાર મળવાનું કહ્યું.

'બહુ સરસ જગ્યા છે.' મેં કહ્યું. અમે મુખ્ય મકાનમાંથી બહાર સ્કૂલના ગાર્ડન તરફ આવ્યાં. બાળકોએ નવી બાસ્કેટબૉલ કોર્ટને ફૂલોથી શણગારી હતી. આ કોર્ટનું ઉદ્ઘાટન એ દિવસે સાંજે થવાનું હતું.

'અમારે તમને પહેલાં જ અહીં બોલાવવા હતા, પણ પછી વિચાર્યું કે બાસ્કેટબૉલ કોર્ટ બની જાય પછી તમને બોલાવીએ.' માધવે કહ્યું.

'બહુ સરસ કોર્ટ બની છે.'

'બધાં સાધનો યુસેસથી આવ્યાં છે.' માધવે કહ્યું, 'રિયા અને હું દર વર્ષે ૩ મહિના ત્યાં ગાળીએ છીએ. એ સંગીતના થોડા ઘણા કાર્યક્રમો કરે છે, હું યુએનમાં થોડી ઘણી મદદ કરું છું અને અને અમારા ગામની મુલાકાત માટે થોડું ઘણું માર્કેટિંગ પણ કરું છું.'

માધવે જણાવ્યું કે એ લોકોએ રૂરલ સ્કૂલ ટૂર શરૂ કરી છે, જેમાં બહારથી આવેલા લોકો હવેલીમાં રહી શકે. વિશ્વના દરેક ખૂણેથી લોકો આવે છે અને સ્કૂલને ડૉલરમાં કમાણી કરાવે છે.

'પ્રવાસીઓ અમારા બાળકો સાથે એક દિવસ ગાળે છે. એ લોકો બાળકોનો ક્લાસ લે છે, એમના દેશ વિષે વાતો કરે છે. ફોટોગ્રાફ્સ દેખાડે છે. એ લોકો કહે છે કે એમના જીવનમાં કરેલું આ સૌથી વધુ અર્થપૂર્ણ કામ છે.'

'આ ખરેખર નવતર પ્રયોગ છે.'

'વિદ્યાર્થીઓને બહુ મજા પડે છે. એમને વિશ્વ વિશે જાણવા મળે છે. કેટલાય પ્રવાસીઓ અહીંથી ગયા બાદ નિયમિતરૂપે દાન અથવા બાળકો માટે ભેટ મોકલે છે.'

'તારી મા ક્યાં છે ?'

'હમણાં આવશે, હવે એ સ્કૂલમાં ઓછો સમય ગાળે છે. હું ને રિયા સ્કૂલ સંભાળીએ છીએ. શ્યામ રાણીસાહિબાને બહુ વ્યસ્ત રાખે છે.' માધવ હસી પડ્યો.

'એમને રિયા સાથે વાંધો તો નથી પડતો ને ?' મેં પૂછ્યું.

'મેં કહ્યું હતું ને, માએ જોયું હતું હું રિયા વગર કેવો થઈ ગયો હતો. એ ખુશ છે એનો દીકરો પાછો મળી ગયો છે, ને પૌત્રની તો વાત કરવા જેવી જ નથી. માનો નવો પ્રેમ.'

'તારો દીકરો હવે કેવડો છે ?'

'હવે બે વર્ષનો થશે.' માધવે કહ્યું. 'આ આવ્યાં એ લોકો.'

મેં એક મોટી ઉંમરની સ્ત્રીને અમારી તરફ આવતી જોઈ. એણે એક હાથમાં એક બાળકની આંગળી પકડી હતી અને બીજા હાથમાં ટિફિન હતું.

સ્કૂલનો ઘંટ વાગ્યો. બાળકો દોડતાં બહાર નીકળી પડ્યાં. રિયા આવીને અમારી સાથે જોડાઈ.

'બધાં અહીં જ છે', રિયા બોલી.

શ્યામે દાદીનો હાથ છોડાવી દીધો અને દોડીને પોતાનાં માબાપ તરફ આવ્યો. એ ગોળમટોળ નાનકડી રિયા જેવો લાગતો હતો.

'શ્યામ એની ઉંમરના પ્રમાણમાં વધુ ઊંચો છે અને તોફાનીય ઉંમરના પ્રમાણમાં વધુ છે.' માધવે અમારી ઓળખાણ કરાવી ત્યારે રાણીસાહેબા બોલ્યાં.

બાસ્કેટબૉલ કોર્ટમાં આવેલ પગથિયાંની બનેલી બેઠકો પર અમે બેઠાં. રિયાએ દરેકને ટિફિનબૉક્સમાંથી રોટલી, દાળ અને ગાજર વટાણાનું શાક પીરસ્યાં.

શયામે કોર્ટ પર બાસ્કેટબૉલ જોયો. એ પગથિયાં ઊતરીને બૉલ લેવા દોડ્યો.

‘સાચવીને’ રાણીસાહેબા બોલ્યાં.

‘એ તમારો જ તોફાની પૌત્ર છે’ રિયા બોલી.

શ્યામે હાથમાં બૉલ લીધો.

‘ફેંક’ રિયાએ કહ્યું.

શ્યામે બૉલ ફેંક્યો. એના નાનકડા હાથોએ ફેંકાયેલો બોલ બાસ્કેટની નજીક પહોંચે એટલોય ઊંચો ન ગયો. એણે વધુ બે વાર પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળ રહ્યો.

એણે પોતાના પિતા સામે જોયું.

‘આ મારાથી થતું નથી’ એણે કહ્યું.

‘તો શું થયું ? છોડવાનું નહીં. એકવાર ચોક્કસ થશે’, માધવે કહ્યું.

